
# ઇતિહાસ અને નાગરિકશાસ્ત્ર

## ધોરણ-સાતમું



# ભારતનું સંવિધાન

## ભાગ ૪ ક

## નાગરિકોના મૂળભૂત કર્તવ્યો

**અનુચ્છેદ ૫૧ ક**

**મૂળભૂત કર્તવ્ય – ભારતના પ્રત્યેક નાગરિકનું એ કર્તવ્ય છે કે તેણે –**

(ક) સંવિધાનનું પાલન કરવું. સંવિધાનના આદર્શો, રાષ્ટ્રધ્વજ અને રાષ્ટ્રગીતનો આદર કરવો.

(ખ) સ્વાતંત્ર્ય ચળવળની પ્રેરણા આપનારા આદર્શોનું પાલન કરવું.

(ગ) દેશના સાર્વભૌમત્વ, એકતા અને અખંડતા સુરક્ષિત રાખવા પ્રયત્નશીલ રહેવું.

(ઘ) આપણા દેશનું રક્ષણ કરવું, દેશની સેવા કરવી.

(ઙ) દરેક પ્રકારના ભેદભાવને ભૂલીને એકતા અને બંધુત્વની ભાવના વિકસાવવી. સ્ત્રીઓના સન્માનને ઠેસ પહોંચાડનારી પ્રથાઓનો ત્યાગ કરવો.

(ચ) આપણી સંમિશ્ર સંસ્કૃતિના વારસાનું જતન કરવું.

(છ) નૈસર્ગિક પર્યાવરણનું જતન કરવું. સજીવ પ્રાણીઓ પ્રત્યે દયાભાવ રાખવો.

(જ) વૈજ્ઞાનિક દૃષ્ટિ, માનવતાવાદ અને જિજ્ઞાસાવૃત્તિ કેળવવી.

(ઝ) સાર્વજનિક માલમત્તાનું જતન કરવું. હિંસાનો ત્યાગ કરવો.

(ઞ) દેશની ઉત્તરોત્તર પ્રગતિ માટે વ્યક્તિગત તેમજ સામૂહિક કાર્યમાં ઉત્તમતા–શ્રેષ્ઠતાનું સ્તર જાળવી રાખવાનો પ્રયત્ન કરવો.

(ટ) ૬થી ૧૪ વય જૂથના બાળકોને તેમના વાલીએ શિક્ષણની તક પૂરી પાડવી.

શાસન નિર્ણય ક્રમાંક : અભ્યાસ-૨૧૧૬/(પ્ર.ક્ર.૪૩/૧૬) એસડી-૪ દિનાંક ૨૫-૪-૨૦૧૬ અન્વયે સ્થપાયેલ સમન્વય સમિતિની દિ. ૩-૩-૨૦૧૭ રોજની બેઠકમાં આ પુસ્તક નિર્ધારિત કરવા માન્યતા આપવામાં આવી છે.

# ઇતિહાસ અને નાગરિકશાસ્ત્ર

## ધોરણ - સાતમું

મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે.

3GJSIZ

તમારાં સ્માર્ટફોનમાં DIKSHA App દ્વારા પાઠ્યપુસ્તકનાં પહેલા પાનાં પરનાં Q.R. Codeથી ડિઝીટલ પાઠ્યપુસ્તક અને દરેક પાઠમાં આપેલા Q.R. Codeથી તે સંબંધિત પાઠનાં અધ્યયન – અધ્યાપન માટે ઉપયોગી દૃશ્ય–શ્રાવ્ય સાહિત્ય ઉપલબ્ધ થશે.

પ્રથમાવૃત્તિ: ૨૦૧૭
પુનર્મુદ્રણ :
ઑક્ટોબર ૨૦૨૧



© મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે-૪૧૧૦૦૪.

મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ પાસે આ પુસ્તકના બધા હક્ક રહેશે. આ પુસ્તકનો કોઈ પણ ભાગ સંચાલક, મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળની લેખિત પરવાનગી વગર છાપી શકાશે નહિ.


### ઈતિહાસ વિષય સમિતિ

ડૉ. સદાનંદ મોરે, અધ્યક્ષ
શ્રી. મોહન શેટે, સદસ્ય
શ્રી. પાંડુરંગ બલકવડે, સદસ્ય
ડૉ. અભિરામ દીક્ષિત, સદસ્ય
શ્રી. બાપુસાહેબ શિંદે, સદસ્ય
શ્રી. બાળકૃષ્ણ ચોપડે, સદસ્ય
શ્રી. પ્રશાંત સરૂડકર, સદસ્ય
શ્રી. મોગલ જાધવ, સદસ્ય-સચિવ

### નાગરિકશાસ્ત્ર વિષય સમિતિ

ડૉ. શ્રીકાંત પરાંજપે, અધ્યક્ષ
પ્રા. સાધના કુલકર્ણી, સદસ્ય
ડૉ. મોહન કાશીકર, સદસ્ય
શ્રી. વૈજનાથ કાળે, સદસ્ય
શ્રી. મોગલ જાધવ, સદસ્ય-સચિવ

### ભાષાંતરકાર

શ્રીમતી કલ્પના મહેતા

### સમીક્ષક

શ્રીમતી કૈલાસ જાની

### ભાષાંતર સંયોજન

કેતકી નિતેશ જાની,
વિશેષાધિકારી, ગુજરાતી
પાઠ્યપુસ્તક મંડળ, પુણે

### નિમંત્રિત

ડૉ. સોમનાથ રોડે
ડૉ. ગણેશ રાઊત

### મુખપૃષ્ઠ અને સજાવટ

શ્રી દેવદત્ત પ્રકાશ બલકવડે

### નક્શાકાર

શ્રી. રવિકિરણ જાધવ


### અક્ષરગૂંથણી

મુદ્રા વિભાગ, પાઠ્યપુસ્તક મંડળ, પુણે

### કાગળ

૭૦, જી. એસ.એમ. ક્રિમવોવ્હ

### મુદ્રણાદેશ

N/PB/2022-23/Qty.- 1,500

### મુદ્રક

M/s. Print Plus Pvt. Ltd., Thane


### ઈતિહાસ અને નાગરિકશાસ્ત્ર અભ્યાસ જૂથ

| | |
|---|---|
| શ્રી. રાહુલ પ્રભુ | ડૉ. રાવસાહેબ શેળકે |
| શ્રી. સંજય વઝરેકર | શ્રી. મરીબા ચંદનશિવે |
| શ્રી. સુભાષ રાઠોડ | શ્રી. સંતોષ શિંદે |
| સૌ. સુનીતા દળવી | ડૉ. સતીશ ચાપલે |
| ડૉ. શિવાની લિમયે | શ્રી. વિશાલ કુલકર્ણી |
| શ્રી. ભાઉસાહેબ ઉમાટે | શ્રી. શેખર પાટીલ |
| શ્રી. નાગનાથ યેવલે | શ્રી. સંજય મેહતા |
| શ્રી. સદાનંદ ડોંગરે | શ્રી. રામદાસ ઠાકર |
| શ્રી. રવીંદ્ર પાટીલ | ડૉ. અજિત આપટે |
| શ્રી. વિક્રમ અડસૂળ | ડૉ મોહન ખડસે |
| સૌ. રૂપાલી ગિરકર | સૌ. શિવકન્યા કદેરકર |
| ડૉ. મિનાક્ષી ઉપાધ્યાય | શ્રી ગૌતમ ડાંગે |
| સૌ. કાંચન કેતકર | ડૉ. વ્યંકટેશ ખરાત |
| સૌ. શિવકન્યા પટવે | શ્રી. રવીન્દ્ર જિંદે |
| ડૉ. અનિલ સિંગારે | ડૉ. પ્રભાકર લોંઢે |

### સંયોજક

શ્રી. મોગલ જાધવ
વિશેષાધિકારી, ઇતિહાસ અને નાગરિકશાસ્ત્ર
સૌ. વર્ષા સરોદે
વિષય સહાયક, ઇતિહાસ અને નાગરિકશાસ્ત્ર
પાઠ્યપુસ્તક મંડળ, પુણે

### નિર્મિતિ

શ્રી. સચ્ચિતાનંદ આફળે,
મુખ્ય નિર્મિતિ અધિકારી,
શ્રી. પ્રભાકર પરબ,
નિર્મિતિ અધિકારી
શ્રી. શશાંક કણિકદળે,
સહાયક નિર્મિતિ અધિકારી


### પ્રકાશક

શ્રી. વિવેક ઉત્તમ ગોસાવી, નિયંત્રક,
પાઠ્યપુસ્તક નિર્મિતિ મંડળ, પ્રભાદેવી, મુંબઇ – ૨૫.

# ભારતનું સંવિધાન

## આમુખ

અમે ભારતના લોકો ભારતને એક સાર્વભૌમ સમાજવાદી બિનસાંપ્રદાયિક લોકતંત્રાત્મક પ્રજાસત્તાક તરીકે સંસ્થાપિત કરવાનો

તથા તેના સર્વ નાગરિકોને :

સામાજિક, આર્થિક અને રાજકીય ......................ન્યાય

વિચાર, અભિવ્યક્તિ, માન્યતા,

ધર્મ અને ઉપાસનાની ...............................સ્વતંત્રતા

દરજ્જા અને તકની .................................સમાનતા

પ્રાપ્ત થાય તેમ કરવાનો

અને તેઓ સર્વમાં

વ્યક્તિનું ગૌરવ અને રાષ્ટ્રની

એકતા અને અખંડતા સુદૃઢ કરે એવી ................બંધુતા

વિકસાવવાનો

ગંભીરતાપૂર્વક સંકલ્પ કરીને

અમારી સંવિધાનસભામાં ૨૬ નવેમ્બર, ૧૯૪૯ના રોજ આથી આ સંવિધાન અપનાવી, તેને અધિનિયમિત કરી અમને પોતાને અર્પિત કરીએ છીએ.

## રાષ્ટ્રગીત

જનગણમન - અધિનાયક જય હે
ભારત - ભાગ્યવિધાતા.
પંજાબ, સિંધુ, ગુજરાત, મરાઠા,
દ્રાવિડ, ઉત્કલ, બંગ,
વિંધ્ય, હિમાચલ, યમુના, ગંગા,
ઉચ્છલ જલધિતરંગ,
તવ શુભ નામે જાગે, તવ શુભ આશિષ માગે,
ગાહે તવ જયગાથા.
જનગણ મંગલદાયક જય હે,
ભારત - ભાગ્યવિધાતા.
જય હે, જય હે, જય હે,
જય જય જય, જય હે.

## પ્રતિજ્ઞા

ભારત મારો દેશ છે. બધા ભારતીયો મારાં ભાઈબહેન છે.

હું મારા દેશને ચાહું છું અને તેના સમૃદ્ધ અને વૈવિધ્યપૂર્ણ વારસાનો મને ગર્વ છે. હું સદાય તેને લાયક બનવા પ્રયત્ન કરીશ.

હું મારાં માતાપિતા, શિક્ષકો અને વડીલો પ્રત્યે આદર રાખીશ અને દરેક જણ સાથે સભ્યતાથી વર્તીશ.

હું મારા દેશ અને દેશબાંધવો પ્રત્યે વફાદારી રાખવાની પ્રતિજ્ઞા લઉં છું. તેમનાં કલ્યાણ અને સમૃદ્ધિમાં જ મારું સુખ સમાયેલું છે.

# પ્રસ્તાવના

વિદ્યાર્થી મિત્રો,

ધોરણ ત્રીજાથી પાંચમી સુધીના ઇતિહાસ અને નાગરિકશાસ્ત્ર વિષયનું અધ્યયન તમે 'પરિસર અભ્યાસ ભાગ-૧' અને 'પરિસર અભ્યાસ ભાગ-૨' માં કર્યું છે. ધોરણ છઠ્ઠાથી અભ્યાસક્રમમાં ઇતિહાસ અને નાગરિકશાસ્ત્ર સ્વતંત્ર વિષય છે. ધોરણ છઠ્ઠાથી આ બન્ને વિષયનો સમાવેશ એક જ પાઠ્યપુસ્તકમાં કરવામાં આવ્યો છે. ધોરણ સાતમાનું પાઠ્યપુસ્તક આપના હાથમાં મૂકતાં અમને આનંદ થાય છે.

આ વિષય બરાબર સમજાય, આનંદદાયી બની રહે, આપણા પૂર્વજોએ કરેલાં કાર્યોમાંથી પ્રેરણા મળી રહે, એ હેતુથી પાઠ્યપુસ્તક તૈયાર કરવામાં આવ્યું છે. આ પાઠ્યપુસ્તકના અભ્યાસ દ્વારા જ્ઞાનની સાથે સાથે તમને આનંદ મળે રહે એવું અમે ઇચ્છીએ છીએ. તે માટે પાઠ્યપુસ્તકમાં રંગીન ચિત્રો, નકશા આપવામાં આવ્યાં છે. પાઠ્યપુસ્તકના દરેક પાઠનો અભ્યાસ ધ્યાનથી કરવો. તેમાંનો જે ભાગ તમને સમજાય નહિ તે ભાગ શિક્ષક, વાલી પાસેથી સમજી લેવો. ચોકઠામાં આપેલી વિગતો તમારા જ્ઞાનમાં ઉમેરો કરશે ! ઇતિહાસ વિષય રંજક હોવાથી તે આપણો મિત્ર છે, એમ સમજી આ પુસ્તકનો અભ્યાસ કરશો તો તમને તે જરૂર ગમશે.

ઇતિહાસમાં 'મધ્યયુગના ભારતનો ઇતિહાસ' આપેલો છે. મધ્યયુગના ભારતની રચના અને સંગઠનમાં મહારાષ્ટ્રનું સ્થાન અને ભૂમિકા કેંદ્રસ્થાને રાખી પાઠ્યપુસ્તકની રચના કરવામાં આવી છે. તેમાંથી તમને આપણે ભારતના નાગરિક છીએ એ સમજણની સાથે સાથે આપણા કર્તવ્યની સમજણ પડવી પણ અપેક્ષિત છે.

નાગરિકશાસ્ત્રમાં ભારતીય સંવિધાનની જાણકારી આપવામાં આવી છે. ભારતના સંવિધાનની નિર્મિતિની પાર્શ્વભૂમિ, સંવિધાનની ઉદ્દેશિકા, સંવિધાનના મૂળભૂત હક્ક અને માર્ગદર્શક તત્ત્વો – આ આશય માંડવામાં આવ્યો છે. આપણા દેશનો કારભાર, સંવિધાન, કાયદા અને નિયમાનુસાર ચાલે છે એ સરળ અને સચોટ ભાષામાં સમજાવવામાં આવ્યું છે. તમારું અધ્યયન વધારેમાં વધારે કૃતિપ્રધાન બની રહે તે માટે ઉપક્રમ આપવામાં આવ્યા છે. આપણે દેશના ભાવિ નાગરિક હોઈ દેશનું ભવિતવ્ય ઘડવાના છીએ, એની સમજણ ધ્યાનમાં લઈ તમે આગળના વર્ગમાં પ્રવેશ કરશો.

ઇતિહાસના અભ્યાસ દ્વારા આપણા પૂર્વજોની કાર્યશક્તિ, બાહોશીનું જ્ઞાન થાય છે. તેને નાગરિકશાસ્ત્રના અભ્યાસનો સાથ મળે એટલે રાષ્ટ્ર અને સમાજનું ભાવિ ઘડવાની દિશામાં આપણું કર્તવ્ય શું છે તે પણ સમજાય છે. તે માટે જ આ સંયુક્ત અભ્યાસનો ઉપક્રમ છે.

ડૉ. સુનિલ મગર
(સંચાલક)
મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ
સંશોધન મંડળ, પુણે-૪૧૧૦૦૪.

પુણે

તારીખ : ૨૮ માર્ચ ૨૦૧૭

## - શિક્ષકો માટે -

આપણે ધોરણ છઠ્ઠાનું ઇતિહાસ અને નાગરિકશાસ્ત્ર વિષયનું પાઠ્યપુસ્તક શીખવ્યું છે. પ્રસ્તુત ધોરણ સાતમાના પાઠ્યપુસ્તકમાં મધ્યયુગના ભારતના ઇતિહાસની રજૂઆત કરવામાં આવી છે.

ઇતિહાસની આ રજૂઆતની વિશિષ્ટતા એ છે કે તે મહારાષ્ટ્ર કેંદ્રી છે. આપણો પ્રાંત ભારતીય સંઘરાજ્યનો ઘટક હોવા છતાં ઇતિહાસ સમજતી વખતે ભારતના ઇતિહાસમાં મહારાષ્ટ્રનું સ્થાન, ભૂમિકા અને યોગદાન નજર સામે રાખી સમજવામાં આવે તો વિદ્યાર્થીઓની રાષ્ટ્રભાવના વધુ પરિપક્વ થશે. તેમાં આપણા પૂર્વજોએ રાષ્ટ્ર માટે ચોક્કસ, ખાસ શું કર્યું એ સમજાશે અને તેમાંથી જ આપણી આજની રાષ્ટ્રીય જવાબદારીની અને કર્તવ્યની સમજ પણ વિકસિત થશે.

આ સંદર્ભમાં સ્વાભાવિક રીતે સત્તરમી સદીમાં શિવછત્રપતિ શિવાજી મહારાજે કરેલી સ્વરાજ્યની સ્થાપના મહત્ત્વની ઠરે છે. સ્વરાજ્ય નિર્મિતિના આકલન માટે શિવાજી મહારાજના ઉદય પહેલાંની ભારતની અને મહારાષ્ટ્રની પરિસ્થિતિ સમજવી જોઈએ, એટલે કે ભારતનો ઇતિહાસ સમજવો જોઈએ. આ ધોરણને ધ્યાનમાં રાખી તેની રજૂઆત કરવામાં આવી છે. શિવાજી મહારાજે સ્થાપેલા સ્વરાજ્ય પર શિવાજી મહારાજના મૃત્યુ પછી ઉત્તર તરફથી થયેલાં આક્રમણોનો મહારાષ્ટ્રે કેવી રીતે સામનો કર્યો અને સ્વરાજ્યનું કેવી રીતે રક્ષણ કર્યું એની ચર્ચા કરવામાં આવી છે. આ આક્રમણોને પાછાં વાળ્યાં પછી મરાઠાઓએ મહારાષ્ટ્રની સીમાનો વિસ્તાર કરીને ભારતનો મોટો ભાગ સમાવી લીધો. સ્વરાજ્યના સામ્રાજ્યના રૂપાંતરનું વિવેચન એ તે પછીનો ભાગ. બ્રિટિશરોએ ભારત જીત્યું અને તેના પર રાજ્ય કર્યું એ સહુ કોઈ જાણે છે; પરંતુ આ પ્રક્રિયામાં બ્રિટિશરોને અટકાવવામાં મહારાષ્ટ્ર કેટલું મોખરે હતું એ સમજવું પણ એટલું જ મહત્ત્વનું છે. બ્રિટિશોની સ્પર્ધા મરાઠાઓ સાથે હતી અને તેણે ભારત જીતી લીધું તે મરાઠાઓ સાથે મુકાબલો કરીને જ. આ સમજ આપણા સામર્થ્યની અને કર્તવ્યની છે. અધ્યયન-અધ્યાપન કરાવતી વખતે આ ભાવના વિદ્યાર્થીઓનાં મનમાં નિર્માણ થવી અપેક્ષિત છે. પાઠ્યપુસ્તક પાછળ રહેલી આ ભૂમિકા ચિત્રરૂપે વ્યક્ત કરતાં મુખપૃષ્ઠ પર મરાઠી સત્તાનો વિસ્તાર બતાવવા માટે ભારતના સ્થૂળ નકશાનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

નાગરિકશાસ્ત્રના વિભાગમાં ભારતના સંવિધાનની જાણકારી આપવામાં આવી છે. આ વિષય એક જ શૈક્ષણિક વર્ષમાં શીખવવો શક્ય ન હોવાથી બે ધોરણમાં તેની વિભાગણી કરવામાં આવી છે. આ ધોરણમાં સંવિધાનની જરૂરિયાત, સંવિધાનનાં મૂલ્યો, ઉદ્દેશિકા, મૂળભૂત હક્ક અને કર્તવ્ય તથા માર્ગદર્શક તત્ત્વો પર ભાર મૂકવામાં આવ્યો છે. સંવિધાનમાંની શાસન યંત્રણાનું સ્વરૂપ અને તેના પર આધારિત રાજકીય પ્રક્રિયાનો અભ્યાસ ધોરણ આઠમામાં કરવાનો આવશે. તે અનુષંગે ધોરણ સાતમા અને ધોરણ આઠમાના નાગરિકશાસ્ત્ર વિષયનો આશય પરસ્પર પૂરક છે. વિદ્યાર્થીઓને તેનું સારી રીતે આકલન થાય એ દષ્ટિકોણને ધ્યાનમાં રાખી તેની રચના કરવામાં આવી છે. આશય રજૂઆત નવીનતાથી કરવામાં આવી છે. તે જ્ઞાનરચનાવાદ પર આધારિત છે, પરંતુ તેમાં પણ રાજકીય વ્યવસ્થા અંગેની ઉદાસીનતા દૂર કરી, વિદ્યાર્થીઓને સમાજના ઘટક બનાવવામાં પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. રજૂઆત સાદી, સરળ ભાષામાં કરવામાં આવી છે જે પાઠ્યપુસ્તક વાંચનની રુચિ વધારવામાં મદદ કરશે.

શિક્ષકોએ પ્રસ્તુત પાઠ્યપુસ્તક શીખવતી વખતે વર્તમાનપત્ર, દૂરદર્શન પરના સમાચાર, અભ્યાસકોએ કરેલી ટીકાનો ઉપયોગ કરી વિદ્યાર્થીઓમાં સમગ્ર દષ્ટિકોણ વિકસિત કરવામાં મદદ કરવી. ઇતિહાસ અને નાગરિકશાસ્ત્રનું અધ્યયન અને અધ્યાપન વર્તમાન ઘટનાના સંદર્ભમાં કરવામાં આવે તો તે વધુ અર્થપૂર્ણ તો ઠરે જ છે પણ સાથેસાથે વિદ્યાર્થીઓને તેનાં મૂલ્યો આત્મસાત કરવામા મદદ થાય છે.

# અનુક્રમણિકા

## મધ્યયુગના ભારતનો ઇતિહાસ


| ક્ર. | પાઠનું નામ | પૃષ્ઠ ક્ર. |
|---|---|---|
| ૧. | ઇતિહાસનાં સાધનો | ૧ |
| ૨. | શિવાજી પહેલાંનું ભારત | ૫ |
| ૩. | ધાર્મિક સમન્વય | ૧૧ |
| ૪. | શિવાજી પહેલાનું મહારાષ્ટ્ર | ૧૪ |
| ૫. | સ્વરાજ્ય સ્થાપના | ૧૯ |
| ૬. | મોગલો સાથે સંઘર્ષ | ૨૪ |
| ૭. | સ્વરાજ્યનો કારભાર | ૨૯ |
| ૮. | આદર્શ રાજ્યકર્તા | ૩૩ |
| ૯. | મરાઠાઓનો સ્વાતંત્ર્ય સંગ્રામ | ૩૭ |
| ૧૦. | મરાઠાઓની સત્તાનો વિસ્તાર | ૪૪ |
| ૧૧. | રાષ્ટ્રરક્ષક મરાઠા | ૪૭ |
| ૧૨. | સામ્રાજ્યનો પ્રવાસ | ૫૩ |
| ૧૩. | મહારાષ્ટ્રનું સમાજજીવન | ૫૭ |



**S.O.I. Note :** The following foot notes are applicable : (1) © Government of India, Copyright : 2017. (2) The responsibility for the correctness of internal details rests with the publisher. (3) The territorial waters of India extend into the sea to a distance of twelve nautical miles measured from the appropriate base line. (4) The administrative headquarters of Chandigarh, Haryana and Punjab are at Chandigarh. (5) The interstate boundaries amongst Arunachal Pradesh, Assam and Meghalaya shown on this map are as interpreted from the "North-Eastern Areas (Reorganisation) Act. 1971," but have yet to be verified. (6) The external boundaries and coastlines of India agree with the Record/Master Copy certified by Survey of India. (7) The state boundaries between Uttarakhand & Uttar Pradesh, Bihar & Jharkhand and Chattisgarh & Madhya Pradesh have not been verified by the Governments concerned. (8) The spellings of names in this map, have been taken from various sources.

## અધ્યયન નિષ્પત્તિ

| સૂચવેલી શૈક્ષણિક પ્રક્રિયા- | વિદ્યાર્થી |
| --- | --- |
| **વિદ્યાર્થીને જોડીમાં/સમૂહમાં/વ્યક્તિગત રીતે અધ્યયનની તક આપવી અને તેમને નીચેની બાબતો માટે પ્રવૃત્ત કરવાં**<br>• પુસ્તકો અને સ્થાનિક પરિસરમાં ઉપલબ્ધ ઐતિહાસિક સાધનો. ઉદા. હસ્તલિખિત પ્રતો/નકશા/સ્પષ્ટીકરણો/ ચિત્રો/ ઐતિહાસિક વાસ્તુ/ચલચિત્ર/ચરિત્ર નાટકો/ દૂરદર્શન પરના ધારાવાહિકો, લોકકલા/નાટકો ઓળખવા અને તેમનો તે કાળખંડનો ઈતિહાસ સમજવા માટે ઉપયોગ કરવો.<br>• તે કાળના કુટુંબો/રાજવંશોના ઉદય વિશે પરિચિત થવું અને કાળરેખાની મદદથી તે કાળખંડની મહત્વની ઘટનાનું સંશોધન/પરીક્ષણ કરવું.<br>• આપેલા કાળખંડની મહત્વની ઐતિહાસિક ઘટના/ વ્યક્તિત્વનું નાટ્યીકરણ/પ્રસ્તુતીકરણ/રજૂઆત કરવી. દા.ત. સમ્રાટ અકબર, છત્રપતિ શિવાજી મહારાજ, બાજીરાવ પહેલા, મહારાણી તારાબાઈ વગેરે.<br>• મધ્યયુગીન કાળખંડમાં સમાજમાં થયેલા ફેરફાર વિશે મત વ્યક્ત કરવો અને વર્તમાનકાલીન સમાજ સાથે તેની તુલના કરવી.<br>• પ્રકલ્પ: રાજવંશો/રાજ્યો/પ્રશાસકીય સુધારણા/વિશિષ્ટ કાળખંડના સ્થાપ્ત્યની વિશિષ્ટતાઓ દા. ત. ભોંસલે/ શિંદે/હોળકર વગેરે પ્રકલ્પ કરવા.<br>• સંતોના અભંગ, ભજનો, કિર્તનો, કવ્વાલી જેવા માધ્યમો દ્વારા તેમના વિચારો જાણવા, આજુબાજુના પરિસરની દરગાહ, ગુરુદ્વારા, મંદિર જે ભક્તિ ચળવળ/સૂફી પંથ સાથે સંબંધિત છે, તેની માહિતી મેળવવી અને વિવિધ ધર્મોના તત્વો પર ચર્ચા કરવી.<br>• શિવાજી પૂર્વેનું ભારત, શિવાજી પહેલાનું મહારાષ્ટ્ર, સ્વાતંત્ર્ય સંગ્રામ, પેશવાકાળ અને મરાઠી સત્તાનો વિસ્તાર વિશે માહિતી મેળવવી. | 07.73H.01 ઈતિહાસના વિવિધ સાધનો ઓળખે છે અને તેમનો તે કાળના ઈતિહાસના પુનર્લેખન માટે ઉપયોગ સ્પષ્ટ કરે છે.<br>07.73H.02 ઈતિહાસના વિવિધ કાળખંડોનો અભ્યાસ કરવા માટે ઉપયુક્ત સાધનોના ઉદાહરણો આપે છે.<br>07.73H.03 મરાઠા અને મોગલો વચ્ચેનો સંઘર્ષ ચિકિત્સકપણે તપાસે છે.<br>07.73H.04 શિવાજીના રાજ્યાભિષેક પાછળના કારણો સ્પષ્ટ કરે છે.<br>07.73H.05 મધ્યયુગના એક સ્થળે થયેલ મહત્વની ઐતિહાસિક ઘટનાઓનો સંબંધ બીજા સ્થળની ઘટનાઓ સાથે જોડે છે.<br>07.73H.06 મધ્યયુગના સામાજિક, રાજકીય અને આર્થિક ફેરફારનું વિશ્લેષણ કરે છે.<br>07.73H.07 છત્રપતિ શિવાજી મહારાજે લશ્કરી નિયંત્રણ માટે અપનાવેલ પ્રશાસકીય માર્ગ અને વ્યૂહરચનાનું વિશ્લેષણ કરે છે.<br>07.73H.08 મંદિરોનું સ્થાપત્ય, સમાધિ, મંદિરની શૈલી અને તંત્રના વિકાસને ઉદાહરણ સહિત સ્પષ્ટ કરે છે.<br>07.73H.09 સંતોના ઉપદેશમાં સામ્ય ઓળખે છે.<br>07.73H.10 ભક્તિ ચળવળ અને સૂફી પંથની કવિતા, અભંગ દ્વાર આજના સમયની સામાજિક સ્થિતિ વિશે નિષ્કર્ષ કાઢે છે.<br>07.73H.11 પાણીપતની લડાઈની કારણમીમાંસા કરે છે.<br>07.73H.12 મરાઠી સત્તા અખિલ ભારતીય સ્તરે પ્રબધ સત્તા તરીકે ઉદય પામી તે તત્કાલિન ઐતિહાસિક ઘટનાઓની મદદથી સ્પષ્ટ કરે છે. |

# ૧. ઇતિહાસનાં સાધનો

ભારતના પ્રાચીનકાળનો અભ્યાસ આપણે ગયા વર્ષે કર્યો છે. આ વર્ષે આપણે મધ્યયુગના ભારતનો અભ્યાસ કરવાના છીએ. ભારતીય ઇતિહાસના મધ્યયુગનો સમય દેખીતી રીતે ઈસવી સનના નવમા સૈકાથી અઢારમા સૈકાના અંત સુધીનો માનવામાં આવે છે. આ પાઠમાં આપણે મધ્યયુગના ઇતિહાસનાં સાધનોનો અભ્યાસ કરવાના છીએ.

ભૂતકાળમાં બનેલી ઘટનાઓની કાળક્રમાનુસાર, વૈજ્ઞાનિક અને પદ્ધતિસર આપેલી માહિતી એટલે ઇતિહાસ.

**તમે જાણો છો કે?**


ઇતિહાસ શબ્દ 'ઇતિ+હ+આસ્' આ રીતે બને છે. આ શબ્દનો અર્થ 'આમ બન્યું' એવો થાય છે.

વ્યક્તિ, સમાજ, સ્થળ અને સમય આ ચાર ઘટક ઇતિહાસની દૃષ્ટિએ અત્યંત મહત્ત્વના છે. ઇતિહાસ વિશ્વસનીય પુરાવાઓ ઉપર આધારિત હોવો જોઈએ. આ પુરાવાઓને જ ઇતિહાસનાં સાધનો કહેવાય છે.

આ સાધનોનું ભૌતિક સાધનો, લેખિત સાધનો અને મૌખિક સાધનોમાં વર્ગીકરણ કરીને આપણે તેની માહિતી મેળવીશું. તેમજ, ઇતિહાસનાં સાધનોનું મૂલ્યમાપન પણ કરીશું.

જે ઐતિહાસિક ઘટનાનો અભ્યાસ કરવાનો હોય તેની સાથે સંબંધિત અનેક બાબતોનો વિચાર કરવો પડે છે. તે માટે ઐતિહાસિક સાધનોનો આધાર લેવો પડે છે. તે સાધનો તપાસી જોવા જરૂરી છે. તેની સત્યતાની ખાતરી કરવી પડે છે. આ સાધનોનો ઉપયોગ વિવેકપૂર્વક અને યોગ્ય રીતે કરવો જરૂરી છે.

## ભૌતિક સાધનો




ઉપરની વસ્તુ અને મકાન અથવા તેના અવશેષોને ઇતિહાસનાં ''ભૌતિક સાધનો'' કહેવાય છે.

ભૌતિક સાધનોમાં કિલ્લાઓનું સ્થાન મહત્ત્વનું છે. કિલ્લાના કેટલાક મહત્ત્વના પ્રકાર એટલે ગિરિદુર્ગ (ડુંગરી કિલ્લા), વનદુર્ગ, જલદુર્ગ, જમીની કિલ્લા. તેમ સ્મારકોમાં સમાધિ, કબર, ખાંભી તો ઈમારતોમાં રજવાડાં, પ્રધાનોના આવાસ, રાણીવાસ (અંતઃપુર), સામાન્ય લોકોનાં ઘરોનો સમાવેશ થાય છે. આ ઉપરથી આપણને તે સમયનું જ્ઞાન થાય છે. બાંધકામ કળાની પ્રગતિ સમજાય છે. તે સમયની આર્થિક સ્થિતિ, કલાનો દરજ્જો, બાંધકામની શૈલી, લોકોની રહેણીકરણી વગેરે બાબતની માહિતી મળે છે.

**કહો જોઈએ!**

સિક્કાનો ઇતિહાસ કેવી રીતે કહેવાય છે !

**જાણી લઈએ.**

પ્રાચીન સમયથી કોડી, દમડી, ઢબુ, પાઈ, પૈસા, આના, રૂપિયા જેવાં ચલણ પ્રચલિત હતાં. ચલણ ઉપરથી કેટલીક કહેવત, રૂઢિપ્રયોગ પ્રચલિત થયા છે. દા.ત.,

* એક ફૂટી કોડી પણ આપીશ નહિ.
* ચમડી તૂટે પણ દમડી ન છૂટે.
* પાઈ પાઈનો હિસાબ રાખવો.
* સોળ આના સાચું.



ખાંભી

જુદાજુદા રાજ્યકર્તાઓએ સોના, ચાંદી, તાંબાની ધાતુના કરાવેલા સિક્કા (ચલણ) ઇતિહાસનાં સાધન તરીકે મહત્ત્વનાં છે. ચલણ ઉપરથી રાજ્યકર્તા કોણ હતા, તેમનો સમય, રાજ્ય કારભાર, ધાર્મિક સંકલ્પના, વ્યક્તિગત વિગતો વગેરેની માહિતી મળે છે. તેમજ આર્થિક વ્યવહાર અને આર્થિક સ્થિતિની માહિતી મળે છે. તે સમયના ધાતુવિજ્ઞાનની પ્રગતિ સમજાય છે. સમ્રાટ અકબરના ચલણ ઉપરના રામસીતાનાં ચિત્ર અથવા હૈદરઅલીના ચલણ ઉપરની શંકરપાર્વતીની મૂર્તિ ઉપરથી તે સમયના ધાર્મિક સમન્વયની જાણ થાય છે. પેશવાઓના ચલણ ઉપર અરેબિક (અરબી) અથવા પર્શિયન ભાષાનો ઉપયોગ થતો હતો. આ ઉપરથી તે સમયનો ભાષાકીય વ્યવહાર સમજાય છે.



પેશવા કાલીન નાણું



હૈદરઅલીનું નાણું


શિલાલેખ એટલે પથ્થર ઉપર અથવા ભીંત ઉપર કોતરેલા લેખ. દા.ત. તંજાવરના બૃહદેશ્વર મંદિર પરિસરના લેખ. ચાલુક્ય, રાષ્ટ્રકૂટ, ચોળ, યાદવ રાજાઓના સમયમાં કોતરેલા અનેક શિલાલેખો મળ્યા છે. શિલાલેખ ઇતિહાસલેખનનો ખૂબ મહત્ત્વનો અને વિશ્વસનીય પુરાવો માનવામાં આવે છે. તેના દ્વારા ભાષા, લિપિ, સમાજજીવન જેવી બાબતો સમજવામાં મદદ થાય છે. તાંબાનાં પતરાં ઉપર કોતરેલા લેખોને 'તામ્રપત્ર' કહેવાય છે. તામ્રપત્ર ઉપર રાજાજ્ઞા, ફતવાઓ વગેરે પ્રકારની માહિતી કોતરેલી હોય છે.

**તમે જાણો છો કે ?**

ચૈત્ય, વિહાર, મંદિરો, ચર્ચ, મસ્જિદો, અગિયારી, દરગાહ, મકબરા, ગુરુદ્વારા, છત્ર, શિલ્પ, કૂવા, વીરડો, મિનારા, ગામના તટ, પહેરવેશ, શસ્ત્રો, વાસણો, દાગીના, કપડાં, કલા-કારીગરીની વસ્તુઓ, રમકડાં, ઓજારો (હથિયારો) વાદ્યો જેવાં બધાં ભૌતિક સાધનો છે.

**લેખિત સાધનો** : તે સમયની દેવનાગરી, અરેબિયન, પર્શિયન, મોડી વગેરે લિપિના મરોડ, વિવિધ ભાષાઓનાં સ્વરૂપો, ભોજપત્રો, હસ્તલિખિત ગ્રંથો, પુસ્તકો, ફરમાનો, ચરિત્રો, ચિત્રો ઉપરથી આપણને મધ્યયુગની મહત્ત્વની ઐતિહાસિક ઘટનાઓની માહિતી મળે છે. તેવી જ રીતે ખાવા-પીવાના પદાર્થો, લોકજીવન, વેશભૂષા, આચારવિચાર (રહેણીકરણી), વાર-તહેવાર વગેરેની પણ માહિતી મળે છે.

આ બધી સાધનસામગ્રીને ઇતિહાસનાં 'લેખિત સાધનો' કહેવાય છે.



આ સમયમાં પરદેશી પ્રવાસીઓ ભારતમાં આવ્યા. તેમણે પોતાનાં પ્રવાસવર્ણનો લખ્યાં છે. આ પ્રવાસીઓમાં અલ્બેરુની, ઈબ્ન, બતુતા, નિકોલસ મનુચી વગેરેનો સમાવેશ હતો. બાબરનું ચરિત્ર, કવિ પરમાનંદે સંસ્કૃત ભાષામાં લખેલું 'શ્રીશિવભારત' નામનું શિવચરિત્ર તેમજ વિવિધ રાજ્યકર્તાઓનાં ચરિત્રો અને પત્રવ્યવહાર ઉપરથી આપણને તેમની નીતિ, પ્રશાસકીય વ્યવસ્થા, રાજકીય સંબંધો બાબતના ખુલાસા મળે છે.

તવારીખ અથવા ઇતિહાસ એટલે ઘટનાક્રમ. અલ્બેરુની, ઝિયાઉદ્દીન બર્ની, મૌલાના અહમદ, યાહ્યા બિન અહમદ, મિર્ઝા હૈદર, ભીમસેન સક્સેના વગેરેએ લખેલી તવારીખો ઉપલબ્ધ છે.


બખર શબ્દ ખબર શબ્દ ઉપરથી આવ્યો છે. ખબર એટલે સમાચાર. બખર મહારાષ્ટ્રમાં ઉદ્‌ભવેલો ઇતિહાસલેખનનો એક પ્રકાર છે. બખરી દ્વારા તત્કાલિન રાજકીય બનાવો, ભાષાવ્યવહાર, સાંસ્કૃતિક જીવન, સામાજિક પરિસ્થિતિ વગેરે બાબતો સમજવામાં મદદ થાય છે. મરાઠીની અનેક બખરી ઘટનાઓ બની ગયા પછી અનેક વર્ષો બાદ લખેલી હોવાથી તેમાં અનેક સ્થળે સાંભળેલી માહિતી ઉપર ભાર આપ્યો હોવાનું જણાય છે. મહિકાવતીની બખર, સભાસદ બખર, એકાણુ કલમની બખર, જ્યેષ્ઠ કારકૂનની બખર, ભાઉસાહેબની બખર, ખર્ડ્યાની લડાઈની બખર જેવી કેટલીક બખરી હતી. રૉબર્ટ આર્મ, એમ.સી. સ્પ્રેંગલ અને ગ્રેટ ડફ જેવા સમકાલીન પશ્ચિમી ઇતિહાસકારોના ગ્રંથો પણ મહત્ત્વના છે.



**કરીને જુઓ.**

- પરાક્રમ ગાથાઓ, આદિવાસી ગીતોનો સંગ્રહ કરો.
- શાળાના સાંસ્કૃતિક કાર્યક્રમમાં તે રજૂ કરો.

**મૌખિક સાધનો :** લોકપરંપરામાં પેઢી દર પેઢી સંકલિત થતાં ગયેલાં સ્વભાવગત સ્તુતિગાનો, લોકગીતો, પરાક્રમગાથા, વાર્તાઓ, દંતકથાઓ, મિથકો દ્વારા આપણને લોકજીવનનાં વિવિધ પાસાંઓ સમજાય છે. આવા પ્રકારનાં સાધનોને ઇતિહાસનાં ''મૌખિક સાધનો'' કહેવાય છે.




ઉપરના ત્રણેય પ્રકારનાં સાધનોના આધારે ઇતિહાસનું લેખન કરવામાં આવે છે. એકવખત ઇતિહાસનું લેખન થઈ ગયા પછી પણ તે બાબતનું સંશોધન અવિરત ચાલુ જ હોય છે. આ સંશોધન દ્વારા નવાં સાધનો, નવી માહિતી સામે આવે છે તે પ્રમાણે ઇતિહાસનું પુનર્લેખન કરવું પડે છે. દા.ત. આપણાં દાદા-દાદીના સમયના, માતા-પિતાના સમયના અને આપણા સમયના ઇતિહાસના પુસ્તકમાં કેટલાક પ્રમાણમાં તફાવત હોવાનું જણાય છે.



**તમે જાણો છો કે?**

**તાનાજીની પરાક્રમગાથા : તાનાજીના પોવાડા**

આ પરાક્રમગાથાના રચયિતા તુલસીદાસ શાહીર છે. આ ગાથામાં સિંહગઢની લડાઈનું વર્ણન છે. પરાક્રમગાથામાં તાનાજી, શેલારમામા, શિવાજી મહારાજ, વિરમાતા જીજાબાઈનાં સુંદર શબ્દચિત્રો આલેખ્યાં છે.

આ પરાક્રમગાથાનો કેટલોક ભાગ :

*मामा बोलाया तो लागला । ऐंशी वर्षीचा म्हातारा ।।*
*''लगिन राहिले रायबाचे तो मजला सांगावी ।।*
*माझ्या तानाजी सुभेदारा । जे गेले सिंहगडाला ।।*
*त्याचे पाठिरे पाहिले । नाही पुढारे पाहिले ।।*
*ज्याने आंबारे खाईला । बाठा बुजरा लाविला ।।*
*त्याचे झाड होउनि आंबे बांधले ।*
*किल्ला हाती नाही आला ।।*
*सिंहगड किल्ल्याची वार्ता ।*
*काढू नको तानाजी सुभेदारा ।।*
*जे गेले सिंहगडाला । ते मरूनशानी गेले ।।*
*तुमचा सपाटा होईल । असे बोलू नको रे मामा ।।*
*आम्ही सूरमर्द क्षत्री । नाही भिणार मरणाला ।।''*



**બોલતા થાઓ.**

ઐતિહાસિક સાધનોનું જતન કરવાના ઉપાય સૂચવો.

**ઐતિહાસિક સાધનોનું મૂલ્યમાપન :** આ બધાં સાધનો વાપરતાં પહેલાં કેટલીક કાળજી લેવી જરૂરી છે. તેની વિશ્વસનીયતા ચકાસવી પડે છે. તેમાંથી અસલી સાધનો ક્યા અને નકલી ક્યા તે શોધવા પડે છે. આંતરિક પુરાવાઓ તપાસીને તેની પ્રમાણિતા નક્કી કરી શકાય છે. લેખકનું સાચા-ખોટાપણું, તેમનાં વ્યક્તિગત સ્વાર્થ, સમય, રાજકીય દબાણ વગેરેનો પણ અભ્યાસ કરવો પડે છે. તે માહિતી સાંભળેલી છે કે તેણે પોતે જોયેલી છે, તેનું પણ મહત્ત્વ હોય છે. લેખનમાં રહેલી અતિશયોક્તિ, ચિત્રો, પ્રતીકો, અલંકારો વગેરેનો પણ વિચાર કરવો પડે છે. અન્ય સમકાલીન સાધનો સાથે તે માહિતીનો તાળો મેળવી જોવો પડે છે. આપણને મળેલી માહિતી એકપક્ષી, અસંગત અથવા અવાસ્તવિક હોવાની શક્યતાને નકારી શકાય નહિ, તેથી તેનો ઉપયોગ કરતી વખતે વિવેક જાળવવો પડે છે. હંમેશાં સારાં-નરસાંનો વિચાર કર્યા પછી જ આ સાધનોનો ઉપયોગ કરવાની કાળજી લેવી જરૂરી છે. ઇતિહાસના લેખનમાં લેખકની નિષ્પક્ષતા અને તટસ્થતા ખૂબજ મહત્ત્વની હોય છે.



## સ્વાધ્યાય

**૧. નીચેના ચોરસમાં છુપાયેલાં ઐતિહાસિક સાધનોનાં નામ શોધીને લખો.**

| | | | | | |
|---|---|---|---|---|---|
| તા | દં | ત | ક | થા | ર્ચ |
| રી | મ્ર | ચિ | ત્રો | ગા | ચ |
| ખ | ક | પ | થા | થા | ન |
| બ | જ્ઞા | શ્લો | ત્ર | ક | મા |
| આ | રા | જા | કા | ગી | ર |
| શિ | લા | લે | ખ | તો | ફ |

**૨. લખતા થાઓ.**

(૧) સ્મારકોમાં કઈ કઈ બાબતોનો સમાવેશ થાય છે?

(૨) તવારીખ એટલે શું?

(૩) ઇતિહાસના લેખનમાં લેખકનાં ક્યાં પાસાંઓ મહત્ત્વનાં હોય છે?

**૩. જૂથમાંથી જુદો શબ્દ શોધીને લખો.**

(૧) ભૌતિક સાધનો, લેખિત સાધનો, અલિખિત સાધનો, મૌખિક સાધનો.

(૨) સ્મારકો, ચલણ (સિક્કા), ગુફા, કથા

(૩) ભોજપત્રો, મંદિરો, પુસ્તકો, ચિત્રો

(૪) સ્તુતિગાન, તવારીખ, વાર્તા, મિથકો

**૪. સંકલ્પના સ્પષ્ટ કરો.**

(૧) ભૌતિક સાધનો

(૨) લેખિત સાધનો

(૩) મૌખિક સાધનો

**૫. ઐતિહાસિક સાધનોનું મૂલ્યમાપન કરવું જરૂરી છે. શા માટે? તમારા વિચાર કહો.**

**૬. તમારો અભિપ્રાય લખો.**

(૧) શિલાલેખને ઇતિહાસલેખનનો વિશ્વસનીય પુરાવો માનવામાં આવે છે.

(૨) મૌખિક સાધનોના આધારે લોકજીવનનાં વિવિધ પાસાંઓ સમજાય છે.

**ઉપક્રમ :**

નજીકના કોઈ પણ વસ્તુસંગ્રહાલયની (મ્યુઝિયમની) મુલાકાત લો. તમે જે સમયનો અભ્યાસ કરી રહ્યાં છો તે સમયના ઇતિહાસનાં સાધનોની માહિતી મેળવો અને તેની નોંધ ઉપક્રમની નોટબુકમાં કરો.

3GTNKH

# ૨. શિવાજી પહેલાંનું ભારત

આ પાઠમાં આપણે શિવાજીની પહેલાંની ભારતની વિવિધ રાજસત્તાઓનો અભ્યાસ કરવાના છીએ. આ સમયે ભારતમાં વિવિધ રાજસત્તા અસ્તિત્વમાં હતી.

આઠમી સદીમાં બંગાળમાં 'પાલ' એક પ્રસિદ્ધ રાજકુટુંબ હતું. મધ્ય ભારતમાં ગુર્જર-પ્રતિહાર સત્તાએ આંધ્ર, કલિંગ, વિદર્ભ, પશ્ચિમ કાઠિયાવાડ, કનોજ, ગુજરાત સુધી સત્તાનો વિસ્તાર કર્યો.

ઉત્તર ભારતના રાજપૂત કુટુંબોમાં ગઢવાલ વંશ અને પરમાર વંશના કુટુંબો મહત્ત્વનાં હતાં. રાજપૂતોમાં ચૌહાણ વંશના પૃથ્વીરાજ ચૌહાણ પરાક્રમી રાજા હતા. તરાઈના પહેલા યુદ્ધમાં પૃથ્વીરાજ ચૌહાણે મુહમ્મદ ઘોરીને હરાવ્યો. પણ તરાઈના બીજા યુદ્ધમાં મુહમ્મદ ઘોરીએ પૃથ્વીરાજ ચૌહાણને હરાવ્યો.

તામિલનાડુના ચોળ વંશના રાજરાજ પહેલો અને રાજેંદ્ર પહેલો બંને મહત્ત્વના રાજા હતા. ચોળ સત્તાએ આરમારની તાકાત વડે માલદીવ બેટ, શ્રીલંકા જીતી લીધા. કર્ણાટકના હોયસળ વંશના વિષ્ણુવર્ધન રાજાએ સંપૂર્ણ કર્ણાટક પ્રદેશ જીતી લીધો.

મહારાષ્ટ્રના રાષ્ટ્રકૂટ વંશના ગોવિંદ ત્રીજાની કારકિર્દીમાં રાષ્ટ્રકૂટ સત્તા કનોજથી રામેશ્વર સુધી ફેલાઈ ગઈ. આગળ કૃષ્ણ ત્રીજાએ અલ્હાબાદ સુધીનો પ્રદેશ જીતી લીધો.

શિલાહારોના ત્રણ કુટુંબો પશ્ચિમ મહારાષ્ટ્રમાં પ્રસિદ્ધિમાં આવ્યા. પહેલું કુટુંબ ઉત્તર કોંકણમાં થાણા અને રાયગઢ, બીજું કુટુંબ દક્ષિણ કોંકણમાં તો ત્રીજું કુટુંબ કોલ્હાપુર, સતારા, સાંગલી અને બેલગાંવ જિલ્લાના કેટલાક વિસ્તારમાં રાજ્ય કરતા હતા.

શિવાજી પહેલાંની આખરી વૈભવશાળી સત્તા એટલે મહારાષ્ટ્રના યાદવોની સત્તા. યાદવ વંશના ભિલ્લમ પાંચમાની રાજધાની ઔરંગાબાદ નજીક દેવગિરીમાં હતી. તેણે કૃષ્ણા નદીની સામી તરફ સુધી સત્તાનો વિસ્તાર કર્યો.

યાદવોનો સમય મરાઠી ભાષા અને સાહિત્યનો સુવર્ણકાળ જ માનવો પડે છે. આ જ સમયમાં મહારાષ્ટ્રમાં મહાનુભાવ અને વારકરી સંપ્રદાયની ચડતી થઈ.

## વાયવ્ય તરફનાં આક્રમણો

મહારાષ્ટ્રમાં રાષ્ટ્રકૂટ યાદવ જેવાં સ્થાનિક કુટુંબોની સત્તા હતી છતાં ઉત્તરમાં વાયવ્ય તરફથી આવેલા આક્રમકોએ ત્યાંની સ્થાનિક સત્તાઓઓનો પરાજય કરી પોતાની સત્તા સ્થાપી.

તે દરમ્યાન મધ્યપૂર્વમાં અરબી સત્તાનો ઉદય થયો હતો. સામ્રાજ્યનો વિસ્તાર કરવા માટે અરબ સત્તાધીશો ભારત તરફ વળ્યા. આઠમા સૈકામાં મુહમ્મદ બિન કાસિમ અરબી સેનાનીએ સિંધ પ્રાંત પર ચડાઈ કરી. ત્યાંના દાહીર રાજાનો પરાભવ કરીને તેણે સિંધ પ્રાંત જીત્યો. આ ચડાઈને લીધે આરબોનો ભારત સાથે પ્રથમવાર જ રાજકીય સંબંધ સ્થપાયો. આ પછીના સમયમાં મધ્ય એશિયાના તુર્ક, અફઘાન, મોગલ લોકો ભારતમાં આવ્યા અને તેમણે ભારતમાં પોતાની સત્તા સ્થાપી.

ઈસવી સનની અગિયારમી સદીમાં ભારત ઉપર તુર્કોનાં આક્રમણો થવા લાગ્યાં. તેઓ પોતાની સત્તાનો વિસ્તાર કરતાં કરતાં ભારતની વાયવ્ય સરહદ સુધી આવી પહોંચ્યા. ગઝનીના સુલતાન મહમૂદે ભારત ઉપર અનેક સવારીઓ કરી. આ સવારીઓમાં તે મથુરા, વૃંદાવન, કનોજ, સોમનાથનાં સમૃદ્ધ મંદિરો લૂંટીને ત્યાંની અઢળક સંપત્તિ પોતાની સાથે લઈ ગયો. બખત્યાર ખલ્જીએ વિશ્વપ્રસિધ્ધ નાલંદા વિદ્યાપીઠનું સમૃદ્ધ પુસ્તકાલય બાળી નાખ્યું.

## ઉત્તરની સુલતાનશાહી

ઈસવી સન ૧૧૭૫ અને ૧૧૭૮માં અફઘાનિસ્તાનના ઘૂર પ્રાંતના સુલતાન મુહમ્મદ ઘોરીએ ભારત ઉપર આક્રમણો કર્યાં. ભારતના

જીતેલા પ્રદેશોનો કારભાર સંભાળવા માટે તેણે કુતુબુદ્દીન ઐબકની નિમણૂંક કરી. આગળ જતાં ઈ.સ. ૧૨૦૬ માં મુહમ્મદ ઘોરીના મૃત્યુ પછી ઐબકે પોતાની સત્તા હેઠળના ભારતના પ્રદેશોનો કારભાર સ્વતંત્ર રીતે ચલાવવાની શરૂઆત કરી. ઐબક મૂળે ગુલામ હતો તે દિલ્હીનો સત્તાધીશ બન્યો. ઈ.સ. ૧૨૧૦ માં તેનું મૃત્યુ થયું.

**તમે જાણો છો કે?**

કુતુબુદ્દીન ઐબક પછી અલ્તમશ, રઝિયા, બલ્બન, અલાઉદ્દીન ખીલજી, મુહમ્મદ તઘલક, ફિરોઝ તઘલક, ઈબ્રાહીમ લોદી વગેરે સુલતાનોએ ભારત ઉપર રાજ્ય કર્યું.

ઈબ્રાહીમ લોદી છેલ્લો સુલતાન હતો, તેના સ્વભાવદોષને લીધે તેના અનેક દુશ્મનો થયા હતા. પંજાબના સુબેદાર દોલતખાન લોદીએ કાબૂલના મોગલ સત્તાધીશ બાબરને ઈબ્રાહીમ લોદી વિરુદ્ધ નોતર્યો. આ લડાઈમાં બાબરે ઈબ્રાહિમ લોદીને હરાવ્યો અને તેની સાથે જ સુલતાનશાહીનો અંત આવ્યો.

## વિજયનગરનું રાજ્ય

દિલ્હીના સુલતાન મુહમ્મદ તઘલકની કારકિર્દી દરમ્યાન દિલ્હીની કેંદ્રવર્તી સત્તા વિરુદ્ધ દક્ષિણમાં બળવો થયો. તેમાંથી જ વિજયનગર અને બહમની જેવાં બે પ્રબળ રાજ્યોનો ઉદય થયો.

હરિહર અને બુક્ક દક્ષિણભારતના બંને ભાઈઓ દિલ્હીની સુલતાનશાહીની સેવામાં સરદાર તરીકે હતા. તેણે મુહમ્મદ તઘલકના સમયમાં દક્ષિણમાં પ્રવર્તેલી રાજકીય અસ્થિરતાનો ફાયદો ઉઠાવી ઈ.સ. ૧૩૩૬માં દક્ષિણમાં વિજયનગર રાજ્યની સ્થાપના કરી. આજના કર્ણાટકમાં આવેલું 'હંપી' આ રાજ્યની રાજધાની હતી. હરિહર વિજયનગરનો પહેલો રાજા હતો.

હરિહર પછી તેનો ભાઈ બુક્ક સતા ઉપર આવ્યો. બુક્કે રામેશ્વર સુધીનો પ્રદેશ પોતાની હકૂમત હેઠળ વિસ્તાર્યો.



કૃષ્ણદેવરાય

### કૃષ્ણદેવરાય :

કૃષ્ણદેવરાય ઈ.સ. ૧૫૦૯માં વિજયનગરની ગાદી ઉપર આવ્યા. તેણે વિજયવાડા અને રાજમહેંદ્રી પ્રદેશ જીતીને પોતાના રાજ્ય સાથે જોડી દીધો. બહમની સુલતાન મહમૂદશાહના નેતૃત્વ હેઠળ એકત્રિત થયેલા સુલતાનોના સૈન્યસંઘોનો તેમણે પરાજય કર્યો. કૃષ્ણદેવરાયની કારકિર્દીમાં વિજયનગરનું રાજ્ય પૂર્વમાં કટકથી - પશ્ચિમે ગોવા સુધી અને ઉત્તરે રાયચૂર દોઆબાથી-દક્ષિણે હિંદી મહાસાગર સુધી ફેલાયેલું હતું. ઈ.સ. ૧૫૩૦ માં તેનું મૃત્યુ થયું હતું.

કૃષ્ણદેવરાય વિદ્વાન હતા. તેમણે તેલુગુ ભાષામાં 'આમુક્તમાલ્યદા' નામનો રાજનીતિ વિષયક ગ્રંથ લખ્યો હતો. તેમની કારકિર્દીના સમયમાં વિજયનગરમાં હજાર રામમંદિર, વિઠલ મંદિરોનું બાંધકામ થયું હતું.

કૃષ્ણદેવરાય પછી વિજયનગર રાજ્યની પડતી શરૂ થઈ. આજના કર્ણાટકમાં આવેલા તાલિકોટમાં એક બાજુ આદિલશાહી, નિઝામશાહી, કુતુબશાહી, બરીદશાહી અને બીજુ બાજુ વિજયનગરના રાજા રામરાય વચ્ચે ઈ.સ. ૧૫૬૫માં લડાઇ થઈ. આ લડાઈમાં રામરાયનો પરાજય થયો. ત્યારપછી વિજયનગરના રાજ્યનો અંત આવ્યો.

## બહમની રાજ્ય

મુહમ્મદ તઘલકનું વર્ચસ્વ ડામી દેવા માટે દક્ષિણમાં સરદારોએ બંડ કર્યું. આ સરદારોના પ્રમુખ હસન ગંગૂએ દિલ્હીના સુલતાનના સૈન્યને હરાવ્યું. ઈ.સ. ૧૩૪૭માં નવું રાજ્ય અસ્તિત્વમાં આવ્યું. તેને બહમની રાજ્ય કહેવાય છે. હસન ગંગૂ બહમની રજ્યનો પહેલો સુલતાન બન્યો. તેણે કર્ણાટક રાજ્યમાં આવેલા 'ગુલબર્ગા'માં પોતાની રાજધાની સ્થાપી.

**મહમૂદ ગાવાન :** બહમની રાજ્યનો મુખ્ય પ્રધાન અને ઉત્તમ પ્રશાસક હતો. તેણે બહમની રાજ્યને આર્થિક રીતે સમૃદ્ધ કર્યું. સૈનિકોને જાગીર આપવાને બદલે રોકડ પગાર આપવાની શરૂઆત કરી. સૈન્યને શિસ્તબદ્ધ કર્યું. જમીન મહેસુલની વ્યવસ્થામાં સુધારા કર્યા. બિદરમાં અરબી અને ફારસી શિક્ષણના અભ્યાસ માટે મદરેસાની સ્થાપના કરી.

મહમૂદ ગાવાન પછી બહમની સરદારોમાં જૂથબાજી વધવા લાગી. વિજયનગર અને બહમની વચ્ચેના સંઘર્ષની માઠી અસર બહમની રાજ્ય ઉપર પડી. જુદા જુદા પ્રાંતના અધિકારીઓ વધારે સ્વતંત્ર બનીને વર્તવા લાગ્યા. બહમની રાજ્યમાં કુસંપ વધવાને લીધે તેનું વિભાજન થવા લાગ્યું. તેમાંથી વર્હાડની ઈમાદશાહી, બિદરની બરીદશાહી, બીજાપુરની આદિલશાહી, અહમદનગરની નિઝામશાહી અને ગોવળકોંડાની કુતુબશાહી એમ બહમની રાજ્ય પાંચ વિભાગમાં વિભાજીત થઈ ગયું.

## મોગલસત્તા

ઈ.સ. ૧૫૨૬માં દિલ્હીની સુલતાનશાહીનો અંત આવ્યો. ત્યાં મોગલસત્તાની સ્થાપના થઈ.

**બાબર :** મોગલ સત્તાનો સ્થાપક બાબર હતો. તે મધ્ય એશિયાના હાલના ઉઝબેકિસ્તાનમાં આવેલા ફરઘાના રાજ્યનો રાજા હતો. ભારતની સંપત્તિ અને સમૃદ્ધિનું વર્ણન તેણે સાંભળ્યું હતું, માટે તેણે ભારત ઉપર હુમલા કરવાની યોજના બનાવી.

દિલ્હીમાં તે વખતે સુલતાન ઈબ્રાહીમ લોદી રાજ્યકારભાર ચલાવતો હતો. સુલતાનશાહીના પંજાબ પ્રદેશમાં દોલતખાન લોદી મુખ્ય અધિકારી હતો. ઈબ્રાહીમ લોદી અને દોલતખાન લોદી વચ્ચે સંઘર્ષ શરૂ થયો. દોલતખાને ભારત ઉપર આક્રમણ કરવા બાબરને આમંત્રિત કર્યો. આ તક ઝડપી લઈને બાબરે ભારત ઉપર આક્રમણ કર્યું. બાબરના આક્રમણનો સામનો કરવા ઈબ્રાહીમ લોદી સૈન્ય સાથે નીકળી પડ્યો. ૨૧ એપ્રિલ, ૧૫૨૬ના રોજ પાણીપતના મેદાનમાં તેની અને બાબર વચ્ચે લડાઈ થઈ. આ લડાઈમાં બાબરે ભારતમાં પહેલી જ વખત તોપખાનાનો અસરકારક ઉપયોગ કર્યો. તેણે ઈબ્રાહીમ લોદીના સૈન્યને હરાવ્યું. આ 'પાણીપતનું પહેલું યુદ્ધ' હતું.

આ લડાઈ પછી મેવાડના રાણાસંગે રાજપૂત રાજાઓને એકત્રિત કર્યા. બાબર અને રાણાસંગ વચ્ચે ખાનુઆમાં લડાઈ થઈ. આ લડાઈમાં બાબરના તોપખાના અને તેના અનામત સૈન્યે અસરકારક કામગીરી બજાવી. રાણાસંગનું સૈન્ય હારી ગયું. ઈ.સ. ૧૫૩૦ માં બાબરનું મૃત્યુ થયું.



**તમે જાણો છો કે?**

બાબર પછી હુમાયુ (ઈ.સ.૧૫૩૦ થી ઈ.સ. ૧૫૩૯ અને ઈ.સ. ૧૫૫૫ થી ઈ.સ. ૧૫૫૬) ગાદી ઉપર આવ્યો. હુમાયુની કારકિર્દી દરમ્યાન શેરશાહે તેને હરાવ્યો અને દિલ્હીની ગાદી ઉપર સૂરવંશની સ્થાપના થઈ. હુમાયુ પછી અકબર (ઈ.સ. ૧૫૫૬ થી ઈ.સ.૧૬૦૫) ગાદી ઉપર આવ્યો. અકબર અને હેમુ વચ્ચે ઈ.સ. ૧૫૫૬ માં પાણીપતમાં લડાઈ થઈ. આ પાણીપતનું બીજું યુદ્ધ હતું. સમગ્ર ભારત પોતાના એકચક્રી શાસન હેઠળ લાવવાની તેની મહત્ત્વકાંક્ષા હતી. અકબર પછી જહાંગીર (ઈ.સ. ૧૬૦૫ થી ઈ.સ. ૧૬૨૮) સમ્રાટ બન્યો. તેની કારકિર્દી દરમ્યાન તેની પત્ની નૂરજહાંએ અસરકારક કામગીરી બજાવી. જહાંગીર પછી શાહજહાં (ઈ.સ. ૧૬૨૮ થી ઈ.સ.. ૧૬૫૮) સમ્રાટ થયો. શાહજહાં પછી ઔરંગઝેબ (ઈ.સ. ૧૬૫૮ થી ઈ.સ. ૧૭૦૭) લાંબો સમય સમ્રાટ હતો. તેના મૃત્યુ પછી મોગલ સામ્રાજ્ય નબળું પડ્યું.

મોગલવંશનો સૌથી કર્તવ્યનિષ્ઠ અને બાહોશ રાજા અકબર હતો. અકબરે પોતાના એકચક્રી શાસન હેઠળ ભારતને લાવવાનો પ્રયત્ન કર્યો. ત્યારે તેનો વિરોધ થયો. મહારાણા પ્રતાપ, ચાંદબીબી, રાણી દુર્ગાવતીએ અકબર વિરુદ્ધ કરેલો સંઘર્ષ ઉલ્લેખનીય છે.



રાણા પ્રતાપ

**મહારાણા પ્રતાપ :** ઉદયસિંહના મૃત્યુ પછી મહારાણા પ્રતાપ મેવાડની ગાદી ઉપર આવ્યા. મેવાડના અસ્તિત્ત્વ માટે તેણે સંઘર્ષ ચાલુ રાખ્યો. મહારાણા પ્રતાપે આખર સુધી પોતાની સ્વતંત્રતા ટકાવી રાખવા માટે અકબર સાથે સંઘર્ષ કર્યો. પરાક્રમ, ધૈર્ય, સ્વાભિમાન, ત્યાગ વગેરે ગુણોને લીધે તે ઇતિહાસમાં અજરામર થઈ ગયા.

**ચાંદબીબી :**

ઈ.સ. ૧૫૯૫માં મોગલોએ અહમદનગરની નિઝામશાહીની રાજધાની ઉપર હુમલો કર્યો. મોગલ સૈન્યે અહમદનગરનાકિલ્લાને ઘેરો ઘાલ્યો. હુસેન નિઝામશાહની બાહોશ અને કર્તવ્યનિષ્ઠ પુત્રી ચાંદબીબીએ અત્યંત ધૈર્યથી તે કિલ્લો બચાવવા સામનો કર્યો. એ સમયે નિઝામશાહીના સરદારો વચ્ચે અણબનાવ થયો. આ અણબનાવને કારણે ચાંદબીબીનું મૃત્યુ થયું. પછી મોગલોએ અહમદનગરનો કિલ્લો જીતી લીધો. પણ નિઝામશાહીનું સંપૂર્ણ રાજ્ય મોગલોના તાબામાં આવ્યું નહિ.



ચાંદબીબી

**રાણી દુર્ગાવતી :** વિદર્ભનો પૂર્વ ભાગ, તેની ઉત્તરમાં આવેલો મધ્યપ્રદેશનો ભાગ, આજના છત્તીસગઢનો પશ્ચિમ-ભાગ, આંધ્રપ્રદેશનો ઉત્તર ભાગ અને ઓરિસ્સાનો પશ્ચિમ-ભાગ એ ઉપલક દષ્ટિએ ગોંડવનનો વિસ્તાર હતો. ચંદેલ રાજપૂતોના વંશમાં જન્મેલી દુર્ગાવતી લગ્ન પછી ગોંડવનની રાણી બની. તેણે ઉત્તમ રીતે રાજ્યકારભાર કર્યો. મધ્યયુગના ઇતિહાસમાં મોગલો વિરુદ્ધ ગોંડવનની રાણી દુર્ગાવતીએ કરેલી લડાઈ મહત્ત્વની છે. દુર્ગાવતીએ પતિના મૃત્યુ પછી અકબર વિરુદ્ધ લડતાં લડતાં પોતાના પ્રાણનું બલિદાન આપ્યું, પરંતુ શરણાગતિ સ્વીકારી નહિ.



રાણી દુર્ગાવતી

અકબર એક સુજાણ અને જાગૃત શાસક હતો. તેનું ધાર્મિક ધોરણ ઉદાર અને સહિષ્ણું હતું. તે દરેક ધર્મની પ્રજા સાથે સમાન વર્તન કરતો. સર્વધર્મના ઉમદા તત્વોનો સમન્વય કરીને અકબરે 'દીન-ઇ-ઇલાહી' ધર્મની સ્થાપના કરી. પરંતુ તેણે કોઇને પણ દીન-ઇ-ઇલાહી સ્વીકારવા દબાણ કર્યું નહીં.

**ઔરંગઝેબ :** શાહજહાં બાદશાહના પુત્રોમાં ઔરંગઝેબ સત્તાસ્પર્ધામાં વિજયી બન્યો, પિતાને કેદ કરીને ઇ.સ.૧૬૫૮માં બાદશાહ બન્યો. ઔરંગઝેબનો મોટો દીકરો દારા શુકોહ ધાર્મિક સહિષ્ણુતા માટે પ્રસિધ્ધ હતો. તેણે પચાસથી પણ વધુ સંસ્કૃત ઉપનિષદોનો ફારસી ભાષામાં અનુવાદ કર્યો. ઔરંગઝેબ બાદશાહ બન્યો. તે વખતે મોગલ સામ્રાજ્ય દક્ષિણે અહમદનગર સુધી અને પશ્ચિમે કાબૂલથી લઈને પૂર્વને બંગાળ સુધી ફેલાયેલું હતું. ઔરંગઝેબે પોતાની કારકિર્દી દરમ્યાન પૂર્વે આવેલા આસામ, દક્ષિણના બીજાપુરની આદિલશાહી અને ગોવળકોંડાની કુતુબશાહીનો અંત આણ્યો અને તેમના પ્રદેશો પોતાના સામ્રાજ્ય સાથે જોડી દીધા.



ઔરંગઝેબ

**આહોમા સાથે સંઘર્ષ :** ઈસવી સનની તેરમી સદીમાં શાન જમાતીના લોકો બ્રહ્મપુત્રા નદીના ખીણપ્રદેશમાં સ્થાયી થયા હતા. ત્યાં તેમણે પોતાનું રાજ્ય સ્થાપ્યું હતું. સ્થાનિક લોકો આ લોકોને 'આહોમ' કહેતા હતા.

ઔરંગઝેબના સમયમાં આહોમા અને મોગલો વચ્ચે લાંબા સમય સુધી સંઘર્ષ ચાલ્યો. મોગલોએ આહોમાના પ્રદેશો ઉપર આક્રમણ કર્યું. ગદાધરસિંહના નેતૃત્વ હેઠળ આહોમ સંગઠિત થયા. લાચ્છિત બડફૂકન નામના સેનાનીએ મોગલો વિરુદ્ધ ઉગ્ર સંઘર્ષ કર્યો. આહોમાએ મોગલો વિરુદ્ધના સંઘર્ષમાં ગેરીલા યુદ્ધનીતિનો આધાર લીધો હતો. મોગલો માટે આસામમાં પોતાની સત્તા જમાવવાનું અશક્ય બન્યું.

**શીખો સાથેનો સંઘર્ષ :** શીખોના નવમા ગુરુ તેગબહાદુરે ઔરંગઝેબની અસહિષ્ણુ ધાર્મિક નીતિ

વિરુદ્ધ ઉગ્ર નાપસંદગી દર્શાવી. ઔરંગઝેબે તેમને ૧૬૭૫માં કેદ કરીને તેમનો શિરચ્છેદ કર્યો. તેમના પછી ગુરુ ગોવિંદસિંહ શીખોના ગુરુ બન્યા. ગુરુ ગોવિંદસિંહે પોતાના અનુયાયીઓને સંગઠિત કરીને તેમનામાં રહેલી લડાયક વૃત્તિને પ્રોત્સાહન આપ્યું. લડાયક શીખ યુવાનોનું એક દળ ઊભું કર્યું. તેને 'ખાલસા દળ' કહેવાય છે. આનંદપુર તેનું મુખ્ય કેંદ્ર હતું. ઔરંગઝેબે શીખો વિરુદ્ધ લડવા સૈન્ય મોકલ્યું. તેની ફોજે આનંદપુર ઉપર હુમલો કર્યો. તે વખતે શીખો પ્રખર ઝઝૂમ્યા, પરંતુ તેમને સફળતા મળી નહિ. ત્યાર પછી ગુરુ ગોવિંદસિંહ દક્ષિણમાં આવ્યા. ઈ.સ. ૧૭૦૮માં નાંદેડમાં તેમના ઉપર હુમલો થયો. તેમાં જ તેમનું મૃત્યુ થયું.


ગુરુ ગોવિંદસિંહ

**રાજપૂતો સાથે સંઘર્ષ :** અકબરે પોતાની સુલેહયુક્ત નીતિથી રાજપૂતોનો સહકાર મેળવ્યો હતો પણ ઔરંગઝેબને રાજપૂતોનો સહકાર મેળવતાં આવડ્યું નહિ. મારવાડના રાણા જસવંતસિંગના મૃત્યુ પછી તેનું રાજ્ય ઔરંગઝેબે મોગલ સામ્રાજ્ય સાથે જોડી દીધું. દુર્ગાદાસ રાઠોડે જસવંતસિંગના નાની ઉંમરના પુત્ર અજિતસિંહને મારવાડની ગાદી ઉપર બેસાડ્યો. દુર્ગાદાસ રાઠોડે મોગલો વિરુદ્ધ ખૂબ સંઘર્ષ કર્યો. દુર્ગાદાસના આ વિરોધને દાબી દેવા ઔરંગઝેબે રાજપુત્ર અકબરને મારવાડ મોકલ્યો. રાજપુત્ર અકબર પોતે રાજપૂતોને મળ્યો અને તેણે ઔરંગઝેબ વિરુદ્ધ બંડ પોકાર્યું. આ બંડમાં મહારાષ્ટ્રના મરાઠાઓની પણ મદદ લેવાનો પ્રયત્ન થયો. દુર્ગાદાસ રાઠોડે મારવાડના અસ્તિત્વ માટે મોગલો વિરુદ્ધ આ સંઘર્ષ ચાલુ રાખ્યો.

**મરાઠાઓ સાથે સંઘર્ષ :** મહારાષ્ટ્રમાં શિવાજી મહારાજના નેતૃત્વ હેઠળ સ્વરાજ્યની સ્થાપના થઈ. તેમને સ્વરાજ્યની સ્થાપના કરવાના આ પ્રયત્નોમાં અન્ય દુશ્મનો સાથે જ મોગલો સાથે પણ સંઘર્ષ કરવો પડ્યો હતો. તેમના મૃત્યુ પછી સંપૂર્ણ દક્ષિણ ભારત જીતી લેવાના હેતુથી ઔરંગઝેબ દક્ષિણમાં આવ્યો. પરંતુ મરાઠાઓએ ઔરંગઝેબ સાથે ઉગ્ર સંઘર્ષ કર્યો. પોતાના સ્વાતંત્ર્યનું રક્ષણ કર્યું. આ સમગ્ર સંઘર્ષની માહિતી આપણે આગળ મેળવવાના છીએ.

## સ્વાધ્યાય

**૧. નામ કહો.**

(૧) ગોંડવનની રાણી -
(૨) ઉદયસિંહનો પુત્ર -
(૩) મોગલસત્તાનો સ્થાપક -
(૪) બહમની રાજ્યનો પહેલો સુલતાન -
(૫) ગુરુ ગોવિંદસિંગે સ્થાપેલું દળ -

**૨. જૂથમાં ન બંધબેસતો પર્યાય પસંદ કરો.**

(૧) સુલતાન મુહમ્મદ, કુતુબુદ્દીન ઐબક, મુહમ્મદ ઘોરી, બાબર.
(૨) આદિલશાહી, નિઝામશાહી, સુલતાનશાહી, બરિદશાહી
(૩) અકબર, હુમાયુ, શેરશાહ, ઔરંગઝેબ

**૩. ટૂંકમાં જવાબ લખો.**

(૧) વિજયનગર અને બહમની આ બે રાજ્યો શાથી પ્રસિદ્ધિ પામ્યાં?
(૨) મહમૂદ ગાવાને ક્યા સુધારા કર્યા?
(૩) મોગલો માટે આસામમાં પોતાની સત્તા જમાવવાનું શાથી અશક્ય બન્યું?

**૪. તમારા શબ્દોમાં ટૂંકમાં માહિતી લખો.**

(૧) કૃષ્ણદેવરાય
(૨) ચાંદબીબી
(૩ રાણી દુર્ગાવતી

**૫. કારણ સાથે લખો.**

(૧) બહમની રાજ્યના પાંચ વિભાગો થયા.
(૨) રાણાસંગના સૈન્યનો પરાજય થયો.
(૩) રાણા પ્રતાપ ઇતિહાસમાં અજરામર બન્યા.
(૪) ઔરંગઝેબે ગુરુ તેગબહાદુરને કેદ કર્યા.
(૫) રાજપૂતોએ મોગલો વિરુદ્ધ સંઘર્ષ કર્યો.

૬. સમયરેખા પૂર્ણ કરો.

| ઈ.સ. ૧૩૩૬ | ઈ.સ....... | ઈ.સ. ૧૫૦૯ | ઈ.સ....... |
|---|---|---|---|
| વિજયનગર રાજ્યની સ્થાપના | બહમની રાજ્યની સ્થાપના | ........... | મોગલ સત્તાની સ્થાપના |

૭. ઈંટરનેટની મદદથી તમને ગમતી કોઈ પણ એક વ્યક્તિની માહિતી મેળવો અને નીચેના ચોરસમાં લખો.

હું આ જાણું છું.

______________________

______________________

______________________

______________________

ઉપક્રમ :

પાઠમાં આવેલી વ્યક્તિઓ વિશે વધારે માહિતી સંદર્ભ પુસ્તકો, ઈંટરનેટ, વર્તમાનપત્રો વગેરેની મદદથી મેળવો. ઉપક્રમની નોટબુકમાં ચિત્ર-માહિતીનું કોલાજ બનાવો અને ઇતિહાસના વર્ગમાં તેનું પ્રદર્શન ભરો.



દેવગિરિ કિલ્લો

# ૩. ધાર્મિક સમન્વય

ભાષા અને ધર્મની વિવિધતા ભારતીય સમાજની એક મહત્ત્વની વિશેષતા છે. આ વિશેષતાને ધ્યાનમાં રાખીને ભારતીય બંધારણે સર્વધર્મ સમભાવનું તત્ત્વ સ્વીકાર્યું છે. મધ્યયુગીન ભારતીય સમાજજીવનમાં પણ આ તત્ત્વના આધારે ધાર્મિક સમન્વયના પ્રયત્નો થયા હતા. આ પ્રયત્નોમાં ભક્તિ આંદોલન, શીખ ધર્મ અને સુફી પંથનું આપણા સમાજમાં વિશેષ સ્થાન છે. ભારતના જુદાજુદા પ્રદેશોમાં જુદીજુદી વિચારધારાઓ પ્રચલિત બની. તેમણે ઈશ્વરભક્તિની સાથે જ ધાર્મિક અને સાંપ્રદાયિક સમન્વય પર ભાર આપ્યો. તે વિશેની માહિતી આપણે આ પાઠમાં મેળવવાના છીએ.

ભારતના ધાર્મિક જીવનમાં શરૂઆતમાં કર્મકાંડ અને બ્રહ્મજ્ઞાન ઉપર વિશેષ ભાર આપવામાં આવતો. મધ્યયુગમાં આ બંને માર્ગો પાછળ રહી ગયા અને ભક્તિમાર્ગનું મહત્ત્વ વધ્યું. આ માર્ગમાં અધિકારભેદનું નકામું મહત્ત્વ ન હોવાથી ધાર્મિક સમન્વયને વધારે ગતિ મળી. ભારતના જુદાજુદા પ્રાંતોમાં સ્થાનિક પરિસ્થિતિને અનુસરીને ભક્તિમાર્ગના જુદાજુદા આવિષ્કાર મળી આવે છે. આ માર્ગે સંસ્કૃત ભાષાને બદલે સર્વ સામાન્ય લોકોની ભાષાનો આધાર લીધો. તેથી પ્રાદેશિક ભાષાના વિકાસમાં આ ધાર્મિક આંદોલનની મદદ મળી.

**ભક્તિ આંદોલન :** ભક્તિ આંદોલનની શરૂઆત દક્ષિણ ભારતમાં થઈ હોવાનું માનવામાં આવે છે. આ ભાગમાં નાયનાર અને અળવાર ભક્તિ આંદોલનો પ્રકાશમાં આવ્યા. નાયનાર શિવભક્ત તો અળવાર વિષ્ણુભક્ત હતા. શિવ અને વિષ્ણુ એક જ છે, એમ માનીને તેમની વચ્ચે સમન્વય કરવાના પ્રયત્નો પણ થયા. અર્ધો ભાગ વિષ્ણુનો અને અર્ધો ભાગ શિવનો બતાવીને 'હરિહર'ના સ્વરૂપની મૂર્તિ પણ મોટા પ્રમાણમાં તૈયાર કરવામાં આવી. આ ભક્તિ આંદોલનમાં સમાજના દરેક સ્તરના લોકો સહભાગી બન્યાં હતાં.

ઈશ્વરપ્રેમ, માનવતા, જીવદયા, કરુણા વગેરે મૂલ્યોનો ઉપદેશ તેમણે આપ્યો. દક્ષિણ ભારતમાં રામાનુજ અને અન્ય આચાર્યોએ ભક્તિ-આંદોલનનો પાયો મજબૂત કર્યો. ઈશ્વર દરેક માટે છે, ઈશ્વર ભેદભાવ કરતા નથી, એવું તેમણે કહ્યું. ઉત્તર ભારતમાં પણ રામાનુજના ઉપદેશની સારી અસર થઈ હતી.



સંત કબીર

ઉત્તર ભારતમાં સંત રામાનંદે ભક્તિનું મહત્ત્વ સમજાવ્યું. સંત કબીર ભક્તિ આંદોલનના એક જાણીતા સંત હતા. તેમણે તીર્થક્ષેત્રો, વ્રતો, મૂર્તિપૂજાને મહત્ત્વ આપ્યું નહિ. સત્યને જ ઈશ્વર માન્યા. દરેક મનુષ્ય એક છે, એવો ઉપદેશ આપ્યો જાતિભેદ, માર્ગભેદ, ધર્મભેદ માન્યા નહિ. તેમને હિંદુ અને મુસલમાનો વચ્ચે એકતા સ્થાપવી હતી. તેમણે હિંદુ અને મુસ્લિમ આ બંને ધર્મના ચુસ્ત લોકોને કડક શબ્દોમાં ફટકાર્યા.

બંગાળમાં ચૈતન્ય મહાપ્રભુએ કૃષ્ણભક્તિનું મહત્ત્વ બતાવ્યું. તેમના ઉપદેશને લીધે લોકો જાતિના અને પંથોનાં બંધનો તોડીને ભક્તિ આંદોલનમાં સહભાગી બન્યા. ચૈતન્ય મહાપ્રભુના પ્રભાવથી શંકરદેવે આસામમાં કૃષ્ણભક્તિનો પ્રસાર કર્યો. ગુજરાતમાં સંત નરસિંહ મહેતા પ્રસિદ્ધ વૈષ્ણવ સંત થઈ ગયા. તેઓ પરમ કૃષ્ણભક્ત હતા. તેમણે સમાનતાનો સંદેશો આપ્યો. તેમને ગુજરાતી ભાષાના આદ્યકવિ માનવામાં આવે છે.

સંત મીરાંબાઈએ કૃષ્ણભક્તિનો મહિમા સમજાવ્યો. તેઓ મેવાડનાં રાજકુટુંબનાં હતાં રાજકુટુંબનાં સુખોનો ત્યાગ કરીને તેઓ કૃષ્ણભક્તિમાં તલ્લીન બન્યાં.

રાજસ્થાની અને ગુજરાતી ભાષામાં તેમણે ભક્તિરચનાઓ કરી છે. તેમનાં ભક્તિગીતો ભક્તિ, સહિષ્ણુતા અને માનવતાના સંદેશા આપનારાં છે. સંત રોહિદાસ એક મહાન સંત હતા. તેમણે સમાનતાનો અને માનવતાનો સંદેશ આપ્યો. સંત સેના એક પ્રભાવશાળી સંત થઈ ગયા. હિંદી સાહિત્યના મહાકવિ સૂરદાસે 'સૂરસાગર' કાવ્ય લખ્યું. કૃષ્ણભક્તિ તેમનાં કાવ્યનો વિષય છે. મુસ્લિમ સંત રસખાને લખેલાં કૃષ્ણભક્તિનાં ગીતો રસપ્રદ છે. સંત તુલસીદાસના 'રામચરિતમાનસ' ગ્રંથમાં રામભક્તિનો સુંદર આવિષ્કાર થયેલો જોવા મળે છે.

કર્ણાટકમાં મહાત્મા બસવેશ્વરે લિંગાયત વિચારધારાનો પ્રસાર કર્યો. તેમણે જાતિભેદનો વિરોધ કર્યો. શ્રમપ્રતિષ્ઠાનું મહત્ત્વ સમજાવ્યું. તેમનું ''કાયકવે કૈલાસ'' પ્રસિદ્ધ સૂત્ર છે. તેનો અર્થ શ્રમ એ જ કૈલાસ છે. પોતાના આંદોલનમાં તેમણે સ્ત્રીઓને પણ સહભાગી બનાવી. 'અનુભવમંટપ' સભાગૃહમાં થનારી ધર્મચર્ચામાં દરેક જાતિનાં સ્ત્રી-પુરુષ સહભાગી થવા લાગ્યાં. તેમણે પોતાનો ઉપદેશ કન્નડ લોકભાષામાં સૂત્રસાહિત્યના માધ્યમ દ્વારા આપ્યો. તેમનાં કાર્યોની સમાજ ઉપર ઘણી અસર થઈ. મહાત્મા બસવેશ્વરના અનુયાયીઓએ મરાઠી ભાષામાં પણ રચના કરી છે. તેમાંથી મન્મથ સ્વામીએ લખેલો 'પરમરહસ્ય' ગ્રંથ પ્રસિદ્ધ છે. કર્ણાટકમાં પંપ, પુરંદરદાસ વગેરે મહાન સંતો થઈ ગયા. તેમણે કન્નડ ભાષામાં અનેક ભક્તિકવનો રચ્યાં છે.


મહાત્મા બસવેશ્વર

**મહાનુભાવ પંથ :** તેરમી સદીમાં ચક્રધર સ્વામીએ મહારાષ્ટ્રમાં 'મહાનુભાવ' પંથની સ્થાપના કરી. આ પંથ કૃષ્ણભક્તિનો ઉપદેશ આપનારો છે. શ્રી ગોવિંદપ્રભુ ચક્રધર સ્વામીના ગુરુ હતા. ચક્રધરના શિષ્યોમાં દરેક જાતિ-જમાતીનાં સ્ત્રી-પુરુષોનો સમાવેશ હતો. તેઓ સમાનતાના પુરસ્કર્તા હતા. તેમણે મહારાષ્ટ્ર-ભરમાં ભ્રમણ કરીને મરાઠીમાં ઉપદેશ આપ્યો. સંસ્કૃતને બદલે મરાઠી ભાષાને પ્રાધાન્ય આપ્યું. તેથી મરાઠી ભાષાનો વિકાસ થયો. મરાઠી ભાષામાં બહોળા પ્રમાણમાં ગ્રંથોની રચના થઈ.


ચક્રધરસ્વામી

આ પંથનો ફેલાવો મહારાષ્ટ્રમાં મુખ્યત્ત્વે વિદર્ભ અને મરાઠાવાડા વિસ્તારમાં થયો. વિદર્ભમાં આવેલું ઋદ્ધિપુર આ પંથનું મહત્ત્વનું સ્થળ હતું. તેમજ આ પંથ પંજાબ, અફઘાનિસ્તાન જેવા દૂરદૂરના પ્રદેશો સુધી પહોંચ્યો હતો.

**તમે જાણો છો કે?**

મહાનુભાવ પંથના અનુયાયીઓએ કરેલી કેટલીક મુખ્ય રચના નીચે પ્રમાણે છે : મ્હાઈભટે સંપાદિત કરેલા ચક્રધરની લીલાનું વર્ણન કરતો ગ્રંથ 'લીલાચરિત્ર', આદ્ય મરાઠી કવયિત્રી મહદંબાનો 'ધવળે', કેશોબાસે સંપાદિત કરેલા 'સૂત્રપાઠ અને દૃષ્ટાંતપાઠ', દામોદર પંડિતનું 'વચ્છાહરણ', ભાસ્કરભટ્ટ બોરીકરનો 'શિશુપાલવધ', નરેન્દ્રનો 'રુક્મિણીસ્વયંવર.'

**તમે જાણો છો કે?**

મહારાષ્ટ્રમાં સંત એકનાથે લખેલો હિંદુ અને મુસલમાન વચ્ચેનો સંવાદ ધાર્મિક સમન્વયની દૃષ્ટિએ મહત્ત્વનો છે. સંત શેખ મહમદનું 'શેખ મહંમદ અવિંધ । ત્યાચે હૃદયી ગોવિંદ ।।' આ પ્રસિદ્ધ સૂત્ર આ સમન્વયનું એક ઉદાહરણ છે.

**ગુરુનાનક :** ગુરુનાનક શીખ ધર્મના સ્થાપક અને પહેલા ગુરુ હતા. ધાર્મિક સમન્વયના એક મહાન પ્રયત્ન તરીકે તેમના કાર્યનો ઉલ્લેખ કરવો પડશે. તેમણે હિંદુ અને મુસલમાન બંને ધર્મના જુદાંજુદાં તીર્થક્ષેત્રોને દાન આપ્યું. તેઓ મક્કા પણ ગયા હતા. ભક્તિભાવના દરેક સ્થળે સરખી જ છે, તે તેમના ધ્યાનમાં આવ્યું. દરેક સાથે સમાનતાથી વર્તવું, એ તેમનો ઉપદેશ હતો. હિંદુ અને મુસલમાન વચ્ચે એકતા સાધવા તેમણે ઉપદેશ આપ્યો. શુદ્ધ આચરણ ઉપર ભાર મૂક્યો. ગુરુ નાનકના ઉપદેશથી અનેક લોકો પ્રભાવિત થયા. તેમના શિષ્યોની સંખ્યા દિવસે-દિવસે વધતી ગઈ. ગુરુનાનકના અનુયાયીઓને શિષ્ય એટલે 'શીખ' કહેવાય છે. 'ગુરુગ્રંથસાહેબ' શીખોનો પવિત્ર ગ્રંથ છે. આ ગ્રંથમાં ગુરુનાનકની પોતાની, સંત નામદેવની, સંત કબીરની રચનાઓનો સમાવેશ છે.


ગુરુનાનક

ગુરુનાનક પછી શીખોના નવ ગુરુ થઈ ગયા. ગુરુ ગોવિંદસિંગ શીખોના દસમા ગુરુ હતા. તેમના પછી દરેક શીખ ગુરુ ગોવિંદસિંગની આજ્ઞા પ્રમાણે 'ગુરુગ્રંથસાહેબ' ધર્મગ્રંથને જ ગુરુ માનવા લાગ્યા.

**સુફી પંથ :** સુફી ઈસ્લામનો એક પંથ છે. પરમેશ્વર પ્રેમમય છે. પ્રેમ અને ભક્તિના માર્ગે જ પરમેશ્વર સુધી પહોંચી શકાય છે. આવી સુફી સંતોની શ્રદ્ધા હતી. દરેક પ્રાણીમાત્રને પ્રેમ કરવો, પરમેશ્વરનું ચિંતન કરવું, સાદગીભર્યું જીવન જીવવું, એ તેમનો ઉપદેશ હતો. ખ્વાજા મોઈનુદ્દીન ચિસ્તી, શેખ નિઝામુદ્દીન અવલિયા મહાન સુફી સંત હતા. સુફી સંતોના ઉપદેશને લીધે હિંદુ-મુસલમાન સમાજમાં એકતા સ્થપાઈ. ભારતીય સંગીતમાં સુફી સંગીત પરંપરાએ અમૂલ્ય યોગદાન આપ્યું છે.

સંતોએ ઉપદેશેલો ભક્તિમાર્ગ સર્વસામાન્ય લોકોને આચરણ માટે સરળ હતો. દરેક સ્ત્રી-પુરુષોને ભક્તિ આંદોલનમાં પ્રવેશ હતો. સંતોએ પોતાના વિચાર લોકભાષામાં રજૂ કર્યા. સર્વસામાન્ય લોકોને તે વધારે નિકટ લાગ્યા. ભારતીય સંસ્કૃતિની રચના અને સંગઠનમાં ભક્તિમાર્ગનું બહુ મોટું યોગદાન છે.

3HCFNX

## સ્વાધ્યાય

**૧. પરસ્પર વચ્ચેનો સંબંધ શોધીને લખો.**

(૧) મહાત્મા બસવેશ્વર : કર્ણાટક, સંત મીરાંબાઈ : ..........

(૨) રામાનંદ : ઉત્તરભારત, ચૈતન્ય મહાપ્રભુ : .....

(૩) ચક્રધર .........., શંકરદેવ :............

**૨. નીચેનો તક્તો પૂર્ણ કરો.**

| | પ્રચારક | ગ્રંથ |
|---|---|---|
| (૧) ભક્તિ આંદોલન | ------ | ------- |
| (૨) મહાનુભાવ પંથ | ------ | ------- |
| (૩) શીખધર્મ | ------ | ------- |

**૩. લખતા થાઓ.**

(૧) સંત કબીર ભક્તિ આંદોલનના પ્રખ્યાત સંત તરીકે પ્રસિદ્ધિ પામ્યા.

(૨) મહાત્મા બસવેશ્વરનાં કાર્યોની સમાજ ઉપર થયેલી અસર.

**૪. નીચેના ચોરસમાં છુપાયેલાં સંતોનાં નામ શોધો.**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ગુ | રુ | ગો | વિં | દ | સિં | ગ | સ | સ |
| રુ | રા | મા | નં | ન | સૂ | ર | દા | સ |
| ના | સે | ત | સં | ન | લ | ર | હી | પં |
| ન | ચ | સ | ર | ત | દ | બી | રો | પ |
| ક | મ | સિં | મ | રં | પ્ર | ક | સ | આ |
| બ | હ | સ | પુ | અ | ચ | ક્ર | ધ | ર |
| મ | ન્મ | થ | સ્વા | મી | રાં | બા | ઈ | સ |

**ઉપક્રમ**

સુફી સંગીત પરંપરાનું કોઈ એક ભજન મેળવીને સાંસ્કૃતિક કાર્યક્રમમાં રજૂ કરો.

# ૪. શિવાજી પહેલાંનું મહારાષ્ટ્ર

સત્તરમી સદીની શરૂઆતમાં મહારાષ્ટ્રના મોટા ભાગનો પ્રદેશ અહમદનગરના નિઝામશાહ અને બીજાપુરના આદિલશાહના તાબામાં હતો. મોગલોનો ખાનદેશમાં પેસારો થઈ ગયો હતો. દક્ષિણમાં પોતાની સત્તાનો વિસ્તાર વધારવાનો તેનો ઉદ્દેશ હતો. કોંકણની કિનારાપટ્ટી પર આફ્રિકાથી આવેલા સિદ્દી લોકોની વસ્તી હતી. આ જ સમયે યુરોપથી આવેલા પોર્ટુગીઝો અંગ્રેજ, ફ્રેંચ અને ડચ વગેરે સત્તા વચ્ચે દરિયાઈ સ્પર્ધા અને સંઘર્ષ ઉગ્ર થતો જતો હતો. તેમની વચ્ચે વેપાર માટે બજારો કબજે કરવાની ચડસાચડસી જામી હતી. પશ્ચિમ કિનારાપટ્ટી પર આવેલા ગોવામાં અને વસઈમાં પોર્ટુગીઝોએ પહેલેથી જ રાજ્ય સ્થાપી દીધું હતું; તો અંગ્રેજ, ડચ, ફ્રેંચોએ વેપારી કંપનીઓના માધ્યમ દ્વારા વખારના સ્વરૂપે ચંચુપાત કરવાનું શરૂ કરી દીધું હતું. આ બધી સત્તાઓ એકબીજાને અજમાવતા અને પોતાને સુરક્ષિત રાખતા. તેમ જ શક્ય તેટલું વર્ચસ્વ જમાવવાના પ્રયત્ન કરતા. આ સંઘર્ષને લીધે મહારાષ્ટ્રમાં અસ્થિરતા અને અસુરક્ષિતતા વ્યાપી હતી. યુરોપના આ જુદાજુદા લોકોને તેમની હેલ્મેટ ઉપરથી ટોપાવાળા કહેતા હતા.

શિવાજી પહેલાંની લોકવસ્તી, પ્રજા અને રાજ્યકર્તા વચ્ચેની કડી તરીકે કાર્ય કરનારા અધિકારી, બજારપેઠો, કારીગરો વગેરેનું સ્વરૂપ સમજવા માટે ગામ, કસબાં અને પરગણાં જેવાં ભૌગોલિક સ્થાનોની ઓળખ હોવી જરૂરી છે. અનેક ગામો મળીને પરગણું થતું. સામાન્ય રીતે પરગણાના મુખ્ય સ્થળ કસબા કહેવાતા. કસબા કરતાં નાના ગામને મૌજા કહેતા. આપણે હવે ગામ, કસબા અને પરગણા વિશે ક્રમશઃ સંક્ષિપ્ત ઓળખ કરી લઈએ.

**ગામ (મૌજા) :** મોટાભાગના લોકો ગામમાં જ રહેતા. ગામને મૌજા પણ કહેતા - ગામના પ્રમુખ પાટીલ કહેવાતા. લોકોએ ગામની વધારેમાં વધારે જમીન ખેતીવાડી માટે ફાળવવી, તે માટે તેઓ પ્રયત્ન કરતા. ગામમાં ઝઘડા-ટંટા થાય, ત્યારે શાંતિ સ્થાપવાનું કામ પાટીલ કરતા. તેમના કાર્યમાં કુલકર્ણી મદદ કરતા. જમા થયેલાં મહેસૂલની નોંધ કરવાનું કામ કુલકર્ણી કરતા. ગામમાં જુદાજુદા કારીગરો હતા. તેમની પાસે વ્યવસાય સંબંધી હક્ક વંશપરંપરાગત આવેલા હતા. ગામમાં કારીગરો જે સેવા આપતા હતા, તેના બદલામાં ખેડૂતો પાસેથી તેમને ખેતીની ઉત્પન્નનો (પેદાશનો) કેટલોક (ભાગ) હિસ્સો મળતો. તેને બલૂત કહેતા.

**કસબા :** કસબો એક મોટું ગામડું જ હતું. સામાન્ય રીતે તે પરગણાનું મુખ્ય સ્થળ રહેતું. દા.ત. ઈંદાપુર પરગણાનું મુખ્ય સ્થળ ઈંદાપુર કસબા, વાઈ પરગણાનું મુખ્ય સ્થળ વાઈ કસબા. ગામ પ્રમાણે જ કસબામાં મુખ્ય વ્યવસાય ખેતીનો હતો. ત્યાં સુથાર, લુહાર વગેરે કુશળ કારીગરો પણ હતા. કસબાની નજીકમાં જ બજારપેઠ હતી. (શેટે) શાહુકાર અને મહાજન બજારપેઠના વતનદાર કારભારી હતા. દરેક ગામમાં બજાર હોય જ એવું નહોતું. પણ ગામમાં બજાર વસાવવાનું કામ શાહુકાર-મહાજનોનું હતું. તે માટે તેમને સરકાર પાસેથી જમીન અને ગામલોકો પાસેથી કેટલાક હક્ક મળતા. બજારનો હિસાબ રાખવાનું કામ મહાજન સંભાળતા હતા.

**પરગણું :** અનેક ગામો મળીને પરગણું બનતું હોવા છતાં દરેક પરગણાનાં ગામોની સંખ્યા સરખી હોતી નથી. દા.ત., પુણે પરગણું મોટું પરગણું હતું. તેમાં ૨૯૦ ગામો હતાં. ચાકણ પરગણામાં ૬૪



**તમે જાણો છો કે?**

વીરમાતા જિજાબાઈની આજ્ઞા અનુસાર પુના નજીકના પાષાણમાં એક બજાર વસાવવામાં આવી. તેને 'જિજાપુર' કહેવાય છે. માલપુરા, ખેલપુરા, પરસપુરા, વિઠાપુરા પણ માલોજી, ખેલોજી, પરસોજી અને વિઠોજીના નામે ઔરંગાબાદમાં વસાવેલી નવી બજારો છે. 'ખેડ'ની પાસે આવેલી 'શિવાપુર' બજાર શિવાજી મહારાજના નામે વસાવેલી હતી.

**આ જાણી લઈએ.**

બે ગામ સ્વતંત્ર છે તે દર્શાવવા માટે 'મોટું' અને 'નાનું' નામનો ઉપયોગ કરવામાં આવતો. મૂળ ગામ 'મોટું' અને નવું ગામ 'નાનું' દા.ત., મૂળ વડગાવ (મોટું) અને નવું વડગાંવ (નાનું)

ગામો હતાં. દેશમુખ અને દેશપાંડે પરગણાના વતનદાર અધિકારી હતા. દેશમુખ પરગણાના પાટિલનો પ્રમુખ હતો. શિરવળ પરગણું નાનું હતું. તેમાં ૪૦ ગામો હતાં. ગામના સ્તરે જે કામ પાટીલ કરતા તે જ કામ પરગણાના સ્તરે દેશમુખ કરતા. તેમજ પરગણાના બધા કુલકર્ણીઓના પ્રમુખ દેશપાંડે હતા. ગામના સ્તરે જે કામ કુલકર્ણી કરતા તે કામ પરગણાંના સ્તરે દેશપાંડે કરતા. આ વતનદાર અધિકારી પ્રજા અને સરકાર વચ્ચેની કડીરૂપ (સાંકળ) હતા.

પરગણાનાં ગામો ઉપર ક્યારેક હુમલાઓ થાય અથવા દુકાળની પરિસ્થિતિ ઉદ્‌ભવે, તો પ્રજાની વાત સરકાર પાસે રજૂ કરવાનું કામ વતનદારો કરતા. કેટલીક વખત આ અધિકારી પોતાના અધિકારનો દુરુપયોગ કરતા. તેઓ ક્યારેક પ્રજા પાસેથી વધારે પૈસા જમા કરતા, તો ક્યારેક પ્રજા પાસેથી ઉઘરાવેલી રકમ સરકાર પાસે જમા કરાવવામાં વિલંબ કરતા. આવા વખતે પ્રજા ત્રાસી જતી.

**તમે જાણો છો કે?**

'વતન' અરેબિક (અરબી) શબ્દ છે. મહારાષ્ટ્રમાં તે વંશપરાંગત અને કાયમી સ્વરૂપે ઉપયોગી જમીન મહેસૂલથી મુક્ત જમીનના અર્થમાં વપરાય છે.

**દુકાળનું સંકટ :** ખેતી વરસાદના પાણી પર આધારિત હોય છે. વરસાદ ન પડે તો ખેતરમાં પાક થતો નથી. પછી અન્નધાન્યના ભાવ વધે છે. લોકોને અનાજ મળવું મુશ્કેલ બને છે. જનાવરોને ચારો મળતો નથી. પાણીની તીવ્ર અછત ઊભી થાય છે. લોકોને ગામમાં રહેવું મુશ્કેલ બને છે. લોકો ગામ છોડવા લાગે છે. લોકોને વતન છોડવાનો (સમય) વારો આવે છે. દુકાળ પ્રજાને સૌથી મોટું સંકટ લાગે છે.

મહારાષ્ટ્રમાં ઈ.સ. ૧૬૩૦માં આવો જ એક મોટો દુકાળ પડ્યો હતો. આ દુકાળથી લોકો બાવરા બની ગયાં હતાં. અનાજની તીવ્ર અછત વર્તાઈ હતી. ભાખરીના ટુકડા માટે લોકો પોતાને વેચવા માટે તૈયાર થતા, પણ લેનારા જ કોઈ નહોતા. એવું વર્ણન વાંચવા મળે છે. કુટુંબો અસ્તવ્યસ્ત થઈ ગયાં હતાં. ઢોર-ઢાંખરો મૃત્યુ પામ્યાં. ખેતી વ્યવસાય પડી ભાંગ્યો, ઉદ્યોગધંધા ઠપ્પ થઈ ગયા. આર્થિક વ્યવહાર કુંઠીત થઈ ગયો. લોકો ભટકતાં થવાથી તેમની દુર્દશા થઈ. આવા અસ્તવ્યસ્ત થયેલા લોકજીવનને થાળે પાડવું એ એક મોટો પડકાર હતો.

**વારકરી પંથનું કાર્ય :** અંધશ્રદ્ધા અને કર્મકાંડની સમાજ ઉપર જબરદસ્ત અસર હતી. લોકો પ્રારબ્ધવાદને આધીન થઈ ગયાં હતાં. તેમની પ્રયત્નશીલતા અટકી ગઈ હતી. પ્રજાની સ્થિતિ ખૂબ હાલાકી ભરેલી હતી. આવી પરિસ્થિતિમાં સમાજમાં ચેતના પ્રગટાવવાનો પ્રયત્ન મહારાષ્ટ્રના વારકરી પંથે કર્યો.

મહારાષ્ટ્રમાં સંત નામદેવ, સંત જ્ઞાનેશ્વરથી શરૂ થયેલી સંતપરંપરા સમાજના વિવિધ સ્તરેથી આવેલા સંતોએ આગળ ચલાવી. આ સંત પરંપરામાં સમાજના દરેક સ્તરના લોકો હતાં. દા.ત., સંત ચોખામેળા, સંત ગોરોબા, સંત સાવતા, સંત નરહરિ, સંત સેના, સંત શેખ મહંમદ વગેરે. તે જ પ્રમાણે સંત મંડળીમાં સંત ચોખોબાની પત્ની સંત સોયરાબાઈ અને બહેન સંત નિર્મળાબાઈ, સંત મુક્તાબાઈ, સંત જનાબાઈ, સંત કાન્હોપાત્રા, સંત બહિણાબાઈ સિઉરકર જેવી સ્ત્રીઓ પણ હતી. આ સંત ચળવળનું મુખ્ય કેંદ્ર પંઢરપુર હતું. તેમનાં ઈષ્ટદેવ વિઠ્ઠલ હતાં. પંઢરપુરમાં ચંદ્રભાગા નદીના કિનારે આ બધી સંતમંડળી અને વારકરી ભક્તિસાગરમાં ડૂબી જઈ સ્નાન કરતાં. ત્યાં ભજન, કીર્તન એને સહભોજનના માધ્યમ દ્વારા સમાનતાનો પ્રસાર થયો.

**સંત નામદેવ :** તેઓ વારકરી સંપ્રદાયના એક શ્રેષ્ઠ સંત હતા. કુશળ સંગઠક હતા. ઉત્તમ કીર્તનકાર પણ હતા. કીર્તનના માધ્યમ દ્વારા તેમણે દરેક જાતિ-જમાતિના સ્ત્રી- પુરુષોને એકત્રિત કરીને તેમનામાં સમાનતાની ભાવના જાગૃત કરી. 'નાચૂ કીર્તનાચે રંગી । જ્ઞાનદીપ લાવૂ જગી ।। (નાચીએ કીર્તનને સંગે, જ્ઞાનદીપ પ્રગટાવીએ જગે.) આ તેમની પ્રતિજ્ઞા હતી. તેમના અભંગો (કાવ્યો) પ્રસિદ્ધ છે. અનેક સંતો અને સર્વસામાન્ય લોકો ઉપર તેમના ઉપદેશનો પ્રભાવ પડ્યો હતો. તેઓ પોતાના વિચારોનો પ્રસાર કરતાં કરતાં પંજાબ સુધી ગયા હતા. તેમણે લખેલાં પદો શીખોના 'ગુરુગ્રંથસાહેબ' ગ્રંથમાં સમાવિષ્ટ છે. તેમણે ભાગવત ધર્મનો સંદેશો ગામેગામ પહોંચાડવાનું કાર્ય કર્યું. તેમણે પંઢરપુરમાં વિઠ્ઠલમંદિરના મહાદ્વાર સામે સંત ચોખામેળાની સમાધિ બાંધી. તેમનું આ કાર્ય અવિસ્મરણીય છે.


સંત નામદેવ

**સંત જ્ઞાનેશ્વર :** તેઓ વારકરી સંપ્રદાયના એક પ્રખ્યાત સંત હતા. તેમણે સંસ્કૃત ગ્રંથ 'ભગવદ્ગીતા'નો અર્થ મરાઠીમાં સ્પષ્ટ કરતો 'ભાવાર્થદીપિકા' એટલે કે 'જ્ઞાનેશ્વરી' ગ્રંથ રચ્યો. તેમજ તેમણે 'અમૃતાનુભવ' ગ્રંથની રચના કરી. તેમણે પોતાના ગ્રંથો દ્વારા અને અભંગો (કાવ્યો) દ્વારા ભક્તિમાર્ગનું મહત્ત્વ સમજાવ્યું છે. સામાન્ય લોકો આચરણ કરી શકે, તેવો આચારધર્મ સમજાવ્યો. વારકરી સંપ્રદાયને ધર્મની પ્રતિષ્ઠા મેળવી આપી. અતિશય પ્રતિકૂળ પરિસ્થિતિમાં જીવન જીવવા છતાં પણ તેમણે પોતાના મનનું સંતુલન ગુમાવ્યું નહિ અને કટુતાને (કડવાશને) મનમાં રહેવા દીધી નહિ. તેમણે જ્ઞાનેશ્વરીમાં લખેલું 'પસાયદાન' ઉમદા અને ઉચ્ચ સંસ્કાર આપનારું છે. તેમના ભાઈ સંત નિવૃત્તિનાથ અને સંત સોપાનદેવ તેમજ બહેન મુક્તાબાઈની કાવ્યરચનાઓ પણ પ્રસિદ્ધ છે.


સંત જ્ઞાનેશ્વર

**સંત એકનાથ :** તેઓ મહારાષ્ટ્રના ભક્તિઆંદોલનના એક મહાન સંત હતા. તેમનું સાહિત્ય વિપુલ અને વિવિધ પ્રકારનું છે. તેમાં અભંગ (મધુર ભક્તિગીતો), ગૌળણી, દીર્ઘ આખ્યાનકાવ્ય ભારુડ વગેરેનો સમાવેશ છે. તેમણે ભાગવત ધર્મની રજૂઆત સરળ અને સવિસ્તર કરી છે. ભાવાર્થ રામાયણમાં રામકથાના નિમિત્તે લોકજીવનનું આલેખન કર્યું છે. તેમણે સંસ્કૃત ગ્રંથ ભાગવતના ભક્તિવિષયક ભાગનો અર્થ મરાઠીમાં વિશદ રીતે સમજાવ્યો છે. તેમના અભંગોમાં પોતાપણું લાગે છે. પરમાત્માની પ્રાપ્તિ માટે સંસાર છોડવાની જરૂર નથી, એ તેમણે પોતાના આચરણ દ્વારા બતાવી દીધું. તેઓ સાચા અર્થમાં લોકશિક્ષક હતા. પોતાની મરાઠી ભાષા કોઈપણ ભાષા કરતાં ઊતરતી નથી એમ તેઓ માનતા હતા. 'સંસ્કૃત વાણી દેવે કેલી । તરી પ્રાકૃત કાય ચોરાપાસૂનિ ઝાલી?'' (સંસ્કૃત દેવવાણી છે તો પ્રાકૃત શું ચોરોએ બનાવી છે?) એવું તેમણે સંસ્કૃત પંડિતોને સ્પષ્ટ શબ્દોમાં પૂછ્યું હતું. તેમણે અન્ય ધર્મોનો તિરસ્કાર કરાનારાઓની સખત ટીકા કરી છે.


સંત એકનાથ

**સંત તુકારામ :** તેઓ પુણે નજીકના દેહુ ગામના હતા. તેમની અભંગરચનાઓ આનંદદાયી અને સરળ છે. તેમના અભંગોને શ્રેષ્ઠ કવિત્ત્વની ઊંચાઈ સાંપડી છે. સંત તુકારામની 'ગાથા' મરાઠી ભાષાની અણમોલ અમાનત છે. તેઓ દુ:ખી અને પીડિતોમાં દેવત્ત્વ નિહાળવાનું કહેતી વખતે લખે છે, 'જે કા


સંત તુકારામ

રંજલે ગાંજલે । ત્યાંસી મ્હણે જો આપુલે । તોચિ સાધુ ઓળખાવા । દેવ તેથેચિ જાણાવા ।।' (જે દુ:ખી છે - પીડિત છે, તેને પોતાના ગણે તેને સાચા સંત કહેવાય - તેમનામાં ભગવાન વસેલા જાણવા) પોતાના આ દૃષ્ટિકોણને લીધે જ તેમણે પોતાની પાસેના લોકોને આપેલા કરજના કાગળપત્રો ઈંદ્રાયણી નદીના વહેણમાં ડુબાડીને કેટલાંયે કુટુંબોને કરજમુક્ત કર્યાં. તેમણે સમાજમાં પ્રવતતા દંભ અને અંધશ્રદ્ધા ઉપર ખૂબજ કડક શબ્દોમાં ટીકા કરી છે. ભક્તિને સદાચાર સાથે જોડવા પર તેમણે ભાર આપ્યો છે. 'જોડોનિયા ધન ઉત્તમ વ્યવહારે । ઉદાસ વિચારે વેચ કરી।।' એવો તેમના ઉપદેશનો સાર હતો તેમ કહી શકાય. સમાજના કેટલાંક ચુસ્ત-સનાતની લોકોએ તેમણે કરેલી લોકજાગૃતિનો વિરોધ કર્યો. તેમને અસલમાં અભંગ રચવાનો અધિકાર જ નથી, એવો દાવો કરીને તેમણે તેમની નોટબુકો ઈંદ્રાયણી નદીના વહેણમાં ડૂબાડી દીધી. તેમણે આ દરેક વિરોધનો ધીરજ અને ઉદારતાથી સામનો કર્યો.

સંત તુકારામના શિષ્ય અને સહકાર્યકરો જુદી-જુદી જાતિ-જમાતીના હતા. નાવજી માળી, ગવનરશેટ વાણી, સંતાજી જગનાડે, શિવબા કાસાર, બહિણાબાઈ સિઊરકર, મહાદજીપંત કુલકર્ણી તેમાંનાં કેટલાંક નામો છે. ગંગારામપંત મવાળ અને સંતાજી જગનાડેએ સંત તુકારામના અભંગો લખીને રાખ્યા એ તેમની મહત્ત્વની કામગીરી છે.

**સંતોના કાર્યની ફલશ્રુતિ :** સંતોએ લોકોને સમાનતાનો સંદેશ આપ્યો. માણસાઈ અને માનવતાધર્મ શીખવ્યો. એકબીજા ઉપર પ્રેમ રાખવો, એકત્રિત થવું અને એકતાથી રહેવું, એ તેમનો ઉપદેશ હતો. તેમનાં કાર્યોને લીધે લોકોમાં જાગૃતિ આવી. પરદેશી હુમલાઓ, દુકાળની પરિસ્થિતિ અથવા જુદાજુદા પ્રકારનાં અન્ય કુદરતી સંકટો આવે ત્યારે તેની ચિંતા ન કરતાં કેવી રીતે જીવવું, એ વિશે તેમણે આપેલો ઉપદેશ લોકો માટે મોટો આધાર બન્યો. તેમના આ કાર્યને લીધે મહારાષ્ટ્રના લોકોમાં આત્મવિશ્વાસ ઉત્પન્ન થયો. સમાજમાં ધર્મનું પતન થયું હતું. એવા સમયે સંતોએ આગળ આવીને સમાજનું રક્ષણ કર્યું. તેઓ ધર્મનો સાચો અર્થ સમજાવવા લાગ્યા. લોકો વચ્ચે રહીને તેમનાં સુખદુ:ખ સમજીને ભક્તિમાર્ગને પ્રાધાન્ય આપવા લાગ્યા. એવા સમયે સમાજના કેટલાંક ચુસ્ત-સનાતની લોકો તેમનો વિરોધ કરવા લાગ્યાં. આ વિરોધ સહન કરવો એટલે પોતાનાં કર્તવ્યનો જ એક ભાગ છે, એમ સંતો માનતાં હતાં, 'તુકા મ્હણે તોચિ સંત । સોશી જગાચે આઘાત ।।' આ શબ્દોમાં સંત તુકારામે સાચા સંતનાં લક્ષણો બતાવ્યાં છે.

વિદ્વાન-પંડિતોની મુશ્કેલ ભાષાના ધર્મને સંતોએ સર્વસામાન્ય લોકોની ભાષામાં પરિવર્તિત કર્યો. રોજિંદા વ્યવહારની ભાષામાં તેમણે પરમેશ્વરને વિનંતી કરી. પરમેશ્વર પાસે બધાં સરખાં છે. એવી ભૂમિકા સ્વીકારી વર્ણ અને જાતિના અભિમાનને બાજુએ રાખી આપણે એક-બીજાને 'પરમેશ્વરનાં બાળકો'ના સ્વરૂપમાં જોવા જોઈએ, એ શિખામણ સમાજને આપી. આ બધા સંતોની વિશેષતા એટલે ભક્તિ કરતાં હોવા છતાં તેમણે પોતાનાં કર્તવ્યો - કાર્યો છોડ્યાં નહોતાં. તેમણે પોતાનાં કાર્યમાં પરમેશ્વરને જોયા. 'કાંદા મૂળા ભાજી। અવઘી વિઠાઈ માઝી।।'એમ સંત સાવતા મહારાજે કહ્યું. તેમનું આ વિધાન ખેતીનાં કાર્ય સંબંધી હોવા છતાં પણ તે સંતોના રોજિંદા જીવનના અન્ય પ્રકારનાં કાર્યોને પણ લાગુ પડે છે. સંતો પોતપોતાના વ્યવસાય સાચવીને ભક્તિ, ઉપદેશ, કવિત્ત્વ કરતાં રહ્યાં. તેમણે સમાજની નૈતિક સમજને વિકસિત કરી.



**ચાલો, ચર્ચા કરીએ।**

પંઢરપુરના યાત્રાવ્રત (સંઘ) વિશે વધારે માહિતી મેળવીને નીચેના મુદ્દાઓ બાબત ચર્ચા કરો.

- વારકરી યાત્રાએ ક્યા મહિનામાં જાય છે?
- યાત્રાનું નિયોજન કેવું હોય છે?

**રામદાસ સ્વામી :** રામદાસ સ્વામી મરાઠાવાડાના જાંબ ગામના હતા. તેમણે શક્તિની ઉપાસનાનું મહત્ત્વ સ્પષ્ટ કર્યું.

'મરાઠા તિતુકા મેળવાવા ।
મહારાષ્ટ્ર ધર્મ વાઢવાવા ।'



રામદાસ સ્વામી

તેમનો આ સંદેશો પ્રસિદ્ધ છે. તેમણે દાસબોધ, કરૂણાષ્ટકે, મનાચે શ્લોક જેવા સાહિત્યના માધ્યમ દ્વારા પ્રજાને વ્યવહારિક શિક્ષણનો પાઠ ભણાવ્યો. લોકઆંદોલનનું અને લોકસંગઠનનું મહત્ત્વ સમજાવ્યું. સમર્થ સંપ્રદાયની સ્થાપના કરી. આ સંપ્રદાયનું કેન્દ્ર ચાફળ હતું. રામ અને હનુમાનની ઉપાસનાનો પ્રસાર કર્યો. પોતાના વિચારોના પ્રસાર માટે તેમણે ખૂબ જ પ્રવાસ કર્યો છે.

### પરતંત્રતામાંથી સ્વતંત્રતાની પ્રેરણા :

શિવાજી પહેલાંના મહારાષ્ટ્રમાં રાજકીય, સામાજિક, સાંસ્કૃતિક વગેરે પ્રકારની સ્થિતિ પણ સામાન્ય રીતે આવી હતી. આ સમયમાં મહારાષ્ટ્ર આદિલશાહી વગેરે સત્તાના નિયંત્રણ હેઠળ હતું. તેથી તે સ્વતંત્ર નહોતું. આમ હોવા છતાં પણ કેટલીક વ્યક્તિ અને વિચારધારા સ્વતંત્રતાના સ્વપ્ના જોતાં હતાં. આવા ઘટકોમાં સ્વરાજ્યના સંકલ્પક માનવામાં આવતા શહાજી રાજાનું સ્થાન મોખરે હતું.

## સ્વાધ્યાય

**૧. નીચેનો તક્તો પૂર્ણ કરો.**

| | ગામ/મૌજા | કસબા | પરગણા |
|---|---|---|---|
| કોને કહેવાય | ----- | ---- | ----- |
| પદાધિકારી | ----- | ---- | ----- |
| ઉદાહરણ | ----- | ---- | ----- |

**૨. એટલે શું?**

(૧) મોટું (મૂળ) -

(૨) બલૂત -

(૩) વતન -

**૩. શોધીને લખો.**

(૧) કોંકણ કિનારાપટ્ટી ઉપર આફ્રિકાથી આવેલા લોકો -

(૨) અમૃતાનુભવ ગ્રંથના રચયિતા -

(૩) સંત તુકારામનું ગામ -

(૪) ભારુડના (આખ્યાન દીર્ઘકથા) રચયિતા -

(૫) શક્તિની ઉપાસનાનું મહત્ત્વ સમજાવનાર -

(૬) સ્ત્રી સંતોનાં નામ -

**૪. તમારા શબ્દોમાં માહિતી અને કાર્યો લખો.**

(૧) સંત નામદેવ (૩) સંત જ્ઞાનેશ્વર

(૨) સંત એકનાથ (૪) સંત તુકારામ

**૫. દુકાળ પ્રજાને મોટું સંકટ શા માટે લાગતું?**

**ઉપક્રમ :**

(૧) વારકરીઓની પદયાત્રાના યાત્રાળુઓને આપણે મદદ કેવી રીતે કરી શકીએ, તેનું નિયોજન લખો.

(૨) વિવિધ સંતોના પરિવેશ ધારણ કરી તેમના કાવ્યોની રજૂઆત કરો.





# ૫. સ્વરાજ્ય સ્થાપના

સત્તરમી સદીના પૂર્વાર્ધમાં મહારાષ્ટ્રમાં છત્રપતિ શિવાજી મહારાજ યુગપ્રવર્તક વ્યક્તિમત્ત્વ તરીકે પ્રસિદ્ધ થયા. તેમણે અહીંની અન્યાયી રાજસત્તાને પડકારીને સ્વરાજ્યની સ્થાપના કરી. તેમનો જન્મ શકે ૧૫૫૧, ફાગણ વદ ત્રીજને દિવસે એટલે જ ૧૯ ફેબ્રુઆરી, ૧૬૩૦ના રોજ પુણે જિલ્લાના જુન્નર નજીકના શિવનેરી કિલ્લા ઉપર થયો હતો. તેમણે કરેલી સ્વરાજ્ય સ્થાપનાની માહિતી આપણે આ પાઠમાં મેળવવાના છીએ.


શહાજીરાજા

**શહાજીરાજા :** શિવાજી મહારાજના પિતા શહાજીરાજા દક્ષિણના એક પ્રતિષ્ઠિત સરદાર હતા. મોગલોએ નિઝામશાહી જીતવા માટે એક ઝુંબેશ હાથ ધરી. આ ઝુંબેશમાં બીજાપુરના આદિલશાહે મોગલોને સહકાર આપ્યો. મોગલો દક્ષિણમાં પ્રવેશી શકે નહિ, તેવું શહાજીરાજા ઇચ્છતા હતા માટે તેમણે મોગલોનો પ્રખર વિરોધ કરીને નિઝામશાહી બચાવવાનો પ્રયત્ન કર્યો; પરંતુ મોગલો અને આદિલશાહીના સામર્થ્ય આગળ તેઓ ટકી શક્યા નહિ. ઈ.સ. ૧૬૧૬માં નિઝામશાહીનો પરાજય થવાથી તેનો અંત આવી ગયો.

નિઝામશાહીનું અસ્તિત્ત્વ નાશ પામ્યા પછી શહાજીરાજા બીજાપુરના આદિલશાહના સરદાર બન્યા. શહાજીરાજા પાસેનો ભીમા અને નીરા નદી વચ્ચેનું પુના, સૂપા, ઇંદાપુર અને ચાકણ પરગણા તેની મૂળ જાગીરનો મુલક (પ્રદેશ) આદિલશાહે તેમની પાસે જ રહેવા દીધો. આદિલશાહ પાસેથી તેમને કર્ણાટકમાં બંગલૂરુ અને તેની આસપાસનો પ્રદેશ જાગીર તરીકે મળ્યો.

**તમે જાણો છો કે?**

જાગીર – જાગીર એટલે કોઈ એક પ્રદેશના મહેસૂલનો ઉપયોગ / ઉપભોગ કરવાનો હક્ક. રાજ્યકર્તાની સેવામાં જેમને સરદારી મળે તેમને રોકડ રકમના સ્વરૂપમાં વેતન ન આપતા વેતનની રકમ જેટલી આવક મહેસૂલમાંથી મળે એટલો પ્રદેશ નિયુક્ત કરી આપવામાં આવતો. તેને 'જાગીર' કહેતા.

શહાજીરાજા પરાક્રમી, ધૈર્યવાન, બુદ્ધિશાળી અને શ્રેષ્ઠ રાજનીતિજ્ઞ હતા. તે ઉત્તમ ધનુર્ધર (બાણાવળી) હતા. તેમ જ, તલવાર, પટ્ટા અને ભાલા ચલાવવામાં કુશળ હતા. પ્રજા ઉપર તેમને અતિશય પ્રેમ હતો. મહારાષ્ટ્ર, કર્ણાટક અને તામિલનાડુના અનેક પ્રદેશ તેમણે જીતી લીધા હતા. દક્ષિણ ભારતમાં તેમની જબરી ધાક હતી. શિવરાય અને જિજાબાઈ બંગલૂરુ હતાં ત્યારે તેમણે શિવરાયને રાજા બનવા માટે યોગ્ય અને ઉત્તમ શિક્ષણ આપવાની વ્યવસ્થા કરી હતી. પરદેશી લોકોની સત્તા ઉથલાવી સ્વરાજ્ય સ્થાપવાની તેમની પોતાની તીવ્ર ઇચ્છા હતી. માટે જ તેમને સ્વરાજ્ય સંકલ્પક કહેવાય છે. તેમણે શિવરાય અને જિજાબાઈને યોગ્ય તૈયારી સાથે વિશ્વાસુ અને કર્તવ્યનિષ્ઠ મદદનીશો સાથે બંગલૂરુથી પુના મોકલ્યાં.

**વીરમાતા જિજાબાઈ :** જિજાબાઈ બુલઢાણા જિલ્લાના સિંદખેડ રાજાના પ્રતિષ્ઠિત સરદાર લખુજીરાજે જાધવની કન્યા હતાં. તેમને નાનપણમાં જ વિવિધ કલાઓ સાથે લશ્કરી શિક્ષણ પણ મળ્યું હતું. શહાજી મહારાજનું સ્વરાજ્ય સ્થાપવાનું સ્વપ્ન સાકાર થાય, તે માટે તેઓ તેમને પ્રોત્સાહન આપીને મદદ કરતાં હતાં. તેઓ બાહોશ અને દીર્ઘદૃષ્ટિ ધરાવતા રાજનીતિજ્ઞ હતાં. સ્વરાજ્યની સ્થાપના કરવાના કાર્યમાં તેમણે શિવરાયને સતત માર્ગદર્શન આપ્યું. પ્રસંગ આવે તો પ્રજાના પ્રશ્નો



વીરમાતા જીજાબાઈ

ઉકલેવા માટે ઉકેલ કે નિવેડો લાવવાનું કામ પણ તેઓ કરતાં હતાં. તેમણે તેને ચારિત્ર્ય, સત્યપ્રિયતા, વાક્ચાતુર્ય, કુશળતા, ધૈર્ય, નિર્ભયતા, શસ્ત્રો-હથિયારો વાપરવાનું શિક્ષણ, વિજયની આકાંક્ષા, સ્વરાજ્યનું સ્વપ્ન વગેરેના સંસ્કાર આપ્યા હતા.

**શિવરાયના સહકાર્યકરો :** શિવાજી મહારાજે સ્થાપનાની શરૂઆત માવળ વિસ્તારમાંથી કરી. માવળ એટલે હાલના પુણે જિલ્લાનો પશ્ચિમ અને નૈઋત્ય દિશાનો વિસ્તાર. માવળ પ્રદેશ ડુંગરાળ, દરિયાઈ ખાઈવાળો અને દુર્ગમ હતો. માવળપ્રદેશની આ ભૌગોલિક પરિસ્થિતિનો ઉપયોગ મહારાજાએ સ્વરાજ્ય સ્થાપવામાં ખૂબ કુશળતાપૂર્વક કર્યો. તેમણે લોકોના મનમાં વિશ્વાસ અને આત્મીયતાની ભાવના ઉત્પન્ન કરી. સ્વરાજ્ય સ્થાપવાના આ કાર્યમાં તેમને સારા સાથીદારો અને મદદનીશો મળ્યા. યેસાજી કંક, બાજી પાસલકર, બાપુજી મુદ્ગલ, નર્હેકર દેશપાંડે બંધુ, કાવજી કોંઢાણકર, જીવા મહાલ, તાનાજી માલુસરે, કાન્હોજી જેધે, બાજીપ્રભુ દેશપાંડે, દાદાજી નરસપ્રભુ દેશપાંડે તેમાંના કેટલાંક નામ હતાં. આ મદદનીશોની તાકાત ઉપર તેમણે સ્વરાજ્ય સ્થાપવાનું કાર્ય હાથમાં લીધું.



**ધ્યાનમાં રાખો.**

બાર માવળ : (૧) પવણ માવળ (૨) હિરડસ માવળ (૩) ગુંજણ માવળ (૪) પૌડ ખીણ પ્રદેશ (૫) મૂઠાનો ખીણપ્રદેશ (૬) મુસે ખીણપ્રદેશ (૭) કાનદ ખીણપ્રદેશ (૮) વેળવંડ ખીણપ્રદેશ (૯) રોહીડ ખીણપ્રદેશ (૧૦) અંદર માવળ (૧૧) નાણે માવળ (૧૨) કોરબારસે માવળ

શિવાજી મહારાજની પુણે જાગીરનો સહ્યાદ્રિની બાજુનો પ્રદેશ એટલે જ માવળનો ખીણપ્રદેશ. તેને 'બાર માવળ' પણ કહેવાય છે.



**કરીને જુઓ.**

જિવા મહાલ, તાનાજી માલુસરે, બાજીપ્રભુ દેશપાંડે જેવા શિવાજીના મદદનીશો વિશે વધારે માહિતી મેળવો.



રાજમુદ્રા

**રાજમુદ્રા :** સ્વરાજ્ય સ્થાપના પાછળ શિવાજી મહારાજનું ધ્યેય તેમની રાજમુદ્રા ઉપરથી સ્પષ્ટ થાય છે. આ રાજમુદ્રા ઉપર નીચેની સંસ્કૃત ઉક્તિ કોતરેલી છે.

*प्रतिपच्चंद्रलेखेव वर्धिष्णुर्विश्ववंदिता ।।*

*शाहसूनोः शिवस्यैषा मुद्रा भद्राय राजते ।।*

**અર્થ :** ''શહાજીના પુત્ર શિવાજીની (શુક્લપક્ષની) પ્રતિપદાની ચંદ્રકળા પ્રમાણે વધતી જતી અને જેને સમગ્ર વિશ્વ વંદન કરે છે - તેવી આ મુદ્રા (પ્રજાના) કલ્યાણ માટે અધિરાજ્ય ગજાવે છે. (શોભી ઊઠે છે).''

મુદ્રા ઉપરના આ શબ્દોનો અર્થ અનેક દૃષ્ટિએ મહત્ત્વનો છે. મહારાજે આ શબ્દો વચનો દ્વારા પિતા પ્રત્યેની કૃતજ્ઞતા, સ્વરાજ્ય અખંડિત વિસ્તારિત

થતું જશે તેવો વિશ્વાસ, મુદ્રાને એટલે તેના પર્યાય સ્વરાજ્યને દરેકનો આદર મળ્યો હોવાનો અનુભવ, પ્રજાનું કલ્યાણ કરવાની જવાબદારી અને પોતાની ભૂમિ ઉપર સ્વતંત્રપણે અધિરાજ્ય કરવાની ખાતરી, આટલી બાબતો વ્યક્ત કરી છે. આ નાનકડા વચનમાં સ્વરાજ્યની સંકલ્પનાનો બધો સાર આવી ગયો છે.

**જાણી લઈએ.**

- આપણા દેશની રાજમુદ્રાનું નિરીક્ષણ કરો.
- તેમાં કઈ કઈ વસ્તુ દેખાય છે?
- રાજમુદ્રાનો ઉપયોગ ક્યાં ક્યાં કરેલો જોવા મળે છે?

**સ્વરાજ્ય સ્થાપનાની ચળવળ :** શિવાજી મહારાજની જાગીરના કિલ્લા તેમના તાબામાં નહોતા, પણ આદિલશાહીના તાબામાં હતા. તે સમયે કિલ્લાઓનું વિશેષ મહત્ત્વ હતું. કિલ્લા તાબામાં હોય તો આજુબાજુના પ્રદેશો ઉપર નિયંત્રણ રાખી શકાય. 'જેના કિલ્લા તેનું રાજ્ય' તેવી પરિસ્થિતિ હતી. પોતાની જાગીરના કિલ્લા પોતાના તાબામાં લેવાનું મહારાજાએ નક્કી કર્યું. કિલ્લા તાબામાં લેવાનો પ્રયત્ન કરવો એટલે આદિલશાહી સત્તા સામે પડકાર ફેંકવા જેવું હતું. તેમણે તોરણા, મુરુંબદેવ, કોંડાણા, પુરંદર જેવા કિલ્લા તાબામાં લીધા અને સ્વરાજ્યના મુહૂર્તનો પાયો નાંખ્યો. મુરુંબદેવ કિલ્લાનું પુનર્બાંધકામ કરાવીને તેનું નામ 'રાજગઢ' રાખ્યું. રાજગઢ સ્વરાજ્યની પહેલી રાજધાની હતી.



રાજગઢ કિલ્લો - પાલી દરવાજો

આદિલશાહીમાં જાવળીના મોરે, મુધોળના ઘોરપડે અને સાવંતવાડીના સાવંત વગેરે સરદાર હતા. સ્વરાજ્ય સ્થાપનાના કાર્યમાં તેમનો વિરોધ હતો. આ સરદારોનો બંદોબસ્ત કરવો સ્વરાજ્ય સ્થાપના માટે જરૂરી હતો.

**જાવળીનો કબજો :** સાતારા જિલ્લાના જાવળી પ્રદેશમાં ચંદ્રરાવ મોરે આદિલશાહીના પ્રતિષ્ઠિત સરદાર હતા. સ્વરાજ્ય સ્થાપનાના કાર્યમાં તેણે વિરોધ દર્શાવ્યો ત્યારે ઈ.સ. ૧૬૫૬માં શિવાજી મહારાજે જાવળી ઉપર સવારી કરીને તે પ્રદેશ જીતી લીધો. ત્યાં પોતાનાં થાણાં નાંખ્યાં. પછી રાયગઢ પણ જીતી લીધો. જાવળીની અઢળક સંપત્તિ તેમના હાથમાં આવી. આ જીત પછી કોંકણમાં તેમની ચળવળો વધી ગઈ. તેમણે જાવળીની ખીણમાં પ્રતાપગઢ કિલ્લો બાંધ્યો. આ જીતને લીધે તેમનું સામર્થ્ય દરેક રીતે વધી ગયું.

શિવાજી મહારાજે આ પછી કલ્યાણ અને ભિવંડી જીતી લીધા. તેને લીધે પશ્ચિમ કિનારાપટ્ટી ઉપરના સિદ્દી, પોર્ટુગીઝ, અને અંગ્રેજ સત્તા સાથે તેઓ સંપર્કમાં આવ્યા. આ સત્તાઓ સાથે સંઘર્ષ કરવો હોય, તો આપણે શક્તિશાળી નૌકાદળ (આરમાર) ઊભું કરવું જોઈએ, એ તેમના ધ્યાનમાં આવ્યું. તેથી તેમણે નૌકાદળ ઊભું કરવા તરફ ધ્યાન આપ્યું.

**અફઝલખાનની સજા :** શિવાજી મહારાજે પોતાની જાગીરના અને આસપાસના આદિલશાહી પ્રદેશના કિલ્લા લેવાની શરૂઆત કરી. જાવળીના મોરેનો વિરોધ તેમણે શમાવી દીધો હતો. કોંકણ કિનારાપટ્ટી ઉપર સ્વરાજ્ય સ્થાપનાના કાર્યને ગતિ મળી. આ બધી બાબતો આદિલશાહી માટે પડકારરૂપ હતી. આ સમયે આદિલશાહીનો કારભાર બડી સાહેબા સંભાળતી હતી. શિવાજી મહારાજનો બંદોબસ્ત કરવા તેણે આદિલશાહીના શક્તિશાળી અને અનુભવી સરદાર અફઝલખાનને શિવાજી મહારાજ ઉપર ચડાઈ કરવા મોકલ્યો.

અફઝલખાન બીજાપુરથી વાઈ આવ્યો. તે વાઈ પ્રાંતથી સારી રીતે પરિચિત હતો. વાઈ નજીકના પ્રતાપગઢ કિલ્લાની તળેટીમાં શિવાજી મહારાજ અને અફઝલખાનની મુલાકાત ૧૦ નવેમ્બર ૧૬૫૯ના રોજ થઈ. આ મુલાકાતમાં અફઝલખાને મહારાજ સાથે છળકપટ કરવાનો પ્રયત્ન કર્યો. તેથી મહારાજે તેનો વધ કર્યો અને આદિલશાહી સૈન્યને સજા કરી.

અફઝલખાનના વધ પછી મહારાજે લડાઈમાં જખમી થયેલા સૈનિકોને નુકસાનીની ભરપાઈ કરી આપી. જેમણે આ લડાઈમાં સારી કામગીરી કરી હતી, તેમને ઇનામો આપ્યાં. અફઝલખાનના સૈન્યના જે સૈનિક અને અધિકારી તેમના સૈન્યના હાથમાં આવ્યા, તેમની સાથે સારી વર્તણૂક કરી.

**સિદ્દી જૌહરની સવારી :** અફઝલખાનને સજા કર્યા પછી મહારાજાએ આદિલશાહીના વસંતગઢ, પન્હાળાગઢ અને ખેળણા કિલ્લા જીતી લીધા. ખેળણાના કિલ્લાને તેમણે 'વિશાળગઢ' નામ આપ્યું.

મહારાજનો બંદોબસ્ત કરવા માટે આદિલશાહે ઈ.સ. ૧૬૬૦માં કર્નુલ પ્રાંતના સરદાર સિદ્દી જૌહરને મહારાજ ઉપર ચડાઈ કરવા કહ્યું. તેને 'સલાબતખાન' નો ખિતાબ આપ્યો. સિદ્દી જૌહરની મદદમાં રુસ્તુમ-ઈ-જમાન, બાજી ઘોરપડે અને અફઝલખાનનો પુત્ર ફાઝલખાન પણ હતો. આ પરિસ્થિતિમાં શિવાજી મહારાજે પન્હાળા કિલ્લા ઉપર આશરો લીધો. સિદ્દીના સૈનિકોએ લગભગ પાંચ મહિના પન્હાળાને ઘેરો ઘાલ્યો હતો. ઘેરામાંથી છૂટવાનું મહારાજા માટે મુશ્કેલ હતું. નેતાજી પાલકરે બહારથી સિદ્દીના સૈન્ય ઉપર હુમલો કરીને ઘેરો ઉઠાવવાનો પ્રયત્ન કર્યો; પરંતુ તેનું સૈન્ય નાનું હોવાથી આ પ્રયત્ન સફળ થયો નહિ. સિદ્દી ઘેરો ઉઠાવી લેશે, એવાં કોઈ ચિહ્નો જણાતાં નહોતાં. માટે મહારાજાએ સિદ્દી સાથે વાટાઘાટ શરૂ કરી. તેથી સિદ્દીએ પન્હાળાગઢને ઘાલેલા ઘેરામાં શિથિલતા આવી. ઘેરો નબળો પડ્યો. મહારાજાએ આ શિથિલતાનો ફાયદો ઉઠાવ્યો.

તે દરમ્યાન કિલ્લા પરના શિવા કાશિદ નામના બહાદુર યુવાને નેતૃત્વ લીધું. દેખાવમાં શિવાજી મહારાજ જેવો જ હતો. તે શિવાજી મહારાજ જેવી વેશભૂષા કરીને પાલખીમાં બેઠો. પાલખી રાજદિંડી દરવાજેથી બહાર નીકળી. સિદ્દીના સૈન્યોએ તે પાલખી પકડી. અણીનો, કટોકટીનો પ્રસંગ હતો. શિવા કાશિદે સ્વરાજ્ય માટે બલિદાન આપ્યું. તે દરમ્યાનમાં શિવાજી મહારાજ બીજા મુશ્કેલ રસ્તે ગઢની બહાર નીકળ્યા. તેમની સાથે બાજીપ્રભુ દેશપાંડે અને બાંદલ દેશમુખ જેવા ચુનંદા સૈનિકો હતા.

શિવાજી મહારાજ પન્હાળાગઢના ઘેરામાંથી છટકીને વિશાળગઢ તરફ નીકળ્યા. તે સમાચાર સિદ્દીએ જાણ્યા. તેના સૈન્યએ તેનો પીછો કર્યો. શિવરાયે સિદ્દીના સૈન્યને વિશાળગઢની તળેટી પાસે અટકાવવાની જવાબદારી બાજીપ્રભુ દેશપાંડેને સોંપી. બાજીપ્રભુએ ગજાપુર પાસેની ઘોડખીંડમાં તે સૈન્યને અટકાવ્યું. બાજીપ્રભુએ પરાક્રમની પરાકાષ્ઠા બતાવી, પરંતુ આ સંઘર્ષમાં તેનું વીરોચિત મૃત્યુ થયું. તેના સૈન્યએ સિદ્દીના સૈન્યને અટકાવી રાખવાને કારણે મહારાજા માટે વિશાળગઢ તરફ કૂચ કરવી શક્ય બની. વિશાળગઢ તરફ જતી વખતે તેમણે પાલવનના દળવી અને શૃંગારપુરના સુર્વે જેવા આદિલશાહી સરદારોના વિરોધને પણ દબાવી દીધો. ત્યારપછી શિવાજી મહારાજ વિશાળગઢ ઉપર સુખરૂપ પહોંચી ગયા.

મહારાજ પન્હાળગઢના ઘેરામાં ઘેરાયેલા હતા, તે સમયે દિલ્હીની રાજગાદી પર આવેલા ઔરંગઝેબ બાદશાહે મોગલ સરદાર શાયિસ્તાખાનને દક્ષિણમાં મોકલ્યો હતો. તેણે પુણે પ્રાંત ઉપર ચડાઈ કરી હતી. તે સમયે શિવાજી મહારાજનો આદિલશાહી સાથે પણ સંઘર્ષ ચાલુ હતો. આવી પરિસ્થિતિમાં બે દુશ્મનનો સાથે એક જ સમયે લડવું બરાબર નથી, તે શિવાજી મહારાજે ધ્યાનમાં લીધું. તેથી વિશાળગઢ ઉપર સુખરૂપ પહોંચ્યા પછી તેમણે આદિલશાહ સાથે સુલેહ કરી. આ સુલેહ અનુસાર તેમને પન્હાળા કિલ્લો પાછો આપી દેવો પડ્યો. અહીં શિવાજી મહારાજના સ્વરાજ્ય સ્થાપનાનો એક તબક્કો પૂર્ણ થયો.

## સ્વાધ્યાય

**૧. જૂથમાં બંધબેસતો ન હોય તે શબ્દ શોધો.**

(૧) પુણે, સુપા, ચાકણ, બંગલૂરું

(૨) ફલટણના જાધવ, જાવળીના મોરે, મુધોળના ઘોરપડે, સાવંતવાડીના સાવંત

(૩) તોરણા, મુરુંબદેવ, સિંહગઢ, સિંધુદુર્ગ

**૨. ચાલો, લખતા થઈએ !**

(૧) શિવાજી મહારાજાને વીરમાતાના જિજાબાઈએ આપેલા વિવિધ સંસ્કાર લખો.

(૨) શિવાજી મહારાજે સ્વરાજ્ય સ્થાપનાની શરૂઆત માવળ પ્રદેશથી કરી.

**૩.** શિવાજી મહારાજના સાથી અને મદદનીશોની યાદી બનાવો.

3HRK4B

**૪. શોધો અને લખો.**

(૧) શહાજીરાજાને સ્વરાજ્ય સંકલ્પક શા માટે કહેવાય છે ?

(૨) શિવરાયે નૌકસૈન્ય ઊભું કરવા તરફ શા માટે ધ્યાન આપ્યું?

(૩) શિવરાયે આદિલશાહ સાથે શા માટે સુલેહ કરી?

(૪) શિવાજી મહારાજ પન્હાળાગઢ ઉપરથી કેવી રીતે છટકી ગયા?

**ઉપક્રમ :**

(૧) તમે જોયેલા એકાદા કિલ્લાનું વર્ણન કરો અને ઐતિહાસિક ઇમારતનું જતન કરવા બાબત તમે ક્યા ઉપાય સૂચવશો તે કહો.

(૨) ખેતીનો 'સાત/બારા' (૭/૧૨) ઉતારો મેળવીને પાઠમાંના શબ્દોનો સંબંધ સમજી લો.



પન્હાળા કિલ્લો - ત્રણ દરવાજા

# ૬. મોગલો સાથે સંઘર્ષ

અત્યારસુધી શિવાજી મહારાજે આદિલશાહી સાથે સફળ સંઘર્ષ કર્યો હતો; પરંતુ સ્વરાજ્યનો વિસ્તાર કરતી વખતે મોગલો સાથે પણ સંઘર્ષ અટલ હતો. સ્વરાજ્યનો વિસ્તાર થવા લાગતાં જ સ્વરાજ્ય પર મોગલોનું સંકટ આવ્યું. મહારાજાએ આ સંકટનો પણ સામનો કરીને દૂર કર્યું. મોગલો પાસેથી પોતાના કિલ્લા અને પ્રદેશ પાછા મેળવ્યા. પોતાનો રાજ્યાભિષેક કરાવ્યો. દક્ષિણ તરફની ઝુંબેશ હાથ ધરી. આ બધી ઘટનાની માહિતી આપણે આ પાઠમાં મેળવવાના છીએ.

**શાયિસ્તાખાનની સવારી :** ફેબ્રુઆરી ૧૬૬૦માં શાયિસ્તાખાન અહમદનગરથી નીકળી પુણે પ્રાંતમાં આવ્યો. તેણે આસપાસના પ્રદેશોમાં સૈન્યની નાની નાની ટુકડીઓ મોકલીને સ્વરાજ્યના પ્રદેશોને પુષ્કળ નુકસાન કર્યું. ચાકણના કિલ્લાને ઘેરો ઘાલ્યો. ચાકણના કિલ્લાનો કિલ્લેદાર ફિરંગોજી નરસાળાએ તેના સૈન્યનો ઉગ્ર પ્રતિકાર કર્યો. પરંતુ આખરે તેણે ચાકણનો કિલ્લો જીતી લીધો.

શિવાજી મહારાજનું બાળપણ જ્યાં વીત્યું હતું તે પુણેના લાલ મહેલમાં શાયિસ્તાખાન પડાવ નાંખીને બેઠો. ત્યાંથી આસપાસના પ્રદેશોમાં લૂંટ કરવાનું ચાલું જ રાખ્યું. બે વર્ષો થયાં, તોપણ તે પુણેનો મુકામ છોડવાનો વિચાર સુદ્ધા કરતો નહોતો. તેની અસર પ્રજાની ધીરજ ઉપર થવી સ્વાભાવિક હતી. આવી પરિસ્થિતિમાં મહારાજાએ એક સાહસિક યોજના વિચારી.

શિવાજી મહારાજે પોતાના નેતૃત્વ હેઠળ લાલ મહેલ ઉપર ગુપ્ત રીતે છાપો મારવાની સાહસિક યોજના કરી. તે પ્રમાણે ૫ એપ્રિલ ૧૬૬૩ના રોજ રાતના સમયે મહારાજે ચુનંદા સૈનિકો સાથે લાલ મહેલ ઉપર છાપો માર્યો. આ છાપામાં શાયિસ્તાખાનનાં આંગળાં કપાયાં. તેની માનહાનિ થઈ. તેણે પૂના છોડી દીધું અને પોતાનો મુકામ ઔરંગાબાદ ખસેડ્યો. આ બનાવને લીધે તેણે ઔરંગઝેબની નારાજગી વહોરી લીધી. ઔરંગઝેબે તેને બંગાળના સૂબામાં મોકલી આપ્યો. શાયિસ્તાખાન ઉપરના આ સફળ હુમલાની અસર લોકો ઉપર પણ થઈ. શિવાજી મહારાજના કાર્યમાં પ્રજાનો વિશ્વાસ વધી ગયો.

**કહો જોઈએ.**

સુરત શહેરની મુલાકાતે જવું છે, તો તમે કેવી રીતે જશો તે નકશાની મદદથી દર્શાવો.

- શિવાજી મહારાજ કેવી રીતે સુરત પહોંચ્યા હશે તેની કલ્પના કરો.

**સુરત ઉપર સવારી (ચડાઈ) :** શાયિસ્તાખાને ત્રણ વર્ષોમાં સ્વરાજ્યનો ઘણોખરો પ્રદેશ વેરાન કરી દીધો હતો. તેની ભરપાઈ કરવી જરૂરી હતું. તે માટે મહારાજાએ મોગલોને પાઠ ભણાવવા એક યોજના કરી. મોગલોના તાબામાં રહેલું સુરત એક મોટું વેપારી કેંદ્ર અને બંદર હતું. ત્યાં અંગ્રેજ અને ડચ લોકોની વખારો હતી. આ શહેર બાદશાહને સૌથી વધારે મહેસૂલ આપતું હતું. તેમજ તે આર્થિક દૃષ્ટિએ ખૂબજ સમૃદ્ધ હતું માટે તેમણે સુરત ઉપર સવારી કરી. સુરતનો સુબેદાર ઈનાયતખાન મહારાજના હુમલાનો પ્રતિકાર કરી શક્યો નહિ. સામાન્ય પ્રજાને હેરાન કર્યા વગર તેમણે સુરતથી અઢળક સંપત્તિ મેળવી. તેમની આ ઝુંબેશ સફળ થઈ. તેને લીધે ઔરંગઝેબ બાદશાહની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચ્યું.

**જયસિંગની સવારી :** શિવાજી મહારાજની વધતી જતી હલચલનો બંદોબસ્ત કરવા ઔરંગઝેબે મિર્ઝારાજા જયસિંહ જે તેમનો અનુભવી અને પ્રતિષ્ઠિત રાજપૂત સરદાર હતો તેને મોકલ્યો. તે પૂના આવ્યો. તેણે મહારાજના વિરોધમાં દરેક શક્તિ સંગઠિત કરવા પોતાના પ્રયત્નો શરૂ કર્યા. ગોવાના અને વસઈના પોર્ટુગીઝ, વેંગુર્લાના ડચ, સુરતના અંગ્રેજ, જંજિરાના સિદ્દીઓએ મહારાજ વિરુદ્ધ નૌકાદળની ઝુંબેશ કરવી,

એમ જયસિંગે તેમને સૂચવ્યું.

શિવાજી મહારાજ પાસેના કિલ્લા જીતી લેવાની યોજના બનાવી. સ્વરાજ્યના જુદાજુદા વિસ્તારમાં મોગલ સૈનિકોની ટુકડીઓ મોકલી. તે સૈન્યએ સ્વરાજ્યના ભૂપ્રદેશનું ખૂબ નુકસાન કર્યું. મહારાજાએ મોગલોનો સામનો કરવાનો પ્રયત્ન કર્યો. મિર્ઝારાજા જયસિંગ અને દિલેરખાને પુરંદર કિલ્લાને ઘેરો ઘાલ્યો. પુરંદરના ઘેરા વખતે મુરારબાજી દેશપાંડેએ પોતાના પરાક્રમની પરાકાષ્ઠા બતાવી, પરંતુ તે વીરગતિ પામ્યા. પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં લઈને મહારાજાએ જયસિંગ સાથે વાટાઘાટ કરવાનો નિર્ણય કર્યો. તેમણે જયસિંગની મુલાકાત લીધી. જયસિંગ અને મહારાજા વચ્ચે જૂન ૧૬૬૫માં સુલેહ થઈ. આ સુલેહ 'પુરંદરની સંધિ' તરીકે ઓળખાય છે. આ સંધિ અનુસાર મહારાજાએ મોગલોને ૨૩ (ત્રેવીસ) કિલ્લા અને વાર્ષિક ચાર લાખ હોનની કમાણી ધરાવતો આસપાસનો પ્રદેશ મોગલોને આપ્યો. આદિલશાહી વિરુદ્ધ મોગલોને મદદ કરવાનું આશ્વાસન પણ આપ્યું. આ સંધિને ઔરંગઝેબે માન્યતા આપી.



**માહિતી મેળવો?**

શિવાજી મહારાજ ઔરંગઝેબની આગ્રાની નજરકેદમાંથી કેવી રીતે છટકી ગયા તેની માહિતી મેળવો.

**આગ્રાની મુલાકાત અને છૂટકો :** પુરંદરની સંધિ પછી જયસિંગે આદિલશાહી વિરુદ્ધ ઝુંબેશ હાથ ધરી. મહારાજાએ જયસિંગને મદદ કરી, તોપણ તેની આ ઝુંબેશ સફળ થઈ નહિ. તે સમયે, મહારાજાને કેટલોક સમય દક્ષિણના રાજકારણથી દૂર રાખવા, એવો વિચાર જયસિંગ અને ઔરંગઝેબ બાદશાહે કર્યો. આ વિચારને અનુસરીને જયસિંગે મહારાજા પાસે બાદશાહની મુલાકાતે જવાનો પ્રસ્તાવ મૂક્યો. તેમની સુરક્ષિતતા માટે ખાતરી પણ આપી. તે અનુસાર શિવાજી મહારાજ આગ્રા જવા નીકળ્યા. તેમની સાથે રાજપુત્ર સંભાજી હતા. તેમજ, વિશ્વાસુ અને શિવાજી માટે પ્રાણ આપવાની તૈયારી દાખવનારા સ્વામીનિષ્ઠ ચુનંદા મદદનીશો પણ સાથે હતા. મહારાજા આગ્રા પહોંચ્યા. તેમ છતાં ઔરંગઝેબે દરબારમાં તેમને યોગ્ય આદર-માન આપ્યાં નહિ. તેને લીધે તેમણે ગુસ્સો વ્યક્ત કર્યો. તે પછી બાદશાહે તેમને નજરકેદ કર્યા. બાદશાહના આવા કાર્યથી ડગમગ્યા વગર મહારાજાએ નજરકેદમાંથી છટકી જવાની યોજના બનાવી. તેઓ આગ્રાથી સિફત અને ચતુરાઈથી છટકી ગયા અને કેટલાક દિવસે સુરક્ષિત રીતે મહારાષ્ટ્રમાં પહોંચ્યા.

આગ્રાથી આવતી વખતે તેમણે સંભાજી રાજાને મથુરામાં રાખ્યા હતા. પાછળથી તેમને રાજગઢ પર સુખરૂપ લાવવામાં આવ્યા. મહારાજા સ્વરાજ્યથી દૂર હતા ત્યારે સ્વરાજ્યનો કારભાર વીરમાતા જિજાબાઈ અને મહારાજાના મદદનીશોએ સંભાળ્યો હતો.

**મોગલો વિરુદ્ધ આક્રમક વલણ :** મહારાજા મોગલો સાથે તરત જ સંઘર્ષ ઇચ્છતા નહોતા તો પણ પુરંદરની સંધિમાં મોગલોને આપેલા કિલ્લા અને પ્રદેશ પાછા મેળવવાનો મહારાજાનો ઉદ્દેશ હતો. તે માટે તેમણે એક વ્યાપક અને સાહસિક યોજના તૈયાર કરી. એકબાજુથી જુદાજુદા કિલ્લાઓ ઉપર પૂરતી તૈયારી સાથે સૈન્ય મોકલીને તે કિલ્લા મેળવવા, તો બીજી બાજુથી દક્ષિણમાં મોગલોના વર્ચસ્વ હેઠળના પ્રદેશો પર હુમલા કરીને તેમને અસ્થિર રાખવા, તેવી તેમની નીતિ હતી. તે પ્રમાણે તેમણે મોગલોના અહમદનગર અને જુન્નર પ્રદેશો ઉપર હુમલા કર્યા. પછીથી એક પછી એક એમ સિંહગઢ, પુરંદર, લોહગઢ, માહુલી, કર્નાળા અને રોહિડા જેવા કિલ્લા જીતી લીધા.

ત્યાર પછી શિવાજી મહારાજે બીજી વખત સુરત ઉપર સવારી કરી. ત્યાંથી પાછા ફરતા નાસિક જિલ્લાના વણી-દિંડોરીમાં તેમનો મોગલો સાથે મોટો સંઘર્ષ થયો. આ સંઘર્ષમાં તેમણે દાઉદખાન નામના મોગલ સરદારને હરાવ્યો. ત્યાર પછી મોરોપંત પિંગળેએ નાશિક નજીકનો ત્ર્યંબકગઢ

જીતી લીધો. આવી રીતે મહારાજાની મોગલો વિરુદ્ધની ચડાઈની યોજના સફળ નીવડી. આ ચડાઈની ઝુંબેશમાં તાનાજી માલુસરે, મોરોપંત પિંગળે, પ્રતાપરાવ ગુજર વગેરે સરદારોએ મહત્ત્વની કામગીરી બજાવી. આ ઝુંબેશનું વર્ણન કૃષ્ણાજી અનંત સભાસદ નામના ઇતિહાસકારે નીચે પ્રમાણે કર્યું છે. ''ચાર મહિનામાં સત્યાવીસ કિલ્લા લીધા. મોટી નામના મેળવી.''



છત્રપતિ શિવાજી મહારાજ

**રાજ્યાભિષેક :** સતત ત્રીસ વર્ષોના અવિરત પરિશ્રમથી મરાઠાઓનું સ્વરાજ્ય સાકાર થયું. તેમ છતાં સ્વરાજ્યનું અસ્તિત્વ સ્વતંત્ર અને સાર્વભૌમ છે, તે સ્પષ્ટ કરવા આ સ્વરાજ્યને અધિકૃતતા અને સર્વસ્વીકૃતિ મળવી જરૂરી છે, તે મહારાજાના ધ્યાનમાં આવ્યું. તે માટે વિધિવત રાજ્યાભિષેકની જરૂર હતી. માટે તેમણે ૬ જૂન ૧૬૭૪ના દિવસે વિદ્વાન પંડિત ગાગાભટ્ટના હસ્તે રાયગઢ ઉપર પોતાનો રાજ્યાભિષેક કરાવી લીધો.

આ રાજ્યાભિષેક દ્વારા મહારાજા સ્વરાજ્યના છત્રપતિ બન્યા. સાર્વભૌમત્ત્વના પ્રતીક તરીકે તેમણે 'રાજ્યાભિષેક શક' નામની નવી કાલગણના શરૂ કરી. તેઓ હવે શકવર્તી બન્યા. રાજ્યાભિષેક પ્રસંગે તેમણે સોનાના 'હોન' અને તાંબાના 'શિવરાઈ' નામના ખાસ સિક્કા બહાર પાડ્યા. આ સિક્કા ઉપર ''શ્રી રાજા શિવછત્રપતિ'' અક્ષરો કોતરવામાં આવ્યા. ત્યાર પછી રાજપત્રો ઉપર 'ક્ષત્રિયકુલાવતંસ શ્રી રાજા શિવછત્રપતિ' નો ઉલ્લેખ થવા લાગ્યો. રાજ્યાભિષેક પછી તેમણે ફારસી શબ્દોના પર્યાયી સંસ્કૃત શબ્દો દર્શાવતો એક કોશ તૈયાર કરાવ્યો. તેને જ 'રાજ્યવ્યવહારકોશ' કહેવાય છે.



રાયગઢ કિલ્લો

**યાદ કરો જોઈએ.....**

નવી કાલગણનાની શરૂઆત ક્યા ભારતીય રાજાએ કરી?

**યાદ રાખો.**

રાજ્યવ્યવહાર કોશના કેટલાક પ્રતિશબ્દો ઉલ્લેખનીય છે -
દા.ત., ખિતાબ-પદવી, ફરમાન-રાજપત્ર, જામીન-બાયંધરી, હાલમાં-સાંપ્રત/વર્તમાન, માજી-પૂર્વ, ફિલહાલ - તત્કાલ, વાહવાહ-ઉત્તમ, અક્કલ-પ્રજ્ઞા, બુદ્ધિ, બેવકૂફ-મૂઢ, મૂર્ખ, હાથપોશી-હસ્તસ્પર્શ, મુલાકાત-દર્શન, કદમપોશી-ચરણસ્પર્શ, જૂઠ-મિથ્યા, કરારનામું-અભય, ફતેહ-વિજય, ફરિયાદ-અન્યાયકથા, શિલેદાર-પોતાના ઘોડાવાળા.

મધ્યયુગના ભારતના ઇતિહાસમાં શિવાજી મહારાજનો રાજ્યાભિષેક એક ક્રાંતિકારી ઘટના ગણાય છે. આ ઘટનાનું મહત્ત્વ જણાવતા સભાસદ કહે છે કે, 'મરાઠા બાદશાહ એટલા મોટા છત્રપતિ બન્યા તે બાબત કાંઈ સામાન્ય નથી.''

ત્યારપછી મહારાજાએ ટૂંક સમયમાં ૨૪ સપ્ટેમ્બર ૧૬૭૪ના રોજ નિશ્ચલપુરી ગોસાવીના માર્ગદર્શન હેઠળ તાંત્રિક પદ્ધતિથી રાજ્યાભિષેક કરાવ્યો. ભારતમાં વૈદિક અને તાંત્રિક એમ ધર્મકાર્યોની બે પરંપરા અસ્તિત્ત્વમાં હતી. તેનો આદર કરીને મહારાજાએ બંને પદ્ધતિથી રાજ્યાભિષેક કરાવ્યો.

**તમે જાણો છો કે?**

યુવરાજ સંભાજીરાજા શિવાજી મહારાજના રાજ્યાભિષેક વખતે ૧૭ વર્ષના હતા. તેમણે 'બુધભૂષણ' ગ્રંથમાં રાજ્યાભિષેક સમારંભનું વર્ણન કર્યું છે. તે તેમના પોતાના અનુભવ પર આધારિત છે.

છત્રપતિ શિવાજી મહારાજના રાજ્યાભિષેક મહોત્સવ સમયે જુદાજુદા પ્રદેશોમાંથી જે શ્રેષ્ઠ વિદ્વાનો આવ્યા હતા, તેમને મોભા પ્રમાણે માન અથવા માત્ર ગણના ન કરતાં વિપુલ પ્રમાણમાં ધન આપીને તેમજ વસ્ત્રો, હાથી, ઘોડાના પણ દાન આપીને તેમને સંતુષ્ટ કર્યા.

આવી રીતે છત્રપતિ શિવરાયે પોતાની કીર્તિ જુદીજુદી દિશાઓમાં ફેલાવી.

**તમે જાણો છો કે?**

શિવાજી મહારાજના રાજ્યાભિષેક માટે ખૂબજ મૂલ્યવાન અને ભવ્ય સિંહાસન બનાવવામાં આવ્યું હતું. સિંહાસનની આઠ દિશામાં આઠ રત્નજડિત સ્તંભ હતા. બત્રીસ મણ સોનાનું આ સિંહાસન મૂલ્યવાન રત્નોથી જડાયેલું હતું.

- 'મણ' એકમ ગણિતના શિક્ષક પાસેથી સમજી લો.


**દક્ષિણની ઝુંબેશ :** રાજ્યાભિષેક પછી લગભગ ત્રણ વર્ષે ઑક્ટોબર ૧૬૭૭માં મહારાજાએ દક્ષિણની ઝુંબેશ હાથ ધરી. ગોવળકોંડામાં તેમણે કુતુબશાહની મુલાકાત લીધી. તેમની સાથે મૈત્રીકરાર કર્યો. આગળ

મહારાજાએ કર્ણાટકના બંગલૂરું, હોસકોટે તેમજ હોલના તામિલનાડુના જિંજી, વેલુર વગેરે કિલ્લા અને આદિલશાહનો અન્ય કેટલોક પ્રદેશ જીતી લીધો. તેમની ફોજે ત્યાંની પ્રજાને કોઈ પણ જાતની હેરાનગતિ કરી નહિ. જીતેલા પ્રદેશનો કારભાર સંભાળવા માટે મુખ્ય કારભારી તરીકે રઘુનાથ નારાયણ હણમંતેની નિમણૂંક કરી.

શિવાજી મહારાજનો સાવકો ભાઈ વ્યંકોજી હાલના તામિલનાડુમાં આવેલા તંજાવરમાં રાજ્ય કરતો હતો. તેમને પણ પોતાના સ્વરાજ્યના કાર્યમાં સહભાગી કરવાનો મહારાજાનો પ્રયત્ન હતો. વ્યંકોજી રાજા પછીના તંજાવરના રાજાએ વિદ્યા અને કલાનું જતન કર્યું. ત્યાંનો 'સરસ્વતી મહેલ' ગ્રંથાલય જગપ્રસિદ્ધ છે.

દક્ષિણની ઝુંબેશમાં તમિલનાડુનો જિંજીનો કિલ્લો જીતીને તે સ્વરાજ્ય સાથે જોડી દેવાના શિવાજી મહારાજના કાર્યને પછીના સમયમાં નિર્ણાયક મહત્ત્વ મળ્યું. મોગલ બાદશાહ ઔરંગઝેબ સ્વરાજ્યનો નાશ કરવા મહારાષ્ટ્રમાં પડાવ નાંખીને બેઠેલો હોવાને લીધે તે વખતના છત્રપતિ રાજારામ મહારાજાને સલામતી માટે મહારાષ્ટ્ર છોડવું પડ્યું. તે સમયે તેમણે દક્ષિણના આ જ જિંજી કિલ્લામાં આશરો લઈને ત્યાંથી સ્વરાજ્યનો કારભાર સંભાળ્યો.

શિવાજી મહારાજાના આ દક્ષિણ દિગ્વિજય પછી થોડા જ સમયમાં ૩ એપ્રિલ ૧૬૮૦ના રોજ તેમનું રાયગઢ ઉપર અવસાન થયું. પચાસમા વર્ષે થયેલા તેમના અવસાનથી સ્વરાજ્યને પુષ્કળ નુકસાન થયું. એક મહાન યુગ અસ્ત પામ્યો.



શિવાજી મહારાજાની સમાધિ - રાયગઢ

## સ્વાધ્યાય

**૧. નીચેની ઘટના કાળાનુક્રમે લખો.**

(૧) શિવાજી મહારાજાની દક્ષિણની ઝુંબેશ
(૨) લાલ મહેલ ઉપરનો છાપો (હુમલો)
(૩) આગ્રામાંથી છુટકારો
(૪) રાજ્યાભિષેક
(૫) પુરંદરની સંધિ
(૬) શાયિસ્તાખાનની સવારી

3HV758

**૨. શોધો એટલે મળશે.**

(૧) સંસ્કૃત શબ્દોનો કોશ -
(૨) ત્ર્યંબકગઢ જીતી લેનાર -
(૩) વણી-દિંડોરીમાં હારી ગયેલો સરદાર -
(૪) અંગ્રેજ, ડચ, ફ્રેંચોની વખારોવાળું સ્થળ -

**૩. તમારા શબ્દોમાં લખો.**

(૧) શિવાજી મહારાજાનો રાજ્યાભિષેક
(૨) આગ્રામાંથી છુટકારો
(૩) શિવાજી મહારાજાની દક્ષિણની ઝુંબેશ
(૪) શિવરાયે રાજ્યાભિષેક માટે કરેલી તૈયારી?

**૪. કારણો લખો.**

(૧) શિવરાયે પુરંદરની સંધિ કરી.
(૨) શિવાજી મહારાજે મોગલો વિરુદ્ધ આક્રમક વલણ અપનાવ્યું.

**ઉપક્રમ :**

(૧) શાળામાં ઉજવાતા સ્વાતંત્ર્યદિન/પ્રજાસત્તાકદિનના કાર્યક્રમ માટે તમે કઈ કઈ તૈયારી કરો છો? શિક્ષકની મદદથી તેની યાદી બનાવો.
(૨) તમારા પરિસરના ઐતિહાસિક સ્થળની મુલાકાત લઈને અહેવાલ લખો.

# ૭. સ્વરાજ્યનો કારભાર

શિવાજી મહારાજે સ્વરાજ્યની સ્થાપના કરી. પોતે જ રાજ્યાભિષેક કરાવ્યો. રાજ્યાભિષેક પછી તેમણે દક્ષિણમાં દિગ્વિજય મેળવ્યો. સ્વરાજ્યનો વિસ્તાર થયો. આ સ્વરાજ્યમાં મહારાષ્ટ્રના નાસિક, પુણે, સાતારા, સાંગલી, કોલ્હાપુર, સિંધુદુર્ગ, રત્નાગિરિ, રાયગઢ અને થાણા જિલ્લાના મોટાભાગના પ્રદેશનો સમાવેશ હતો. તેમજ કર્ણાટક, આંધ્ર પ્રદેશ અને તામિલનાડુ રાજ્યનો કેટલોક ભાગ પણ સ્વરાજ્યમાં સમાવિષ્ટ થયો હતો. આવી રીતે વિસ્તારતા જતા સ્વરાજ્યનો કારભાર સરળતાથી ચાલે, તેમાં લોકોનું કલ્યાણ સાધવામાં આવે, તે માટે મહારાજાએ સ્વરાજ્યને સ્થિર કર્યું. આ બાબતની માહિતી આપણે મેળવવાના છીએ.

**અષ્ટપ્રધાન મંડળ :** મહારાજાએ રાજ્યાભિષેક પ્રસંગે અષ્ટપ્રધાન મંડળની નિમણૂંક કરી. રાજ્ય-કારભારની સગવડ માટે તેની આઠ ખાતાંઓમાં વહેંચણી કરી. દરેક ખાતા માટે એક પ્રમુખ નીમ્યો. આઠ ખાતાંના આઠ પ્રમુખ મળીને ‘અષ્ટપ્રધાન મંડળ’ બન્યું. આ પ્રમુખોની નિમણૂંક કરવી અથવા તેમને તેમના પદ ઉપરથી દૂર કરવા, એ મહારાજાનો અધિકાર હતો. પોતપોતાના ખાતાના કારભાર માટે પ્રમુખ મહારાજાને જવાબદાર હતા.

શિવાજી મહારાજે ગુણો અને કામગીરી જોઈને અષ્ટપ્રધાન મંડળની પસંદગી કરી. તેમને ઇનામો, વતનો અથવા જાગીર આપ્યાં નહોતાં; પણ ભરપૂર રોકડ પગાર આપ્યો.

**ખેતી વિષયક નીતિ :** ગામડાનો મુખ્ય વ્યવસાય ખેતી હતો. મહારાજ ખેતીનું મહત્ત્વ જાણતા હતા, તેથી તેમણે ખેડૂતોના હિત તરફ ધ્યાન આપ્યું. તેમણે પોતાના કર્તવ્યનિષ્ઠ અને અનુભવી અધિકારી અણ્ણાજી દત્તાને જમીન મહેસૂલની વ્યવસ્થા કરવાની જવાબદારી સોંપી. નક્કી કરેલી રકમ કરતાં વધારે મહેસૂલ ઉઘરાવવું નહિ, એવી તાકીદ તેમણે અધિકારીઓને આપી હતી. પડતર જમીનને ખેતીલાયક બનાવવા માટે ઉત્તેજન આપ્યું. અતિવૃષ્ટિ અથવા દુકાળને લીધે પાકને નુકસાન થાય અથવા દુશ્મનોનું સૈન્ય ગામના પ્રદેશને અસ્તવ્યસ્ત કરી નાંખે, તેવા દરેક પ્રસંગે ગામના લોકોને મહેસૂલ અને અન્ય કરોમાં પણ છૂટ આપવામાં આવે, એવો તેમનો આદેશ હતો. તેમજ આવા પ્રસંગે ખેડૂતોને બળદની જોડીઓ, હળ અને વાવણી માટે ઉત્તમ બિયારણ પૂરું પાડવું, તેવી તેમના અધિકારીઓને આજ્ઞા હતી.

**શિવરાયનું અષ્ટપ્રધાન મંડળ**

| | પ્રધાનનું નામ | પદ | કાર્ય |
|---|---|---|---|
| ૧. | મોરો ત્રિંબક પિંગળે | પ્રધાન | રાજ્યકારભાર ચલાવવો અને જીતેલા પ્રદેશોની વ્યવસ્થા સંભાળવી. |
| ૨. | રામચંદ્ર નીલકંઠ મુજુમદાર | અમાત્ય | રાજ્યનો જમાખર્ચ જોવો. |
| ૩. | અણ્ણાજી દત્તો | સચિવ | સરકારી આજ્ઞાપત્રો તૈયાર કરવા. |
| ૪. | દત્તાજી ત્રિંબક વાકનીસ | મંત્રી | પત્રવ્યવહાર સંભાળવો. |
| ૫. | હંબીરરાવ મોહિતે | સેનાપતિ | સૈન્યની વ્યવસ્થા કરવી અને રાજ્યનું રક્ષણ કરવું. |
| ૬. | રામચંદ્ર ત્રિંબક ડબીર | સુમંત | પરરાજ્યો સાથે સંબંધ રાખવો. |
| ૭. | નિરાજી રાવજી | ન્યાયાધીશ | ન્યાય આપવો. |
| ૮. | મોરેશ્વર પંડિતરાવ | પંડિતરાવ | ધાર્મિક વ્યવહાર સંભાળવો. |

**તત્કાલીન ગામડાંનું અર્થકારણ :** ખેતી વ્યવસાય ગામડાંના અર્થકારણની કરોડરજ્જુ સમાન હતાં. ગામડાંમાં ખેતીવ્યવસાયને પૂરક વ્યવસાય ચાલતા. ગામના કારીગરો વસ્તુનું ઉત્પાદન કરતા. તેઓ સ્થાનિક લોકોની જરૂરિયાતો પૂરી પાડતા. આ અર્થમાં ગામડાંઓ સ્વનિર્ભર હતાં. ખેડૂતો પોતાના ઉત્પાદનમાંથી જરૂરી જેટલો હિસ્સો કારીગરોને આપતા. આ હિસ્સાને બલૂતા (વસવાયા) કહેતા.

**વેપાર અને ઉદ્યોગ :** વેપારમાં વૃદ્ધિ થયા વગર રાજ્ય સમૃદ્ધ બની શકે નહિ તે મહારાજ જાણી ગયા હતા. વેપારને લીધે નવીનવી અને જરૂરિયાતની વસ્તુઓ રાજ્યમાં આવે છે. વસ્તુની મબલકતા વધે છે. વેપાર વધે છે. સંપત્તિમાં વધારો થાય છે. 'શાહુકાર એટલે રાજ્યની અને રાજશ્રીની શોભા' આવું આજ્ઞાપત્રનું વર્ણન વેપારીઓ તરફ જોવાનો મહારાજનો ચોક્કસ દૃષ્ટિકોણ સ્પષ્ટ કરે છે. 'શાહુકાર' શબ્દનો અર્થ 'વેપારી' થાય છે.

સ્વરાજ્યના ઉદ્યોગોને સંરક્ષણ આપવાની મહારાજાની નીતિ હતી. તેનું ઉત્તમ ઉદાહરણ એટલે મીઠાનો ઉદ્યોગ. તેમણે કોંકણના મીઠાના ઉદ્યોગને સંરક્ષણ આપ્યું. તે સમયે પોર્ટુગીઝોના તાબાના પ્રદેશમાંથી સ્વરાજ્યમાં મોટા પ્રમાણમાં મીઠાની આયાત થતી હતી. તેથી કોંકણમાં સ્થાનિક મીઠાના વેચાણ ઉપર પ્રતિકૂળ અસર થતી, તે ધ્યાનમાં લઈને મહારાજાએ પોર્ટુગીઝોના પ્રદેશમાંથી સ્વરાજ્યમાં આવતા મીઠા પર મોટી જકાત નાંખી. પોર્ટુગીઝો પાસેથી આવતું મીઠું મોંઘું થવાથી તેની આયાતમાં ઘટાડો થાય અને સ્થાનિક મીઠાનું વેચાણ વધે, એ તેની પાછળનો હેતુ હતો.

**લશ્કરી વ્યવસ્થા :** મહારાજાના લશ્કરની વહેંચણી બે વિભાગમાં કરેલી હતી. એક પાયદળ અને બીજું અશ્વદળ. પાયદળમાં હવાલદાર, જુમલેદાર જેવા અધિકારી હતા. પાયદળના પ્રમુખને 'સરનોબત' કહેતા. તે પાયદળનો સર્વોચ્ચ અધિકારી હતો.

અશ્વદળમાં બે પ્રકારના ઘોડેસવારો હતા. એક શિલેદાર અને બીજા બારગીર. શિલેદારો પાસે પોતાના ઘોડા અને પોતાનાં હથિયારો હતાં, તો બારગીરોને સરકાર તરફથી ઘોડા અને હથિયારો આપવામાં આવતાં. અશ્વદળમાં બારગીરોની સંખ્યા વધારે હતી. અશ્વદળમાં પણ અધિકારીઓની શ્રેણી પાયદળ જેવી જ હતી 'સરનોબત' અશ્વદળનો સર્વોચ્ચ અધિકારી હતો. નેતાજી પાલકર, પ્રતાપરાવ ગુજર, હંબીરરાવ મોહિતે જેવા કેટલાક મહારાજના અશ્વદળના પ્રસિદ્ધ સરનોબત હતા.



**જાણી લઈએ.**

ભારતના લશ્કરી દળોની માહિતી મેળવો.

- ત્રણેય સેનાદળનાં નામ કહો.
- ત્રણેય સેનાદળના પ્રમુખને શું કહેવાય છે?
- ત્રણેય સેનાદળના પ્રમુખ કોણ હોય છે?

**ગુપ્તચર ખાતું :** સ્વરાજ્યનું દુશ્મનોથી રક્ષણ કરવું જરૂરી હતું. તે માટે શત્રુઓની હિલચાલની ચોક્કસ માહિતી સમયસર મેળવવી પડે. આ માહિતી મેળવીને તે મહારાજાને આપવાનું કામ તેમના ગુપ્તચર ખાતા પાસે હતું. તેમનું ગુપ્તચર ખાતું અતિશય કાર્યક્ષમ હતું. બહિર્જી નાઈક આ ગુપ્તચર ખાતાના પ્રમુખ હતા. તેઓ જુદાંજુદાં સ્થળોની માહિતી મેળવી લાવવામાં નિષ્ણાત હતા. તેઓ સુરતની ઝુંબેશ પહેલાં ત્યાંની રજેરજ માહિતી લાવ્યા હતા.

**કિલ્લા :** મધ્યયુગમાં કિલ્લાનું મહત્ત્વ અસાધારણ હતું. કિલ્લા તાબામાં હોય તો, આજુબાજુના પ્રદેશો ઉપર ધ્યાન અને નિયંત્રણ રાખી શકાય. શત્રુઓના આક્રમણ સમયે કિલ્લાના આશરે પ્રજાનું રક્ષણ કરી શકાય. કિલ્લામાં અન્નધાન્ય, યુદ્ધોપયોગી સામગ્રી, દારૂગોળાનો સંગ્રહ કરી શકાય. સ્વરાજ્ય સ્થાપનાના કાર્યમાં કિલ્લાઓનું મહત્ત્વ આજ્ઞાપત્રમાં આ પ્રમાણે દર્શાવ્યું છે, ''આ રાજ્ય તો પૂજ્ય (તીર્થરૂપ) મહાન કૈલાસવાસી સ્વામીએ ગઢ (કિલ્લા) ઉપરથી જ નિર્માણ કર્યું છે.''

સ્વરાજ્યમાં લગભગ ૩૦૦ કિલ્લા હતા. આ કિલ્લાઓના બાંધકામ અને સમારકામ માટે મહારાજાએ ખૂબ ખર્ચ કર્યો છે. રાજગઢ, પ્રતાપગઢ, પાવનગઢ જેવા ડુંગરાળ (પહાડી) કિલ્લા બાંધ્યા. કિલ્લા ઉપર કિલ્લેદાર, સબનીસ અને કારખાનીસ જેવા અધિકારીઓ હતા. ત્યાંના અનાજના કોઠાર અને યુદ્ધસામગ્રીની વ્યવસ્થા સંભાળવા માટે કારખાનીસ અધિકારી હતા.

**તમે જાણો છો કે?**

શિવાજી મહારાજના દુર્ગની નિર્મિતિ બાબત છત્રપતિ સંભાજી મહારાજે 'બુધભૂષણ' ગ્રંથમાં કરેલું વર્ણન ઉલ્લેખનીય છે. તે નીચે પ્રમાણે : ''કર્ણાટક દેશથી તે બાગલાણ દેશ સુધી દુશ્મનો માટે અભેદ્ય દુર્ગજ, એવા અનેક કિલ્લા છત્રપતિ શિવરાયે સહ્યાદ્રી પર્વતનાં ઉત્તુંગ શિખરની પર સપાટ ભૂમિ ઉપર હરોળમાં ઠેરઠેર બાંધ્યા છે. તેની પાછળનો ઉદ્દેશ એટલે આ પૃથ્વીનું રક્ષણ કરવું. તેમના સફળ નેતૃત્વએ કૃષ્ણાનદીના કિનારાથી સમુદ્રની ચારેય દિશાની આસપાસ કિલ્લા બાંધ્યા. વિજયી અને દરેક રાજાઓમાં અગ્રેસર એવા રાજા છત્રપતિ શ્રીશિવાજી મહારાજ રાયરી કિલ્લામાં રહ્યા.''

**દરિયાઈ કિલ્લા :**

મહારાજાએ દરિયાઈ કિલ્લાઓનું પણ મહત્ત્વ જાણ્યું. તેમણે બાંધેલા જલદુર્ગોમાંથી માલવણનો સિંધુદુર્ગ ઉત્કૃષ્ટ દરિયાઈ કિલ્લો છે. આ કિલ્લાના બાંધકામમાં મજબૂતપણું આવે માટે તમણે કિલ્લાના પાયાની ભરણી માટે પાંચ ખાંડી (વીસ મણ) સીસું રેડવાની વ્યવસ્થા કરી હતી. તેમણે સિદ્દી ઉપર ધાક બેસાડવા રાજાપુરી સામે પદ્મદુર્ગ નામનો દરિયાઈ કિલ્લો બાંધ્યો. પોતાના એક પત્રમાં આ કિલ્લા બાબત તેઓ કહે છે, ''પદ્મદુર્ગ વસાવીને રાજપુરીની છાતી ઉપર બીજી રાજપુરી કરી.''



પદ્મદુર્ગ કિલ્લો

**નૌકાદળ (આરમાર) :** ભારતના પશ્ચિમ કિનારાપટ્ટી ઉપરના ગોવાના પોર્ટુગીઝ, જંજિરાના સિદ્દી તેમ જ સુરત અને રાજાપુરના અંગ્રેજ (કોઠીવાળા) વખારવાળા જેવા શત્રુઓ સ્વરાજ્ય વિસ્તારના કાર્યમાં અવરોધ ઊભા કરતા. આ અવરોધોને નિયંત્રણમાં રાખવાની અને પશ્ચિમ કિનારાપટ્ટીનું રક્ષણ કરવાની જરૂરિયાત હતી. તે માટે મહારાજાએ આરમાર ઊભું કર્યું. ''જેની પાસે નૌકાદળ તેનો સમુદ્ર'' તે મહારાજા સમજી ગયા. મહારાજા દૂરદર્શી હતા.

મહારાષ્ટ્રના નૌકાદળમાં જુદાજુદા પ્રકારના ચારસો જહાજો હતાં. તેમાં ગુરાબ, ગલબત અને પાલ એ લડાયક જહાજો હતાં. કલ્યાણ-ભિવંડીની ખાડી, વિજયદુર્ગ અને માલવણમાં જહાજો બાંધવામાં આવતાં. માયનાક ભંડારી અને દોલતખાન તેમના નૌકાદળના મુખ્ય અધિકારી હતા.



ગુરાબ



ગલબત

**કરી જુઓ.**

ભારતીય નૌસેનાના લડાયક જહાજોની માહિતી મેળવો અને જહાજોનાં ચિત્રોનો સંગ્રહ કરો.

**પ્રજાના હિતની કાળજી :** અન્ય રાજાઓની જેમ શત્રુના તાબામાં રહેલા પ્રદેશ જીતવા અને ત્યાં પોતાનું વર્ચસ્વ જમાવવું, એવી મર્યાદિત આકાંક્ષા સેવીને મહારાજાએ કાર્ય કર્યું નથી. પ્રજાને સ્વતંત્ર બનાવવી, એ તેમનો મુખ્ય ઉદ્દેશ હતો. પ્રજાને સ્વતંત્રતાનો સાચો આનંદ મેળવવો હોય, તો રાજ્યકારભાર શિસ્તબદ્ધ હોવો જોઈએ, પ્રજાના હિતની સર્વાંગીણ કાળજી લેવી જોઈએ અને જીતેલા પ્રદેશોનું રક્ષણ કરવું જોઈએ, તેવી સમજ તેમનામાં હતી. મહારાજ ફક્ત સત્તાધીશ નહોતા, પણ પ્રજાહિતદક્ષ રાજ્યકર્તા હતા, તેવું તેમના રાજ્યકારભાર ઉપરથી સ્પષ્ટ થાય છે.

3I1G5Y

## સ્વાધ્યાય

**૧. ઓળખો જોઈએ.**

(૧) આઠ ખાતાનું મંડળ –

(૨) બહિર્જી નાઈક આ ખાતાના પ્રમુખ હતા –

(૩) મહારાજાએ બંધાવેલો માલવણ નજીકનો જલદુર્ગ –

(૪) કિલ્લા ઉપર યુદ્ધસામગ્રીની વ્યવસ્થા સંભાળનાર–

**૨. તમારા શબ્દોમાં લખો.**

(૧) શિવાજી મહારાજની ખેતીવિષયક નીતિ.


(૨) શિવરાય એક પ્રજાહિતદક્ષ રાજ્યકર્તા.

**૩. શા માટે તે કહો.**

(૧) શિવાજી મહારાજે અષ્ટપ્રધાન મંડળ સ્થાપ્યું.

(૨) શિવાજી મહારાજે નૌકાદળ ઊભું કર્યું.

**૪. પ્રવાહ તક્તો પૂર્ણ કરો.**




**ઉપક્રમ :**

(૧) તમારા પરિસરમાં રહેતા ભારતીય સેનાદળમાં કામ કરેલી વ્યક્તિની મુલાકાત લો.

(૨) તમારા ગામની બજારની મુલાકાત લઈને પરિસરમાં તૈયાર થતી વસ્તુ અને બહારગામથી વેચાણ માટે આવેલી વસ્તુની યાદી બનાવો.



સિંધુદુર્ગ કિલ્લો

# ૮. આદર્શ રાજ્યકર્તા

સ્વરાજ્ય સ્થાપના પહેલાં મહારાષ્ટ્રમાં આદિલશાહી, સિદ્દી, પોર્ટુગીઝ અને મોગલ સત્તાનું વર્ચસ્વ હતું. આ સત્તાઓના વિરોધમાં શિવાજી મહારાજે સંઘર્ષ કર્યો. દરેક પ્રકારની પ્રતિકૂળ પરિસ્થિતિનો તેમણે સામનો કર્યો. તેમણે સ્વતંત્ર અને સાર્વભૌમ સ્વરાજ્ય સ્થાપ્યું. સ્વરાજ્યના કારભારની વ્યવસ્થા કરી. સ્વરાજ્યનું સુરાજ્ય કર્યું. મહારાજે પોતાના સામર્થ્યથી નવી જ સૃષ્ટિ નિર્માણ કરી. સ્વરાજ્ય સ્થાપના માટેનો સંઘર્ષ કરતી વખતે મહારાજે પોતે અનેક મોટાં જોખમોનો સામનો કર્યો. અફઝલખાનની મુલાકાતનો પ્રસંગ, પન્હાળાનો ઘેરો શાયિસ્તાખાન ઉપર કરેલો છાપો, આગ્રામાંથી છુટકારો જેવા બધા પ્રસંગો ખૂબ જ જોખમી હતા. તેમણે આ દરેક પ્રસંગોનો સફળતાપૂર્વક સામનો કર્યો. તેમાંથી તેઓ સુખરૂપ બહાર નીકળ્યા.



**વિચાર કરો.**

પોતાના પ્રાણનું બલિદાન આપનારા મદદનીશો હોવાથી શિવાજી મહારાજ સ્વરાજ્ય ઊભું કરી શક્યા.

મૈત્રીનું મહત્ત્વ સમજાવનારા વિવિધ ભાષાની કહેવતો, રૂઢિપ્રયોગો શોધો. દા.ત., A friend in need is a friend indeed.

**સંગઠન ચાતુર્ય :** સ્વરાજ્યનાં કાર્ય માટે મહારાજે પોતાની આસપાસના લોકોને પ્રેરિત કર્યાં. તેમની પાસે વિલક્ષણ સંગઠન ચાતુર્ય હતું. તે ચાતુર્યનો ઉપયોગ કરીને તેમણે પોતાની આસપાસ શૂરવીર અને બલિદાન આપનારા લોકો ભેગા કર્યાં. સ્વરાજ્યના કાર્યમાં તેમના આ મદદનીશોએ પોતાના પ્રાણની પરવા કર્યા વગર પોતાની ફરજ બજાવી. અફઝલખાનની મુલાકાત વખતે અત્યંત જોખમી ક્ષણે બડા સૈયદને ઠાર કરનાર જીવા મહાલ, પન્હાળાગઢના ઘેરામાંથી બહાર નીકળતી વખતે શિવાજી મહારાજની ભૂમિકામાં અવરજવર કરનાર શિવા કાશિદ, વિશાળગઢ તરફ મહારાજ જતા હતા ત્યારે તેમનો પીછો કરનાર દુશ્મનનો રસ્તો રોકી રાખનાર બાજીપ્રભુ દેશપાંડે, પુરંદરના કિલ્લા માટે લડનારો મુરારબાજી દેશપાંડે, સિંહગઢ જીતવા માટે યુદ્ધભૂમિમાં બલિદાન આપનાર તાનાજી માલુસરે, મહારાજાના આગ્રામાંથી છુટકારાના પ્રસંગે જોખમી જવાબદારી સ્વીકારનાર હિરોજી ફર્જંદ અને મદારી મહેતર જેવાં અનેક ઉદાહરણો સ્વરાજ્યના વિકાસ અને વિસ્તારના કાર્યમાં જોવા મળે છે. મહારાજા પોતાના મદદનીશોની કાળજી લેતા. દા.ત., સ્વરાજ્ય સ્થાપનાના કાર્યમાં કાન્હોજી જેધે શરૂઆતથી જ તેમની સાથે હતા. ઢળતી વયે તેઓ માંદા પડ્યા. તે સમયે મહારાજાએ તેમને કહ્યું કે, ''ઔષધોપચારમાં કોઈપણ પ્રકારની ઢીલ કે બેદરકારી રાખશો નહિ.''

**રૈયતની કાળજી :** સ્વરાજ્ય સ્થાપનાના કાર્યમાં શત્રુઓ સાથે મહારાજાનો સંઘર્ષ ચાલતો હતો. દુશ્મનોની સવારીને લીધે પ્રજા ત્રસ્ત હતી. આવા સમયે પ્રજાની વધારેમાં વધારે કાળજી રાખવાનો મહારાજ પ્રયત્ન કરતા હતા. શાયિસ્તાખાનની સવારી વખતે મહારાજાએ રોહિલખંડના દેશમુખોને પ્રજા સંબંધી પોતાનું કર્તવ્ય પાર પાડવા (પૂરું કરવા) બાબત તાકીદ કરી હતી. તેમણે દેશમુખોને ગામેગામ ફરીને ઘાટ નીચે જ્યાં સુરક્ષિત જગ્યા હોય ત્યાં લોકોને લઈ જવાનું કહ્યું. આ કાર્યમાં ''એક પણ પળનો વિલંબ ન કરવો' એવી સખત તાકીદ કરી. વળી આગળ સખત શબ્દોમાં ચેતવણી આપતાં કહ્યું કે, ''જો રૈયતની આવી કાળજી લેશો નહિ તો મોગલસૈન્ય આવશે, લોકોને કેદી બનાવશે અને તેનું પાપ તમને લાગશે.'' પોતાના સૈનિકો તરફથી પ્રજાને હેરાનગતિ ન થાય, એની કાળજી મહારાજ લેતા હતા.

**લશ્કર વિષયક નીતિ :** મહારાજાના લશ્કરમાં કડક શિસ્ત હતી. સૈન્યને સમયસર પગાર (વેતન) આપવાની બાબતમાં તેઓ દૃઢનિશ્ચયી હતા. તેમણે સૈનિકોને રોકડ રકમમાં વેતન આપવાની વ્યવસ્થા

કરી. મધ્યયુગના ભારતમાં ઠેરઠેરના રજવાડામાં અને અન્યત્ર પણ સૈનિકોને રોકડ વેતનને બદલે જાગીર આપવાની પદ્ધતિ હતી. મહારાજાએ આ પદ્ધતિને બંધ કરી. તેમની સવારી જ્યારે દુશ્મનના પ્રદેશમાં જાય, ત્યારે સૈનિકોને જે કંઈ મળે તે બધું સરકારમાં જમા કરવા બાબત લશ્કરને તાકીદ હતી. લડાઈમાં પરાક્રમ કરવા બદલ સૈનિકોનું માન-સન્માન કરવામાં આવતું. લડાઈમાં જે સૈનિક મૃત્યુ પામે, તેના કુટુંબના જીવનનિર્વાહની જવાબદારી તેઓ પોતે લેતા. જખમી સૈનિકોની પણ કાળજી લેતા. લડાઈમાં શરણે આવેલા અથવા બંદી બનેલા દુશ્મનના સૈનિકો સાથે તેઓ સારી રીતે વર્તતા હતા.



**તમે જાણો છો કે?**

પાકની વાવણી - લણણી -ઊગવાના સમયે યુદ્ધની શરૂઆત થાય તો ખેડૂતોની હાલાકીનો કોઈ પાર રહેતો નથી. સૈન્યની હિલચાલ વાવણીના કામમાં તો આડી આવે જ છે પણ સૈનિકો કેટલીક વખત ઊભા પાકને કાપીને લઈ જાય છે અથવા તેનો નાશ કરે છે. ખેડૂતોનાં ઘરો લૂંટે છે. પોતાના સૈનિકોને આવાં કૃત્યથી દૂર રાખવાનો આદેશ મહારાજાએ અધિકારીઓને આપ્યો હતો. આ સંદર્ભે ઈ.સ. ૧૬૭૪માં છત્રપતિ શિવાજી મહારાજે પોતાના લશ્કરી અધિકારીઓને ઉદ્દેશીને લખેલો પત્ર ખૂબ મહત્ત્વનો છે. મહારાજાએ લશ્કરની શિસ્ત બાબતમાં કેટલો ઝીણવટથી વિચાર કર્યો હતો, તેનો તે પત્ર પરથી ખ્યાલ આવે છે.

''પ્રજાને ત્રાસ આપવા લાગશે; એવામાં લોકો કોઈ કણબીના દાણા લાવશે, કોઈ ભાખરી, કોઈ ઘાસ, કોઈ બળતણ, કોઈ શાકભાજી, કોઈ તંબૂ. આવી લૂંટફાટ અને જોરજુલમને લીધે જે કણબી પોતાનું ઘર પકડીને જીવ મુઠ્ઠીમાં લઈને રહ્યા છે તે પણ જવા લાગશે. કેટલાંયે ઉપવાસી રહીને મરવા પડશે. એટલે તેમને એવું લાગશે કે, ''મોગલો પ્રદેશમાં આવ્યા તેનાથી પણ વધારે તમે જુલમ કરો છો! એવો ગુસ્સો આવશે.''

**સહિષ્ણુ વર્તન :** મહારાજાને જે સત્તાઓ સાથે સંઘર્ષ કરવો પડ્યો, તેમાંથી આદિલશાહ, મોગલ અને સિદ્દી ઈસ્લામ હતા. પણ તેમની સાથેના સંઘર્ષ વખતે મહારાજે સ્વરાજ્યના મુસલમાનોને પોતાના પ્રજાજન જ માન્યા. અફઝલખાનની મુલાકાત વખતે મહારાજાના સૈન્યમાં સિદ્દી ઈબ્રાહીમ વિશ્વાસુ સેવક હતો. સિદ્દી હિલાલ મહારાજાના સૈન્યમાં સરદાર હતો. સ્વરાજ્યના નૌકાદળમાં (આરમારમાં) દોલતખાન મહત્ત્વનો અધિકારી હતો.

મહારાજાની ધાર્મિક નીતિ સહિષ્ણુ હતી. દુશ્મનનો કોઈ પ્રદેશ જીતી લીધો હોય ત્યારે, ત્યાંનાં મુસ્લિમ ધર્મસ્થળોને પહેલેથી મળતી સગવડ-સુવિધાઓ તેઓ ચાલુ રાખતા. તેમની ધાર્મિક સહિષ્ણુ નીતિ માટે સમકાલીન ઇતિહાસકાર ખાફિખાન લખે છે કે, ''શિવાજીએ પોતાના સૈનિકો માટે એવો કડક નિયમ કર્યો હતો, કે ઝુંબેશ દરમ્યાન મસ્જિદને ધક્કો મારવો નહિ, કુરાનની પ્રત હાથમાં આવે તો તેને પૂજ્યભાવથી મુસલમાન વ્યક્તિના હાથમાં સુપ્રત કરવી.''

**સ્વાતંત્ર્યની પ્રેરણા :** શિવાજી મહારાજના સ્વરાજ્ય સ્થાપનાના પ્રયત્નોનું એક અલગ જ મૂલ્ય છે. તે મૂલ્ય સ્વાતંત્ર્યનું છે. બીજી કોઈપણ સત્તાનું વર્ચસ્વ ન માનતા પોતાનું સ્વાતંત્ર્ય અને સાર્વભૌમ અસ્તિત્ત્વ જાળવી રાખવું. આ હેતુ તેની પાછળ રહેલો છે. પરકીય અને અન્યાયી સત્તાના વિરોધમાં સંઘર્ષ કરતી વખતે મહારાજાએ બીજાઓને પણ સ્વાતંત્ર્યની પ્રેરણા આપી. મોગલોની સેવામાં રહેલો છત્રસાલ જ્યારે મહારાજાને મળ્યો, ત્યારે તેમણે તેને બુંદેલખંડમાં સ્વતંત્ર રાજ્ય સ્થાપવાની પ્રેરણા આપી.

**મહારાજાનાં કાર્યોની મહાનતા :** મહારાજાએ અનેક દુશ્મનો સાથે સંઘર્ષ કરતાં કરતાં સ્વરાજ્યની સ્થાપના કરી, આ કાર્ય જ તેમને યુગપ્રવર્તક તરીકે સિદ્ધ કરે છે. પરંતુ આ કાર્ય ઉપરાંત તેમના વ્યક્તિમત્ત્વમાં પણ બીજા અનેક સદ્‌ગુણોનો સમૂહ જોવા મળે છે.

મહારાજ અત્યંત બુદ્ધિશાળી હતા. તેમણે અનેક કલાઓ આત્મસાત કરી હતી. તેમને અનેક ભાષા અને લિપિનું જ્ઞાન હતું. માતાપિતાએ સીંચેલા સ્વરાજ્ય સ્થાપનાના અને નૈતિકતાના સંસ્કાર તેમના મનના ઊંડાણ સુધી ઊતરેલા હતા. તેમના વ્યક્તિમત્ત્વમાં ચારિત્ર્ય અને સામર્થ્ય, શીલ અને પરાક્રમનો સમન્વય હતો. તેમનામાં નેતૃત્ત્વ, વ્યવસ્થાપન, દીર્ઘદષ્ટિ, રાજકીય મુત્સદ્દીગીરી, મુલકી અને લશ્કરી પ્રશાસન વિશેની અસરકારક નીતિ, સત્ય અને ન્યાય પ્રત્યેની નિષ્ઠા, દરેક સાથે સમાન વર્તન, ભવિષ્યના કાર્યની રૂપરેખા તૈયાર રાખવા માટેનું આયોજન, નિયોજીત પ્રકલ્પો, તાબડતોબ અમલમાં મૂકવાનું કૌશલ્ય, સંકટના સમયે ધીરજ ગુમાવ્યા વગર તેમાંથી ઊગરી જવાનો નિર્ધાર, સદૈવ જાગૃત રહેવાની સાવચેતી વગેરે અસંખ્ય ગુણો હતા.

સ્ત્રીઓની બાબતમાં કોઈ અનુચિત વર્તન કરે તો તે કરનારને કઠોર શિક્ષા કરતા. પ્રજામાં ખેડૂત, કારીગર, સૈનિક, વેપારી એમ દરેક લોકોની તેઓ કાળજી રાખતા. સ્વધર્મી વ્યક્તિ જેવો જ આદરભાવ પરધર્મની વ્યક્તિ માટે રાખતા. પરધર્મ સ્વીકારનાર વ્યક્તિને ફરી સ્વધર્મમાં સ્વીકારવાનો જે સમયમાં વિરોધ હતો, તે સમયમાં તેમણે આવી વ્યક્તિઓને ફરીથી સ્વધર્મમાં સ્વીકાર્યા. વળી તે પ્રસંગે તેમની સાથે પોતે સંબંધથી જોડાયા. ધાર્મિક કારણોસર દરિયાઈ સફર માટે વિરોધ હતો, તે સમયે તેમણે સિંધુદુર્ગ જેવો જલદુર્ગ બાંધ્યો અને નૌકાદળની સ્થાપના કરી. દરિયાઈ માર્ગે થઈ શકનારાં બાહ્ય આક્રમણોને ધ્યાનમાં રાખીને તેના ઉપાયો વિચારીને તૈયારી રાખી હતી. તેઓ રાજ્યાભિષેક દ્વારા સ્વરાજ્યના અધિકૃત રાજા બન્યા. તેમણે એક રાજ્યાભિષેક પછી ધાર્મિક દષ્ટિએ જુદા પ્રકારનો બીજો રાજ્યાભિષેક કરાવ્યો. તેમનાં આ બધાં કાર્યો ધાર્મિક ક્ષેત્રમાં ક્રાંતિ દર્શાવનારાં છે.

સ્વરાજ્ય ઉપર જ્યારે જીવલેણ સંકટો આવતાં, ત્યારે મદદનીશોને બદલે અથવા તેમની સાથે તેઓ પોતે તે સંકટો સામે લડતા. તેને લીધે તેમના મદદનીશો પણ સ્વરાજ્ય માટે પ્રાણાર્પણ કરવા તૈયાર રહેતા. એટલે કેવળ મોટાં સંકટોનો ધૈર્યપૂર્વક અને નિર્ભયતાથી સામનો કરવો એટલું જ તેમનું મોટાપણું (મોટપ) નહોતું. તેમને તો પોતાના સ્વરાજ્યને નૈતિકતા અને ગુણવત્તાનો આધાર આપવો હતો. માટે જ મહત્ત્વની બાબતોની જેમ જ નાની નાની બાબતોમાં પણ તેમણે સંબંધિતોને યોગ્ય આદેશ આપ્યાનું જોવા મળે છે. સૈનિકોએ ખેડૂતોનાં ખેતરનાં શાકભાજી પણ જબરદસ્તીથી લેવા નહિ, આ અર્થનો આદેશ તે દષ્ટિએ આદર્શ ગણાય. ઝાડના તોડવા ઉપર તેમણે કરેલી બંધી પણ મહત્ત્વની છે.



**વિચાર કરો.**

વૃક્ષસંવર્ધન કરવું શા માટે જરૂરી છે?

કિલ્લા ઉપર કચરો અહીં-તહીં ગમે ત્યાં ન નાંખતા વાડામાં બાળવો અને તેની રાખ ઉપર ભાજીપાલો ઉગાડવો, એવો તેમનો આદેશ હતો. સ્વરાજ્યને વિકસાવવા માટે તેઓ નાની-સૂની બાબત તરફ કેટલું ધ્યાન આપતા હતા, તે આના પરથી સ્પષ્ટ થાય છે. તેઓ ફક્ત યોદ્ધા નહોતા પણ એક નવા, સ્વતંત્ર, નીતિમાન અને સુસંસ્કૃત સમાજનું નિર્માણ કરનારા શિલ્પકાર હતા, તેઓ સર્વાંગી રીતે મહાન છે.



**કહો જોઈએ!**

- તમારા પરિસરના કચરાની વ્યવસ્થા કેવી રીતે થાય છે?
- કચરાની વ્યવસ્થા કરનારી યંત્રણાનું નામ કહો.

**તમે જાણો છો કે?**

મહાત્મા જ્યોતિરાવ ફુલેએ છત્રપતિ શિવાજી મહારાજ ઉપર સને ૧૮૬૯માં એક પોવાડા (આખ્યાન) કર્યો. તેનો કેટલોક ભાગ અહીં આપેલો છે.

*।। शिवाचा गजर जयनामाचा झेंडा रोविला ।।*
*।। क्षेत्र्याचा मेळा मावळ्याचा शिकार खेळला ।।*
*माते पायीं ठेवी डोई गर्व नाहीं काडीचा ।*
*आशिर्वाद घेई आईचा ।।*
*आलाबला घेई आवडता होतो जिजीचा ।*
*पवाडा गातो शिवाजीचा ।।*
*कुळवाडी – भूषण पवाडा गातो भोसल्याचा ।*
*छत्रपती शिवाजीचा ।।३।।*

લોકમાન્ય ટિળકે શિવજયંતિ ઉત્સવના માધ્યમ દ્વારા રાષ્ટ્રીય જાગૃતિ નિર્માણ કરી. શિવચરિત્રની માહિતી આપતું પુસ્તક લાલા લજપતરાયે લખેલું છે. તામિલ કાવ્યોના પિતામહ સુબ્રમણ્યમ્ ભારતીએ શિવાજી મહારાજ પોતાના મદદનીશોને ઉદ્દેશીને બોલે છે, તેવો કાલ્પનિક પ્રસંગ દર્શાવતી કાવ્યરચના કરી છે. વિશ્વકવિ રવિન્દ્રનાથ ટાગોરે મહારાજ ઉપર એક દીર્ઘ કવિતા લખી છે. મહારાજાના રાજ્યસાધનાના પ્રયત્નો તરફ તેઓ 'મહાન ધ્યેય સાધનાના પ્રયત્ન' તરીકે જુએ છે. સર જદુનાથ સરકારે 'શિવાજી એન્ડ હીઝ ટાઈમ્સ' ગ્રંથમાં છત્રપતિ શિવાજી મહારાજાનાં કાર્યોનું ગૌરવ કર્યું છે. પંડિત જવાહરલાલ નહેરુએ મહારાજા માટે એમ કહ્યું છે કે, ''મહારાજ ફક્ત મહારાષ્ટ્રના જ નહોતા, પણ સમગ્ર રાષ્ટ્રના હતા. તેમને આપણા દેશ ઉપર ખૂબ પ્રેમ હતો. માનવ સદ્‌ગુણોના તેઓ સાક્ષાત પ્રતીક હતા.'' ભારતની દરેક ભાષામાં મહારાજાની પ્રેરણા અને આદર્શનું વર્ણન કરતાં સાહિત્યનું સર્જન થયેલું છે.

શિવાજી મહારાજના સ્વરાજ્યનાં કાર્યોની અને તેનું સુરાજ્યમાં રૂપાંતર કરવાની પ્રેરણા ભવિષ્યની પેઢી માટે આદર્શ બની રહેશે. શિવાજી મહારાજ એક મહાન રાષ્ટ્રપુરુષ હતા.

3I53TV

## સ્વાધ્યાય

**૧. પાઠમાંથી શોધીને લખો.**

(૧) શિવાજી મહારાજના જીવનના જોખમી પ્રસંગ ક્યા હતા?
(૨) શિવાજી મહારાજના આગ્રાથી છુટકારાના પ્રસંગે જોખમ ઉઠાવનાર કોણ?
(૩) રોહિલખંડના દેશમુખોને શિવાજી મહારાજે કઈ તાકીદ કરી?
(૪) શિવાજી મહારાજની કઈ પ્રેરણા ભવિષ્યની પેઢી માટે આદર્શ બની રહેશે?

**૨. લખતા થાઓ.**

(૧) પ્રજાને નુકસાન ન થાય માટે શિવરાયે સૈનિકોને કઈ તાકીદ કરી?
(૨) શિવાજી મહારાજની ધાર્મિક નીતિ સહિષ્ણુ હતી, તે કઈ બાબત ઉપરથી જણાય છે?
(૩) શિવાજી મહારાજની લશ્કર વિષયક નીતિ સ્પષ્ટ કરો.

**૩. એક શબ્દમાં લખો.**

(૧) સ્વરાજ્યના નૌકાદળના મહત્ત્વના અધિકારી–
(૨) શિવાજી મહારાજા ઉપર કાવ્ય રચનારા તામિલ કવિ –
(૩) બુંદેલખંડમાં સ્વતંત્ર રાજ્ય નિર્માણ કરનાર –
(૪) પોવાડા (આખ્યાન) દ્વારા શિવાજી મહારાજની મહત્તા દર્શાવનાર –

**ઉપક્રમ :**

(૧) મુશ્કેલીના સમયે મિત્રને કરેલી મદદનું વર્ણન વર્ગમાં કરો.
(૨) વ્યક્તિનાં નામ ઉપરથી ગામો, શહેરોનાં નામ છે તેની યાદી બનાવો.

# ૯. મરાઠાઓનો સ્વાતંત્ર્યસંગ્રામ

છત્રપતિ શિવાજી મહારાજના મૃત્યુ પછી મરાઠાઓએ છત્રપતિ સંભાજી મહારાજ, છત્રપતિ રાજારામ મહારાજ અને મહારાણી તારાબાઈના નેતૃત્વ હેઠળ સ્વરાજ્યના રક્ષણ માટે મોગલોનો પ્રખર સામનો કર્યો. સત્યાવીસ વર્ષોની લાંબી લડાઈને ''મરાઠાઓનો સ્વાતંત્ર્યસંગ્રામ'' કહેવાય છે. ઈ.સ. ૧૬૮૨માં તો ખુદ ઔરંગઝેબ બાદશાહ દક્ષિણમાં ચડી આવ્યો. તો પણ મોગલો સાથેના આ સંગ્રામમાં અનેક મુશ્કેલીઓનો સામનો કરીને મરાઠા વિજયી બન્યા. આ સ્વાતંત્ર્ય સંગ્રામ એટલે ભારતના ઇતિહાસમાં એક રોમાંચક અને તેજસ્વી સમયગાળો છે. આપણે આ પાઠમાં સ્વાતંત્ર્ય સંગ્રામનો અભ્યાસ કરવાના છીએ.

અહીંનો 'મરાઠા' શબ્દ 'મરાઠી ભાષા બોલનારા' અથવા 'મહારાષ્ટ્રીયન લોકો'ના અર્થમાં છે.

**કરીને જુઓ.**

હું સંભાજીરાજે બોલું છું... પાત્ર અભિનય કરો.



છત્રપતિ સંભાજી મહારાજ

**છત્રપતિ સંભાજી મહારાજ :** સંભાજી મહારાજ છત્રપતિ શિવાજી મહારાજના જ્યેષ્ઠ પુત્ર હતા. તેમનો જન્મ ૧૪ મે ૧૬૫૭ના રોજ પુરંદર કિલ્લા ઉપર થયો હતો. શિવાજી મહારાજા પછી તેઓ છત્રપતિ બન્યા. તે સમયે મરાઠાઓનો મોગલો સાથે સંઘર્ષ ચાલુ હતો. આવી સ્થિતિમાં ઔરંગઝેબ બાદશાહના પુત્ર શાહજાદા અકબરે પિતા વિરુદ્ધ બંડ કર્યું. આ બંડ બાદશાહે શમાવી દીધું. પછી અકબર દક્ષિણમાં સંભાજી મહારાજાના આશરે આવ્યો. તેને હરાવવા માટે બાદશાહ પોતે ઈ.સ. ૧૬૮૨માં દક્ષિણમાં આવ્યા. તેની સાથે પુષ્કળ સૈન્ય અને અસરકારક તોપખાનું હતું. તેણે જંજિરાના સિદ્દીઓને મરાઠાઓ વિરુદ્ધ ઝુંબેશ કરવા કહ્યું. પોર્ટુગીઝોને પણ પોતાની તરફ ખેંચી લીધા. તેથી સંભાજી મહારાજાને એક સાથે અનેક દુશ્મનોનો સામનો કરવાનો વારો આવ્યો. સંભાજી મહારાજાની કારકિર્દીમાં શિવાજી મહારાજ પછી થયેલા મરાઠાઓના સ્વાતંત્ર્ય સંગ્રામનું આ પહેલું પર્વ હતું. મહારાજાએ પોતાની કારકિર્દી દરમ્યાન જ તેમને મુલકી રાજ્યકારભારનું અને લશ્કરી ઝુંબેશનું ઉત્કૃષ્ટ શિક્ષણ આપ્યું હતું. ઉંમરના ચૌદમા વર્ષથી તેઓ રાજ્યનો કારભાર અને સૈન્યના અધિકાર બાબત ધ્યાન આપવા લાગ્યા હતા. યુવરાજ હતા તે વખતે જ તેમણે મોગલોના અને આદિલશાહના અનેક પ્રદેશો ઉપર સવારીઓ કરી હતી. તેમના યુદ્ધ કૌશલ્યનું વર્ણન કરતી વખતે તે સમયના ફ્રેંચ પ્રવાસી ઍબે કેરે કહે છે કે, ''યુવરાજ નાનો હોવા છતાં પણ ધૈર્યવાન અને પોતાના પિતાની કીર્તિને શોભે એવો જ શૂરવીર છે.....''

સંભાજી મહારાજ છત્રપતિ બન્યા પછી મરાઠાઓનો મોગલો સાથેનો સંઘર્ષ વધારે જ ઉગ્ર બન્યો. કાબુલથી કન્યાકુમારી સુધી મોગલોનું એકચક્રી શાસન સ્થાપવાનો ઔરંગઝેબનો ઉદ્દેશ હતો. પોતાના પ્રચંડ લશ્કરી અને આર્થિક સામર્થ્ય વડે મરાઠાઓના રાજ્યનો સંપૂર્ણ નાશ કરવાનું તેનું સ્વપ્ન હતું. પણ સંભાજી મહારાજાએ પોતાના

પરાક્રમથી અને યુદ્ધકૌશલ્યથી તેનું સ્વપ્ન ધૂળમાં મેળવી દીધું. તેમના સૈન્યની ટુકડીઓ મોગલોના અનેક પ્રદેશોમાં હુમલાઓ કરતી હતી. મરાઠાઓનો નાસિક પાસેનો રામસેજ કિલ્લો તો બાદશાહના સૈનિકોને લાંબા સમયના પ્રયત્ન પછી પણ મળી શક્યો નહિ. આવી રીતે સંભાજી મહારાજના પરાક્રમથી ઔરંગઝેબ લાચાર બની ગયો હતો. તેથી એક વખત અત્યંત ગુસ્સામાં તેણે પોતાના માથા પરની પાઘડી જમીન ઉપર ફેંકી અને પ્રતિજ્ઞા કરી કે, ''આ સંભાજીને હરાવ્યા સુધી હું ફરીથી પાઘડી પહેરીશ નહિ.'' સંભાજી મહારાજે ઔરંગઝેબને એટલો પરેશાન કરી દીધો હતો.



**તમે જાણો છો કે?**

મરાઠાઓના કિલ્લા જીતી લેવાથી તેમનું રાજ્ય નાશ પામશે એવા વિચારથી શરૂઆતમાં ઔરંગઝેબે નાસિક પાસેના રામસેજ કિલ્લાને ઘેરો ઘાલ્યો. ઔરંગઝેબનું સૈન્ય મોટું હતું. મરાઠાઓનું સૈન્ય ખૂબ જ નાનું હતું. પણ તેમણે અત્યંત ધૈર્યપૂર્વક સામનો કર્યો. આ ઘેરો પાંચ વર્ષ સુધી ચાલ્યો. મુઠ્ઠીભર મરાઠી સૈનિકોએ કરેલું આ પરાક્રમ અદ્વિતીય હતું. મરાઠાઓના ધૈર્યપૂર્વક સામનાને લીધે તેમની સાથે સંઘર્ષ કરવાનું મુશ્કેલ હોવાની ઔરંગઝેબને જાણ થઈ.

**સિદ્દી વિરોધી ઝુંબેશ :** જંજિરાના સિદ્દી મરાઠી મુલકોમાં ઉપદ્રવ મચાવતા હતા. મરાઠાઓના પ્રદેશો ઉપર ધાડ પાડી તેઓ આગ લગાડતા, લૂંટફાટ કરતા અને અત્યાચાર કરતા. ''ઘરમાં જેમ ઉંદર તેમ રાજ્યમાં સિદ્દી.'' એવું તેમનું વર્ણન સભાસદે કર્યું છે. સંભાજી મહારાજે ઈ.સ. ૧૬૮૨માં તેમની વિરુદ્ધ ઝુંબેશ ઉપાડી. તેમના સૈન્યએ સિદ્દીના તાબામાં રહેલા દંડારાજપુરી કિલ્લાને ઘેરો ઘાલ્યો અને જંજિરા ઉપર પણ તોપો દ્વારા આક્રમણ કર્યું. પરંતુ તે જ સમયે મોગલોનું સૈન્ય સ્વરાજ્ય પર ચડી આવ્યું. તેથી જંજિરાની ઝુંબેશ અધવચ્ચેથી જ છોડીને સંભાજી મહારાજાને પાછું ફરવું પડ્યું.

**પોર્ટુગીઝો વિરુદ્ધની ઝુંબેશ :** ગોવાના પોર્ટુગીઝોએ સંભાજી મહારાજ વિરુદ્ધ બાદશાહ સાથે હાથ મેળવ્યા હતા. તેથી તેમણે પોર્ટુગીઝોને પાઠ ભણાવવાનું નક્કી કર્યું. તેમણે ઈ.સ. ૧૬૮૩માં પોર્ટુગીઝોના રેવદંડા બંદર ઉપર હુમલો કર્યો. તેના જવાબમાં પોર્ટુગીઝોએ ગોવાની સરહદે આવેલા મરાઠાઓના ફોંડા કિલ્લાને ઘેરો ઘાલ્યો. મરાઠાઓએ આ ઘેરો તોડીને ગોવા ઉપર ચડાઈ કરી. આ લડાઈમાં યેસાજી કંકે પરાક્રમની પરાકાષ્ઠા બતાવી. તેમાં પોર્ટુગીઝ ગવર્નર ઘાયલ થયો. તેને પીછેહઠ કરવી પડી. સંભાજી મહારાજે તેનો પીછો કર્યો. પોર્ટુગીઝો મહાસંકટમાં સપડાયા. તે જ વખતે મોગલોએ દક્ષિણ કોંકણ ઉપર આક્રમણ કર્યાના સમાચાર સંભાજી મહારાજને મળ્યા. તેથી હાથવેંત આવેલા ગોવાના વિજયને છોડી તેમને મોગલોનો સામનો કરવા પાછું ફરવું પડ્યું.

**આદિલશાહી અને કુતુબશાહીનો અંત :** ઔરંગઝેબને મરાઠાઓ વિરુદ્ધની ઝુંબેશમાં સફળતા મળતી નહોતી. તેથી તેણે તે ઝુંબેશ પડતી મૂકી. ત્યાર પછી તેણે પોતાનો મોરચો આદિલશાહી અને કુતુબશાહીનાં રાજ્યો તરફ વાળ્યો. ઔરંગઝેબે તે રાજ્યો જીતી લીધાં.

આ બંને રાજ્યોની સંપત્તિ અને લશ્કર મોગલોના હાથમાં આવવાથી ઔરંગઝેબની સ્થિતિ મજબૂત બની. ત્યાર પછી મરાઠાઓનો પરાજય કરવા ઉપર પોતાની બધી શક્તિ કેંદ્રિત કરી. તેમના પ્રદેશો ઉપર ચારે બાજુથી હુમલા કર્યા. મોગલસેનાનો સામનો કરતાં મરાઠાઓના સેનાપતિ હંબીરરાવ મોહિતે માર્યા ગયા. તેથી સંભાજી મહારાજાની લશ્કરી તાકાત નબળી પડી.

**સંભાજી મહારાજાનો મુલકી કારભાર :** સંભાજી મહારાજે યુદ્ધની આ તડામારી વચ્ચે પણ પોતાના મુલકી રાજ્યકારભાર તરફ દુર્લક્ષ સેવ્યું નહોતું. તેમણે શિવરાયના સમયની ચોખ્ખી ન્યાય અને મહેસૂલ

વ્યવસ્થા તેમની તેમ ચાલુ રાખી હતી. સ્વરાજ્ય વિરુદ્ધ બળવો કરનારાને તેમજ સામાન્ય પ્રજાને હેરાન કરનારા વતનદારોને કડક સજા કરી. મહારાણી યેસૂબાઈને રાજ્યકારભારના અધિકાર આપ્યા. તેમના પોતાના સિક્કા કરી આપ્યા. શિવરાયની પ્રજાહિતની નીતિ તેમણે પોતાની કારકિર્દીમાં કાયમ રાખી.

સંભાજી મહારાજા સંસ્કૃત સાથે અનેક ભાષા જાણતા હતા. તેમણે ગ્રંથોનું લેખન પણ કર્યું છે. રાજનીતિ વિષયક પ્રાચીન ભારતીય ગ્રંથોનું અવલોકન કરીને તેનો સાર 'બુધભૂષણમ' ગ્રંથમાં રજૂ કર્યો છે.

**તમે જાણો છો કે?**

સંભાજી મહારાજાએ સંસ્કૃત ભાષામા 'બુધભૂષણમ્' ગ્રંથની રચના કરી છે. તેના બીજા અધ્યાયમાં રાજનીતિની ચર્ચા કરેલી છે. તેમાં રાજાનાં લક્ષણો, પ્રધાન, રાજપુત્રનાં શિક્ષણ અને કાર્ય, રાજાના સલાહકાર, કિલ્લા અને કિલ્લા ઉપરની સામગ્રી, લશ્કર, રાજાનાં કર્તવ્યો, ગુપ્તચર(જાસૂસ) વ્યવસ્થા વગેરે બાબત માહિતી આપેલી છે.

**સંભાજી મહારાજનું મૃત્યુ :** ઔરંગઝેબ સંભાજી મહારાજને નમાવવા માટે તનતોડ પ્રયત્ન કરતો હતો. તેણે કોલ્હાપુર પ્રાંતમાં મુકર્રબખાનની નિમણૂંક કરી હતી. મહારાજ કોંકણના સંગમેશ્વરમાં હોવાના સમાચાર મુકર્રબખાનને મળ્યા ત્યારે તેણે છાપો મારીને સંભાજી મહારાજાને પકડી લીધા. બાદશાહ પાસે લાવ્યા પછી તેઓ તેમની સાથે અતિશય સ્વાભિમાનથી વર્ત્યા. પછી બાદશાહના હુકમથી ૧૧ માર્ચ ૧૬૮૯ના રોજ અત્યંત અમાનુષી રીતે તેમને ઠાર મારવામાં આવ્યા. મરાઠાઓના આ છત્રપતિ સ્વાભિમાન જાળવીને અત્યંત ધીરતા અને વીરતાપૂર્વક મૃત્યુને ભેટ્યા. તેમના બલિદાનથી પ્રેરણા મેળવીને મરાઠાઓએ મોગલો વિરુદ્ધના સંઘર્ષને વધારે ઉગ્ર બનાવ્યો.


છત્રપતિ રાજારામ મહારાજ

**છત્રપતિ રાજારામ મહારાજ :** રાજારામ મહારાજ છત્રપતિ શિવાજી મહારાજના દ્વિતીય પુત્ર હતા. તેમનો જન્મ ૨૪ ફેબ્રુઆરી ૧૬૭૦ના રોજ રાયગઢ ઉપર થયો હતો. સંભાજી મહારાજના મૃત્યુ પછી તેઓ છત્રપતિ બન્યા. હવે મરાઠાઓનું રાજ્ય જીતવાનું પોતાનું સ્વપ્ન સાકાર થશે, એમ ઔરંગઝેબને લાગવા માંડ્યું. માટે તેણે રાયગઢને ઘેરો ઘાલવા ઝુલ્ફિકારખાનને મોકલ્યો. તે સમયે રાજારામ મહારાજ અને તેમના પત્ની મહારાણી તારાબાઈ તેમજ સંભાજી મહારાજના પત્ની યેસૂબાઈ અને પુત્ર શાહુ રાયગઢ ઉપર જ હતાં. આ દરેકે એક જ સ્થળે રહેવું જોખમકારક હતું. આ પ્રસંગે યેસૂબાઈએ આ મહાસંકટનો ધીરતાપૂર્વક સામનો કર્યો. કોઈ પણ પરિસ્થિતિમાં મોગલોના શરણે ન જવાનું નક્કી કરીને તેમણે રાયગઢ ઉપર મહત્ત્વનો રાજનૈતિક નિર્ણય લીધો. તે પ્રમાણે, રાજારામ મહારાજે રાયગઢના ઘેરામાંથી છટકીને જરૂર લાગે તો દૂરના જિંજી સુધી જવું, એમ નક્કી કર્યું. તેમ જ, મહારાણી યેસૂબાઈએ પોતાના નેતૃત્વ હેઠળ રાયગઢ ઉપર લડાઈ કરવી એવી નીતિ પણ નક્કી કરવામાં આવી. યેસૂબાઈએ પોતાના પુત્રને છત્રપતિ પદે ન બેસાડતા રાજારામ મહારાજને છત્રપતિ બનાવવાનો નિર્ણય લીધો. તેમનો આ નિર્ણય સ્વરાજ્ય પ્રેમનું અને અદ્ભુત સ્વાર્થત્યાગનું ઉદાહરણ છે. તેમણે પોતાના અને પુત્રના પ્રાણની પરવા કર્યા વગર મરાઠાઓના છત્રપતિને સુરક્ષિત રાખ્યા.

**ચાલો, શોધીએ.**

ભારતના નકશામાં 'જિંજી' સ્થળ શોધો

**રાજારામ મહારાજાનું જિંજી તરફ પ્રયાણ :** ૫ એપ્રિલ ૧૬૮૯ના રોજ રાજારામ મહારાજ પોતાના કેટલાક મદદનીશો સાથે રાયગઢના ઘેરામાંથી છટકી ગયા. તેમણે દક્ષિણમાં જિંજી જવાનો નિર્ણય લીધો. જિંજીનો કિલ્લો અભેદ્ય હતો. આ કિલ્લો જીતવો મોગલો માટે સરળ નહોતું. પ્રલ્હાદ નિરાજી, ખંડો બલ્લાળ, રૂપાજી ભોંસલે વગેરે વિશ્વાસુ લોકોને સાથે લઈને રાજારામ મહારાજ જિંજી પહોંચ્યા.

**મરાઠાઓની હિલચાલ :** મોગલ સામર્થ્ય સામે રાયગઢમાં લાંબો સમય લડવું મુશ્કેલ હતું. મોગલોએ નવેમ્બર ૧૬૮૯માં રાયગઢ તાબામાં લઈ લીધો અને મહારાણી યેસૂબાઈ અને શાહુને કેદ કર્યાં. જિંજી જતી વખતે રાજારામ મહારાજે મોગલો વિરુદ્ધના સંઘર્ષની જવાબદારી રામચંદ્રપંત અમાત્ય, શંકરાજી નારાયણ સચિવ, સંતાજી ઘોરપડે અને ધનાજી જાધવને સોંપી હતી.

મરાઠાઓની દૃષ્ટિએ કટોકટીની પરિસ્થિતિ હતી. ઔરંગઝેબે મરાઠાના સરદારોને વતનો અને જાગીર આપીને પોતાના પક્ષમાં ખેંચી લીધા હતા. તેને ધાક બતાવવા રાજારામ મહારાજે પણ તે જ યુક્તિ અજમાવી. મોગલ પ્રદેશ જે જીતશે તે પ્રદેશની જાગીર તે પ્રદેશ જીતનારા સરદારને આપવામાં આવશે, એવું વચન આપવામાં આવ્યું. છત્રપતિના આ વચન પછી અનેક પરાક્રમી સરદારો આગળ આવ્યા. તેમણે મોગલોના પ્રદેશ પર અચાનક અનેક સપાટે આક્રમણ કરવાની શરૂઆત કરી. મોગલ સૈનિકોને પરાજિત કર્યા. આ પરાક્રમમાં સંતાજી અને ધનાજી સૌથી મોખરે હતા. તેમના અચાનક હુમલા અને ગેરીલા યુદ્ધનીતિને કારણે મોગલોને પોતાની પ્રચંડ સાધનસામગ્રીનો અને વજનદાર તોપખાનાનો ઉપયોગ કરવો પણ મુશ્કેલ બન્યું. ઘણા બધા કિલ્લા, પ્રદેશ અને ખજાના પોતાના તાબામાં ન હોવા છતાં પણ મરાઠાઓએ મોગલોને હેરાન-પરેશાન કરી નાંખ્યા. એક વખત તો સંતાજી ઘોરપડે અને વિઠોજી ચવ્હાણ બાદશાહની છાવણી પર અચાનક હુમલો કરીને તેમના તંબુ ઉપરનો સોનાનો કળશ કાપીને લઈ આવ્યા હતા.



**તમે જાણો છો કે?**

મોગલ સૈનિકો ધનાજીથી એટલા ડરતા હતા કે, ઘોડો પાણી પીતા ડરે તો તેઓ તેને પૂછતા, 'કેમ રે, તને પાણીમાં ધનાજી દેખાય છે કે?'

**જિંજીનો ઘેરો :** રાયગઢ તાબામાં લીધા પછી બાદશાહે ઝુલ્ફિકારખાનને દક્ષિણમાં જિંજી પર ચડાઈ કરવા મોકલ્યો. તેણે જિંજીને ઘેરો ઘાલ્યો. મરાઠાઓએ જિંજીના કિલ્લા માટે લગભગ આઠ વર્ષ સખત લડત આપી. સંતાજી અને ધનાજીએ ઘેરો ઘાલેલા મોગલ સૈનિકો ઉપર બહારથી પ્રખર હુમલો કર્યા. આખરે રાજારામ મહારાજ ઘેરામાંથી છટકીને મહારાષ્ટ્રમાં પાછા ફર્યા. ત્યારપછી ઝુલ્ફિકારખાને જિંજીનો કિલ્લો જીતી લીધો.

રાજારામ મહારાજના પાછા આવવાથી મરાઠાઓના બળમાં વધારો થયો. તેમણે મોગલોના તાબામાં રહેલા ખાનદેશ, વરાડ, બાગલાણ વગેરે પ્રદેશો પર હુમલા કર્યા. રાજારામ મહારાજે પોતાની સમજદારી અને મુત્સદ્દીગીરીથી સંતાજી અને ધનાજી જેવા સેંકડો મરાઠાવીરો તૈયાર કર્યા. તેમનામાં સ્વરાજ્યના રક્ષણની પ્રેરણા નિર્માણ કરવાની મહત્ત્વની કામગીરી બજાવી. પરંતુ આ બધું થતું હતું ત્યારે ૨ માર્ચ ૧૭૦૦માં રાજારામ મહારાજનું ટૂંકી માંદગીમાં સિંહગઢ ઉપર મૃત્યુ થયું.

રાજારામ મહારાજ વિચારવંત અને મળતાવડા સ્વભાવના હતા. મરાઠી રાજ્યના દરેક બાહોશ માણસોને એકત્રિત કર્યા. તેમનામાં એકતા નિર્માણ કરી અને ચૈતન્ય પ્રગટાવ્યું. સંભાજી રાજાના મૃત્યુ પછી ૧૧ વર્ષે તેમણે ઔરંગઝેબનો અતિશય ધૈર્યપૂર્વક અને તેની પાછળ પડીને સામનો કર્યો. અતિશય મુશ્કેલ સમયે સ્વરાજ્યનું સંરક્ષણ એ રાજારામ મહારાજની સૌથી મોટી કામગીરી હતી.

જાગીરદાર ગો.સ. સરદેસાઈએ છત્રપતિ રાજારામનું વર્ણન કરતી વખતે 'સ્થિરબુદ્ધિ' વિશેષણનો ઉપયોગ કર્યો છે. તેમણે કરેલો આ

ઉલ્લેખ સમગ્ર રીતે યથાર્થ લાગે છે.

**કરીને જુઓ.**

- તમારા પરિસરમાં વિવિધ ક્ષેત્રોમાં ઉલ્લેખનીય કામગીરી બજાવનાર મહિલાની મુલાકાત લો.

**મહારાણી તારાબાઈ :** છત્રપતિ રાજારામ મહારાજાના મૃત્યુ પછી ઔરંગઝેબને લાગ્યું કે પોતે લડાઈ જીતી ગયો. પણ પરિસ્થિતિ તદ્દન જુદી હતી. ઔરંગઝેબ એક પછી એક લડાઈ જીતતો હતો. પણ તે સંપૂર્ણ યુદ્ધ જીતી શકતો નહોતો. અત્યંત વિપરીત પરિસ્થિતિમાં સ્વરાજ્યનું નેતૃત્વ કરવા રાજારામ મહારાજના કર્તવ્યનિષ્ઠ અને બાહોશ પત્ની મહારાણી તારાબાઈ આગળ આવ્યાં.



મહારાણી તારાબાઈ

મોગલ ઇતિહાસકાર ખાફીખાને મહારાણી તારાબાઈનું વર્ણન નીચેના શબ્દોમાં કર્યું છે. ''તે (તારાબાઈ) બુદ્ધિશાળી અને શાણી (સમજદાર) હતી, સૈન્યની વ્યવસ્થા અને રાજ્યકારભારની બાબતમાં પતિની હયાતીમાં જ તેઓ ખૂબ પ્રતિષ્ઠિત બન્યાં હતાં.''

છત્રપતિ રાજારામ મહારાજના મૃત્યુ પછી મહારાણી તારાબાઈએ પોતાના સરદારોની મદદથી અત્યંત વિકટ પરિસ્થિતિમાં સ્વરાજ્ય માટેનો સંઘર્ષ પૂરી તાકાતથી આગળ ચાલુ રાખ્યો. ઔરંગઝેબે સાતારા, પન્હાળા જેવા મરાઠાઓનાં સ્થળો જીત્યાં, તો મરાઠાઓએ મોગલોના મધ્યપ્રદેશ અને ગુજરાતમાં ટક્કર લીધી. તારાબાઈએ યુદ્ધનાં ક્ષેત્ર વિસ્તાર્યાં. કૃષ્ણાજી સાવંત, ખંડારાવ દાભાડે, ધનાજી જાધવ, નેમાજી શિંદે જેવા સરદારો મહારાષ્ટ્ર બહાર મોગલો વિરુદ્ધ સંઘર્ષ કરવા લાગ્યા. યુદ્ધનાં પલડાં બદલાતાં રહેવાની આ નિશાની હતી.

મહારાણી તારાબાઈએ સાત વર્ષ સંઘર્ષ કર્યો. રાજ્યનું રક્ષણ કર્યું. બધો કારભાર એકહાથે સંભાળી સરદારોને સ્વરાજ્યના કાર્યમાં જોડી લીધા. સિરોંજ, મંદસૌર, માળવા સુધી મરાઠા સરદારો મોગલો વિરુદ્ધ લડવા લાગ્યા. ખાફિખાન લખે છે, ''રાજારામની પત્ની તારાબાઈએ વિલક્ષણ રીતે જોરશોરથી કામગીરી

**તમે જાણો છો કે?**

મહારાણી તારાબાઈએ ગેરીલા યુદ્ધપદ્ધતિનો ખૂબજ સારી રીતે ઉપયોગ કર્યો. ઔરંગઝેબના સૈન્ય આગળ મરાઠાઓની તાકાત ખૂબ ઓછી હતી. ઔરંગઝેબ કિલ્લો જીતવા માટે કિલ્લાને ઘેરો ઘાલતો. મરાઠાઓ શક્ય તેટલો સમય એ કિલ્લાનું રક્ષણ કરવા લડતા. ચોમાસું નજીક આવતા, મરાઠા કિલ્લેદાર વિશ્વાસઘાતી થયો છે. એવું બતાવીને ઔરંગઝેબ પાસેથી લાંચ લઈને કિલ્લો તેને આપી દેવામાં આવતો. કિલ્લેદાર લાંચની રકમ મરાઠી ખજાનામાં જમા કરાવતો. ઔરંગઝેબ કિલ્લા ઉપર ધન, ધાન્ય, દારૂગોળો ભરીને રાખતો કે તરત જ તારાબાઈ તે કિલ્લો ફરીથી જીતી લેતી. તારાબાઈની આ યુદ્ધનીતિનું વર્ણન 'સેફ ડિપોઝીટ લૉકર સિસ્ટમ' એમ કરવામાં આવે છે.

**તમે જાણો છો કે?**

તારાબાઈના કર્તુત્વનું વર્ણન કરતાં ‘શિવભારત’કાર પરમાનંદના પુત્ર કવિ દેવદત્તે કહ્યું છે કે,

*ताराबाई रामराणी । भद्रकाली कोपली ।*
*दिल्ली झाली दीनवाणी । दिल्लीशाचे गेले पाणी ।*
*रामराणी भद्रकाली । रणरंगी क्रुद्ध झाली ।*
*प्रयत्नाची वेळ आली । मुगल हो सांभाळा ।।*

બજાવી. તેનામાં સૈન્યના નેતૃત્વના અને ઝુંબેશ કરવાની વ્યવસ્થાના ગુણો શ્રેષ્ઠ રીતે પાંગર્યા હતા. તેને લીધે મરાઠાઓનાં આક્રમણ અને તેમની ધમાલ દિવસેદિવસે વધતી ગઈ.’’

આવી રીતે છત્રપતિ શિવાજી મહારાજના પરાક્રમનો વારસો મહારાણી તારાબાઈએ આગળ ચલાવી જાળવી રાખ્યો.

મરાઠાઓની આ આક્રમક ચઢાઈઓને લીધે ઔરંગઝેબ હતાશ થયો. સતત પચીસ વર્ષો મોગલ-મરાઠા સંઘર્ષ ચાલુ હતો. મરાઠાઓને મોગલો હરાવી શક્યા નહિ. આવી પરિસ્થિતિમાં ઔરંગઝેબ બાદશાહનું ઈ.સ. ૧૭૦૭માં અહમદનગરમાં મૃત્યુ થયું. તેના મૃત્યુ સાથે જ મરાઠાઓનો સ્વાતંત્ર્ય સંગ્રામ સમાપ્ત થયો.

મરાઠાઓનો આ સ્વાતંત્ર્ય સંગ્રામ એટલે મોગલ સત્તાધીશોની સામ્રાજ્યની લાલસા અને મરાઠાઓના દિલમાં રહેલી સ્વાતંત્ર્યની આકાંક્ષા વચ્ચેની લડાઈ હતી. તેમાં મરાઠાઓનો વિજય થયો. એટલું જ નહિ પણ ત્યાર પછીના સમયમાં ઔરંગઝેબના મૃત્યુને કારણે ઉદ્‌ભવેલા શૂન્યાવકાશને ભરવામાં મરાઠાઓ અગ્રેસર રહ્યા. દિલ્હીની ગાદી ઉપર નિયંત્રણ રાખીને તેમણે લગભગ સમગ્ર હિંદુસ્તાનનો કારભાર સંભાળ્યો અને રક્ષણ પણ કર્યું. તેથી અઢારમી સદીને મરાઠાઓની સદી માનવામાં આવે છે. આ સદીના મરાઠાઓની કામગીરીનો ઇતિહાસ આપણે હવે પછીના પાઠમાં શીખવાના છીએ.

## ભોંસલે કુટુંબની વંશાવલિ

માલોજી રાજે
↓
શહાજી રાજે (ઈ.સ. ૧૫૯૪ થી ૧૬૬૪)
↓
- સંભાજી
- છત્રપતિ શિવાજી મહારાજ (ઈ.સ. ૧૬૩૦ થી ૧૬૮૦)
  - છત્રપતિ સંભાજી મહારાજ (ઈ.સ. ૧૬૫૭ થી ૧૬૮૯)
    ↓
    છત્રપતિ શાહુ મહારાજ (ઈ.સ. ૧૬૮૨ થી ૧૭૪૯)
    ↓
    છત્રપતિ રામરાજા (દત્તક ઈ.સ. ૧૭૫૦ થી ૧૭૭૭)
  - છત્રપતિ રાજારામ મહારાજ (ઈ.સ. ૧૬૭૦ થી ૧૭૦૦)
    - છત્રપતિ શિવાજી (તારાબાઈ પુત્ર)
      ↓
      રામરાજા (સાતારા ગાદી માટે દત્તક)
    - છત્રપતિ સંભાજી (રાજસબાઈ પુત્ર)
- વ્યંકોજી

## સ્વાધ્યાય

**૧. યોગ્ય પર્યાય પસંદ કરો.**

(૧) ઔરંગઝેબ આના પરાક્રમથી લાચાર થઈ ગયો હતો.
(અ) શાહજાદા અકબર (બ) છત્રપતિ સંભાજી મહારાજ (ક) છત્રપતિ રાજારામ મહારાજ

(૨) બાદશાહના તંબૂ ઉપરનો સોનાનો કળશ કાપનાર
(અ) સંતાજી અને ધનાજી (બ) સંતાજી ઘોરપડે અને વિઠોજી ચવ્હાણ (ક) ખંડો બલ્લાળ અને રુપાજી ભોંસલે

(૩) ગોવાની લડાઈમાં પરાક્રમની પરાકાષ્ઠા બતાવનાર
(અ) યેસાજી કંક (બ) નેમાજી શિંદે (ક) પ્રલ્હાદ નિળાજી

**૨. પાઠમાંથી શોધીને લખો.**

(૧) સંભાજી મહારાજને જંજિરાની ઝુંબેશ અધવચ્ચેથી જ છોડીને શા માટે પાછા ફરવું પડ્યું?

(૨) સંભાજી મહારાજે પોર્ટુગીઝોને પાઠ શીખવવાનું શા માટે નક્કી કર્યું?

(૩) રાજારામ મહારાજે જિંજી જતી વખતે સ્વરાજ્યના રક્ષણની જવાબદારી કોને સોંપી હતી?

(૪) મહારાણી તારાબાઈના પરાક્રમનું વર્ણન દેવદત્ત કવિએ ક્યા શબ્દોમાં કર્યું છે?

**૩. શા માટે તે લખો.**

(૧) ઔરંગઝેબે પોતાનો મોરચો આદિલશાહી અને કુતુબશાહી રાજ્યો તરફ વાળ્યો.

(૨) સંભાજી મહારાજ પછી મોગલો સાથે જોરદાર સંઘર્ષ (લડાઈ) કરવા મરાઠાઓ સજ્જ થયા.

(૩) મહારાણી યેસૂબાઈના નેતૃત્વ હેઠળ રાયગઢ કિલ્લા માટે લડાઈ કરવી, એવી નીતિ નક્કી કરવામાં આવી.

**ઉપક્રમ :**

ભારતના નક્શામાં ગોવા, બીજાપુર, ગોવળકોંડા, જિંજી, અમદાવાદ, અહમદનગર દર્શાવો.

3IAC7L



જિંજીનો કિલ્લો

# ૧૦. મરાઠાઓની સત્તાનો વિસ્તાર

મરાઠાઓએ કરેલા સ્વાતંત્ર્ય સંગ્રામની શરૂઆતમાં મોગલસત્તા આક્રમક હતી, તો મરાઠાઓની નીતિ બચાવની અર્થાત્ રક્ષણની હતી. આ સ્વાતંત્ર્યસંગ્રામના અંતે પરિસ્થિતિ ઊલટી થઈ ગઈ. મરાઠાઓએ ચડાઈની અને મોગલોએ બચાવની નીતિ સ્વીકારી. અઢારમી સદીના ઉત્તરાર્ધમાં મરાઠાઓએ મોગલસત્તાને નમાવીને લગભગ સંપૂર્ણ ભારતમાં પોતાની સત્તાનો વિસ્તાર કર્યો. તેનો અભ્યાસ આપણે આ પાઠમાં કરવાના છીએ.

**શાહુ મહારાજનો છુટકારો :** ઔરંગઝેબ બાદશાહના મૃત્યુ પછી તેમના પુત્રો વચ્ચે દિલ્હીની ગાદી માટે સંઘર્ષ શરૂ થયો. શાહજાદા આઝમશાહ દક્ષિણમાં હતો. બાદશાહની ગાદી મેળવવા તે તાબડતોબ દિલ્હી જવા નીકળ્યો. રાજપુત્ર શાહુ તેના તાબામાં હતો. શાહુ મહારાજને કેદમુક્ત કરવાથી મહારાણી તારાબાઈ અને શાહુમહારાજ વચ્ચે છત્રપતિની ગાદી માટે તકરાર થશે અને મરાઠાઓનું સામર્થ્ય નબળું પડશે, એવું આઝમશાહને લાગ્યું. માટે તેણે શાહુ મહારાજાને કેદમાંથી મુક્ત કર્યાં.

**શાહુ મહારાજાનો રાજ્યાભિષેક :** કેદમાંથી મુક્ત થયા પછી શાહુ મહારાજે મહારાષ્ટ્ર તરફ કૂચ કરી. તેમને મરાઠાઓના કેટલાક સરદારો આવીને મળ્યા. પરંતુ મહારાણી તારાબાઈએ શાહુ મહારાજાના છત્રપતિ પદ ઉપરનો હક્ક માન્ય કર્યો નહિ. પુણે જિલ્લાની ભીમા નદીના કિનારે ખેડગામમાં શાહુ મહારાજ અને મહારાણી તારાબાઈના સૈન્યો વચ્ચે લડાઈ થઈ. આ લડાઈમાં શાહુ મહારાજાનો વિજય થયો. તેમણે સાતારા જીતી લીધું. પોતેજ રાજ્યાભિષેક કરાવ્યો. સાતારા મરાઠાઓના રાજ્યની રાજધાની બની.



શાહૂ મહારાજ

કેટલાક સમય સુધી શાહુ મહારાજ અને મહારાણી તારાબાઈ વચ્ચેનો વિરોધ ચાલુ રહ્યો. ઈ.સ. ૧૭૧૦માં મહારાણી તારાબાઈએ પન્હાળગઢ ઉપર પોતાના નાની વયના પુત્ર શિવાજી બીજાને છત્રપતિ તરીકે જાહેર કર્યો. ત્યારથી મરાઠાશાહીમાં સાતારાના રાજ્ય ઉપરાંત કોલ્હાપુરનું સ્વતંત્ર રાજ્ય અસ્તિત્ત્વમાં આવ્યું.

શાહુ મહારાજનું પૂર્વાયુષ્ય મોગલોની છાવણીમાં વીત્યું હોવાથી તેમને મોગલોનું રાજકારણ નજીકથી જોવા મળ્યું હતું. મોગલોના અને ખાસ કરીને ઉત્તર ભારતના રાજકારણની ખૂબીઓ તેમને સમજાઈ હતી. મોગલસત્તાનાં બળસ્થાનોની અને કમીઓની પણ તેમને સારી એવી માહિતી હતી. ઉપરાંત મોગલ દરબારની પ્રભાવશાળી વ્યક્તિઓ સાથે તેમનો પરિચય થયો હતો. આ બધી બાબતોનો ઉપયોગ બદલાયેલી પરિસ્થિતિમાં મરાઠાઓના રાજકારણની દિશા નક્કી કરવા માટે તેમને થયો.

મરાઠાઓનાં રાજ્યનો નાશ કરવાની ઔરંગઝેબની પહેલાંની નીતિ તેમના વારસદારોએ હવે છોડી દીધી હતી. તેથી હવે મોગલસત્તા સાથે સંઘર્ષ કરવાને બદલે તેના રક્ષક તરીકે આગળ આવીને તે જ ભૂમિકા દ્વારા પોતાની સત્તાનો વિસ્તાર કરવાની નવી રાજકીય નીતિ મરાઠાઓએ સ્વીકારી. નવાં મંદિરો બાંધવાથી જે પુણ્ય મળે છે, તે જ જૂનાં મંદિરનો જીર્ણોદ્ધાર કરવાથી મળે છે, એ આ નીતિનું સૂત્ર હતું.

મોગલસત્તાને જેમ વાયવ્ય તરફથી થનારા ઈરાની, અફઘાની આક્રમણોનો ભય હતો, તેવો જ આસપાસના પઠાણ, રાજપૂત, જાટ, રોહિલા જેવા સ્થાનિક સત્તાધીશોનું પણ જોખમ હતું. આ ઉપરાંત

દરબારમાં ચાલતી સ્પર્ધા અને સંઘર્ષને કારણે પણ મોગલ સત્તા અંદરથી ખોખલી થઈ ગઈ હતી. તેને લીધે દિલ્હીના દરબારને મરાઠાઓની મદદની જરૂર હતી.

**બાળાજી વિશ્વનાથ :** મોગલોની કેદમાંથી શાહુ મહારાજ મુક્ત થયા પછી તેમણે બાળાજી વિશ્વનાથ ભટ્ટને પેશવા બનાવ્યા. બાળાજી મૂળે કોંકણના શ્રીવર્ધન ગામના હતા. તેઓ કર્તવ્યનિષ્ઠ અને અનુભવી હતા. શાહુ મહારાજ જ મરાઠા રાજ્યના સાચા વારસ છે, તેમ સમજાવીને અનેક સરદારોને તેઓ શાહુ મહારાજના પક્ષમાં ખેંચી લાવ્યા હતા.

કાન્હોજી આંગ્રે મરાઠાઓના નૌકાદળના પ્રમુખ હતા. તેણે મહારાણી તારાબાઈનો પક્ષ લીધો. તેણે શાહુ મહારાજાના મુલકો ઉપર હુમલા કર્યા. તેને લીધે મહારાજ મુશ્કેલીમાં મુકાયા. મુશ્કેલીની પરિસ્થિતિમાં શાહુ મહારાજે બાળાજીને કાન્હોજી આંગ્રે વિરુદ્ધ મોકલ્યો. બાળાજીએ યુદ્ધ ટાળીને મુત્સદ્દીગીરીથી કાન્હોજીને શાહુ મહારાજના પક્ષમાં ખેંચી લીધો.

**ચોથાઈ-સરદેશમુખીની સનદો :** શાહુ મહારાજાનું સ્થાન મહારાષ્ટ્રમાં મજબૂત બનાવ્યા પછી બાળાજીએ પોતાનું ધ્યાન ઉત્તરના રાજકારણ તરફ વાળ્યું. ઔરંગઝેબના મૃત્યુ પછી દિલ્હી દરબારમાં ભાગલા અને અવ્યવસ્થા ફેલાયાં હતાં. ત્યાં સૈયદ બંધુ અબ્દુલ્લા (હસન) અને હુસૈન અલીનું વર્ચસ્વ સ્થપાયું હતું. તેમની મદદથી બાળાજીએ ઈ.સ. ૧૭૧૯માં મોગલ બાદશાહ પાસેથી દખ્ખણના મોગલ પ્રદેશમાંથી કેટલેક ઠેકાણે ચોથાઈ (ચોથ) તો કેટલેક ઠેકાણે સરદેશમુખી વસૂલ કરવાની સનદો (પરવાના) મેળવી. ચોથાઈ એટલે મહેસૂલી આવકનો એક ચતુર્થાંશ ભાગ, તો સરદેશમુખી એટલે એક દશાંશ ભાગ.


પહેલા બાજીરાવ

**પહેલો બાજીરાવ :** શાહુ મહારાજે બાળાજી વિશ્વનાથના મૃત્યુ પછી તેના પુત્ર બાજીરાવ પહેલાની ઈ.સ. ૧૭૨૦માં પેશવાપદે નિમણૂંક કરી. પેશવાપદના વીસ વર્ષો સમય દરમ્યાન તેમણે મરાઠાઓની સત્તાનો વિસ્તાર વધાર્યો.

**પાલખેડમાં નિઝામનો પરાજય :** મોગલ બાદશાહ ફર્રૂખસિયરે નિઝામ-ઉલ-મુલ્કની દખ્ખણના સુબેદાર તરીકે નિમણૂંક કરી. ઈ.સ. ૧૭૧૩માં નિઝામે હૈદરાબાદમાં પોતાનું અલગ અસ્તિત્ત્વ નિર્માણ કરવાનો પ્રયત્ન કર્યો. બાદશાહે મરાઠાને દક્ષિણના મોગલ સૂબામાંથી ચોથાઈ-સરદેશમુખી વસૂલ કરવાનો અધિકાર આપ્યો હતો. તેનો નિઝામને વિરોધ હતો. તેણે પૂણે પરગણાંનો કેટલોક ભાગ જીતી લીધો. બાજીરાવે નિઝામને અંકુશમાં રાખવાનું નક્કી કર્યું. તેણે નિઝામને ઔરંગાબાદ પાસે પાલખેડમાં હરાવ્યો. ત્યારે તેણે મરાઠાઓનો ચોથાઈ-સરદેશમુખી વસૂલ કરવાના હક્કને માન્ય કર્યો.

મોગલ સત્તા નબળી પડી હોવાને લીધે ઉત્તરમાં સત્તાનો વિસ્તાર કરવાની વધારે તક છે, તે બાજીરાવ જાણી ગયો હતો. શાહુ મહારાજાએ તેની નીતિનો ટેકો આપ્યો.

**માળવા :** આજના મધ્યપ્રદેશનો માળવાનો વિસ્તાર મોગલોના તાબામાં હતો. બાજીરાવે પોતાના ભાઈ ચિમાજી આપ્પાના નેતૃત્ત્વ હેઠળ મલ્હારરાવ હોળકર, રાણોજી શિંદે અને ઉદાજી પવારને માળવા મોકલ્યા. ત્યાં તેમણે પોતાનાં થાણાં મજબૂત બનાવ્યાં.

**બુંદેલખેડ :** બુંદેલખંડ એટલે આજના મધ્યપ્રદેશ અને ઉત્તરપ્રદેશ પ્રાંતના ઝાંસી, પન્ના, સાગર વગેરે શહેરોના પરિસરનો પ્રદેશ.

બુંદેલખેડમાં છત્રસાલ રાજાએ પોતાનું સ્વતંત્ર રાજ્ય સ્થાપ્યું હતું. અલ્હાબાદના મોગલ સૂબેદાર મહંમદખાન બંગશે બુંદેલખંડ ઉપર હુમલો કર્યો. તેણે છત્રસાલને પરાજિત કર્યો. ત્યારે છત્રસાલે બાજીરાવને મદદ માટે વિનંતી કરી.

**તમે જાણો છો કે?**

છત્રસાલે મદદ માટે બાજીરાવને પત્ર લખ્યો. તેમાં તેણે લખ્યું, "જે ગત છે ગજેન્દ્રની તે ગત આવી છે. બાજી બુંદેલની જાન છે, બાજી રાખજે લાજ." (મગરે પગ પકડેલા ગજેન્દ્ર જેવી મારી પરિસ્થિતિ છે. હું અત્યારે ભારે સંકટમાં છું. હવે મારી લાજ તારા હાથમાં જ છે.)

બાજીરાવ મોટી ફોજ લઈને બુંદેલખંડ ગયો. તેણે બંગશને પરાજિત કર્યો. છત્રસાલે બાજીરાવનું ભવ્ય સન્માન કર્યું. આવી રીતે માળવા અને બુંદેલખંડમાં મરાઠાઓએ પોતાનું વર્ચસ્વ પ્રસ્થાપિત કર્યું.

બાજીરાવે બાદશાહ પાસે માળવાની સુબેદારી માટે માંગણી કરી. તેમણે આ માગણી નકારી દીધી, માટે બાજીરાવે માર્ચ ૧૭૩૭માં દિલ્હી પર સવારી કરવાના ઉદ્દેશથી દિલ્હીની સીમાએ જઈને અડિંગો જમાવ્યો.

**ભોપાળની લડાઈ :** બાજીરાવની સવારીને લીધે બાદશાહ અસ્વસ્થ થયા. તેણે નિઝામને દિલ્હીના રક્ષણ માટે બોલાવી લીધો. પ્રચંડ સેના સાથે નિઝામ બાજીરાવ વિરુદ્ધ ચડી આવ્યો. બાજીરાવે ભોપાળમાં તેનો પરાજય કર્યો. નિઝામે મરાઠાને માળવાની સૂબેદારીની સનદ બાદશાહ પાસેથી મેળવી આપવાનું માન્ય (મંજૂર) કર્યું.

**પોર્ટુગીઝોનો પરાજય :** કોંકણ કિનારાપટ્ટી ઉપરના વસઈ અને થાણાનો વિસ્તાર પોર્ટુગીઝોના તાબામાં હતો. પોર્ટુગીઝ સત્તાધીશ પ્રજા ઉપર જુલમ ગુજારતા. બાજીરાવે પોતાના ભાઈ ચિમાજી આપ્પાને પોર્ટુગીઝોને સજા કરવા મોકલ્યો. તેણે થાણા અને આસપાસનો પ્રદેશ જીતી લીધો. ત્યારપછી ઈ.સ. ૧૭૩૯માં તેણે વસઈના કિલ્લાને ઘેરો ઘાલ્યો. તે કિલ્લો અતિશય મજબૂત હતો. પોર્ટુગીઝો પાસે અસરકારક તોપો હતી. તોપણ ચિમાજી આપ્પાએ લાંબા સમય સુધી ઘેરો ચાલુ રાખીને પોર્ટુગીઝોને શરણે આવવાની ફરજ પાડી. તેથી વસઈનો કિલ્લો અને પોર્ટુગીઝોનો ઘણોખરો પ્રદેશ મરાઠાઓના તાબામાં આવી ગયો.

**બાજીરાવનું મૃત્યુ :** ઈરાનના બાદશાહ નાદિરશાહે ભારત ઉપર સવારી કરી. ત્યારે બાજીરાવ શાહુ મહારાજાની આજ્ઞાથી મોટી સેના લઈને ઉત્તર તરફ નીકળ્યો હતો. તે બરહાનપુર પહોંચ્યો, ત્યાં સુધી નાદિરશાહ દિલ્હીમાંથી મબલક સંપત્તિ લૂંટીને સ્વદેશ પાછો ગયો હતો. એપ્રિલ ૧૭૪૦ માં નર્મદા કિનારે રાવેરખેડીમાં બાજીરાવનું મૃત્યુ થયું.

બાજીરાવ એક ઉત્તમ સેનાની હતો. પોતાના પરાક્રમથી તેણે ઉત્તરભારતમાં મરાઠોઓનું વર્ચસ્વ પ્રસ્થાપિત કર્યું. તેણે મરાઠોઓની સત્તાને અખિલ ભારતીય સ્તરે એક શક્તિશાળી સત્તા તરીકે સ્થાન અપાવ્યું. તેમના સમયમાં શિંદે, હોળકર, પવાર, ગાયકવાડ જેવાં કુટુંબો આગળ આવ્યાં.

## સ્વાધ્યાય

**૧. એટલે શું?**
- (૧) ચોથાઈ -
- (૨) સરદેશમુખી -

**૨. એક શબ્દમાં લખો.**
- (૧) બાળાજી મૂળે કોંકણના આ ગામના હતા....
- (૨) બુંદેલખંડમાં આનું રાજ્ય હતું...
- (૩) આ સ્થળે બાજીરાવનું મૃત્યુ થયું....
- (૪) પોર્ટુગીઝોનો પરાજય આમણે કર્યો.....

**૩. લખતા રહો.**
- (૧) કાન્હોજી (૨) પાલખેડની લડાઈ
- (૩) બાળાજી વિશ્વનાથ (૪) પહેલો બાજીરાવ

**૪. કારણો લખો.**
- (૧) મરાઠાશાહીમાં સ્વતંત્ર બે રાજ્યો નિર્માણ થયાં.
- (૨) આઝમશાહે છત્રપતિ શાહુ મહારાજાને કેદમુક્ત કર્યા.
- (૩) દિલ્હી દરબારને મરાઠાઓની મદદની જરૂર હતી.

**ઉપક્રમ :**

મહારાણી તારાબાઈનું ચરિત્ર મેળવો અને તેમના જીવનના તમને ગમેલા પ્રસંગોનો વર્ગમાં પાત્ર અભિનય રજૂ કરો.

# ૧૧. રાષ્ટ્રના રક્ષક મરાઠા

શાહુ મહારાજે બાજીરાવ પછી તેના પુત્ર બાળાજી બાજીરાવ ઉર્ફે નાનાસાહેબને પેશવાઈના વસ્ત્રો આપ્યાં. નાદિરશાહના આક્રમણ પછી દિલ્હીમાં અસ્થિરતા ઊભી થઈ હતી. આવી પરિસ્થિતિમાં ઉત્તરમાં મરાઠાઓની સત્તા સ્થિર કરવા માટે તેમણે પ્રયત્નો કર્યા. આ સમયે અહમદશાહ અબ્દલીએ પાણીપતમાં મરાઠાઓ સામે પડકાર ફેંક્યો. આ બધી ઘટનાઓની માહિતી આપણે આ પાઠમાં મેળવવાના છીએ.

**ઉત્તરની પરિસ્થિતિ :** અયોધ્યાની ઉત્તર-પશ્ચિમને અડીને હિમાલયની તળેટીમાં આવેલો પ્રદેશ અઢારમી સદીમાં રોહિલખંડના નામે ઓળખાતો હતો. અફઘાનિસ્તાનમાંથી આવેલા પઠાણો આ વિસ્તારમાં સ્થાયી થયા હતા. આ પઠાણોને રોહિલા કહેવાતા હતા. ગંગા-યમુના નદીના દોઆબના પ્રદેશમાં તેમણે ધીંગાણું મચાવ્યું હતું. તેમનો બંદોબસ્ત કરવા માટે અયોધ્યાના નવાબે મરાઠાઓને નિમંત્રિત કર્યા. મરાઠાઓએ તેમનો બંદોબસ્ત કર્યો.

**અફઘાનો સાથે સંઘર્ષ :** અફઘાનિસ્તાનના બાદશાહ અહમદશાહ અબ્દલીને ભારતની સંપત્તિનું આકર્ષણ હતું. ઈ.સ. ૧૭૫૧માં તેણે પંજાબ ઉપર આક્રમણ કર્યું. આ સમયે મોગલ પ્રદેશોમાં અંધાધૂંધી ફેલાયલી હતી. તેથી મોગલોને અબ્દલીના આક્રમણનો ભય હતો. આ પરિસ્થિતિમાં પોતાના સંરક્ષણ માટે મરાઠાઓની મદદ લેવી તેમને જરૂરી લાગ્યું. બાદશાહને મરાઠાઓના સામર્થ્ય અને પ્રામાણિકતાની ખાતરી હતી. દિલ્હીના રક્ષણ માટે મરાઠાઓ જેટલી સમર્થ બીજી કોઈ સત્તા નહોતી. તેથી બાદશાહે ઈ.સ. ૧૭૫૨ના એપ્રિલ મહિનામાં મરાઠાઓ સાથે એક કરાર કર્યો. મરાઠાઓએ આ કરાર પ્રમાણે રોહિલા, જાટ, રાજપૂત, અફઘાન વગેરે દુશ્મનોથી મોગલસત્તાનું રક્ષણ કરવાનું માન્ય રાખ્યું. (મંજૂર કર્યું). એના બદલામાં તેમને રોકડ રકમ મળવાની હતી. એ ઉપરાંત પંજાબ, મુલતાન, રાજપૂતાના, સિંધ, રોહિલખંડ જેવા વિસ્તારોમાંથી ચોથાઈ વસૂલ કરવાનો હક્ક તેમને મળ્યો. તેમજ અજમેર અને આગ્રાની સુબેદારી પણ આપવામાં આવી.

આ કરાર પ્રમાણે છત્રપતિ વતી પેશવાએ શિંદે-હોળકરની ફોજો દિલ્હીના સંરક્ષણાર્થે મોકલી. મરાઠાઓ દિલ્હી તરફ નીકળ્યા. આ સમાચાર મળતાં જ અબ્દલી સ્વદેશ પાછો ફર્યો. મરાઠાઓ એકએક મજલ પાર કરતાં દિલ્હી પહોંચ્યા. મરાઠાઓને લીધે જ અબ્દલીનું સંકટ ટળી ગયું. માટે બાદશાહે મોગલોના સૂબામાંથી ચોથાઈનો હક્ક તેમને આપ્યો. આ સૂબામાં કાબૂલ, કંદહાર અને પેશાવરનો પણ સમાવેશ હતો. આ સૂબા પહેલાં મોગલ સામ્રાજ્યના વિસ્તાર હતા. હવે તે અબ્દલીના અફઘાનિસ્તાનમાં હતા. કરાર પ્રમાણે આ સૂબા અબ્દલી પાસેથી જીતીને પાછા મોગલોના રાજ્યમાં જોડવાનું મરાઠાઓનું કર્તવ્ય હતું. તેનાથી ઊલટું અબ્દલીની ઇચ્છા હતી કે કમસે કમ પંજાબ સુધીનો પ્રદેશ અફઘાનના અમલ હેઠળ લાવવો. તેથી જ ગમે ત્યારે મરાઠા અને અબ્દલીનો સંઘર્ષ થવો એ ચોક્કસ હતો.


પેશવા નાનાસાહેબ

નાનાસાહેબ પેશવાના ભાઈ રઘુનાથરાવ જયાપ્પા શિંદે અને મલ્હારરાવ હોળકરને સાથે લઈને ઉત્તર ભારતમાં ઝુંબેશ કરવા નીકળી પડ્યો.

ઉત્તર તરફના સ્થાનિક સત્તાધારીઓના દૃષ્ટિકોણથી દક્ષિણના મરાઠા તેઓના પ્રતિસ્પર્ધી બન્યા. મરાઠાઓનો વ્યાપક દૃષ્ટિકોણ ધ્યાનમાં ન

લેતા મરાઠાઓને મદદ કરવાને બદલે તટસ્થ રહ્યા. મરાઠાઓનું દિલ્હી દરબારમાંનું વર્ચસ્વ અને હસ્તક્ષેપ તેઓને રુચતું નહોતું. માત્ર સૂરજમલ જાટ અને રાણી કિશોરીએ પાણીપતના યુદ્ધમાં જખમી થયેલા સૈનિકોને મદદ કરી.

તે જ પ્રમાણે ઉત્તર તરફના કેટલાક કટ્ટરપંથીઓ મરાઠાઓને પરધર્મીની નજરે જોતા હતા. તેઓએ પણ મરાઠાઓનો વ્યાપક દૃષ્ટિકોણ સમજી ન લેતા મરાઠાઓનું વર્ચસ્વ ઓછું થાય તે માટે અબ્દલીને હિંદુસ્તાન પર આક્રમણ કરવા માટે પ્રોત્સાહિત કર્યો. અબ્દલીને પણ એવી અપેક્ષા હતી કે મરાઠાઓનો પરાભવ કરી તેઓને દક્ષિણમાં નર્મદાની પેલે પાર હાંકી કાઢશે.

**અટક ઉપર મરાઠાઓનો ધ્વજ ફરક્યો :** નજીબખાન રોહિલાનો સરદાર હતો. ઉત્તર ભારતમાં મરાઠાઓનું વર્ચસ્વ તેનાથી સહન થતું નહોતું. નજીબખાનના કહેવાથી અબ્દલીએ ભારત ઉપર ફરીથી ચડાઈ કરી. આ ભારત ઉપરની તેની પાંચમી ચડાઈ હતી. તેણે દિલ્હી જીતી લીધું. ખૂબ લૂંટ કરીને તે અફઘાનિસ્તાન પાછો ગયો. રઘુનાથરાવ અને મલ્હારરાવ હોળકર ફરીથી ઉત્તરમાં ગયા. તેમણે દિલ્હી પાછું લીધું. ત્યાર પછી અબ્દલીના અધિકારીઓને હંફાવીને પંજાબ જીતી લીધું. સૈનિકોનો પીછો કરતાં કરતાં મરાઠાઓ ઈ.સ. ૧૭૫૮માં અટક સુધી ગયા. અટક ઉપર મરાઠાઓનો ધ્વજ ફરક્યો. અટક આજના પાકિસ્તાનમાં આવેલું છે. મરાઠાઓએ અટક પાર કરીને પેશાવર સુધી ઝુંબેશ કરી. તેમ છતાં તેમણે પોતાની સત્તા હેઠળ લાવેલા આ પ્રદેશોની વ્યવસ્થા સુચારુ રીતે કરી નહિ.

**દત્તાજીનું પરાક્રમ :** પંજાબ ઉપરની પકડ મજબૂત કરવા માટે અને નજીબખાન ઉપર ધાક બેસાડવા માટે પેશવાએ દત્તાજી શિંદે અને જનકોજી શિંદેને ઉત્તરમાં મોકલ્યા. દત્તાજી ઉત્તરમાં ગયા. નજીબખાને દત્તાજીને વાટાઘાટ કરવામાં રોકી રાખ્યો અને અબ્દલીને મદદે આવવાની વિનંતી કરી. આ સંદેશો મળતાં જ અબ્દલી ફરીથી ભારત ઉપર ચડી આવ્યો. દત્તાજી અને અબ્દલી વચ્ચે યમુનાના કિનારે બુરાડી ઘાટમાં મુલાકાત થઈ. જોરદાર લડાઈ થઈ. દત્તાજીએ અદ્‌ભુત પરાક્રમ બતાવ્યું. પરંતુ આ લડાઈમાં દત્તાજીનું વીરોચિત મૃત્યુ થયું.

**તમે જાણો છો કે?**

દત્તાજી અદ્‌ભુત બહાદુરીથી લડ્યો. પણ આખરે તે રણભૂમિ ઉપર ઘાયલ થઈને પડ્યો. નજીબખાન રોહિલાઓનો સલાહકાર કુતુબશાહ હાથી ઉપરથી ઊતરીને ઘાયલ થયેલા દત્તાજી પાસે આવ્યા. તેમણે દત્તાજીને પૂછ્યું ''શું પટેલજી, અમારી સાથે તમે હજી પણ લડશો?'' દત્તાજી ઘાયલ અવસ્થામાં હતા. પણ કુતુબશાહના શબ્દો સાંભળતા જ તેણે સ્વાભિમાનપૂર્વક જવાબ આપ્યો, ''હા, બચી જઈશું તો હજી પણ લડીશું!''

**સદાશિવરાવ ભાઉ :** અબ્દલીને હરાવવા માટે નાનાસાહેબે પોતાના પિતરાઈ ભાઈ સદાશિવરાવ ભાઉ અને મોટા પુત્ર વિશ્વાસરાવને ઉત્તરમાં મોકલ્યા. સદાશિવરાવ ભાઉ ચિમાજીઆપ્પાનો પુત્ર હતો. તેની પાસે પ્રચંડ ફોજ અને અસરકારક તોપખાનું હતું. ઈબ્રાહીમખાન ગારદી તેના તોપખાનાનો પ્રમુખ હતો. આ તોપખાનાના જોરે તેણે ઈ.સ. ૧૭૬૦માં લાતુર જિલ્લાની ઉદ્‌ગીરની લડાઈમાં નિઝામનો પરાજય કર્યો હતો.


સદાશિવરાવ ભાઉ




**પાણીપતનું યુદ્ધ** : ઉત્તરની ઝુંબેશમાં સદાશિવરાવ ભાઉએ દિલ્હી જીતી લીધું. ત્યાર પછી મરાઠાઓનું સૈન્ય અને અબ્દલીનું સૈન્ય પાણીપતમાં સામસામે આવ્યા. ૧૪ જાન્યુઆરી ૧૭૬૧ના રોજ મરાઠાઓએ અબ્દલી ઉપર હુમલો કરીને લડાઈની શરૂઆત કરી. આ પાણીપતનું ત્રીજું યુદ્ધ હતું. લડાઈમાં વિશ્વાસરાવને ગોળી વાગવાથી તેનું મરણ થયું છે, એની સદાશિવરાવભાઉને જાણ થતાં જ તે બેભાન બનીને દુશ્મનો ઉપર તૂટી પડ્યો. યુદ્ધની ધમાચકડીમાં તે અદશ્ય થઈ ગયો. પોતાના નેતાને અદશ્ય થયેલા જોઈને મરાઠી સૈનિકોનું ધૈર્ય ખૂટી ગયું. તે જ સમયે અબ્દલીના અનામત અને નવા જોમવાળા સૈન્યએ મરાઠા ઉપર હુમલો કર્યો. મરાઠાઓનો પરાજય થયો. મરાઠાઓની એક આખી તરુણ પેઢી ખતમ થઈ ગઈ. અનેક પરાક્રમી સરદારો ધરાશાયી થયા.

**તમે જાણો છો કે?**

પાણીપતના યુદ્ધમાં લગભગ દોઢ લાખ લોકો માર્યા ગયા. એક પત્રમાં આપેલું સાંકેતિક વર્ણન નીચે પ્રમાણે છે.

''બે મોતીઓ ખરી પડ્યા. સત્યાવીસ સોનામહોરો ખોવાઈ ગઈ ! અને રૂપિયા – પૈસા કેટલા ગયા તેની ગણતરી જ નથી.''

પરદેશી અબ્દલીને અહીં રાજ્ય કરવાનો નૈતિક હક્ક નથી, એવા વ્યાપક દૃષ્ટિકોણથી મરાઠા અબ્દલી સાથે લડ્યા. આપણે બધા એક દેશના છીએ પણ અબ્દલી પરદેશી દુશ્મન છે. એવા હેતુથી પત્રો લખીને સદાશિવરાવભાઉએ ઉત્તરના સત્તાધીશોને મરાઠાઓની વ્યાપક અને સર્વસમાવેશક ભૂમિકાનો ખ્યાલ આપ્યો. પરંતુ તેને યોગ્ય પ્રતિસાદ ન આપતાં તે સત્તાધીશો તટસ્થ રહ્યા. તેથી સ્વાભાવિક જ ભારતના રક્ષણની જવાબદારી એકલા મરાઠાઓ ઉપર આવી પડી. ભારત એક દેશ હોવાની અને તેના રાજા ધર્મથી કોઈ પણ હોય તો પણ દરેકે તેને ટેકો આપવાની સમજ ઇતિહાસમાં પહેલી વખત મરાઠાઓએ દાખવી, એમ કહી શકાય.

**પેશવા માધવરાવ :** નાનાસાહેબ પેશવાના મૃત્યુ પછી તેનો પુત્ર માધવરાવ પેશવાપદે આવ્યો. માધવરાવે પોતાની કારકિર્દીમાં નિઝામ અને હૈદરઅલીનો બંદોબસ્ત કર્યો. તેણે ઉત્તરમાં મરાઠાઓનું પ્રભુત્વ ફરીથી પ્રસ્થાપિત કર્યું.


પેશવા માધવરાવ

પાણીપતના યુદ્ધમાં મરાઠાઓનો પરાજય થયો, તે જોઈને નિઝામે તેની વિરુદ્ધ ફરીથી હિલચાલ શરૂ કરી. તેણે તેમના મુલકો ઉપર આક્રમણ કર્યાં. પરંતુ માધવરાવે પૈઠણ નજીકના રાક્ષસભુવનમાં તેને હરાવ્યો.

હૈદરઅલી મૈસૂરનો સુલતાન હતો. પાણીપતમાં મરાઠાઓની હારનો ફાયદો ઉઠાવીને તેણે કર્ણાટકના મરાઠાઓના પ્રદેશ ઉપર હુમલો કર્યો. પરંતુ મરાઠાઓએ શ્રીરંગપટ્ટણ નજીકના મોતીતળાવમાં થયેલી લડાઈમાં તેને પરાજિત કર્યો. ત્યારે તેણે તુંગભદ્રા નદીની ઉત્તરનો પ્રદેશ મરાઠાઓને આપવાનું કબૂલ કર્યું.

**તમે જાણો છો કે?**

પેશવા માધવરાવે ખેડૂતોના કલ્યાણ માટે વિશેષ ધ્યાન આપ્યું. કૂવા ખોદાવીને પુણેમાં પાણી પૂરવઠો વધાર્યો. નાના ફડણવીસ જેવા કારભારી અને રામશાસ્ત્રી પ્રભુણે જેવા મહાન ન્યાયાધીશ તેમના સમયમાં થઈ ગયા. પ્રજાને ન્યાય મળે તે માટે ન્યાયખાતામાં સુધારા કર્યા. તોપો અને દારૂગોળા બનાવવાનાં કારખાનાં શરૂ કર્યાં. સિક્કા તૈયાર કરવા ટંકશાળની વ્યવસ્થા કરી.

માધવરાવ પેશવાનું મૃત્યુ ઈ.સ. ૧૭૭૨માં થયું. મરાઠાના ઇતિહાસમાં એક પ્રામાણિક, મહેનતુ, સાહસિક અને લોકહિતદક્ષ જેવા શાસક તરીકે તેનો ઉલ્લેખ કરવામાં આવે છે. આ કર્તવ્યનિષ્ઠ પેશવાના મૃત્યુને લીધે મરાઠા રાજ્યને ખૂબ નુકસાન થયું.


પેશવા માધવરાવ પછી ગાદી ઉપર આવેલા નારાયણરાવ અને સવાઈ માધવરાવ આ બંને પેશવા અલ્પાયુષી નીવડ્યા. આ ઉપરાંત તેમના સમયમાં પેશવાઈને ગૃહકલેશનું ગ્રહણ લાગ્યું. એક સમયે અટકની પછી પણ ઝંડો ફરકાવનાર રઘુનાથરાવ સત્તાની લાલસાથી અંગ્રેજોના આશ્રયે ગયો. તેને લીધે મરાઠા અને અંગ્રેજો વચ્ચે યુદ્ધ થયું.

હૈદરઅલીનું મૃત્યુ ઈ.સ. ૧૭૮૨માં થયું. ત્યાર પછી તેનો પુત્ર ટિપુ મૈસુરનો સુલતાન બન્યો. તે નિષ્ણાત યોદ્ધો હોવાની સાથે વિદ્વાન અને કવિ હતો. પોતાની બાહોશીથી તેણે રાજ્યનો પ્રભાવ વધાર્યો. તેણે ફ્રેંચો સાથે હાથ મેળવીને અંગ્રજોના વર્ચસ્વને દાબી દેવાની શરૂઆત કરી. ઈ.સ. ૧૭૯૯માં અંગ્રેજો વિરુદ્ધની એક લડાઈમાં તે માર્યો ગયો.

**મરાઠી સત્તાના વર્ચસ્વની પુનઃસ્થાપના :** પાણીપતની હારને લીધે ઉત્તરભારતમાં મરાઠાની પ્રતિષ્ઠાને જબ્બર ફટકો પડ્યો હતો. ઉત્તરમાં ફરી પોતાની સત્તા પ્રસ્થાપિત કરવા માટે માધવરાવે મહાદજી શિંદે, તુકોજી હોળકર, રામચંદ્ર કાનડે અને વિસાજીપંત બિનીવાલે જેવા સરદારોને ત્યાં મોકલ્યા. મરાઠા ફોજોએ જાટ, રોહિલા અને રાજપૂતોને હરાવ્યા. બાદશાહ શાહઆલમને પોતાના આશ્રય હેઠળ દિલ્હીની ગાદીએ બેસાડ્યો. ઉત્તરમાં મરાઠાની સત્તા ફરી સ્થાપિત થઈ.

પાણીપતના યુદ્ધમાં મરાઠાને ખૂબ નુકસાન થયું હતું. અબ્દલીના સૈન્યને પણ હાનિ પહોંચી હતી. પાણીપતના વિજય પછી આર્થિક લાભ વધારે ન થવાથી તેના વારસદારોએ ભારત ઉપર ફરીથી આક્રમણ કરવાની હિંમત કરી નહિ. ઊલટું, ઉત્તરમાં ફેલાયેલી અરાજકતા ઉપર નિયંત્રણ રાખવાનું સામર્થ્ય મરાઠાઓમાં જ છે, તે ધ્યાનમાં રાખીને તેમણે તે બાદશાહીનું રક્ષણ કરવું એવી ઇચ્છા વ્યક્ત કરી. સુલેહ કરવા માટે પુણેના દરબારમાં દૂત પણ મોકલ્યો. પાણીપતની જબરદસ્ત હાર પચાવીને ઉત્તરના રાજકારણમાં ફરી ઊભા થવામાં મરાઠાઓ સફળ થયા, તે બાબત મહત્ત્વની છે. આમાં મલ્હારરાવ હોળકર, અહલ્યાબાઈ હોળકર, મહાદજી શિંદેનો સિંહફાળો છે.

## પેશવા કુટુંબની વંશાવલિ



## સ્વાધ્યાય

### ૧. કોણ છે?

(૧) અફઘાનિસ્તાનમાંથી આવેલા.....

(૨) હિમાલયની તળેટીમાં સ્થાયી થયેલા...

(૩) નાનાસાહેબ પેશવાના ભાઈ....

(૪) મથુરાના જાટના પ્રમુખ....

(૫) પૈઠણ નજીક રાક્ષસભુવનમાં નિઝામને પરાજય આપનાર.........

### ૨. ટૂંકમાં લખો.

(૧) અટક ઉપર મરાઠાઓનો ધ્વજ ફરક્યો.

(૨) અફઘાનો સાથે સંઘર્ષ.

(૩) પાણીપતના યુદ્ધનું પરિણામ.

### ૩. ઘટનાક્રમમાં ગોઠવો.

(૧) રાક્ષસભુવનની લડાઈ.

(૨) ટિપુ સુલતાનનું મૃત્યુ.

(૩) માધવરાવ પેશવાનું મૃત્યુ.

(૪) પાણીપતનું યુદ્ધ.

(૫) બુરાડી ઘાટની લડાઈ.

3IJB99

### ૪. નીચેના ચોરસમાંથી પાઠમાં આવેલા વ્યક્તિનાં નામો શોધો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| મ | સ | હ | ના | જ | ન | કો | જી |
| હા | જ | દ | રા | ના | ફ | મ | ત્તા |
| દ | યા | ચ | ય | પ | સા | થ | દ |
| જી | પ્પા | લ | ણ | આ | રુ | હે | પ્ર |
| બા | ળા | જી | વિ | શ્વ | ના | થ | બ |
| અ | વ | લા | મા | ધ | વ | રા | વ |
| દે | સ | દા | શિ | વ | રા | વ | ભા |
| મ | લ્હા | ર | રા | વ | ક | ચિ | ઊ |

**ઉપક્રમ :**

ઇન્ટરનેટની (આંતરજાળ) મદદથી પાણીપતના યુદ્ધની માહિતી મેળવો અને વર્ગમાં રજૂ કરો.



સવાઈ માધવરાવ પેશવાનો દરબાર

# ૧૨. સામ્રાજ્યનો પ્રવાસ

અત્યાર સુધી આપણે મરાઠી સત્તાનો ઉદય અને વિસ્તાર જોયો. સ્વરાજ્ય સ્થાપનાથી લઈને સામ્રાજ્ય સુધીનો પ્રવાસ કેવી રીતે થયો તે આપણે જોયું. ઉત્તર ભારતમાં મરાઠાઓનો જે સામ્રાજ્ય વિસ્તાર થયો, તે માટે જે સરદાર કુટુંબોએ મહત્ત્વનું યોગદાન આપ્યું તેમનું સંક્ષિપ્ત સરવૈયું (તારણ) આપણે આ પાઠમાં કાઢવાના છીએ.


**ઈંદોરના હોળકર :** ઈંદોરના હોળકરની સત્તાના સ્થાપક મલ્હારરાવ હતા. તેમણે લાંબા સમય સુધી મરાઠી રાજ્યની સેવા કરી. ગેરીલા યુદ્ધપદ્ધતિમાં તેઓ નિષ્ણાત હતા. પહેલા બાજીરાવ અને નાનાસાહેબ પેશવાના સમયમાં તેમણે ઉત્તરમાં મહાપરાક્રમ કર્યું હતું. માળવા અને રાજપૂતાનામાં મરાઠાઓનું વર્ચસ્વ સ્થાપવામાં તેમનું મોટું યોગદાન હતું. પાણીપત પછી ઉત્તરમાં મરાઠાની પ્રતિષ્ઠા પુનઃસ્થાપિત કરવામાં માધવરાવ પેશવાને તેણે ખૂબ મદદ કરી હતી.


મલ્હારરાવ હોળકર

પુણ્યશ્લોક અહલ્યાબાઈ મલ્હારરાવના પુત્ર ખંડેરાવની પત્ની હતાં. ખંડેરાવનું કુંભેરીના યુદ્ધમાં મૃત્યુ થયું. પછી કેટલાક સમયે મલ્હારરાવનું પણ મૃત્યુ થયું. ત્યારપછી ઈંદોરના કારભારનાં સૂત્રો અહલ્યાબાઈના હાથમાં આવ્યાં. તેઓ મહાન, મુત્સદ્દી અને ઉત્કૃષ્ટ પ્રશાસક હતાં. તેમણે નવા કાયદા બનાવીને જમીન મહેસૂલ, કરવસૂલાત જેવી બાબતોને સુવ્યવસ્થિત કરી. પડતર જમીનને ખેતીલાયક બનાવવી, ખેડૂતોને કૂવા ખોદાવી દેવા, વેપાર ઉદ્યોગોને પ્રોત્સાહન આપવું, નવાં તળાવો બનાવવાં જેવાં કાર્યમાં તેઓ સતત પ્રયત્નશીલ રહેતાં. તેમાં જ રત રહેતાં. ભારતમાં ચારે દિશામાં આવેલાં મહત્ત્વનાં ધાર્મિક સ્થળોએ તેમણે મંદિરો, ઘાટ, મઠ, ધર્મશાળા, પરબ વગેરે વિકસાવ્યાં. દેશની સાંસ્કૃતિક એકતા માટે તેમનો આ પ્રયત્ન ખૂબજ મહત્ત્વનો હતો. તેઓ પોતે ન્યાય આપતાં. તેઓ દાનવીર અને પુસ્તકપ્રેમી પણ હતાં. તેમણે લગભગ અઠ્યાવીસ વર્ષો સુધી સમર્થ-સફળ રીતે રાજ્યનો કારભાર કરીને ઉત્તરમાં મરાઠા સત્તાની પ્રતિભા વિકસાવી. રાજ્યમાં શાંતિ અને સુવ્યવસ્થા સ્થાપીને પ્રજાને સુખી કરી. મરાઠાશાહીની પડતીના સમયે યશવંતરાવ હોળકરે રાજ્ય બચાવવાનો પ્રયત્ન કર્યો.


અહિલ્યાબાઈ હોળકર

**નાગપૂરના ભોંસલે :** નાગપુરકર ભોંસલેના કુટુંબના પરસોજી ભોંસલેને શાહુ મહારાજના સમયમાં વરાડ અને ગોંડવન પ્રદેશની સનદ આપવામાં આવી. નાગપુરકર ભોંસલેમાંથી રઘુજી સૌથી બાહોશ અને પરાક્રમી પુરુષ હતા. તેઓ દક્ષિણના તિરુચિરાપલ્લી અને આર્કટની આસપાસનો પ્રદેશ મરાઠાઓના વર્ચસ્વ હેઠળ લાવ્યા. બંગાળ, બિહાર અને ઓરિસ્સા પ્રાંતની ચોથાઈની વસૂલીનો અધિકાર શાહુ મહારાજે તેમને આપ્યો હતો. તેઓ તે પ્રદેશ પણ મરાઠાઓના પ્રભાવ હેઠળ લાવ્યા. ઈ.સ. ૧૭૫૧માં નાગપુરકર ભોંસલેએ ઓરિસ્સા પ્રાંત


રઘુજી ભોંસલે

અલીવર્દીખાન પાસેથી જીતી લીધો. પછી ઈ.સ. ૧૮૦૩ સુધી ઓરિસ્સા ઉપર મરાઠાનું પ્રભુત્વ હતું.

**તમે જાણો છો કે?**

**મરાઠા ડિચ** – કોલકત્તાના બ્રિટિશોને નાગપુરકર ભોંસલેનો ભય સતાવતો હતો. મરાઠાના સંભાવ્ય આક્રમણથી કોલકત્તા શહેરનું રક્ષણ કરવા તેમણે શહેરની આસપાસ એક ઊંડો ખાડો ખોદ્યો હતો. તે મરાઠા ડિચના નામે પ્રસિદ્ધ થયો હતો.

**ગ્વાલિયરના શિંદે :** મહાન બાજીરાવે રાણોજી શિંદેની કામગીરીને બારીકાઈથી નિહાળીને તેની ઉત્તરમાં સરદાર તરીકે નિમણૂંક કરી. રાણોજીના મૃત્યુ પછી જયાપ્પા, દત્તાજી અને મહાદજી આ ત્રણેય તેના પુત્રોએ પણ પરાક્રમો કરીને ઉત્તર ભારતમાં મરાઠાની સત્તા પ્રબળ કરી હતી.



મહાદજી શિંદે

માધવરાવ પેશવાએ શિંદે કુટુંબની સરદારી મહાદજીને આપી. તે પરાક્રમી અને મુત્સદ્દી હતો. પાણીપતના પરાજય પછી ઉત્તર ભારતમાં મરાઠાનું વર્ચસ્વ અને પ્રતિષ્ઠા પુનઃ સ્થાપિત કરવાની કામગીરી તેણે બજાવી. ઉત્તર ભારતના સપાટ પ્રદેશમાં મરાઠાની ગેરીલા યુદ્ધ પદ્ધતિ યોગ્ય લેખાશે નહિ, તે તેઓ સમજી ગયા. તેમણે ડિબોઈન નામનાં ફ્રેંચ લશ્કરી નિષ્ણાતના માર્ગદર્શન હેઠળ પોતાની ફોજ (સેના) પ્રશિક્ષિત કરી અને તોપખાનું સુસજ્જ કર્યું. આ તાલીમબદ્ધ સેનાના બળ ઉપર તેમણે રોહિલા, જાટ, રાજપૂત, બુંદેલ વગેરેને નમાવ્યા.

પાણીપતના યુદ્ધને લીધે મરાઠાઓની શક્તિ હણાઈ ગઈ છે, એમ જોઈને અંગ્રેજોએ દિલ્હીના રાજકારણમાં ભાગ લેવાનું શરૂ કર્યું. તેણે બંગાળના સૂબાની દિવાનીનો અધિકાર પોતાની પાસે લઈ લીધો. તે દિલ્હીના બાદશાહને પોતાના તાબામાં લેવા ઇચ્છતા હતા. આવી વિપરીત પરિસ્થિતિમાં મહાદજી શિંદેએ અંગ્રેજોને હરાવીને બાદશાહને ફરીથી ગાદી ઉપર બેસાડ્યા. આ કામગીરીથી ખુશ થઈને બાદશાહે તેને 'વકીલ-ઈ-મુલ્ક' નામનો ખિતાબ આપ્યો. આનો અર્થ તેને દિવાની અને લશ્કરી અધિકારની મુખત્યારી આપી. તેમણે તે પદ-ખિતાબ બાળ પેશવા સવાઈ માધવરાવ વતી સ્વીકાર્યો. આ ખિતાબને લીધે દિલ્હીની બાદશાહી મરાઠાઓના પૂર્ણ નિયંત્રણ હેઠળ આવી. કકડભૂસ થતી બાદશાહીની ડામાડોળ પરિસ્થિતિને સુધારવાનું કામ સહેલું નહોતું. મહાદજીએ ખૂબજ પ્રતિકૂળ પરિસ્થિતિનો સામનો કરીને અતિ સાહસિકતાથી ઈ.સ. ૧૭૮૪થી ૧૭૯૪ના સમય દરમ્યાન દિલ્હીનો કારભાર સંભાળ્યો.

પાણીપતના યુદ્ધ માટે જવાબદાર નજીબખાનનો વારસદાર હજી સુધી રોહિલખંડમાં કારસ્તાનો કરતો જ હતો. નજીબખાનના પૌત્ર ગુલામ કાદિરે લાલ કિલ્લાનો તાબો લઈને પૈસા માટે બાદશાહને અને બેગમને દગો આપ્યો. બાદશાહની આંખો કાઢી નાંખીને તેમનો ખજાનો લૂંટી લીધો. આવી પરિસ્થિતિમાં મહાદજીએ કાદિરને હરાવ્યો. તેણે લૂંટેલી સંપત્તિ જપ્ત કરી અને તે બાદશાહને પાછી સોંપી. દિલ્હીની ગાદી ઉપર બાદશાહને ફરીથી બેસાડ્યા. આવી રીતે મહાદજીએ પાણીપતના યુદ્ધ પછી મરાઠાઓની આબરૂ પાછી મેળવી આપી. દિલ્હીના બાદશાહને મરાઠાના તાબામાં રાખી ભારતનું રાજકારણ ચલાવ્યું.

પેશવાના ગૃહકલેશના એક પરિણામ તરીકે રઘુનાથરાવ અંગ્રેજોના આશ્રયે ગયો હતો. અંગ્રેજોની મદદથી પેશવાપદ મેળવવાનો તેનો ઇરાદો હતો. મરાઠી મુત્સદ્દીઓને તે માન્ય નહોતું. તેથી મરાઠા અને અંગ્રેજો વચ્ચેનો સંઘર્ષ નક્કી જ હતો અર્થાત અટલ હતો. પરંતુ તેનાથી એક વાત સ્પષ્ટ થઈ ગઈ કે હિંદુસ્તાન ઉપર રાજ કોણ કરશે તેનો

અંતિમ નિર્ણય મરાઠા અને અંગ્રેજ આ બે મહાસત્તાઓના સંઘર્ષ દ્વારા જ થવાનો હતો.

મુંબઈથી અંગ્રેજ બોરઘાટના માર્ગે મરાઠાઓ પર ચડી આવ્યા. મહાદજી શિંદેના નેતૃત્વ હેઠળ મરાઠી સેના સંગઠિત થઈ. ગેરીલા યુદ્ધપદ્ધતિનો ઉપયોગ કરીને મરાઠાઓએ અંગ્રેજોને ધાન્યસામગ્રી મેળવવા દીધી નહિ. બંને સૈન્યોની મુલાકાત વડગાંવમાં (હાલના પુણે-મુંબઈ રસ્તા પર) થઈ. આ લડાઈમાં અંગ્રેજોનો પરાજય થયો અને તેથી રઘુનાથરાવને મરાઠાઓના તાબે કરવાની અંગ્રેજોને ફરજ પડી.

દિલ્હી ઉપર ઈ.સ. ૧૮૦૩ સુધી મરાઠાઓનું નિયંત્રણ હતું. અંગ્રેજોએ ભારત જીત્યું, તે મરાઠાઓ સાથે લડાઈઓ કરીને, તે ધ્યાનમાં રાખીએ એટલે મહાદજીની કામગીરીનું મૂલ્ય ધ્યાનમાં આવે છે. દિલ્હીના કારભારની વ્યવસ્થા કરીને તે પુણે આવ્યો. પુણે નજીક વાનવડીમાં તેનું મૃત્યુ થયું. ત્યાં તેમના સ્મરણાર્થે છત્રી ઊભી કરી છે.



શિંદે છત્રી, વાનવડી-પુણે

શિંદે, હોળકર અને ભોંસલેની જેમ અન્ય પણ કેટલાક મુખ્ય સરદારોએ મરાઠા રાજ્યની ઉલ્લેખનીય સેવા કરી છે.

શિવાજી મહારાજે વિકસાવેલા નૌકાદળને કાન્હોજી અને તુળાજી આંગ્રે - આ પિતાપુત્રએ પ્રબળ (શક્તિશાળી) બનાવ્યું. આ શક્તિશાળી નૌકાદળના જોરે તેણે પોર્ટુગીઝ, અંગ્રેજ અને સિદ્દી જેવી દરિયાઈ સત્તાઓને ધાકમાં રાખી અને મરાઠા રાજ્યની કિનારાપટ્ટીનું રક્ષણ કર્યું.

સેનાપતિ ખંડેરાવ દાભાડે અને તેના પુત્ર ત્રિંબકરાવે ગુજરાતમાં મરાઠી સત્તાનો પાયો નાંખ્યો. ખંડેરાવના મૃત્યુ પછી તેની પત્ની ઉમાબાઈએ અમદાવાદના મોગલ સરદારને સજા કરી. ત્યાંના કિલ્લા જીતી લીધા. આગળ જતાં ગાયકવાડે ગુજરાતના વડોદરાને પોતાની સત્તાનું કેંદ્ર બનાવ્યું. મધ્યપ્રદેશના ધાર અને દેવાસના પવારે શિંદે અને હોળકરને ઉત્તરમાં મરાઠી સત્તાનો વિસ્તાર કરવામાં અમૂલ્ય મદદ કરી.

માધવરાવ પેશવાના મૃત્યુ પછી મરાઠા રાજ્યની હાલત કફોડી થઈ ગઈ હતી. તે હાલતને નાના ફડણવીસ અને મહાદજી શિંદેએ સુધારીને વ્યવસ્થિત કરી. મહાદજી ઉત્તર ભારતમાં મરાઠાઓનું વર્ચસ્વ સ્થાપવામાં વ્યસ્ત હતા ત્યારે નાના ફડણવીસે દક્ષિણના રાજકારણનાં સૂત્રો સંભાળ્યાં. આ કાર્યમાં પટવર્ધન, હરિપંત ફડકે, રાસ્તે વગેરે સરદારોએ તેમને સાથ આપ્યો. તેથી મરાઠી સત્તાનું દક્ષિણમાં વર્ચસ્વ સ્થપાયું. ઈંદોરના હોળકર, નાગપુરના ભોંસલે, ગ્વાલિયરના શિંદે, વડોદરાના ગાયકવાડે પરાક્રમ, નેતૃત્ત્વ, બાહોશી વગેરે ગુણોને આધારે મરાઠી સત્તાને વૈભવ અપાવ્યો. તેઓ મરાઠી સત્તાના છેવટના તબક્કાના આધારસ્તંભ હતા.



નાના ફડણવીસ

ઉત્તર અને દક્ષિણ ભારતમાં મરાઠી સત્તાનું પ્રભુત્ત્વ નિર્માણ કરવામાં મરાઠા સરદારો સફળ થયા. મહાદજી શિંદે અને નાના ફડણવીસના મૃત્યુ પછી આ સત્તાનો અસ્ત શરૂ થયો. સત્તા નબળી પડવા લાગી. આ સમયે રઘુનાથરાવનો પુત્ર

બાજીરાવ બીજો પેશવા હતો. તેનામાં નેતૃત્વના ગુણો નહોતા. ઊલટું, અનેક દોષો હતા. તે મરાઠા સરદારોમાં એકતા સ્થાપી શક્યો નહિ. મરાઠા સરદારો વચ્ચેના અણબનાવને લીધે મરાઠી સત્તા અંદરથી ખોખલી થઈ ગઈ હતી. આવાં અનેક કારણોને લીધે બીજા બાજીરાવના સમયમાં મરાઠાઓનો પ્રભાવ ઉત્તર અને દક્ષિણમાં ઓછો થતો ગયો. મરાઠાઓનું સ્થાન અંગ્રેજોએ લીધું.

અંગ્રેજોએ ઈ.સ. ૧૮૧૭માં પુણે તાબામાં લઈને ત્યાં 'યુનિયન જેક' નામનો પોતાનો ધ્વજ ફરકાવ્યો. ઈ.સ. ૧૮૧૮માં સોલાપુર જિલ્લાની આષ્ટીની લડાઈમાં અંગ્રેજોએ મરાઠાનો પરાજય કર્યો. અને તેથી મરાઠી સત્તા નાશ પામી. આ ઘટના ભારતના ઇતિહાસમાં એક મોટું પરિવર્તન કરનારી નીવડી. આ ઘટના પછી અંગ્રેજો ભારતનો મોટા ભાગનો વિસ્તાર પોતાના આધિપત્ય હેઠળ લાવ્યા. ભારતનો પાશ્ચાત્ય જગત સાથે સંબંધ વધ્યો. તેની સાથે ભારતીય સમાજ વ્યવસ્થામાં અનેક પરિવર્તનો થયાં. અનેક જૂની બાબતો નબળી પડી અથવા બાજુ પર ખસેડી દેવામાં આવી. એક ખૂબ મોટું પરિવર્તન થયું. ભારતના ઇતિહાસનો મધ્યયુગ સમાપ્ત થયો. આધુનિક કાલખંડની શરૂઆત થઈ.

## સ્વાધ્યાય

**૧. એક શબ્દમાં લખો.**

(૧) ઈંદોરના રાજ્યકારભારનાં સૂત્રો સંભાળનાર -

(૨) નાગપુરકર ભોંસલે કુટુંબના સૌથી બાહોશ અને પરાક્રમી પુરુષ -

(૩) દિલ્હીની ગાદી ઉપર બાદશાહને ફરીથી બેસાડનાર -

(૪) દક્ષિણના રાજકારણનાં સૂત્રો સંભાળનાર --

**૨. ઘટનાક્રમ લખો.**

(૧) આષ્ટીની લડાઈ (૨) મરાઠાઓનું ઓરિસ્સા ઉપર પ્રભુત્વ (૩) અંગ્રેજોએ પુણેમાં યુનિયન જેક ફરકાવ્યો.

**૩. લખતા થાવ.**

(૧) અહલ્યાબાઈ હોળકરે કરેલાં કાર્યો -

(૨) મહાદજી શિંદેનું પરાક્રમ -

(૩) ગુજરાતમાં મરાઠી સત્તા -

**૪.** મરાઠી સત્તા અસ્ત થવાનાં કારણો - ચર્ચા કરો.

**ઉપક્રમ :**

મરાઠી સત્તાના વિસ્તાર માટે યોગદાન આપનારા કુટુંબોની માહિતીનો સચિત્ર સંગ્રહ કરો. તેનું શાળામાં પ્રદર્શન ભરો.



શનિવાર વાડો, પુણે.

# ૧૩. મહારાષ્ટ્રનું સમાજજીવન

છત્રપતિ શિવાજી મહારાજે સ્થાપેલું હિંદવી સ્વરાજ્ય રૈયતનું રાજ્ય હતું. રૈયતનું કલ્યાણ થાય, લોકો ઉપર જુલમ ન થાય, મહારાષ્ટ્ર ધર્મનું રક્ષણ થાય એવો ઉદાત્ત તેનો હેતુ હતો. શિવાજી મહારાજ પછીના સમયમાં પણ મરાઠા રાજ્યનો સમગ્ર ભારતમાં વિસ્તાર થયો. મરાઠાઓની સત્તા લગભગ ૧૫૦ વર્ષ સુધી ટકી રહી.

મરાઠી રાજ્યના કારભારની માહિતી આપણે આગળના પાઠમાં મેળવી. આ પાઠમાં આપણે તે સમયની સામાજિક સ્થિતિ અને લોકજીવન વિશેની માહિતી મેળવવાના છીએ.

**સામાજિક પરિસ્થિતિ :** ખેતી અને ખેતી પર આધારિત ઉદ્યોગ ગામના સ્તરે ઉત્પાદનના મુખ્ય સાધન હતાં. ગામના પટેલ ગામનું સંરક્ષણ, તો કુલકર્ણી મહેસૂલ સંભાળવાની જવાબદારી ઉપાડતા. પટલાઈનાં કામ માટે પટેલને જમીન ઈનામમાં દેતા હતા. તેને આ કામ માટે મહેસૂલમાંથી કેટલોક ભાગ મળતો હતો. વસવાયાઓને (બલુતદારને) ગામના કારભાર માટે કરેલાં કામોનું વળતર વસ્તુના રૂપે મળતું. ગામના વ્યવસાયના મુખ્ય બે ભાગ હતા. કાળી અને સફેદ. કાળીમાં કામ કરનારા ખેડૂત અને સફેદમાં કામ કરનારા બાબુઓ. ગામનો બધો વ્યવહાર પરસ્પર સમજદારીથી કરવા ઉપર ભાર આપવામાં આવતો. સંયુક્ત કુટુંબપ્રથાનું મહત્ત્વ હતું.



**તમે જાણો છો કે?**

ગામમાં લુહાર, સુથાર, કુંભાર, સોની વગેરે કારીગરો વસવાયા (બલુતેદાર) હતા. આ વસવાયા ગામનો વ્યવહાર સંભાળતા.

**રીતરિવાજ :** આ સમયે બાળવિવાહની પદ્ધતિ પ્રચલિત હતી. બહુપત્નીત્વની પ્રથા હતી. વિધવાએ પુનર્વિવાહ કર્યાનાં ઉદાહરણો છે. માનવદેહના અંતિમ સંસ્કાર કરવાની દહન, દફન અને વિસર્જનની પદ્ધતિ હતી. નાની-મોટી બાબતો માટે અથવા લડાઈ માટે મુહૂર્ત જોવામાં આવતા. સ્વપ્ન, શુકન ઉપર લોકોને વિશ્વાસ હતો. દેવ અથવા ગ્રહો કોપાયમાન ન થાય માટે અનુષ્ઠાનો કરવામાં આવતાં. તે માટે દાનધર્મ કરવામાં આવતાં. જ્યોતિષો ઉપર લોકો વિશ્વાસ રાખતાં. વૈજ્ઞાનિક દૃષ્ટિકોણનો અભાવ અને ઔષધોપચાર કરતાં માનતાને (બાધા આખડીને) પ્રાધાન્ય હતું.

**રહેણીકરણી :** મોટા ભાગના લોકો ગામડાંમાં રહેતાં હતાં. ગામડાઓ સ્વયંપૂર્ણ (સ્વનિર્ભર) હતાં. ફક્ત મીઠું તેમને બીજે સ્થળેથી મંગાવવું પડતું હતું. ખેડૂતોની જરૂરિયાત મર્યાદિત હતી. ખેડૂત જુવાર, બાજરી, ઘઉં, નાચણી, મકાઈ, ચોખા વગેરે ધાન્ય ઉગાડતા હતા. રોજના જમવામાં ભાખરી, કાંદા, ચટણી અને સાયણું વગેરેનો સમાવેશ હતો. પોતાનો વ્યવહાર તેઓ વસ્તુવિનિમય પદ્ધતિથી કરતા. ગામનાં ઘરો સાદાં, માટી-ઈંટોનાં હતાં. શહેરોમાં એક અથવા બે માળનાં મકાનો હતાં. શ્રીમંતોના જમવામાં ભાત, દાળ, રોટલી, શાક, કચુંબર, દહીં-દૂધના પદાર્થો રહેતા. ધોતિયું, કુરતા, અંગરખાં, ફેંટા પુરુષોનો પોશાક હતો, તો સાડી, ચોળી (બ્લાઉઝ) જેવો સ્ત્રીઓનો પોશાક હતો.

**વાર-તહેવાર :** ગુડી પડવો, નાગપંચમી, બૈલપોળા, દશેરા, દિવાળી, મકરસંક્રાંતિ, હોળી, ઈદ વગેરે તહેવારો - ઉત્સવો લોકો ઊજવતાં હતાં. પેશવાના સમયમાં ગણેશોત્સવ મોટા પ્રમાણમાં ધામધૂમથી ઊજવવામાં આવતો. તે ઘરગથ્થુ સ્વરૂપે ઊજવાતો. પેશવા પોતે ગણેશભક્ત હોવાથી તેનું મહત્વ વધ્યું. દરવર્ષે ભાદરવા મહિનાની ચતુર્થીથી અનંત ચતુર્દશી સુધી આ ઉત્સવ ચાલતો હતો.

દશેરા સાડા ત્રણ મુહૂર્તોમાંથી એક હોવાને કારણે ત્યારથી શુભ કાર્યોની શરૂઆત લોકો કરતાં. આ

દિવસે શસ્ત્રોની પૂજા કરતાં. સીમોલ્લંઘન કરતા. એકબીજાને શમીવૃક્ષનાં પાન આપતાં. દશેરા પછી મરાઠાઓ ઝુંબેશ ઉપર નીકળતા. દિવાળીમાં નવુંવર્ષ અને ભાઈબીજ વિશેષ રીતે ઉજવતાં હતાં. ગામડાંઓમાં મેળા ભરાતા. મેળાના સમયે કુસ્તીના અખાડા પણ થતા હતા. ગુડીપડવાના દિવસે ગુડી ઊભી કરીને આ ઉત્સવ ઉજવતા. ઉત્સવના સમયે નાચગાન, ડફલી ઉપર ગવાતાં ગીતો, તમાશા વગેરે મનોરંજનના કાર્યક્રમો થતા. તમાશો મનોરંજનના પ્રકાર તરીકે લોકપ્રિય હતો.



બૈલપોળો

**શિક્ષણ :** આ સમયની શિક્ષણપદ્ધતિમાં પાઠશાળાઓ અને મદરેસાઓ હતી. લેખન, વાંચન, હિસાબનું શિક્ષણ ઘરમાં જ મળતું. વ્યવહારમાં મોડી લિપિનો ઉપયોગ થતો.

**સામાજિક વ્યવહાર - પ્રવાસ :** ઘાટમાર્ગ, સડક, નદી પરના પુલ વગેરે માર્ગે વાહનવ્યવહાર ચાલતો. ધાન્ય, કાપડ, વાણિજ્યનો સામાન વગેરેની હેરફેર બળદની પીઠ ઉપર થતી હતી. નદીપાર કરવા માટે હોડીનો ઉપયોગ થતો. પત્રોની આપ-લે સાંઢણીસવારો અને દૂતો કરતા હતા.

**રમત :** આ સમયે જુદીજુદી રમતો રમાતી હતી. રમત મનોરંજન અને આનંદનું સાધન હતું. કુસ્તી, યુદ્ધકળાની રમતો લોકપ્રિય હતી. મલખમ, દંડ, કુસ્તી, ડંડા, દંડપટ્ટા, બોથાટીની કસરત જેવી રમતો રમાતી હતી. હુતુતુતુ, ખોખો, આટાપાટા જેવી મેદાની રમતો અન ચોપાટ, ગંજીફા, ચેસ જેવી બેઠી રમતો લોકપ્રિય હતી.



મલખમ

**ધર્મ અને આચાર-વિચાર :** હિંદુ અને મુસ્લિમ બે મુખ્ય ધર્મો આ સમયે દેખાઈ આવે છે. છત્રપતિ શિવાજી મહારાજની ધાર્મિક નીતિ ઉદાર હતી. દરેકે પોતપોતાના ધર્મ પ્રમાણે વર્તવું. બીજા ઉપર પોતાના ધર્મની ફરજ પાડવી નહિ, એવી વિચારધારા આ સમયે હતી. પાઠશાળા, મંદિરો, મદરેસા અને મસ્જિદોને સરકાર તરફથી દાન આપવામાં આવતું. બંને ધર્મના અનુયાયી એકબીજાના તહેવારોમાં સહભાગી થતા હતા. વારકરી, મહાનુભાવ, દત્ત, નાથ, રામદાસી પંથો પ્રચલિત હતા.

**સ્ત્રીઓનું જીવન :** આ સમયમાં સ્ત્રીઓનું જીવન કષ્ટદાયક હતું. પિયર અને સાસરામાં જ તેમનું જગત સિમિત હતું. તેમના શિક્ષણ માટે કોઈ જ ધ્યાન આપતું નહિ. અપવાદ રૂપે કેટલીક સ્ત્રીઓએ અક્ષરજ્ઞાન, પ્રશાસન અને યુદ્ધકૌશલ્યમાં પ્રગતિ કરી હતી. તેમાં વીરમાતા જિજાબાઈ, યેસૂબાઈ, મહારાણી તારાબાઈ, ઉમાબાઈ દાભાડે, ગોપિકાબાઈ, પુણ્યશ્લોક અહલ્યાબાઈનો સમાવેશ હતો. બાળવિવાહ, વિષમ (અસમાન) વિવાહ, વૈધવ્ય, કેશમુંડન, સતી, બહુપત્નીત્વ આ પ્રથાઓએ સ્ત્રીઓનું જીવન દોજખ જેવું કર્યું હતું. એકંદરે તેમનું જીવવું અત્યંત કષ્ટદાયક (પ્રતિકૂળ) હતું.

ઈ.સ. ૧૬૩૦ થી ૧૮૧૦ના પોણા બસો વર્ષોના સમયખંડને સામાન્ય રીતે મરાઠાશાહી કહેવાય છે. આ સમયખંડની કલા- સ્થાપત્યનું ટૂંકમાં તારણ આપણે જોઈએ.

**શિલ્પકલા :** શિવાજીના સમયમાં કસબા ગણપતિ મંદિરનો જીર્ણોદ્ધાર, લાલ મહેલની રચના, રાજગઢ અને રાયગઢ ઉપરનાં બાંધકામો, જલદુર્ગની રચના જેવા સ્થાપત્યોનો ઉલ્લેખ મળે છે. હિરોજી ઈંદુલકર તે સમયનો પ્રસિદ્ધ સ્થાપત્ય વિશારદ હતો.

ગામ વસાવતી વખતે ખાસ કરીને કાટખૂણી રસ્તા, બાજુ પર પથ્થરનું બાંધકામ, નદીના પટની બાજુ ઘાટ જેવી રચના કરતાં. પેશવાઓના સમયમાં અહમદનગર, બીજાપુર જેવી પીવાના પાણીની વ્યવસ્થા પુણે શહેરમાં કરવામાં આવી હતી. પેશવાઓએ ભૂમિગત નળ, નાના-નાના બંધો, બાગ-બગીચા, હોજ, ફુવારા બંધાવ્યા. પુણે શહેરની નજીકમાં હડપસર વિસ્તારના દિવે ઘાટમાં આવેલું મસ્તાની તળાવ સ્થાપત્યની દૃષ્ટિએ મહત્ત્વનું છે.

પુણેનો શનિવારવાડો, વિશ્રામબાગવાડો, નાસિકનો સરકારવાડો, કોપરગામનો રઘુનાથ પેશવાનો વાડો, સાતારકર છત્રપતિનો વાડો આ ઉપરાંત વાઈ, મેણવલી, ટોકે, શ્રીગોંદે, પંઢરપુરના જૂના વાડાઓ મધ્યયુગની વાડા સંસ્કૃતિનાં ચિહ્નો છે.

વાડાના બાંધકામમાં કાચી અને પાકી ઈંટો વાપરતા. લાકડાના થાંભલા, મોભ, નહેર, ટીપેલા પથ્થર, કમાન, ઉત્તમ રીતે ઘૂંટેલો ચૂનો, લાંબા નળિયાનું છાપરું, કાદવ, વાંસ વગેરેનો ઉપયોગ બાંધકામ માટે કરતા હતા. વાડાની સજાવટ માટે ચિત્રકામ, રંગકામ, લાકડાનું શિલ્પ, અરીસા વગેરેનો ઉપયોગ કરતા.

**મંદિરો :** શિવાજીના સમયનાં મંદિરો યાદવકાલીન હેમાડપંતી પદ્ધતિનાં હતાં. કોલ્હાપુરના અંબાબાઈ મંદિરનું શિખર, જોતિબાના ડુંગર ઉપરનાં મંદિરો, શિખરશિંગણાપુરના શંભુ મહાદેવ, વેરુળનું ઘૃષ્ણેશ્વરનું મંદિર શિલ્પકળાનાં ઉત્તમ ઉદાહરણો છે. પ્રતાપગઢ ઉપર ભવાનીમાતાનું અને ગોવાનું સપ્તકોટેશ્વરનું મંદિર શિવાજી મહારાજે બાંધ્યાં હતાં. પેશવાઓના સમયમાં નાસિકનું કાળારામ મંદિર, ત્ર્યંબકેશ્વરનું શિવમંદિર, ગોદાવરી-પ્રવરા નદીના સંગમ ઉપર આવેલા કાયગાંવ અને ટોકેનાં શિવમંદિરો, નેવાસેનું મોહિનીરાજ મંદિર આ સમયમાં બાંધવામાં આવ્યાં હતાં.



ઘૃષ્ણેશ્વર મંદિર

**ઘાટ :** નદી અથવા સંગમના સ્થળે ટીપેલા પથ્થરના ઘાટ મરાઠાશાહીની એક વિશેષતા છે. આ સમયનો સૌથી પ્રેક્ષણીય ઘાટ ગોદાવરી અને પ્રવરા નદીના સંગમ ઉપરનો પ્રવરા સંગમ, ટોકેમાં આવેલો છે. પાકા બાંધકામનાં પગથિયાંની લાઈનમાં, ચોક્કસ અંતરે એક પગથિયું આગળ કાઢેલું હોય છે. તેથી આખા ઘાટનું જ રૂપ દીપી ઊઠે છે. પાણીના પ્રવાહથી ઘાટ તૂટે નહિ માટે ચોક્કસ અંતરે મજબૂત બુરજ બાંધેલા હોય છે.

**ચિત્રકલા :** પેશવાઈ સમયના શનિવારવાડાની ભીંતો ઉપરનાં ચિત્રો મહત્ત્વનાં છે. આ સમયમાં રાઘો, તાનાજી, અનુપરાવ, શિવરામ, માણકોજી વગેરે જાણીતા ચિત્રકારો થઈ ગયા. સવાઈ માધવરાવ પેશવાના સમયમાં ગંગારામ તાંબટ પ્રખ્યાત ચિત્રકાર

હતા. પેશવાઓએ ચિત્રકલાને ઉત્તેજન આપ્યું. પેશવાના સમયમાં પુણે, સાતારા, મેણવલી, નાસિક, ચાંદવડ અને નિપાણી વિસ્તારના વાડાઓમાં ભીંતો ઉપર ચિત્રો હતાં. પાડેશ્વર, મોરગાવ, પાલ, બેનવડી, પુણે પાસેના પાષાણ જેવાં સ્થળોએ આવેલાં મંદિરોની ભીંતો ઉપર ચિત્રો હતાં. આ સમયના ચિત્રોના વિષય એટલે દશાવતાર, ગણપતિ, શંકર, રામપંચાયતન, વિદર્ભના જામોદના જૈનમંદિરનું જિનચરિત્ર, પૌરાણિક કથા હતા. રામાયણ, મહાભારત, તહેવાર, ઉત્સવ ઉપર આધારિત ચિત્રો હતાં. ગ્રંથો ઉપરનાં ચિત્રો, લઘુચિત્રો, વ્યક્તિચિત્રો, પ્રસંગચિત્રો પણ હતાં.

**શિલ્પ :** શિવાજીના સમયનું શિવાજી મહારાજની કર્ણાટક સવારી વખતે થયેલી મલ્લમ્મા દેસાઈની મુલાકાતનું શિલ્પ, ભુલેશ્વર મંદિર ઉપરની શિલ્પકલા, વ્યક્તિશિલ્પો, પ્રાણીઓનાં શિલ્પો (દા.ત., હાથી, મોર, વાંદરા), ટોકેના મંદિરનાં શિલ્પો અને બહારના વિસ્તારની શિલ્પકલા, પુણેનું ત્રિશુંડ ગણપતિ મંદિર, મધ્યપ્રદેશનું અહલ્યાબાઈ હોળકરનું છત્ર, નેવાસેના મોહિનીરાજ મંદિરની શિલ્પકલા મહત્ત્વની છે.

**ધાતુની મૂર્તિ :** પેશવાએ પુણેના પર્વતીના મંદિરમાં પાર્વતી અને ગણપતિની મૂર્તિ પૂજા માટે બનાવરાવી હતી. તેની સાથે જ લાકડાનાં શિલ્પો પણ બનાવાતાં હતાં.

**વાઙ્મય :** સંતવાઙ્મય, પૌરાણિક આખ્યાનો, ટીકા વાઙ્મય, ઓવી, અભંગ, ગ્રંથ, કથાકાવ્યો, ચરિત્રકથા, સંતોનાં ચરિત્રો, વિકસિત કાવ્યરચના, દેવી દેવતાના સંદર્ભે આરતીઓ, પોવાડા (આખ્યાનો) બખરી, ઐતિહાસિક પત્રો બધા વાઙ્મયના મહત્ત્વનાં ઘટકો છે.


**નાટ્યકળા :** દક્ષિણમાં તંજાવરમાં મરાઠી નાટકોનો સત્તરમી સદીના અંતથી પ્રારંભ થયો હતો. સરફોજી રાજાએ આ કલાને પ્રોત્સાહન આપ્યું. આ નાટકમાં ગાયન અને નર્તનને પ્રાધાન્ય હતું.

અત્યારસુધી આપણે મધ્યયુગના સમયનું તારણ કાઢ્યું. મરાઠી સત્તાના ઉદય અને વિસ્તાર સમજ્યા. આવતા વર્ષે આપણે આધુનિક (કાલખંડનો) યુગનો અભ્યાસ કરવાના છીએ.

3J2ZCJ

## સ્વાધ્યાય

૧. તક્તો પૂર્ણ કરો.




૨. સમાજમાં ક્યા ક્યા અનિષ્ટ રીતરિવાજો પ્રચલિત છે? તે દૂર કરવાની ઉપાય યોજના સૂચવો.

૩. તમારા પરિસરમાં ક્યા ક્યા તહેવારો અને ઉત્સવો ઉજવાય છે, તે વિશે સવિસ્તાર નોંધ બનાવો.

૪. નીચેના મુદ્દાના આધારે શિવકાલીન સમાજજીવન અને આજના સમાજજીવનની તુલના કરો.

| ક્ર. | મુદ્દા | શિવકાલીન સમાજજીવન | આજનું સમાજજીવન |
|---|---|---|---|
| ૧. | વ્યવહાર | ...... | ..... |
| ૨. | ઘર | ..... | પાકાં બાંધેલાં, સિમેંટ ક્રોંક્રીટનાં, અનેક માળનાં ઘરો |
| ૩. | સામાજિક વ્યવહાર | ..... | બસ, રેલ્વે, વિમાન |
| ૪. | મનોરંજન | ..... | ..... |
| ૫. | લિપિ | ... | .... |

**ઉપક્રમ :**

આપણા દેશની કર્તવ્યનિષ્ઠ સ્ત્રીઓ વિશે માહિતી મેળવો. તેનું વર્ગમાં વાંચન કરો. દા.ત., પી.વ્હી. સિંધુ, સાક્ષી મલિક.

# નાગરિકશાસ્ત્ર


## અનુક્રમણિકા

### આપણું સંવિધાન (બંધારણ)



| ક્ર. | પાઠનું નામ | પૃષ્ઠ ક્ર. |
|---|---|---|
| ૧. | બંધારણની (સંવિધાન)ની ઓળખ.............. | ૬૩ |
| ૨. | બંધારણની ઉદ્દેશિકા.............................. | ૬૮ |
| ૩. | બંધારણની વિશિષ્ટતા............................ | ૭૨ |
| ૪. | મૂળભૂત હક્ક, ભાગ -૧ ........................ | ૭૬ |
| ૫. | મૂળભૂત હક્ક, ભાગ-૨ ......................... | ૮૦ |
| ૬. | માર્ગદર્શક તત્ત્વો અને મૂળભૂત કર્તવ્યો........... | ૮૩ |





| સૂચવેલી શૈક્ષણિક પ્રક્રિયા- | વિદ્યાર્થી |
|---|---|
| **સૂચવેલી શૈક્ષણિક પ્રક્રિયા-**<br>વિદ્યાર્થીને જોડીમાં/સમૂહમાં સમૂહમાં/વ્યક્તિગત રીતે અધ્યયનની તક આપવી અને તેમને નીચેની બાબતો માટે પ્રવૃત્ત કરવા.<br>• લોકશાહી, સમતા, રાજ્યશાસન, લિંગભેદ, માધ્યમો, જાહેરાતો વગેરે સંકલ્પનાવિશેની ચર્ચામાં સહભાગી થવું.<br>• સંવિધાનનું મહત્વ, ઉદ્દેશિકા, સમતાનો અધિકાર, સમતાની લડાઈ વિષયક ચિત્રો, ચિત્રોના કાતરણની મદદથી ભીંતપત્રક બનાવવું.<br>• સંવિધાનની વિશિષ્ટતા વિશે માહિતી મેળવવી.<br>• મૂળભૂત હક્ક વિશે ચર્ચા.<br>• લોકશાહીમાં સમતા, છોકરીઓએ સહન કરવો પડતો ભેદભાવ વગેરે વિષયો વિશે ગીતો, કવિતા, ભૂમિકાની રજૂઆત.<br>• માર્ગદર્શક તત્વો અને મૂળભૂત કર્તવ્યો, સામ્યભેદ વિશે ચર્ચા. | 07.73H.13 લોકશાહીમાં સમતાનું મહત્વ સ્પષ્ટ કરે છે.<br>07.73H.14 રાજકીય સમતા, આર્થિક સમતા અને સામાજિક સમતા વચ્ચેનો તફાવત સમજી શકે છે.<br>07.73H.15 સમતાના હક્ક સંદર્ભે પોતાના વિભાગના સામાજિક, રાજકીય અને આર્થિક સમસ્યાઓ વિશે અભિપ્રાય આપે છે.<br>07.73H.16 સ્થાનિક શાસન અને રાજ્યશાસન વચ્ચેનો તફાવત સમજે છે.<br>07.73H.17 લોકશાહી શાસન વ્યવસ્થાની વિશિષ્ટતા સ્પષ્ટ કરે છે.<br>07.73H.18 સંવિધાનમાં દર્શાવેલા હક્કોના ન્યાયાલયનું વિશેષ સંરક્ષણ હોય છે તે જાણે છે.<br>07.73H.19 કાયદા પાસે દરેક વ્યક્તિ સમાન હોય છે તે જાણે છે.<br>07.73H.20 માર્ગદર્શક તત્વોને ન્યાયાલયીન સંરક્ષણ નથી, પરંતુ તે સરકાર માટે નૈતિક દૃષ્ટિએ બંધનકારક છે તે સમજે છે.<br>07.73H.21 મૂળભૂત હક્ક અને મૂળભૂત કર્તવ્ય યોગ્ય ઉદાહરણ સહિત સમજાવે છે.<br>07.73H.22 મૂળભૂત હક્કો સંબંધી જ્ઞાનનો પ્રત્યક્ષ ઉપયોગ કરી એકાદા પ્રસંગે હક્કભંગ, હક્ક સંરક્ષણ અને હક્કની કાળજી કઈ રીતે રાખી શકાય તે સમજે છે. |

# ૧. બંધારણની ઓળખ

## ચાલો, થોડું પુનરાવર્તન કરીએ !

આગળના ધોરણમાં નાગરિકશાસ્ત્રના પાઠ્યપુસ્તકમાં આપણે નિયમોની જરૂરિયાત વિશેના ઘણા બધા મુદ્દા સમજી લીધા છે. કુટુંબ, શાળા, આપણું ગામ અથવા શહેરનો વ્યવહાર સરળતાથી ચાલે તે માટે આપણે પ્રણાલી અને નિયમ પાળીએ છીએ. કુટુંબમાં નિયમ નથી હોતા, પરંતુ કુટુંબની દરેક વ્યક્તિઓએ કેવી રીતે વર્તવું તે બાબતની પ્રણાલી કે નિયમ હોય છે. શાળામાં પ્રવેશ બાબતના ગણવેશ અને અભ્યાસ બાબતના નિયમો હોય છે. જુદીજુદી સ્પર્ધાઓના પણ નિયમ હોય છે. આપણા ગામનો અને શહેરનો કારભાર પણ નિયમનુસાર ચાલે છે. એવી જ રીતે આપણા દેશનો કારભાર પણ નિયમાનુસાર જ ચાલે છે. કુટુંબ, શાળા, ગામ અથવા શહેરો સંબંધી નિયમો મર્યાદિત સ્વરૂપના હોય છે, પરંતુ દેશના કારભાર સંબંધી નિયમો અથવા જોગવાઈ વ્યાપક સ્વરૂપના હોય છે.

> સમીર અને વંદનાને થતો પ્રશ્ન તમને પણ વિચારવા જેવો લાગે છે કે?
>
> - દેશનો કારભાર જે નિયમાનુસાર અથવા જોગવાઈ અનુસાર ચાલે છે, તે નિયમો કયા હોય છે?
> - તે નિયમો કોણ બનાવે છે? તેનું પાલન કરવું બંધનકારક હોય છે કે?

નીચેના લખાણમાંથી તમને તેના જવાબો મળે છે કે? તે જુઓ.

### બંધારણ : અર્થ

દેશના કારભાર વિશેની જોગવાઈઓ એકત્રિત રીતે અને સુસૂત્રતાપૂર્વક જે ગ્રંથમાં દર્શાવેલી હોય તે ગ્રંથને 'બંધારણ' કહેવાય છે. એનો અર્થ બંધારણ એટલે દેશના રાજ્યકારભાર વિશેની જોગવાઈઓનો લેખિત દસ્તાવેજ.

જનતાએ ચૂંટેલા પ્રતિનિધિઓમાંથી સરકારની રચના થાય છે.

બંધારણમાં દર્શાવેલ જોગવાઈ પ્રમાણે જ રાજ્યકારભાર કરવાનું સરકાર માટે બંધનકારક છે. બંધારણમાં દર્શાવેલી જોગવાઈ અથવા કાયદા મૂળભૂત હોય છે. બંધારણ સાથે અસંગત (વિસંગત) કાયદા સરકાર કરી શકતી નથી અને જો કરે તો તે કાયદા અદાલત રદ કરી શકે છે.

### બંધારણમાં શેના વિશેની જોગવાઈ હોય છે?

બંધારણમાં જુદીજુદી બાબતો વિશે જોગવાઈ હોય છે. દાખલા તરીકે નાગરિકત્વ, નાગરિકોના હક્ક, નાગરિક અને સરકારનો સંબંધ, સરકારે કરવાના કાયદાના વિષય, ચૂંટણી, સરકારની મર્યાદા અને રાજ્યના અધિકાર ક્ષેત્ર વગેરે.

બંધારણ અનુસાર રાજ્યકારભાર કરવાનું તત્ત્વ મોટા ભાગના બધા દેશોએ સ્વીકાર્યું છે. તેમ છતાં દરેક દેશના બંધારણનું સ્વરૂપ જુદુંજુદું હોય છે. ઇતિહાસ, સમાજરચના, સંસ્કૃતિ, પરંપરા વગેરે બાબતોમાં દેશ-દેશ વચ્ચે અલગતા અથવા ભિન્નતા હોય છે. તેવી જ રીતે રાષ્ટ્રની જરૂરિયાત અને ઉદ્દેશો પણ જુદા હોઈ શકે. તેને અનુરૂપ બંધારણ તૈયાર કરવાનો પ્રયત્ન તે તે રાષ્ટ્ર કરે છે.



**તમે જાણો છો કે?**

> અમેરિકા, ઈંગ્લેંડ જેવા દેશોના રાજ્યકારભાર બંધારણ પ્રમાણે ચાલે છે, પરંતુ બન્ને બંધારણમાં ફરક છે. દા.ત. અમેરિકાનું બંધારણ ઈ.સ. ૧૭૮૯માં અમલમાં આવ્યું. તે લેખિત હોવા છતાં તેમાં ફક્ત ૭ કલમોનો સમાવેશ છે. પરંતુ ૨૨૫ વર્ષો કરતાં વધારે સમય વીતી જવા છતાં પણ તે જ બંધારણ પ્રમાણે આજે પણ અમેરિકાનો રાજ્યકારભાર ચલાવવામાં આવે છે.

ઈંગ્લેંડનો ઇતિહાસ અનેક સૈકાઓનો છે. રાજ્યકારભાર બાબતના નિયમ આ દેશમાં સંકેત, રૂઢિ, પરંપરાના સ્વરૂપમાં જોવા મળે છે. તેમ છતાં તેનું શિસ્તબદ્ધ રીતે પાલન કરવામાં આવે છે. ૧૨૧૫માં થયેલા મૅગ્નાકાર્ટા કરારથી ઇંગ્લેંડનું બંધારણ વિકસિત થતું ગયું. કેટલાક લેખિત નિયમોનો સમાવેશ હોવા છતાં પણ ઈંગ્લેંડનું બંધારણ મુખ્યત્વે અલિખિત છે.



**કરીને જુઓ.**

તમને ગમતા કોઈ પણ એક દેશના બંધારણ વિશે નીચેના મુદ્દાને આધારે ટૂંકમાં માહિતી મેળવો.

દેશનું નામ, બંધારણ તૈયાર થયાનું વર્ષ, બંધારણની બે વિશેષતા.

**બંધારણની આવશ્યકતા :** બંધારણમાં દર્શાવેલી જોગવાઈ અથવા નિયમાનુસાર રાજ્યકારભાર કરવાના અનેક ફાયદા છે.

- સરકારને નિયમોના માળખામાં રહીને જ રાજ્યકારભાર કરવો પડે છે. તેને લીધે તેમને મળેલા અધિકારનો અથવા સત્તાનો દુરુપયોગ થવાની શક્યતા ઓછી હોય છે.
- બંધારણમાં નાગરિકોના હક્ક અને તેમના સ્વાતંત્ર્યનો ઉલ્લેખ હોય છે. સરકાર તે હક્ક છીનવી શકતી નથી. તેથી નાગરિકોના હક્ક અને સ્વાતંત્ર્ય સુરક્ષિત રહે છે.
- બંધારણમાં દર્શાવેલી જોગવાઈ અનુસાર રાજ્યકારભાર કરવો એટલે કાયદાનું રાજ્ય પ્રસ્થાપિત કરવા જેવું છે. કારણ કે તેમાં સત્તાના દુરુપયોગ અથવા મનમાનીપૂર્વકના કારભારને અવકાશ જ મળતો નથી.
- બંધારણ પ્રમાણે રાજ્યકારભાર થતો હોવાનું જોઈને સામાન્ય માણસનો સરકાર ઉપરનો વિશ્વાસ વધે છે. તેનાથી તે સહભાગી થવા ઉત્સુક બને છે. સામાન્ય માણસના વધતા સહભાગને લીધે લોકશાહી વધારે મજબૂત બને છે.
- બંધારણ તે-તે દેશ સામે કેટલાક રાજકીય આદર્શ રાખે છે. તે દિશાએ-માર્ગે ચાલવાનું બંધન પણ તે રાષ્ટ્ર પર હોય છે. તેને લીધે વૈશ્વિક શાંતિ અને સુરક્ષિતતા, માનવહક્કોનું સંવર્ધન થવા માટે પોષક વાતાવરણ નિર્માણ થાય છે.
- નાગરિકોનાં કર્તવ્યનો ઉલ્લેખ બંધારણમાં હોવાથી નાગરિકોની જવાબદારી પણ નિશ્ચિત હોય છે.

### રાજ્યકારભાર એટલે શું?

દેશના રાજ્યકારભારમાં કઈ બાબતોનો સમાવેશ કરેલો હોય છે?


દેશની સરહદનું સંરક્ષણ કરવું, પરદેશી આક્રમણોથી પ્રજાનું રક્ષણ કરવાથી લઈ દરિદ્રતા (ગરીબી) નિવારણ, રોજગાર નિર્માણ, શિક્ષણ અને આરોગ્ય સેવા, ઉદ્યોગ વ્યવસાયોને પ્રોત્સાહન, દુર્બળ ઘટકોનું સંરક્ષણ, મહિલા, બાળકો અને આદિવાસીઓની પ્રગતિ માટે ઉપાય યોજના વગેરે અનેક બાબતો વિશે સરકારને કાયદા બનાવવા પડે છે. કાયદાની અમલ બજાવણી દ્વારા સમાજમાં યોગ્ય પરિવર્તન કરવું પડે છે. ટૂંકમાં કહેવું હોય તો (વર્તમાન) આધુનિક સમયની સરકારને અવકાશ સંશોધનથી સાર્વજનિક સ્વચ્છતા સુધીની દરેક બાબતો વિશે નિર્ણય લેવા પડે છે. તેને જ રાજ્યકારભાર કહી શકાય.

બંધારણનો અર્થ અને તેની આવશ્યકતા સમજી લીધા પછી હવે આપણે ભારતના બંધારણની રચના કેવી રીતે થઈ તે જાણીએ.

**બંધારણ રચનાની પાર્શ્વભૂમિ :** ભારતનું બંધારણ તૈયાર કરવાની શરૂઆત ઈ.સ. ૧૯૪૬થી જ થઈ ગઈ હતી. સ્વતંત્ર ભારતનો રાજ્યકારભાર બ્રિટિશોએ તૈયાર કરેલા કાયદા પ્રમાણે ચાલશે નહિ પણ તે ભારતીયોએ પોતે બનાવેલા કાયદા પ્રમાણે ચાલશે, તેવો સ્વાતંત્ર્ય સંગ્રામના નેતાઓનો આગ્રહ હતો. તે અનુસાર ભારતનું બંધારણ તૈયાર કરવા માટે

એક સમિતિ સ્થાપવામાં આવી. તે સમિતિ 'બંધારણ સભા' તરીકે ઓળખાય છે.

**સંવિધાન સભા :** આપણો દેશ ૧૫ ઑગસ્ટ ૧૯૪૭ના રોજ સ્વતંત્ર થયો. તેના પહેલાં ભારતમાં અંગ્રેજોનું રાજ્ય હતું. અંગ્રેજ સરકારે રાજ્યકારભારની સગવડ માટે મુંબઈ પ્રાંત (રાજ્ય), બંગાળ રાજ્ય અને મદ્રાસ રાજ્ય જેવા વિભાગો પાડ્યા હતા. આ રાજ્યોનો કારભાર ત્યાંના લોકપ્રતિનિધિઓ દ્વારા ચલાવવામાં આવતો. તેની સાથે જ દેશના કેટલાક ભાગોનો કારભાર ત્યાંના સ્થાનિક રાજાઓ સંભાળતા હતા. આવા ભાગોને સંસ્થાનો કહેતા અને તેના પ્રમુખ તે સંસ્થાનના (રિયાસતના) રાજા એટલે કે સંસ્થાનિક તરીકે ઓળખાતા હતા. બંધારણ સભામાં રાજ્ય અને સંસ્થાનોના પ્રતિનિધિનો સમાવેશ હતો.


ડૉ. રાજેંદ્રપ્રસાદ

બંધારણ સભામાં કુલ ૨૯૯ સભ્યો હતા. ડૉ. રાજેંદ્રપ્રસાદ બંધારણ સભાના અધ્યક્ષ હતા.

**ડૉ. બાબાસાહેબ આંબેડકરનું યોગદાન :**

ડૉ. બાબાસાહેબ આંબેડકર મુસદા સમિતિના અધ્યક્ષ હતા. તેમણે વિવિધ દેશોના બંધારણનો ઊંડો અભ્યાસ કર્યો હતો. તેમણે રાત-દિવસ અભ્યાસ અને ચિંતન કરીને બંધારણનો મુસદો તૈયાર કર્યો.


ડૉ. બાબાસાહેબ આંબેડકર

ડૉ.બાબાસાહેબ આંબેડકરે તૈયાર કરેલો બંધારણનો મુસદો બંધારણ સભા સમક્ષ રજૂ કરવામાં આવ્યો. તેના ઉપર એકએક કલમવાર ચર્ચા થઈ. અનેક સુધારાઓ સૂચવવામાં આવ્યા. બંધારણનો મુસદો બંધારણ સભા સમક્ષ રજૂ કરવાનું, તે બાબત પૂછાયેલા પ્રશ્નોના જવાબ આપવાનું, તેમજ બંધારણ સભાની સૂચના અનુસાર મૂળ મુસદામાં ફેરફાર કરવાની દરેક જોગવાઈ ક્ષતિરહિત કરવાનું કામ ડૉ. બાબાસાહેબ આંબેડકરે કર્યું. ભારતના બંધારણની રચનામાં તેમના આ યોગદાનને લીધે તેમને 'ભારતીય બંધારણના શિલ્પકાર' કહેવાય છે.

સંપૂર્ણ બંધારણ પૂરું લખાઈ ગયા પછી બંધારણ સભાએ તેને માન્યતા આપી અને તેનો સ્વીકાર ૨૬ નવેમ્બર ૧૯૪૯ના રોજ થયો. માટે ૨૬ નવેમ્બરનો દિવસ 'બંધારણ દિન' તરીકે

**કેટલી ગૌરવપ્રદ છે આ બાબત !**

- બંધારણ સભામાં ચર્ચા અને વિચાર વિનિમયના આધારે નિર્ણય લેવામાં આવ્યા. વિરોધી મતો પ્રત્યે આદર અને તેમની યોગ્ય સૂચનાનો સ્વીકાર એ ત્યાંના કામકાજની વિશેષતા હતી.
- બંધારણ લખીને પૂર્ણ કરવા માટે ૨ વર્ષ, ૧૧ મહિના અને ૧૭ દિવસ જેટલો સમય લાગ્યો.
- મૂળ બંધારણમાં ૨૨ વિભાગ, ૩૯૫ કલમો અને ૮ પરિશિષ્ટોનો સમાવેશ હતો.




**તમે જાણો છો કે?**

બંધારણ સભામાં ડૉ. રાજેંદ્રપ્રસાદ, પંડિત જવાહરલાલ નહેરુ, ડૉ. બાબાસાહેબ આંબેડકર, સરદાર વલ્લભભાઈ પટેલ, મૌલાના અબ્દુલ કલામ આઝાદ, સરોજિની નાયડુ, જે. બી. કૃપલાની, રાજકુમારી અમૃત કૌર, દુર્ગાબાઈ દેશમુખ, હંસાબહેન મહેતા જેવા અનેક માનવંતા સભ્યો હતાં. કાયદાનિષ્ણાતની બી.એન. રાવ નિમણૂંક બંધારણ સભાના કાયદાવિષયક સલાહકાર તરીકે થઈ હતી.

ઉજવવામાં આવે છે. ૨૬ જાન્યુઆરી ૧૯૫૦થી બંધારણની જોગવાઈ અનુસાર દેશનો રાજ્યકારભાર ચલાવવાની શરૂઆત થઈ. આ દિવસથી ભારતનું પ્રજાસત્તાક રાજ્ય અસ્તિત્વમાં આવ્યું. માટે જ ૨૬ જાન્યુઆરીનો દિવસ 'પ્રજાસત્તાક દિન' તરીકે ઉજવાય છે.



પં. જવાહરલાલ નહેરુ



સરદાર વલ્લભભાઈ પટેલ



મૌલાના આઝાદ



સરોજિની નાયડુ



**કરીને જુઓ.**

તમારા વર્ગનો કારભાર નિયમાનુસાર ચાલે એવું તમને લાગે છે ને? તેમાં તમે ક્યા નિયમોનો સમાવેશ કરશો? તો પછી વર્ગ માટે એક નિયમાવલી બનાવો.



**તમે જાણો છો કે?**

ડૉ. બાબાસાહેબ આંબેડકરનું યોગદાન જલવ્યવસ્થાપન, પરરાષ્ટ્ર સંબંધ, રાષ્ટ્રીય સુરક્ષા, પત્રકારત્ત્વ, અર્થકારણ, સામાજિક ન્યાય જેવાં વિવિધ ક્ષેત્રોમાં હતું.



ભારતીય બંધારણનો મુસદો બંધારણ સભાના અધ્યક્ષ ડૉ. રાજેંદ્રપ્રસાદ સમક્ષ રજૂ કરતાં ડૉ. બાબાસાહેબ આંબેડકર

## સ્વાધ્યાય

**૧. નીચેની સંકલ્પના સ્પષ્ટ કરો.**

(૧) બંધારણમાં રહેલી જોગવાઈ

(૨) બંધારણ દિન

**૨. ચર્ચા કરો.**

(૧) બંધારણ સમિતિની સ્થાપના કરવામાં આવી.

(૨) ડૉ. બાબાસાહેબ આંબેડકરને ભારતીય બંધારણના શિલ્પકાર કહેવાય છે..

(૩) દેશના રાજ્યકારભારમાં સમાવિષ્ટ બાબતો.

**૩. યોગ્ય પર્યાય પસંદ કરો.**

(૧) ક્યા દેશનું બંધારણ પૂર્ણતઃ લેખિત નથી?

(અ) અમેરિકા (બ) ભારત

(ક) ઇંગ્લેંડ (ડ) આમાંથી નહિ.

(૨) બંધારણ સભાના અધ્યક્ષ કોણ હતા?

(અ) ડૉ. બાબાસાહેબ આંબેડકર

(બ) ડૉ. રાજેંદ્રપ્રસાદ

(ક) દુર્ગાબાઇ દેશમુખ

(ડ) બી.એન. રાવ

(૩) નીચેનામાંથી બંધારણ સભાના સદસ્ય કોણ નહોતા?

(અ) મહાત્મા ગાંધી

(બ) મૌલાના આઝાદ

(ક) રાજકુમારી અમૃત કૌર

(ડ) હંસાબહેન મહેતા

(૪) મુસદા સમિતિના અધ્યક્ષ કોણ હતા?

(અ) ડૉ. રાજેંદ્રપ્રસાદ

(બ) સરદાર વલ્લભભાઇ પટેલ

(ક) ડૉ. બાબાસાહેબ આંબેડકર

(ડ) જે.બી. કૃપલાની

**૪. તમારા વિચાર લખો.**

(૧) સરકારને ક્યા ક્યા વિષયો પર કાયદા બનાવવા પડે છે?

(૨) ૨૬ જાન્યુઆરીના દિવસને આપણે પ્રજાસત્તાક દિન તરીકે શા માટે ઊજવીએ છીએ?

(૩) બંધારણની જોગવાઈ પ્રમાણે રાજ્યકારભાર કરવાના ફાયદા.

**ઉપક્રમ :**

(૧) બંધારણ સભા માટે વિવિધ સમિતિઓની સ્થાપના થઈ હતી. તે વિશેની માહિતી મેળવો અને સમિતિઓનાં નામોનો તક્તો બનાવી અને નામ સાથે ચિત્રોનો સંગ્રહ કરો.

(૨) 'બંધારણ દિન' શાળામાં કેવી રીતે ઊજવ્યો તેનો અહેવાલ તૈયાર કરો.

(૩) બંધારણ સભાના સદસ્યોના ફોટાઓનો સંગ્રહ કરો.

# ૨. બંધારણની ઉદ્દેશિકા

**આગળના પાઠમાં આપણે શું શીખ્યા?**

- બંધારણ એટલે રાજ્યકારભારના નિયમો સ્પષ્ટ કરતો એક મહત્વનો દસ્તાવેજ.
- બંધારણ સભાએ ભારતના બંધારણની રચના કરી.
- બંધારણને લીધે આપણાં લોકપ્રતિનિધિઓને કાયદા પ્રમાણે જ રાજ્યનો કારભાર કરવો પડે છે.

બંધારણ આપણા દેશનો મૂળભૂત અને સર્વશ્રેષ્ઠ કાયદો છે. કોઈ પણ કાયદો કરવા પાછળ કેટલાક ચોક્કસ ઉદ્દેશો અથવા હેતુ હોય છે. તે ઉદ્દેશો અથવા હેતુ સ્પષ્ટ કર્યા પછી વિસ્તારપૂર્વક કાયદાની અન્ય જોગવાઈઓ કરવામાં આવે છે. તેની એકત્રિત રીતે ટૂંકમાં અને સુસંગત રીતે કરેલી રજૂઆત એટલે જ પ્રસ્તાવના. આ પ્રસ્તાવનાને ઉદ્દેશિકા કહેવાય છે. ઉદ્દેશિકાને જ ભારતીય બંધારણની 'પ્રાસ્તાવિકા' અથવા 'પ્રસ્તાવના' પણ કહેવાય છે. ઉદ્દેશિકા આપણા બંધારણના ઉદ્દેશો સ્પષ્ટ કરે છે. .



**કરીને જુઓ.**

બંધારણની ઉદ્દેશિકા વાંચો. તેમાંના શબ્દોની યાદી બનાવો. આ શબ્દો તમે બીજે ક્યાં વાંચો છો?

આપણે બધાં ભારતના નાગરિક છીએ. આપણે બધાએ એક દેશ તરીકે શું મેળવવું છે તે ઉદ્દેશિકા કહે છે. તેમાંનાં મૂલ્યો, વિચાર અને હેતુ ઉદાત્ત હોય છે. તે કેવી રીતે મેળવવા તે બાબતની જોગવાઈ સંપૂર્ણ બંધારણમાં સ્પષ્ટ કરેલી છે.

બંધારણની ઉદ્દેશિકાની શરૂઆત ''અમે ભારતના લોકો'' શબ્દોથી થાય છે. ભારતનું 'સાર્વભૌમ, સમાજવાદી, ધર્મનિરપેક્ષ, લોકશાહી ગણરાજ્ય' તરીકે નિર્માણ કરવાના ભારતીયોના નિર્ધાર બાબત તેમાં કહેલી છે. તેમાંની પ્રત્યેક સંજ્ઞાનો અર્થ આપણે સમજીએ.

**(૧) સાર્વભૌમ રાજ્ય :** ભારત ઉપર ઘણો સમય બ્રિટિશોનું રાજ્ય હતું. ૧૫ ઑગસ્ટ ૧૯૪૭ના રોજ આ રાજ્યનો અંત આવ્યો. આપણો દેશ સ્વતંત્ર થયો. ભારતને સાર્વભૌમત્ત્વ પ્રાપ્ત થયું. આપણે આપણા દેશમાં યોગ્ય લાગે તેવા નિર્ણય લેવા માટે સ્વતંત્ર છીએ. એકાદ રાજ્ય પરદેશી નિયંત્રણ હેઠળ ન હોવું એવો સાર્વભૌમ શબ્દનો અર્થ છે.

આપણી સંપૂર્ણ સ્વાતંત્ર્ય લડતનું સૌથી મહત્ત્વનું ઉદ્દિષ્ટ સાર્વભૌમત્ત્વ પ્રાપ્ત કરવાનું હતું. સાર્વભૌમત્ત્વ એટલે રાજ્યકારભાર કરવાનો સર્વશ્રેષ્ઠ અધિકાર. લોકશાહીમાં સાર્વભૌમત્ત્વ જનતાના હાથમાં હોય છે. જનતા પોતાના પ્રતિનિધિ ચૂંટીને તેમને તેમનો સાર્વભૌમ અધિકાર વાપરવાની પરવાનગી આપે છે. આપણા દેશની અંતર્ગત ક્યા કાયદા કરવા તે નક્કી કરવાનો અધિકાર જનતાને અને જનતાએ ચૂંટેલી સરકારને હોય છે.

**(૨) સમાજવાદી રાજ્ય :** સમાજવાદી રાજ્ય એટલે એવું રાજ્ય કે જ્યાં ગરીબ-શ્રીમંત વચ્ચે મોટી ખાઈ ન હોય. દેશની સંપત્તિ ઉપર દરેકનો હક્ક હોય છે. સંપત્તિનું કેંદ્રીયકરણ કેટલાક લોકોના હાથમાં આવે નહિ તેની કાળજી રાખવામાં આવે છે.

**(૩) ધર્મનિરપેક્ષ રાજ્ય :** ઉદ્દેશિકાએ ધર્મનિરપેક્ષતા આપણો ઉદ્દેશ હોવાનું કહ્યું છે. ધર્મનિરપેક્ષ રાજ્યમાં દરેક ધર્મોને સમાન ગણવામાં આવે છે.

કોઈ પણ એક જ ધર્મને રાજ્યનો ધર્મ માનવામાં આવતો નથી. નાગરિકોને પોતપોતાના ધર્મનું પાલન કરવાની છૂટ હોય છે. નાગરિકો વચ્ચે

**તમે જાણો છો કે?**

ધર્મનિરપેક્ષતાના માધ્યમથી આપણે આપણા સમાજની બહુધાર્મિકતાનું જતન કરવાનો પ્રયત્ન કર્યો છે. આપણને બંધારણે જે અનેક હક્ક આપ્યા છે, તેનો આપણે અમર્યાદિત અથવા જોઈએ તેમ ઉપયોગ કરી શકતા નથી. ધાર્મિક સ્વતંત્રતાનું પણ તેવું જ છે. આપણે જ્યારે તહેવાર, ઉત્સવ ઊજવીએ છીએ, ત્યારે આપણે સાર્વજનિક સ્વચ્છતા, આરોગ્ય અને પર્યાવરણનો વિચાર કરવો પણ જરૂરી હોય છે.

ધર્મના આધારે ભેદભાવ કરી શકાતો નથી.

**(૪) લોકશાહી રાજ્ય :** લોકશાહીમાં રાજ્યકારભારની સત્તા લોકોના હાથમાં હોય છે. તેમની ઇચ્છા પ્રમાણે સરકાર નિર્ણય લે છે અને ધોરણો નક્કી કરે છે. સરકારે દરેકના કલ્યાણ માટે મહત્ત્વના આર્થિક, સામાજિક નિર્ણયો લેવા પડે છે. આવા નિર્ણયો રોજેરોજ દરેક લોકોને ભેગા કરીને લેવા શક્ય નથી. માટે ચોક્કસ સમય પછી ચૂંટણીઓ થાય છે. આ ચૂંટણીમાં મતદાર મત આપીને પોતાના પ્રતિનિધિ ચૂંટે છે. ચૂંટાઈ આવેલા પ્રતિનિધિ બંધારણે રચેલી સંસદ, કાર્યકારી મંડળ જેવી સંસ્થામાં જાય છે. બંધારણે જ રજૂ કરેલી અથવા દર્શાવેલી પ્રક્રિયા દ્વારા સંપૂર્ણ જનતા માટે નિર્ણય લે છે.

**(૫) ગણરાજ્ય :** આપણા દેશમાં લોકશાહી સાથે ગણરાજ્ય પદ્ધતિ છે. ગણરાજ્યમાં બધાં સાર્વજનિક પદો લોકો દ્વારા ચૂંટવામાં આવે છે. કોઈ પણ સાર્વજનિક પદ વંશપરંપરા પ્રમાણે ભરાતાં નથી.

રાષ્ટ્રપતિ, પ્રધાનમંત્રી, રાજ્યપાલ, મુખ્યમંત્રી, મેયર, સરપંચ જેવાં પદો સાર્વજનિક હોય છે. તે પદો માટે ચોક્કસ વિશિષ્ટ ઉંમરની શરત પૂર્ણ કરનારો કોઈ પણ ભારતીય નાગરિકે ચૂંટણી લડીને જઈ શકે છે. રાજસત્તાક પદ્ધતિમાં આ પદો

**ચર્ચા કરો.**

'મારું કુટુંબ' વિશે દીપાએ શું લખ્યું છે તે વાંચો.

લોકશાહી એટલે માત્ર ચૂંટણીઓ નહિ. મારાં માતા-પિતા ઘરનાં બધાં કામો સાથે મળીને કરે છે. તેમાં અમારું પણ યોગદાન હોય છે. એક-બીજા સાથે અમે ઝઘડ્યા વગર વાતો કરીએ છીએ. ઝઘડીએ તો પણ તરત જ તે ભૂલી જઈને એકબીજાનું કહેવું સાંભળીએ છીએ. કોઈ પણ પરિવર્તન કરવું હોય તો દાદી-દાદાને જ પૂછવામાં આવે છે. અનુજને ખેતીના અભ્યાસમાં સંશોધન કરવું છે. તેનો નિર્ણય બધાંને ગમ્યો.

દીપાના ઘરમાં લોકશાહી પદ્ધતિ છે, એમ તમને લાગે છે કે? લોકશાહીની કઈ વિશેષતા આ પરિચ્છેદમાં જોવા મળે છે?

વંશપરંપરા દ્વારા એક જ કુટુંબની વ્યક્તિ પાસે જાય છે.

ઉદ્દેશિકાએ દરેક ભારતીય નાગરિકોને ન્યાય, સ્વાતંત્ર્ય અને સમાનતા આ ત્રણ મૂલ્યોની અને તે પ્રમાણે વ્યવહાર કરવાની, કાયદા દ્વારા તે મૂલ્યો પ્રત્યક્ષ વ્યવહારમાં લાવવાની ખાતરી આપી છે. આ મૂલ્યનો અર્થ આપણે સમજીએ.

**(૧) ન્યાય :** અન્યાય દૂર કરીને દરેકને પોતાની પ્રગતિની તક મેળવી આપવી એટલે ન્યાય. બધાં લોકોનું કલ્યાણ થાય એ દૃષ્ટિએ ઉપાયયોજના કરવી એટલે ન્યાય પ્રસ્થાપિત કરવો. ઉદ્દેશિકામાં ન્યાયના ત્રણ પ્રકાર દર્શાવ્યા છે. તે નીચે પ્રમાણે છે -

**(અ) સામાજિક ન્યાય :** વ્યક્તિમાં જાતિ, ધર્મ, વંશ, ભાષા, પ્રદેશ, જન્મસ્થાન અથવા લિંગ ઉપર આધારિત કોઈ પણ ભેદભાવ કરવો નહિ.

માણસ તરીકે દરેકનો દરજ્જો સરખો જ હોય છે.

**(બ) આર્થિક ન્યાય :** ભૂખ, ભૂખમરો, કુપોષણ જેવી બાબતો ગરીબીને લીધે અથવા દારિદ્ર્યને લીધે નિર્માણ થાય છે. ગરીબી દૂર કરવી હોય તો દરેકને પોતાનું અને કુટુંબનું ભરણપોષણ કરવા માટે આજીવિકાનું સાધન મેળવવાનો હક્ક છે. આપણા બંધારણે દરેક નાગરિકને આ અધિકાર કોઈ પણ જાતના ભેદભાવ વગર આપ્યો છે.

(ક) રાજકીય ન્યાય : રાજ્યકારભારમાં ભાગ લેવાનો દરેકને સમાન હક્ક મળે માટે આપણે પ્રૌઢ મતદાન પદ્ધતિ સ્વીકારી છે. તે પ્રમાણે ઉંમરના ૧૮ વર્ષ પૂરા કરનારા દરેક નાગરિકને મત આપવાનો અધિકાર છે.

(૨) સ્વાતંત્ર્ય : સ્વાતંત્ર્ય એટલે આપણા પર દુઃખદાયી, અયોગ્ય અંકુશ ન હોવો. આપણામાં રહેલી ક્ષમતાનો વિકાસ કરવા માટે પોષક વાતાવરણ હોવું. લોકશાહીમાં નાગરિકોને સ્વાતંત્ર્ય હોય છે, સ્વાતંત્ર્ય હોય તો જ લોકશાહી પુખ્ત બને.

વિચાર અને અભિવ્યક્તિ સ્વાતંત્ર્ય એ વ્યક્તિનું મૂળભૂત સ્વાતંત્ર્ય છે. દરેકને પોતાના અભિપ્રાય અને વિચાર વ્યક્ત કરવાનો હક્ક છે. વિચારોના આદાનપ્રદાનને લીધે આપણામાં સહકાર્ય અને એકતા વધે છે અને તેની જ સાથે એકાદ સમસ્યાની અનેક બાજુ પણ આપણને સમજાય છે.

શ્રદ્ધા, સમજૂતી અને ઉપાસનાના સ્વાતંત્ર્ય દ્વારા મુખ્યત્વે ધાર્મિક સ્વાતંત્ર્ય વ્યક્ત થાય છે. આપણા ધર્મના અથવા આપણી પસંદગીના ધર્મના ઉપદેશ અનુસાર વર્તન કરવાનું સ્વાતંત્ર્ય દરેક ભારતીય નાગરિકને છે. આપણા તહેવારો ઉત્સવ ઊજવવાનું, ભક્તિસ્થાનોનું જતન કરવાનું અને ઉપાસનાનું સ્વાતંત્ર્ય તેમાં અભિપ્રેત છે.

**(૩) સમાનતા :** ઉદ્દેશિકાએ ભારતીય નાગરિકોને દરજ્જા અને તકની બાબતમાં સમાનતાની ખાતરી આપેલી છે.

જાતિ, ધર્મ, વંશ, લિંગ, જન્મસ્થાન વગેરે પર આધારિત ભેદભાવ કર્યા વગર માણસ તરીકે દરેકનો દરજ્જો સરખો હશે, એવો આનો અર્થ છે. ઊંચ-નીચ, શ્રેષ્ઠ-કનિષ્ઠ જેવા ભેદો કરવા નહિ એટલે સમાન દરજ્જાની ખાતરી આપવી. ઉદ્દેશિકાએ

> **ચર્ચા કરો.**
>
> સ્વાતંત્ર્ય સંબંધી કેટલાંક વિધાનો નીચે આપ્યા છે. તેના પર ચર્ચા કરો.
>
> - ☐ તહેવાર-ઉત્સવ સાર્વજનિક રીતે ઊજવતી વખતે કેટલાક નિયમો પાળવા પડે છે. તેથી આપણા સ્વાતંત્ર્ય ઉપર બંધન આવતું નથી.
> - ☐ સ્વાતંત્ર્ય એટલે મનમાં આવે તેમ વર્તવું એમ નહિ પણ જવાબદારીપૂર્વક વર્તવું.

'તકની સમાનતા'ને મહત્ત્વની ગણી છે. પોતાના વિકાસની તક દરેકને પ્રાપ્ત થશે. તે ઉપલબ્ધ કરાવી દેતી વખતે કોઈ પણ પ્રકારનો ભેદભાવ કરવામાં આવશે નહિ.

બંધારણની ઉદ્દેશિકામાં કોઈ એકદમ જુદા આદર્શનો અથવા તત્ત્વનો ઉલ્લેખ કર્યો છે. તે આદર્શ અથવા તે તત્ત્વ એટલે ભાઈચારાની ભાવનાનું નિર્માણ કરવાનો ઉદ્દેશ અને વ્યક્તિની પ્રતિષ્ઠાનું જતન કરવાની ખાતરી.

બંધુત્વ :- બંધારણ તૈયાર કરનારાઓને એવું લાગતું હતું, કે માત્ર ન્યાયની, સ્વાતંત્ર્યની અને સમાનતાની ખાતરી આપવાથી ભારતીય સમાજમાં સમાનતા નિર્માણ થશે નહિ. તે માટે ગમે તેટલા કાયદા કરવા છતાં જ્યાં સુધી ભારતીયોમાં બંધુત્વ ભાવના હશે નહિ, ત્યાં સુધી આવા કાયદાઓનો ઉપયોગ થશે નહિ. માટે જ બંધુત્વ ભાવનાના નિર્માણનો ઉદ્દેશ ઉદ્દેશિકામાં સમાવિષ્ટ કરવામાં આવ્યો છે. બંધુતા હોવી એટલે આપણા દેશના બધાં નાગરિકો પ્રત્યે અને એકબીજા પ્રત્યે આત્મીયતાની ભાવના હોવી. બંધુત્વભાવ એકબીજા માટે સહાનુભૂતિની ભાવના નિર્માણ કરે છે.

એકબીજાની સમસ્યા બાબત લોકો સંવેદનશીલતાથી વિચાર કરે છે.

બંધુભાવ અને વ્યક્તિ પ્રતિષ્ઠાનો નિકટનો સંબંધ છે. વ્યક્તિ પ્રતિષ્ઠા એટલે દરેક વ્યક્તિને માણસ તરીકે સન્માન હોય છે. તે જાતિ, ધર્મ, વંશ, લિંગ, ભાષા વગેરે બાબતોથી નક્કી થતું નથી. આપણને જે પ્રમાણે બીજાઓ આદર અને સન્માન આપે એવું લાગે છે, તેવો જ આદર અને સન્માન આપણે અન્ય વ્યક્તિને આપવો જોઈએ.

જ્યારે દરેક વ્યક્તિ બીજી વ્યક્તિનો આદર કરીને તેના સ્વાતંત્ર્ય અને હક્કનું સન્માન કરશે, ત્યારે આપોઆપ વ્યક્તિ પ્રતિષ્ઠા નિર્માણ થશે. આવા વાતાવરણમાં બંધુત્વભાવ સાહજિક રીતે વધવા લાગશે. ન્યાય અને સમાનતા પર આધારિત નવા સમાજના નિર્માણનું કામ પણ વધારે સરળ થશે. ભારતના બંધારણની ઉદ્દેશિકા દ્વારા આનું માર્ગદર્શન પ્રાપ્ત થાય છે.

ભારતની જનતાએ આ બંધારણ પોતાને જ અર્પણ કર્યું છે તે ઉલ્લેખ દ્વારા ઉદ્દેશિકાનો અંત થાય છે.



## સ્વાધ્યાય

૧. **નીચેનાં વિધાનો વાંચીને તેના માટેના ચાવીરૂપ શબ્દો શબ્દચોરસમાંથી શોધો અને લખો.**

| | | | | | |
|---|---|---|---|---|---|
| બં | શા | ભૌ | હી | લો | ના |
| ર્વ | ધુ | શા | વ | પ | સા |
| પ્ર | ક | ત્વ | સ્તા | ક્ષ | ર્વ |
| લો | મ | પ્ર | ભા | ક | ભૌ |
| સ્તા | ના | સા | હી | વ | મ |
| ધ | ર્મ | નિ | ર | પે | ક્ષ |

(૧) દેશના દરેક નાગરિકો અને એકબીજા પ્રત્યે આત્મીયતાની ભાવના હોવી.
(૨) રાજ્ય કારભારની સત્તા લોકોના હાથમાં હોવી.
(૩) ઉદ્દેશિકાને જ કહેવામાં આવે છે.
(૪) દરેક ધર્મને સમાન ગણવા.
(૫) બીજાના નિયંત્રણ હેઠળ ન હોવું.

૨. **લખતાં થઈએ.**
(૧) ધર્મનિરપેક્ષ રાજ્યમાં કઈ જોગવાઈઓ હોય છે ?
(૨) પ્રૌઢ મતદાન પદ્ધતિ એટલે શું?
(૩) આર્થિક ન્યાયને લીધે નાગરિકોને ક્યા હક્ક મળે છે ?
(૪) સમાજમાં વ્યક્તિપ્રતિષ્ઠા કેવી રીતે નિર્માણ થશે ?

૩. **આપણને મળેલા સ્વાતંત્ર્યનો ઉપયોગ આપણે કેવી રીતે કરવો જોઈએ, તમારો અભિપ્રાય લખો/કહો.**

૪. **સંકલ્પના સ્પષ્ટ કરો.**
(૧) સમાજવાદી રાજ્ય -
(૨) સમાનતા -
(૩) સાર્વભૌમ રાજ્ય -
(૪) તકની સમાનતા -

૫. **ભારતીય બંધારણની ઉદ્દેશિકામાં કઈ કઈ મહત્ત્વની બાબતોનો ઉલ્લેખ કરેલો છે ?**

**ઉપક્રમ :**
(૧) શિક્ષકની મદદથી મતદાનપત્રિકા અને મતદાનયંત્ર (EVM) સમજવા માટે તાલુકાના તહસીલ કાર્યાલયની મુલાકાત લો.
(૨) તમારા પરિસરના વર્તમાનપત્રોનાં નામની યાદી બનાવો.

# ૩. બંધારણની વિશિષ્ટતા

આગળના બે પાઠોમાં આપણે ભારતના બંધારણની રચના કેવી રીતે થઈ તેનો અને બંધારણની ઉદ્દેશિકાનો અભ્યાસ કર્યો. સાર્વભૌમ, સમાજવાદી, ધર્મનિરપેક્ષ, લોકશાહી, ગણરાજ્ય જેવી સંકલ્પના સમજી લીધી. ઉદ્દેશિકામાં દર્શાવેલા આ ઉદ્દેશો આપણા બંધારણની વિશિષ્ટતા છે. આ ઉપરાંત બંધારણની બીજી કઈ વિશિષ્ટતા છે તે આપણે આ પાઠમાં સમજવાના છીએ.

**સંઘરાજ્ય** : સંઘરાજ્ય વ્યવસ્થા એ આપણા બંધારણની એક મહત્ત્વની વિશેષતા છે. મોટો ભૂપ્રદેશ અને વધારે લોકસંખ્યા (વસતી) ધરાવતા દેશમાં રાજ્ય કરવા માટે સંઘરાજ્ય એક પદ્ધતિ છે. મોટો ભૂપ્રદેશ હોવાથી એક જ સ્થળેથી રાજ્યકારભાર કરવો મુશ્કેલ બને છે, દૂરના પ્રદેશો તરફ દુર્લક્ષ સેવાય છે. ત્યાંના લોકોને રાજ્યકારભારમાં સહભાગી થવાની તક મળતી નથી. માટે સંઘરાજ્યમાં બે સ્તરની સરકાર હોય છે. આખા દેશનું સંરક્ષણ કરવું, અન્ય રાષ્ટ્રો સાથે વ્યવહાર કરવો, શાંતિ સ્થાપવી વગેરે કામો મધ્યવર્તી સરકાર પાર પાડે છે. તેને 'કેંદ્ર સરકાર' અથવા 'સંઘસરકાર' પણ કહે છે. સંઘસરકાર આખા દેશનો રાજ્યકારભાર ચલાવે છે.

આપણે જે પ્રદેશમાં રહીએ છીએ તે પ્રદેશનો કારભાર કરનારી સરકારને 'રાજ્યસરકાર' કહેવાય છે. રાજ્યસરકાર એક મર્યાદિત પ્રદેશનો રાજ્યકારભાર સંભાળે છે. દા.ત. મહારાષ્ટ્ર રાજ્ય સરકાર.

બે સ્તરે જુદાજુદા વિષયો ઉપર કાયદા બનાવીને અરસપરસ સહકારથી રાજ્યકારભાર કરવાની આ પદ્ધતિને 'સંઘરાજ્ય' કહેવાય છે.

**અધિકાર વહેંચણી** : સંઘસરકાર અને રાજ્યસરકાર વચ્ચે બંધારણે અધિકારો વહેંચી દીધા છે. તે પ્રમાણે ક્યા વિષયના અધિકાર કોની પાસે છે, તે જોઈએ. આપણા બંધારણે ત્રણ યાદી તૈયાર કરી અને તેમાં જુદાજુદા વિષયો દર્શાવ્યા છે.

પહેલી યાદીને 'સંઘયાદી' કહેવાય છે. તેમાં ૯૭ વિષય હોય છે. આ વિષયો ઉપર સંઘસરકાર (કેંદ્રસરકાર) કાયદા કરે છે. રાજ્યસરકાર માટે 'રાજ્યયાદી' હોય છે. તેમાં ૬૬ વિષયો હોય છે. તે વિષયો ઉપર રાજ્યસરકાર કાયદા કરે છે. આ બે યાદી ઉપરાંત ત્રીજી એક 'સંયુક્ત યાદી' (સમવર્તી યાદી) હોય છે. તેમાં ૪૭ વિષયો હોય છે. બન્ને સરકાર આ યાદીના વિષયો ઉપર કાયદા કરી શકે છે. આ ત્રણ યાદીમાંના વિષયો ઉપરાંત કોઈ નવો વિષય ઉદ્‌ભવે તો તેના ઉપર કાયદો કરવાનો અધિકાર સંઘ (કેંદ્ર) સરકારને હોય છે. આ અધિકાર 'વિશેષાધિકાર' તરીકે ઓળખાય છે.

**ક્યા વિષય કોની પાસે છે –**

**(૧) સંઘસરકાર પાસેના વિષય** : સંરક્ષણ, વિદેશ સાથે વ્યવહાર, યુદ્ધ અને શાંતિ, ચલણ વ્યવસ્થા, આંતરરાષ્ટ્રીય વેપાર વગેરે.



**તમે જાણો છો કે?**

ભારતીય સંઘરાજ્યના અધિકારોની વહેંચણી અથવા વિભાજન વિશેષતાસભર છે. સંઘસરકાર અને રાજ્યસરકાર એકબીજા સાથે સહકારથી દેશનો વિકાસ સાધી શકે તે શક્ય બને છે. રાજ્ય કારભારમાં નાગરિકોના સહભાગને આ પદ્ધતિમાં પ્રોત્સાહન મળે છે.

**(૨) રાજ્યસરકાર પાસેના વિષય** : ખેતી, કાયદો અને સુવ્યવસ્થા, સ્થાનિક શાસન, આરોગ્ય, જેલ વ્યવસ્થા વગેરે.

**(૩) બંને સરકારના સંયુક્ત વિષય** : રોજગાર, પર્યાવરણ, આર્થિક અને સામાજિક નિયોજન, વ્યક્તિગત કાયદા, શિક્ષણ વગેરે.

**કેંદ્રશાસિત પ્રદેશ / સંઘશાસિત પ્રદેશ** : ભારતમાં એક સંઘસરકાર, ૨૮ રાજ્યસરકાર અથવા ઘટકરાજ્યો અને ૯ સંઘશાસિત પ્રદેશ છે. સંઘશાસિત પ્રદેશો ઉપર સંઘસરકારનું નિયંત્રણ હોય છે. નવી દિલ્હી, દીવ-દમણ, પુદુચ્ચેરી, ચંદીગઢ, દાદરા-નગર હવેલી, આંદામાન-નિકોબાર, લક્ષદ્વીપ અને જમ્મુ અને કાશ્મીર તથા લદાખ સંઘશાસિત પ્રદેશો છે.

મંત્રીમંડળ લોકસભામાંથી બને છે અને તે પોતાની કામગીરી માટે લોકસભાને જવાબદાર હોય છે. સંસદીય શાસનપદ્ધતિમાં સંસદમાં થતાં ચર્ચા, વિચાર-વિનિમયનું મહત્ત્વ હોય છે.

**કરીને જુઓ.**

ઈશાન તરફનાં રાજ્યોની યાદી બનાવો. ત્યાંનાં રાજ્યોની રાજધાનીનાં શહેર ક્યા!

**સંસદીય શાસનપદ્ધતિ :** ભારતના બંધારણે સંસદીય શાસનપદ્ધતિ બાબતની જોગવાઈ કરેલી છે. સંસદીય શાસનપદ્ધતિ એટલે રાજ્યકારભારની એવી એક પદ્ધતિ કે જેમાં સંસદને એટલે કે કાયદામંડળને નિર્ણય લેવાનો સર્વશ્રેષ્ઠ અધિકાર હોય છે. ભારતની સંસદમાં રાષ્ટ્રપતિ, લોકસભા અને રાજ્યસભાનો સમાવેશ હોય છે. પ્રત્યક્ષ રાજ્યકારભાર કરનારું મંત્રીમંડળ લોકસભામાંથી બને છે...

**સ્વતંત્ર ન્યાયવ્યવસ્થા :** ભારતના બંધારણે સ્વતંત્ર ન્યાયવ્યવસ્થાની ગોઠવણ (રચના) કરેલી છે. વિવાદાસ્પદ પ્રશ્નોનો જ્યારે આપસમાં ઉકેલ આવી શકતો નથી ત્યારે તેનો ઉકેલ અદાલતમાં કરાય છે.

અદાલત બંને પક્ષની વાત સાંભળીને, તેમાં અન્યાય થયો હોય તો તે દૂર કરીને નિવારણ કરે છે. આ કામ તટસ્થાપૂર્વક થવું જરૂરી હોય છે.

**તમે જાણો છો કે?**




ચલણી નોટ

તમે ચલણી નોટો જોઈ છે ને? તેના પર 'કેન્દ્રિય સરકાર દ્વારા પ્રમાણિત' લખેલું હોય છે.

પોલીસના ખભા ઉપરનો બિલ્લો તમે જોયો હોય તો તેના ઉપર 'મહારાષ્ટ્ર પોલીસ' લખેલું દેખાય છે.

'ભારતીય રેલ' અને 'મહારાષ્ટ્ર રાજ્ય પરિવહન મહામંડળ' એવું લખેલું પણ તમે વાંચ્યું હશે.

આનો અર્થ આપણા દેશમાં બે સ્તરની સરકાર છે. એક ભારત સરકાર અને બીજી રાજ્યસરકાર. દા.ત. મહારાષ્ટ્ર સરકાર, કર્ણાટક સરકાર વગેરે.

મહારાષ્ટ્ર પોલીસ બોધચિહ્ન

ભારતીય રેલ બોધચિહ્ન (પ્રતીક)

મહારાષ્ટ્ર રાજ્ય પરિવહન મહામંડળ બોધચિહ્ન

નિષ્પક્ષતાથી અદાલત ઉપર કોઈ પણ દબાણ ન આવે તે માટે બંધારણે ન્યાયમંડળને વધારેમાં વધારે સ્વતંત્ર રાખવા માટે અનેક જોગવાઈ કરી છે. દા.ત. ન્યાયધીશની નિમણૂંક સરકાર તરફથી થતી નથી પણ રાષ્ટ્રપતિ કરે છે. ન્યાયાધીશને સહેલાઈથી તેમના પદેથી દૂર કરી શકાતા નથી.

**એક જ દેશનું નાગરિકત્વ :** ભારતના બંધારણે ભારતના બધા નાગરિકોને એક જ નાગરિકત્વ બહાલ, મંજૂર કર્યું છે. તે એટલે 'ભારતીય' નાગરિકત્વ.

**બંધારણમાં ફેરફારની પદ્ધતિ :** બંધારણમાં દર્શાવેલ જોગવાઈમાં પરિસ્થિતિ પ્રમાણે ફેરફાર અથવા સુધારા કરવા પડે છે. પરંતુ બંધારણમાં વારંવાર સુધારા કરવાથી અસ્થિરતા ઉદ્ભવી શકે છે. માટે કોઈ પણ ફેરફાર કરતી વખતે તે પૂર્ણ વિચાર કર્યા પછી થાય તે માટે ભારતના બંધારણમાં જ બંધારણના ફેરફારની સંપૂર્ણ પ્રક્રિયા સ્પષ્ટ કરેલી છે. બંધારણમાં કોઈ પણ ફેરફાર કરવો હોય તો આ જ પ્રક્રિયા દ્વારા કરવો પડે. બંધારણના ફેરફારની આ



પ્રક્રિયા ખૂબ જ વિશિષ્ટ છે. તે બહુ મુશ્કેલ પણ નથી અને બહુ સરળ પણ નથી. મહત્વના સુધારા માટે તેમાં વિચાર-વિનિમયને પર્યાપ્ત અવકાશ આપવામાં આવ્યો છે. સર્વસાધારણ સુધારા સહેલાઈથી થઈ શકે તેટલી સ્થિતિસ્થાપકતા પણ આ પ્રક્રિયામાં છે.

**શોધો !**

અત્યાર સુધીમાં ભારતીય બંધારણમાં કેટલી વખત સુધારા થયા છે?

**ચૂંટણી આયોગ :** ચૂંટણી આયોગ વિશે વર્તમાનપત્રમાં આવતા લેખો તમે હંમેશાં વાંચતા હશો. ભારતે લોકશાહી શાસનવ્યવસ્થા સ્વીકારી હોવાથી પ્રજાએ ચોક્કસ મુદત પછી પોતાના પ્રતિનિધિ ફરી નવેસરથી ચૂંટવાના હોય છે. તે માટે ચૂંટણીઓ યોજવી પડે છે. આ ચૂંટણીઓ મુક્ત અને ન્યાયી વાતાવરણમાં થવી જરૂરી હોય છે. ત્યારે જ નાગરિકો કોઈ પણ દબાણ વગર પોતાને યોગ્ય લાગે તે



**કહો જોઈએ !**

હાલના મુખ્ય ચૂંટણી કમિશ્નર કોણ?
ચૂંટણી આચાર સંહિતા એટલે શું?
મતદાર સંઘ એટલે શું?

ઉમેદવારને ચૂંટી શકે છે. સરકાર ચૂંટણીઓ યોજે તો આવું મુક્ત અને ન્યાયી વાતાવરણ મળી શકે તેવી ખાતરી રહેતી નથી. માટે આપણા બંધારણે ચૂંટણીઓ યોજવાની જવાબદારી એક સ્વતંત્ર વ્યવસ્થાતંત્રને (યંત્રણાને) સોંપેલી છે. તે યંત્રણા એટલે 'ચૂંટણી આયોગ'. ભારતની બધી મહત્વની ચૂંટણીઓ યોજવાની જવાબદારી ચૂંટણી આયોગ ઉપર હોય છે.

ભારતીય બંધારણની અનેક વિશિષ્ટતા છે. આ પાઠમાં આપણે તેમાંની કેટલીક મહત્વની વિશિષ્ટતાઓનો જ અભ્યાસ કર્યો છે. મૂળભૂત હક્કો વિશેની વિસ્તૃત જોગવાઈ એ આપણા બંધારણની વધુ એક મહત્વની વિશિષ્ટતા છે. તેનો અભ્યાસ આપણે હવે પછીના પાઠમાં કરવાના છીએ.



## સ્વાધ્યાય

**૧. સંઘરાજ્ય શાસનપદ્ધતિ અનુરૂપ અધિકારોની વહેંચણી કેવી રીતે કરી છે તેની યાદી નીચેના તક્તામાં બનાવો.**

| સંઘરાજ્ય સરકાર | રાજ્યસરકાર | બંને સરકાર પાસેના સંયુક્ત વિષય |
|---|---|---|
| (૧) ________ | (૧) ________ | (૧) ________ |
| (૨) ________ | (૨) ________ | (૨) ________ |
| (૩) ________ | (૩) ________ | (૩) ________ |

**૨. યોગ્ય શબ્દ લખો.**

(૧) આખા દેશનો રાજ્યકારભાર કરતી યંત્રણા -
(૨) ચૂંટણીઓનું આયોજન કરતી યંત્રણા -
(૩) બંને યાદી ઉપરાંતની યાદી -

**૩. લખતા થાઓ.**

(૧) સંઘરાજ્યમાં બે સ્તરની સરકાર હોય છે.
(૨) વિશેષાધિકાર એટલે શું?
(૩) બંધારણે ન્યાયમંડળને સ્વતંત્ર રાખ્યું છે.


**૪. સ્વતંત્ર ન્યાયવ્યવસ્થાના ફાયદા અને નુકસાન આ વિષય પર વર્ગમાં જૂથચર્ચાનું આયોજન કરો.**

**૫. ઇલેક્ટ્રોનિક મતદાનયંત્ર (EVM) વાપરવાને લીધે ક્યા ફાયદા થાય છે, તેની માહિતી મેળવો.**

**ઉપક્રમ :**

વર્ગમાં ચૂંટણી આયોગની સ્થાપના કરો. તે ચૂંટણી આયોગના માર્ગદર્શન હેઠળ વર્ગની ચૂંટણી યોજો.

# ૪. મૂળભૂત હક્ક ભાગ-૧




**ચાલો, શોધીએ.**

* બાળકોના હક્ક તમે જાણતા હશો. તેમના મહત્વના બે હક્ક તમે કહી શકશો કે?
* મહિલાના હક્ક, આદિવાસીના હક્ક, ખેડૂતોના હક્ક જેવાં નામો પણ આપણે જાણીએ છીએ. આ હક્કોના સંદર્ભમાં આપણને બધાંને જ કેટલાક પ્રશ્નો થાય છે.
* હક્કનો ઉપયોગ શો? તે કોણે દેવાના હોય?
* હક્ક રદ કરી શકાય કે?
* તેમ થાય તો તેની વિરુદ્ધ ક્યાં જઈને દાદ માગવી?

વર્તમાનપત્રમાં અથવા બીજે ક્યાંય તમે આવા સ્વરૂપનાં પાટિયાં જોયાં હશે. એકાદા મોરચામાં કોઈ માંગણી કરી હોય અને તે તેનો હક્ક હોવાનું કહેવાય છે.

આપણને જન્મજાત હક્ક મળે છે. જન્મેલા દરેક બાળકને જીવવાનો હક્ક છે. તેને ઉત્તમ આરોગ્ય મળે માટે આખો સમાજ અને સરકાર પ્રયત્ન કરે છે. અન્યાય, શોષણ, ભેદભાવ અને વંચિતતાથી જો દરેક વ્યક્તિને સંરક્ષણ મળે તો જ વ્યક્તિ પોતાનામાં રહેલા ગુણોનો અને કૌશલ્યોનો વિકાસ કરી શકે. પોતાના અને સંપૂર્ણ લોકસમૂહના વિકાસ માટે પોષક-અનુકૂળ વાતાવરણની માગણી કરવી, તે માટે આગ્રહ રાખવો એટલે હક્ક માંગવો.

બંધારણે આવા પોષક વાતાવરણ નિર્માણ કરવા માટે ભારતના દરેક નાગરિકોને સમાન હક્ક આપ્યા છે. આ હક્ક મૂળભૂત છે. તે બંધારણમાં દર્શાવ્યા

હોવાથી તેને કાયદાનો દરજ્જો છે. આ હક્કોનું પાલન બધા માટે બંધનકારક છે.

**કલ્પના કરો અને લખો.**

કૂતરો, બિલાડી, ગાય, ભેંસ, બકરી જેવાં પ્રાણી તમે પાળતાં હશો. તમે તેમની ખૂબ કાળજી રાખો છો, તેમને ખૂબ પ્રેમ કરો છો.

આ પ્રાણીઓને બોલતાં આવડતું હોત, તો તેમણે તમારી પાસે ક્યા હક્ક માંગ્યા હોત?

### બંધારણમાં દર્શાવેલા આપણા હક્ક :

બંધારણમાં ભારતીય નાગરિકોના હક્કોની નોંધ છે. તે હક્ક ક્યા છે તે જોઈએ.

**સમાનતાનો હક્ક :** સમાનતાના હક્ક અનુસાર રાજ્ય ભારતીય નાગરિકોમાં ઊંચ-નીચ, શ્રેષ્ઠ-કનિષ્ઠ, સ્ત્રી-પુરુષ જેવો ભેદ રાખીને કોઈની પણ સાથે જુદું જુદું વર્તન કરી શકતી નથી. કાયદો બધા માટે સરખો જ હોય છે. અનેક કાયદાઓ એવા હોય છે, કે જે આપણને સંરક્ષણ આપે છે. દા.ત. તપાસ કર્યા વગર ધરપકડ કરવામાંથી આપણને સંરક્ષણ મળે છે. આવું સંરક્ષણ આપતી વખતે પણ સરકાર ભેદભાવ કરી શકતી નથી.



**ચાલો, ચર્ચા કરીએ.**

કાયદા સમક્ષ દરેકને સરખા જ ગણવા અને દરેકને કાયદાનું સરખું જ સંરક્ષણ આપવું તેના ફાયદા ક્યા?

સમાનતાના હક્કમાં બીજી કઈ બાબતો આવે? સરકારી નોકરી આપતી વખતે સરકાર જાતિ, ધર્મ, લિંગ, જન્મસ્થાન ઉપર આધારિત ભેદભાવ કરી શકે નહિ. આપણા દેશની અસ્પૃશ્યતા પાળવાની અમાનવી પ્રથાને કાયદા દ્વારા નાબૂદ કરવામાં આવી છે. અસ્પૃશ્યતાનું પાલન એ દખલપાત્ર ગુનો માનવામાં આવે છે. ભારતીય સમાજમાં સમાનતા નિર્માણ કરવા માટે આ પ્રથાનું નિર્મૂલન કર્યું છે. લોકોમાં શ્રેષ્ઠ અને કનિષ્ઠ જેવો ભેદ દર્શાવતી પદવીઓ આપવા માટે બંધારણે મનાઈ ફરમાવી છે. દા.ત., રાજા, મહારાજા, રાવબહાદુર વગેરે.



**તમે જાણો છો કે?**

વિષમતા પોષનારી, સમાજમાં ફાટફૂટ પાડનારી અને નાગરિકોમાં ભેદ કરનારી પદવીઓ રાજ્ય આપી શકતી નથી, પરંતુ સમાજના વિભિન્ન ક્ષેત્રોમાં ગૌરવપ્રદ કામગીરી બજાવનારાને સરકાર પદ્મશ્રી, પદ્મભૂષણ, પદ્મવિભૂષણ જેવી પદવીઓ આપે છે. ભારતરત્ન એ આપણા દેશની સર્વોચ્ચ નાગરી પદવી અથવા સન્માન છે.

સંરક્ષણદળમાં શ્રેષ્ઠ કામગીરી માટે પરમવીરચક્ર, અશોક ચક્ર, શૌર્ય ચક્ર અને સન્માનનાં પદકો આપવામાં આવે છે.

આવી પદ્ધતિઓને લીધે અન્ય નાગરિકોને ન મળતા હોય તેવા કોઈ પણ ખાસ અધિકાર અથવા વિશેષાધિકાર તે વ્યક્તિને મળતો નથી, પરંતુ તેની કામગીરીનું ગૌરવ આવી પદવીઓ આપીને કરવામાં આવે છે.

**સ્વાતંત્ર્યનો હક્ક :** બંધારણે આપેલો આ એક અત્યંત મહત્ત્વનો હક્ક હોવાથી તેમાં વ્યક્તિની દૃષ્ટિએ જરૂરી એવી દરેક પ્રકારની સ્વતંત્રતાની ખાતરી આપેલી છે.

નાગરિક તરીકે આપણને -

* ભાષણ અને અભિવ્યક્તિની સ્વતંત્રતા છે.
* શાંતિપૂર્વક સંગઠિત થવાની અને સભા યોજવાની સ્વતંત્રતા છે.
* સંસ્થા અને સંગઠનની સ્થાપના કરવાનું સ્વાતંત્ર્ય છે.
* ભારતના પ્રદેશોમાં ક્યાંય પણ ફરવાનું સ્વાતંત્ર્ય છે.
* ભારતના પ્રદેશોમાં ક્યાંય પણ વસવાટ કરવાનું સ્વાતંત્ર્ય છે.
* આપણો મનપસંદ ઉદ્યોગ, વ્યવસાય કરવાનું સ્વાતંત્ર્ય છે.

**કરીને જુઓ.**

'અ', 'બ' અને 'ક' એ કરેલી કેટલીક કૃતિ અહીં આપેલી છે. ઉપર દર્શાવેલા સ્વાતંત્ર્યના ક્યા પ્રકાર સાથે તમે તેને જોડશો?

'અ' એ આદિવાસીઓના પ્રશ્નો ઉકેલવા માટે 'આદિવાસી સહકાર્ય મંચ'ની સ્થાપના કરી.

'બ' એ પિતાનો બેકરીનો ઉત્પાદન વ્યવસાય ગોવામાંથી મહારાષ્ટ્રમાં લાવવાનું નક્કી કર્યું.

'ક' વ્યક્તિને સરકારના નવા કર બાબતના ધોરણમાં (વલણમાં) ખામી જણાઈ. તે બાબતનો એક લેખ લખીને તેણે વર્તમાનપત્રની કચેરીમાં મોકલ્યો.

**તમે જાણો છો કે?**

બંધારણે આપણને અનેક હક્કો આપ્યા છે, પરંતુ તેનો આપણે બેજવાબદારીપણે ઉપયોગ કરી શકીએ નહિ. તેમ કરવાથી બીજાને નુકસાન ન થાય તેનું ભાન આપણે રાખવું જોઈએ. આપણને બોલવાનો હક્ક છે, પરંતુ ઉશ્કેરણીજનક લખાણ અથવા ભાષણ કરી શકાય નહિ.

બંધારણના સ્વાતંત્ર્યના હક્કે ફક્ત હરવા-ફરવાનો અથવા બોલવાનો જ નહિ પણ આપણે સુરક્ષિત રહીએ એટલા માટે આપણને સંરક્ષણ ઉપલબ્ધ કરી આપ્યું છે. કાયદાનું આ સંરક્ષણ દરેકને સમાન રીતે આપેલું છે. તેને કોઈ પણ નકારી શકે નહિ. દા.ત., આપણને બધાને જીવવાનો હક્ક છે. ઉપરછલ્લી રીતે આ હક્ક સરળ લાગે છે પરંતુ તેમાં ઘણો ઊંડો અર્થ છુપાયેલો છે. જીવવાની ખાતરી મળવી, જીવવા માટે પોષક વાતાવરણ હોવું એવો તેનો અર્થ છે. કોઈ પણ વ્યક્તિનું જીવન કોઈ પણ છીનવી શકે નહિ. કારણ વગર કોઈ પણ વ્યક્તિની ધરપકડ કરીને નજરકેદ કરી શકાય નહિ. સ્વાતંત્ર્યના હક્કમાં હવે શિક્ષણના હક્કનો સમાવેશ કરવામાં આવ્યો છે. ૬ થી ૧૪ વર્ષ વયજૂથના બધાં છોકરા-છોકરીઓને શિક્ષણ લેવાનો મૂળભૂત હક્ક છે. આ હક્કને લીધે કોઈ પણ શિક્ષણથી વંચિત નહિ રહે.

**વિચાર કરો.**

જીવન ન છીનવી લેવાના હક્કને પૂરક બીજા કેટલાક હક્ક છે. દા.ત., એક જ ગુના માટે બે વખત સજા થતી નથી. કોઈપણ વ્યક્તિને સજા આપતા પહેલાં તેના પરના આરોપ સાબિત થવા જોઈએ અર્થાત્ પુરવાર કરવા પડે છે. આ કામ અદાલત કરે છે. આરોપ સંબંધી પુરાવા ભેગા કરવાનું અને ખટલો શરૂ કરવાનું કામ પોલીસ કરે છે. 'મેં ગુનો કર્યો છે', આવું કહેનાર વ્યક્તિને પણ તાબડતોબ સજા થતી નથી. તે વ્યક્તિના આરોપ પણ કાયદા દ્વારા સાબિત કરવા પડે છે. આ બધી અદાલતી પ્રક્રિયાને સમય લાગે છે, પરંતુ કોઈ પણ નિર્દોષ અથવા ગુનો ન કરેલી વ્યક્તિને સજા ન થાય તે માટે આ જરૂરી છે.

**શોષણ વિરુદ્ધનો હક્ક :** શોષણ થતું અટકાવવા માટે શોષણનો ભોગ ન બનવાનું, આપણું શોષણ અથવા ફસામણી ન થવા દેવાનો હક્ક એટલે શોષણ વિરુદ્ધનો હક્ક.

બંધારણે એક તરફ શોષણ વિરુદ્ધના હક્ક દ્વારા ફસામણીના દરેક પ્રકારો ઉપર મનાઈ ફરમાવી છે, તો બીજી તરફ બાળકોનું શોષણ અટકાવવા માટે વિશેષ જોગવાઈ કરી છે. તે પ્રમાણે ૧૪ વર્ષની નીચેનાં બાળકોને જોખમકારક જગ્યાએ કામ ઉપર રાખવાં માટે મનાઈ કરેલી છે. કારખાનાં, ખાણ જેવાં સ્થળે બાળકોની નિમણૂંક કરીને તેમની પાસે કામ કરાવી શકાતું નથી.

વેઠમજૂરી અથવા સખ્તાઈથી કોઈ વ્યક્તિ પાસે તેની ઇચ્છા વિરુદ્ધ કામ કરાવવું, કોઈ વ્યક્તિની સાથે ગુલામ જેવું વર્તન કરવું, તેમને કામનું યોગ્ય વળતર

ન આપવું, તેની પાસે અતિશય કષ્ટદાયક કામ કરાવવું, તેને ભૂખ્યો રાખવો અથવા તેના પર જુલમ જબરદસ્તી કરવી એ શોષણના પ્રકાર છે. સામાન્ય રીતે મહિલા, બાળકો, સમાજના દુર્બળ ઘટક અને સત્તાહીન લોકોનું શોષણ થાય છે. કોઈ પણ પ્રકારનું શોષણ હોય, તેની વિરુદ્ધ પડકાર ફેંકવાનો આ હક્ક છે.

**ચાલો, ચર્ચા કરીએ.**

શા માટે?

- અહીંયા બાળમજૂરો કામ કરતા નથી.
- અહીં કામગારોને રોજેરોજનો પગાર આપવામાં આવે છે.

આવાં પાટિયાં અનેક દુકાનોમાં અને હૉટેલમાં તમે જુઓ છો. તેનો અને બંધારણના આ હક્કનો શો સંબંધ હશે?

**ચાલો, ચર્ચા કરીએ.**

શોષણ ન થાય અને પ્રત્યેક વ્યક્તિ પોતાના સ્વાતંત્ર્યનો ઉપભોગ કરી શકે માટે સરકારે અનેક કાયદા કર્યા છે. કેટલાક કાયદાઓનો અહીં ઉલ્લેખ કરેલો છે. આવા બીજા ક્યા કાયદા છે તે શોધો અને તેની ચર્ચા કરો.

- લઘુતમ વેતન કાયદો – કારખાનામાં કામના કલાક, વિશ્રાંતિનો સમય વગેરે સંબંધી જોગવાઈ.
- મહિલાઓને ઘરમાં થતી હિંસાથી સંરક્ષણ આપતો કાયદો –

ભારતના બંધારણમાં સમાનતાનો, સ્વાતંત્ર્યનો અને શોષણ વિરુદ્ધના હક્કનો આપણે અહીંયા અભ્યાસ કર્યો. હવે પછીના પાઠમાં આપણે બીજા કેટલાક મૂળભૂત હક્કોનો અભ્યાસ કરવાના છીએ.

3K41J5

## સ્વાધ્યાય

**૧. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો.**

(૧) મૂળભૂત હક્ક એટલે શું?

(૨) વિવિધ ક્ષેત્રોમાં ગૌરવપ્રદ કામગીરી બજાવનારાને સરકાર દ્વારા ક્યા ક્યા પદકો/પદવીઓ આપવામાં આવે છે?

(૩) ચૌદ વર્ષથી નીચેનાં બાળકોને જોખમી જગ્યાએ કામ ઉપર રાખવા શા માટે મનાઈ ફરમાવી છે?

(૪) બંધારણે ભારતના બધા નાગરિકોને સમાન હક્ક શા માટે આપ્યા છે?

૨. 'સ્વતંત્રતાનો હક્ક' વિષય ઉપર ચિત્રપટ્ટી બનાવો.

**૩. નીચેનાં વાક્યો સુધારીને ફરી લખો.**

(૧) કોઈ પણ વ્યક્તિને હક્ક જન્મજાત પ્રાપ્ત થતા નથી.

(૨) સરકારી નોકરી આપતી વખતે સરકાર ધર્મ, લિંગ, જન્મસ્થાન ઉપર આધારિત ભેદભાવ કરીને તમને નોકરીથી દૂર રાખી શકે છે.

૪. નીચેનું સંકલ્પનાચિત્ર પૂર્ણ કરો.

સ્વાતંત્ર્યનો હક્ક

| ભાષણ સ્વાતંત્ર્ય | ☐ | ☐ | સંચાર સ્વાતંત્ર્ય | ☐ | વ્યવસાય સ્વાતંત્ર્ય |
|---|---|---|---|---|---|

**ઉપક્રમ :**

(૧) માહિતીનો અધિકાર, શિક્ષણનો અધિકાર જેવા કેટલાક મહત્ત્વના અધિકારો વિશે વર્તમાનપત્રોમાં આવેલા સમાચારોનો સંગ્રહ કરો.

(૧) તમારા પરિસરની ઈમારતનું બાંધકામ ચાલુ હોય ત્યારે જો નાનાં બાળકો કામ કરતાં જોવા મળે, તો તેમની સાથે અને તેમના વાલીઓ સાથે વાતચીત કરીને તેમની સમસ્યા જાણો અને તે સમસ્યાની વર્ગમાં રજૂઆત કરો.

# ૫. મૂળભૂત હક્ક ભાગ – ૨

આગળના પાઠમાં આપણે ભારતીય બંધારણે આપેલા કેટલાક મૂળભૂત હક્કોનો અભ્યાસ કર્યો. સ્વાતંત્ર્ય, સમાનતા સાથે જ શોષણ વિરુદ્ધનો હક્ક આપણે શીખ્યા. આ પાઠમાં આપણે ધાર્મિક સ્વાતંત્ર્યનો હક્ક, સાંસ્કૃતિક અને શૈક્ષણિક હક્ક સમજવાના છીએ. તેમજ મૂળભૂત હક્કોને મળતા અદાલતી સંરક્ષણની પણ આપણે માહિતી મેળવવાની છે.

**ધાર્મિક સ્વાતંત્ર્યનો હક્ક** : ભારત વિશ્વનું એક મહત્ત્વનું ધર્મનિરપેક્ષ રાષ્ટ્ર છે, તે આપણે જાણીએ છીએ. આગળના ધોરણમાં પણ આપણે શીખ્યા છીએ, પરંતુ તે સંબંધી બંધારણમાં શું લખ્યું છે તે જાણવાની તમને ઉત્સુકતા છે ને? તો તેનો ઉલ્લેખ ધાર્મિક સ્વાતંત્ર્યના હક્કમાં છે. તે અનુસાર ભારતના પ્રત્યેક નાગરિકને કોઈ પણ ધર્મની ઉપાસના કરવાનો અને ધાર્મિક કારણ માટે સંસ્થા સ્થાપવાનો હક્ક છે.

ધાર્મિક સ્વાતંત્ર્યનો હક્ક વધારે વ્યાપક કરવા માટે બંધારણે ધાર્મિક બાબતમાં બે બાબતોને પરવાનગી આપી નથી. (૧) જે કરનો ઉપયોગ ચોક્કસ ધર્મને પ્રોત્સાહન આપવા માટે કરવામાં આવે એવો કર સરકાર લાદી શકે નહિ. ટૂંકમાં, ધાર્મિક કર લાદવા માટે બંધારણ પ્રતિબંધ મૂકે છે. (૨) સરકારની આર્થિક મદદ મેળવતી શૈક્ષણિક સંસ્થામાં ધાર્મિક શિક્ષણ ફરજિયાત કરી શકાય નહિ.

**સાંસ્કૃતિક અને શૈક્ષણિક હક્ક** : તહેવાર, ઉત્સવ, આહાર અને જીવનપદ્ધતિ બાબતમાં આપણા દેશમાં ખૂબ વિવિધતા છે, તે આપણે જોઈએ છીએ. તમે લગ્નસમારંભો જોયા હશે, તેમાં તમને જુદાપણું દેખાયું હશે. આ બધી બાબતો તે તે લોકસમૂહોની સંસ્કૃતિનો ભાગ છે. આપણા બંધારણે વિવિધ લોકસમૂહોને પોતપોતાની સાંસ્કૃતિક વિવિધતાનું જતન કરવાનો હક્ક આપ્યો છે. તે અનુસાર પોતાની ભાષા, લિપિ, સાહિત્યનું જતન તો કરી શકાય જ છે, પણ તેની સાથે તેના વિકાસ માટે પ્રયત્ન પણ કરી શકાય છે. ભાષાના સંવર્ધન માટે સંસ્થાની સ્થાપના કરી શકાય છે.

**શોધો અને ચર્ચા કરો.**

- બંધારણે કેટલી ભાષાને માન્યતા આપી છે?
- ગુજરાતી ભાષાના સંવર્ધન માટે મહારાષ્ટ્ર સરકારે કઈ સંસ્થા સ્થાપી છે?



**ચાલો, ચર્ચા કરીએ.**

મહારાષ્ટ્રમાં સરકારનું અને અદાલતનું બધું કાર્ય મરાઠીમાં કરવામાં આવે એવું તમને લાગે છે કે? તે માટે શું કરવું પડશે?

**બંધારણાત્મક ઉપાયયોજનાનો હક્ક** : હક્કનો ભંગ કરવામાં આવે તો અદાલત પાસે દાદ માગવાનો હક્ક પણ એક મૂળભૂત હક્ક છે. તેને બંધારણાત્મક ઉપાયયોજનાનો હક્ક કહેવાય છે. આનો અર્થ એવો, કે હક્કભંગની વિરુદ્ધ અદાલત પાસે દાદ માગવા બાબતની જોગવાઈ બંધારણે જ કરી છે. તે અનુસાર અદાલતે પણ હક્કનું સંરક્ષણ કરવું બંધનકારક ઠરે છે.

બંધારણે આપેલા હક્ક ઉપર કેટલીક વખત અતિક્રમણ થઈ શકે છે અને આપણે હક્કનો ઉપયોગ કરી શકતા નથી. આને જ આપણે આપણા હક્કનો ભંગ થયો એમ કહીએ છીએ. હક્કભંગ વિશેની આપણી ફરિયાદ વિશે અદાલત વિચારણા કરે છે. તેની ખરાખોટાની તપાસ કરે છે. ખરેખર જ હક્કભંગ થયો છે કે પછી સંબંધિત વ્યક્તિને અન્યાય થયો છે એવું અદાલતને લાગે તો અદાલત યોગ્ય તે નિર્ણય આપે છે.

**હક્કભંગના કેટલાક પ્રકાર :**

- કારણ વગર કોઈ વ્યક્તિની ધરપકડ કરવી.
- યોગ્ય કારણ વગર કોઈ વ્યક્તિને શહેર/ગામ છોડવા માટે મનાઈ કરવી.
- જેલના કેદીઓને ખોરાકપાણી અને ઔષધોપચારની મનાઈ કરવી.

**હક્કભંગ દૂર કરવા માટે અદાલતનો આદેશ :**

નાગરિકોના હક્કોનું સંરક્ષણ કરવા માટે અદાલતને વિવિધ આદેશ આપવાનો અધિકાર છે.

(૧) કેદીની પ્રત્યક્ષ ઉપસ્થિતિ કેદી પ્રત્યક્ષીકરણ: (Habeas Corpus) : ગેરકાયદેસર ધરપકડ અને નજરકેદથી સંરક્ષણ

(૨) પરમ આદેશ (Mandamus) લોકહિત માટે સરકારને એકાદું કાર્ય કરવા માટે આપવામાં આવતો અદાલતનો આદેશ.

(૩) મનાઈ હુકમ/પ્રતિબંધ (Prohibition) : નીચલી અદાલતનો પોતાના અધિકાર ક્ષેત્રની બહાર ન જવા બાબતનો આદેશ.

(૪) અધિકારપૃચ્છા (Quo Warranto) : કયા અધિકારથી આ કાર્ય કર્યું, એવો સરકારી અધિકારી પાસે જવાબ માગવાનો અદાલતનો આદેશ.

(૫) ઉત્પ્રેક્ષણ (Certiorari) : નીચલી અદાલતે આપેલો નિર્ણય રદ કરીને ઉપલી અદાલતમાં ખટલો દાખલ કરવા માટેનો આદેશ.

**સરકારી અધિકારીની આ પ્રતિક્રિયા યોગ્ય કે અયોગ્ય?**

નિરાધારો માટેની એક યોજનાનો આપણને લાભ મળે માટે જરૂરી દરેક કાગળો રજૂ કરનારી મહિલાને, 'તું નિરાધાર દેખાતી નથી.' એમ કહીને લાભ આપવાનો નકાર કરનાર સરકારી અધિકારીનું કાર્ય યોગ્ય કે અયોગ્ય?

ઉપરના પ્રસંગમાં મહિલાના હક્કનો ભંગ થયો છે એવું તમને લાગે છે કે? તેણે દાદ માગવી હોય તો તેણે ક્યાં જવું જોઈએ?



મૂળભૂત હક્કોને આવી રીતે અદાલતનું સંરક્ષણ હોવાથી નાગરિકો પોતાના હક્કનો ઉપયોગ યોગ્ય રીતે કરી શકે છે. તે વધારે જાગૃત, જવાબદાર અને સક્રિય નાગરિક તરીકે પોતાની ભૂમિકા સારી રીતે બજાવી શકે છે. મૂળભૂત હક્કોનો વિચાર કરતી વખતે આપણે કર્તવ્યનું પણ ભાન રાખવું પડે છે. તેનો અભ્યાસ આપણે હવે પછીના પાઠમાં કરવાના છીએ.

## સ્વાધ્યાય

**૧. લખતાં થાઓ.**

(૧) ધાર્મિક કર લાદવા માટે બંધારણ મનાઈ કરે છે.

(૨) બંધારણાત્મક ઉપાયયોજનાનો હક્ક એટલે શું?

**૨. યોગ્ય શબ્દ લખો.**

(૧) ગેરકાયદેસર ધરપકડ અને નજરકેદથી સંરક્ષણ ..........

(૨) ક્યા અધિકારથી આ કાર્ય કર્યું, એવો સરકારી અધિકારી પાસે જવાબ માગવાનો અદાલતનો આદેશ...........

(૩) લોકહિત માટે સરકારને કોઈ એક કાર્ય કરવા માટે આપવામાં આવતો અદાલતનો આદેશ.........

(૪) નીચલી અદાલતનો પોતાના અધિકાર ક્ષેત્રની બહાર ન જવા બાબતનો આદેશ........

**૩. આપણે આ કરી શકીએ, તેનું કારણ રજૂ કરો.**

(૧) દરેક ભારતીય નાગરિક બધા તહેવાર આનંદથી ઊજવી શકે છે. કારણ.....

(૨) હું ગુજરાતી ભાષામાં શિક્ષણ લઈ શકું છું. કારણ......

**૪. ખાલી જગ્યામાં ક્યો શબ્દ લખવો જોઈએ?**

(૧) હક્કભંગ સંબંધી આપણી ફરિયાદ વિશે......... વિચાર કરે છે.

(૧) સરકાર પાસેથી આર્થિક મદદ મેળવતી શાળામાં ..............શિક્ષણ ફરજિયાત કરી શકાય નહિ.

**ઉપક્રમ :**

તમારી શાળામાં ન્યાયાધીશ, વકીલ, પોલીસ અધિકારીની મુલાકાતનું આયોજન કરો.

# ૬. માર્ગદર્શક તત્ત્વો અને મૂળભૂત ફરજો (કર્તવ્યો)

આગળના પાઠમાં બંધારણે આપેલા હક્કોનો આપણે અભ્યાસ કર્યો. તેમાંથી ભારતીય નાગરિકોને ક્યા હક્કો હોય છે તે સમજાયું. એટલું જ નહિ પણ હક્કોને અદાલતનું સંરક્ષણ હોય છે, તે પણ આપણે શીખ્યા. આપણા વ્યક્તિગત અને સાર્વજનિક જીવનમાં મૂળભૂત હક્કોનું મહત્ત્વ પણ આપણા ધ્યાનમાં આવ્યું. આ પાર્શ્વભૂમિ ઉપર આપણે માર્ગદર્શક તત્ત્વો એટલે શું તે સમજીએ.

મૂળભૂત હક્ક સરકારના અધિકાર ઉપર અંકુશ રાખે છે. નીચેની યાદી વાંચો એટલે સરકાર ઉપર ક્યા અંકુશ હોય છે તે ધ્યાનમાં આવશે. દા.ત.,

- સરકારે નાગરિકોમાં જાતિ, ધર્મ, વંશ, ભાષા અને લિંગ પર આધારિત ભેદભાવ કરવા નહિ.
- કોઈને પણ કાયદા સમક્ષ સમાનતા અને કાયદાનું સમાન સંરક્ષણ નકારવું નહિ.
- કોઈ પણ વ્યક્તિનું જીવન છીનવી લેવું નહિ.
- ધાર્મિક કર લાદવા નહિ.

સરકારે શું કરવું એ બાબતની કેટલીક સૂચના બંધારણે સ્પષ્ટ કરી છે. આ સૂચનાનો હેતુ એટલે બંધારણની ઉદ્દેશિકામાં જે ઉદ્દેશો સ્પષ્ટ કરેલા છે તે મેળવવા / પ્રાપ્ત કરવા માટેનું માર્ગદર્શન. એટલે જ આ સૂચનાને 'માર્ગદર્શક તત્ત્વો' કહેવામાં આવે છે.

### માર્ગદર્શક તત્ત્વોનો સમાવેશ શા માટે કર્યો?

ભારતને સ્વતંત્રતા મળી ત્યારે આ દેશમાં સુવ્યવસ્થા સ્થાપવાનો, સરળતાથી રાજ્યકારભાર કરવાનો મોટો પડકાર આપણી સામે હતો. દારિદ્રય, પછાતપણું, નિરક્ષરતા દૂર કરીને દેશનું વ્યવસ્થિત નિર્માણ કરવાનું હતું. રાષ્ટ્રની રચનાનું કાર્ય કરવાનું હતું. તે માટે નવાંનવાં ધારાધોરણ-નીતિનિયમો બનાવવાં, તેની અમલબજાવણી કરવી જરૂરી હતું. લોકોના કલ્યાણનો ઉદ્દેશ સાધ્ય કરવાનો હતો. ટૂંકમાં, ભારતનું એક નવા વિકસિત અને પ્રગતિશીલ દેશમાં રૂપાંતર કરવાનું હતું. તે માટે કેંદ્રસરકાર અને રાજ્યસરકારે ક્યા વિષયોને પ્રાધાન્ય આપવું, લોકકલ્યાણ માટે કઈ કઈ ઉપાયયોજના કરવી તે બંધારણે માર્ગદર્શક તત્ત્વો દ્વારા સ્પષ્ટ કર્યું છે. રાજ્યના નીતિનિયમોનો તેને આધાર માનવામાં આવ્યો. દરેક માર્ગદર્શક તત્ત્વમાં રાજ્યના નીતિનિયમો માટે એક વિષય છે. તે વિષયના અનુષંગે નવા નીતિનિયમો બનાવવા તેવી અપેક્ષા બંધારણના રચનાકારોએ વ્યક્ત કરી છે. આ બધા નીતિનિયમો એકસાથે અને એક જ સમયે અમલમાં મૂકવા માટે ખૂબ જ આર્થિક પીઠબળની જરૂર પડે, તેની બંધારણના રચનાકારોને જાણ હતી. માટે જ તેમણે માર્ગદર્શક તત્ત્વો સરકાર ઉપર મૂળભૂત હક્કોની જેમ બંધનકર્તા કર્યાં નથી. રાજ્યે ધીરેધીરે પણ ચોક્કસપણે તેની અમલબજાવણી કરવી એવી અપેક્ષા તેમણે વ્યક્ત કરી છે.

### કેટલાંક મહત્ત્વનાં માર્ગદર્શક તત્ત્વો :

- સરકારે દરેકને આજીવિકાનું સાધન ઉપલબ્ધ કરી આપવું. સ્ત્રી અને પુરુષનો ભેદભાવ તે બાબતમાં કરવો નહિ.
- સ્ત્રી અને પુરુષોને સમાન કામ માટે સમાન વેતન આપવું.
- લોકોના આરોગ્યની સુધારણા માટે ઉપાયયોજનાઓ કરવી.
- પર્યાવરણનું રક્ષણ કરવું.
- રાષ્ટ્રની દૃષ્ટિએ મહત્ત્વનાં સ્થળોનું એટલે કે સ્મારકો, ઈમારતોનું સંરક્ષણ કરવું.
- સમાજના દુર્બળ ઘટકોને વિશેષ સંરક્ષણ આપીને તેમને વિકાસની તક પૂરી પાડવી.
- વૃદ્ધાવસ્થા, અપંગત્ત્વ, બેકારીથી નાગરિકોનું સંરક્ષણ કરવું.
- ભારતના દરેક નાગરિકો માટે સમાન નાગરી (શહેરી) કાયદા કરવા.



**કહો જોઈએ.**

વેતનના સંદર્ભમાં 'સમાન કામ માટે સમાન વેતન' આવું માર્ગદર્શક તત્ત્વ છે. આના દ્વારા બંધારણના ક્યા ઉદ્દેશો સાધ્ય થશે એમ તમને લાગે છે? સ્ત્રી-પુરુષોએ સરખા જ કામ કરવા છતાં પુરુષ કરતાં સ્ત્રીઓને ઓછું વેતન આપવાના કિસ્સા શા માટે જોવા મળે છે?



**કરીને જુઓ.**

ઉપરનાં માર્ગદર્શક તત્ત્વો ઉપરાંત અન્ય માર્ગદર્શક તત્ત્વો સરકારે લોકકલ્યાણ માટે શું કરવું તે સ્પષ્ટ કરે છે. નીચે કેટલાક વિષય આપેલા છે તે સંદર્ભમાં ક્યા માર્ગદર્શક તત્ત્વ છે તે શિક્ષકની મદદથી શોધો.

દા.ત. વિદેશનીતિ : વૈશ્વિક શાંતિ અને સુલેહને પ્રાધાન્ય.

(અ) કન્યાનું શિક્ષણ :.....................

(બ) તંદુરસ્ત અને આનંદી વાતાવરણમાં બાળકોનો ઉછેર :....................

(ક) ખેતી સુધારણા :.....................

માર્ગદર્શક તત્ત્વો અને મૂળભૂત હક્ક એ એક જ સિક્કાની બે બાજુ છે. મૂળભૂત હક્કને લીધે નાગરિકોને અતિ આવશ્યક એવું સ્વાતંત્ર્ય મળે છે, તો માર્ગદર્શક તત્ત્વો લોકશાહીના સંવર્ધન માટે પોષક વાતાવરણ નિર્માણ કરે છે. અર્થાત્ એકાદ માર્ગદર્શક તત્ત્વ સરકાર અમલમાં ન લાવે તો તેની વિરુદ્ધ આપણે અદાલતમાં જઈ શકતા નથી, પરંતુ જુદા જુદા માર્ગે સરકાર ઉપર દબાણ લાવીને નીતિનિયમોના પાલન માટે આગ્રહ રાખી શકીએ છીએ.

### મૂળભૂત ફરજો (કર્તવ્યો)

લોકશાહીમાં નાગરિકો ઉપર બમણી

સરકારે વિદ્યાર્થીઓ માટે હજી શું કરવું જોઈએ એમ તમને લાગે છે? તમારી માગણીની એક યાદી બનાવો. તમારી માગણીઓ યોગ્ય છે તે કેવી રીતે સમજાવશો?

સરકારની આ સુવિધાને લીધે ક્યા સુધારા થશે એવું તમને લાગે છે?

(અ) સાર્વજનિક સ્વચ્છતાગૃહો

(બ) સ્વચ્છ પાણીપુરવઠો

(ક) બાળકોના લસીકરણ

જવાબદારી હોય છે. એક તરફ તેમને બંધારણે આપેલા હક્કો બાબત જાગૃત રહેવું પડે છે. હક્ક ઉપર અયોગ્ય મર્યાદા ન આવે તે બાબતમાં સજાગ રહેવું પડે છે, તો બીજી તરફ કેટલીક ફરજો અને જવાબદારીઓ પણ નિભાવવી પડે છે. દરેક ભારતીયોનું કલ્યાણ થાય માટે બંધારણે મૂળભૂત હક્ક અને માર્ગદર્શક તત્ત્વો દ્વારા અનેક જોગવાઈ કરી છે, પરંતુ નાગરિકો તેમની મૂળભૂત ફરજો જ્યાં સુધી બજાવતા નથી, ત્યાં સુધી સરકારે કરેલા સુધારાના લાભ દરેકને મળતા નથી. દા.ત., 'સ્વચ્છ ભારત' અભિયાન હેઠળ સરકારે સ્વચ્છતાના અનેક ઉપક્રમો યોજ્યા, પરંતુ સાર્વજનિક સ્થળે અસ્વચ્છતા કરવાની આદત લોકોએ બદલવી જોઈએ. ભારતીય નાગરિકોને પોતાની જવાબદારીઓ સમજાય તે માટે બંધારણમાં મૂળભૂત ફરજોનો સમાવેશ કરવામાં આવ્યો. ભારતીય નાગરિકોની મૂળભૂત ફરજો નીચે પ્રમાણે છે.

- પ્રત્યેક નાગરિકે સંવિધાનનું પાલન કરવું. સંવિધાનના આદર્શો, રાષ્ટ્રધ્વજ અને રાષ્ટ્રગીતને માન આપવું.
- સ્વાતંત્ર્યની ચળવળને પ્રેરણા આપનારા આદર્શોનું પાલન કરવું.

- દેશનું સાર્વભૌમત્વ, એકતા અને અખંડતા સુરક્ષિત રાખવા પ્રયત્નશીલ રહેવું.
- આપણા દેશનું રક્ષણ કરવું, દેશની સેવા કરવી.
- બધા પ્રકારના ભેદભાવ ભૂલી એકતા વધારવી અને બંધુત્ત્વની ભાવના વિકસાવવી. સ્ત્રીઓની પ્રતિષ્ઠા ઓછી કરે તેવી પ્રથાઓનો ત્યાગ કરવો.
- આપણી સંમિશ્ર સંસ્કૃતિના વારસાનું જતન કરવું.
- નૈસર્ગિક પર્યાવરણનું જતન કરવું. સજીવ પ્રાણીઓ પ્રત્યે દયા રાખવી.
- વૈજ્ઞાનિક દૃષ્ટિ, માનવતાવાદ અને જીજ્ઞાસાવૃત્તિ વિકસિત કરવી.
- સાર્વજનિક માલમત્તાનું રક્ષણ કરવું. હિંસાનો ત્યાગ કરવો.
- દેશની ઉત્તરોત્તર પ્રગતિ થાય તે માટે વ્યક્તિગત અને સામૂહિક કાર્યમાં ઉચ્ચ સ્તર પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરવો.
- ૬ થી ૧૪ વર્ષ વયજૂથનાં પોતાનાં સંતાનોને પાલકોએ શિક્ષણની તક ઉપલબ્ધ કરી આપવી.

**યાદી બનાવો.**

- ઘરમાં તમે ક્યા હક્ક માગો છો અને કઈ ફરજ બજાવો છો ?
- શાળામાં તમે કઈ જવાબદારીઓ નિભાવો છો? ત્યાંની કઈ જવાબદારી તમને નકારવા જેવી લાગે છે?



ઇમારત ઉપર નામ લખતો છોકરો



લટકાવેલાં લીંબુ-મરચાં




બસની તોડફોડ



રસ્તા પર કચરો નાંખતી મહિલા

આ ચિત્રોમાં કઈ ફરજોનું પાલન થતું નથી એવું તમને લાગે છે?




ઉપરના સંવાદમાંથી આપણને કઈ ફરજોનું જ્ઞાન થાય છે? હક્ક અને ફરજોનો કોઈ સંબંધ હોય છે કે? ફરજનું પાલન કરવાથી શું થાય એવું તમને લાગે છે?

**તમને શું લાગે છે?**

૬ થી ૧૪ વર્ષ વયજૂથનાં છોકરા-છોકરીને પ્રાથમિક શિક્ષણનો અધિકાર મળેલો છે. આ વયોજૂથનાં દરેક છોકરા-છોકરી શાળામાં હોવાં જરૂરી છે. તેમ છતાં અનેક કારણોસર છોકરા-છોકરી શાળામાં જઈ શકતાં નથી. માતા-પિતાને આર્થિક મદદ કરવા તેમને કામ કરવું પડે છે. આવાં બાળકોને શાળામાં લાવવાનો આગ્રહ રાખવો એ તેમના પર અન્યાય કરવા બરાબર છે એવું તમે માનો છો કે?

ભારતીય બંધારણના ઉદ્દેશોની અને વિશિષ્ટતાની ઓળખ આપણને આ પાઠ્યપુસ્તકના શરૂઆતના પ્રકરણમાં થઈ. ભારતીય નાગરિકોના હક્ક, તે હક્કોને મળેલા સંરક્ષણનો પણ વિચાર આપણે કર્યો. આપણી મૂળભૂત ફરજો કઈ છે, તે આપણને સમજાઈ. આવતા વર્ષે આપણે આપણા દેશનો રાજ્યકારભાર કેવી રીતે ચાલે છે, તેનો અભ્યાસ કરવાના છીએ.

3KMANF



## સ્વાધ્યાય

**૧. સરકાર ઉપર ક્યા પ્રતિબંધ હોય છે, તેનો નીચેના તક્તામાં ઉલ્લેખ કરો.**

૧) ..............................................

૨) ..............................................

૩) ..............................................

૪) ..............................................

**૨. નીચેનાં વિધાનો વાંચો અને હા/ના માં જવાબ લખો.**

(૧) વર્તમાનપત્રમાં આપેલી નોકરીની જાહેરાતમાં મહિલા, પુરુષ દરેક માટે જગ્યા હોય છે......

(૨) એક જ કારખાનામાં એક જ કામ કરનારા સ્ત્રી-પુરુષને જુદુંજુદું વેતન મળે છે........

(૩) સરકાર દ્વારા આરોગ્ય સુધારણા માટે વિવિધ ઉપાયયોજના અમલમાં મુકાય છે..........

(૪) રાષ્ટ્રની દૃષ્ટિએ મહત્ત્વનાં મકાનો, સ્મારકોનું સંરક્ષણ કરવું.........

**૩. શા માટે તે કહો.**

(૧) ઐતિહાસિક મકાન, ઈમારત, સ્મારકોનું સંરક્ષણ કરવું.

(૨) વૃદ્ધો માટે પેન્શન યોજના અમલમાં મુકાય છે.

(૩) ૬ થી ૧૪ વર્ષ વયજૂથનાં બાળકોને શિક્ષણની તક પૂરી પાડવામાં આવી છે.

**૪. યોગ્ય કે અયોગ્ય તે કહો. અયોગ્ય વિધાન સુધારો.**

(૧) રાષ્ટ્રધ્વજ જમીન ઉપર પડવા દેવો નહિ.

(૨) રાષ્ટ્રગીત ચાલુ હોય ત્યારે સાવધાન સ્થિતિમાં ઊભા રહેવું.

(૩) આપણાં ઐતિહાસિક મકાનો ઉપર આપણું નામ લખવું / કોતરવું.

(૪) સરખા જ કામ માટે પુરુષ કરતાં સ્ત્રીઓને ઓછું વેતન આપવું.

(૫) સાર્વજનિક સ્થળો સ્વચ્છ રાખવાં.

**૫. લખતા થઈએ.**

(૧) બંધારણનાં કેટલાંક માર્ગદર્શક તત્ત્વો પાઠ્યપુસ્તકમાં આપેલાં છે, તે ક્યા?

(૨) ભારતીય બંધારણનાં માર્ગદર્શક તત્ત્વોમાં બધાં નાગરિકો માટે સમાન નાગરી કાયદાની જોગવાઈ શા માટે કરી હશે?

(૩) માર્ગદર્શક તત્ત્વો અને મૂળભૂત હક્ક એક જ સિક્કાની બે બાજુ છે, એવું કેમ કહેવાય છે?

**૬. પર્યાવરણનું જતન અને સંરક્ષણ નાગરિક કેવી રીતે કરી શકે, તે ઉદાહરણ સાથે લખો.**

**ઉપક્રમ :**

(૧) શિક્ષણ આપણો હક્ક છે, પણ તે સંદર્ભે આપણી ફરજ કઈ, તેના પર જૂથ ચર્ચા કરો.

(૨) રાષ્ટ્રની દૃષ્ટિએ મહત્ત્વનાં મકાનો, સ્મારકોનું જતન કરવા રાજ્યોએ ઉપાયયોજનાઓ કરવી, એવું માર્ગદર્શક તત્ત્વ છે. કિલ્લાના સંરક્ષણ માટે રાજ્યે શું કર્યું છે, તે શોધો અને યાદી બનાવો.

(૩) બાળકોના આરોગ્ય માટે સરકાર કઈ યોજના અમલમાં મૂકે છે, તે વિશેની માહિતી મેળવો.


## સમય - ૮ મા શતકથી ૧૯મું શતક
## મુખ્ય ઘટનાઓનું સરવૈયું (તારણ)


ઘટનાક્રમ નીચેથી ઉપર વાંચતા જવું.


| શતક | ઘટનાઓ |
|---|---|
| ૮મું શતક | મુહમ્મદ બિન કાસીમની સિંધ પર સવારી<br>રાજપૂત ગઢવાલ, પરમાર વંશ<br>ગુર્જર પ્રતિહાર સત્તા<br>પાલ વંશ<br>રાષ્ટ્રકૂટ વંશ (કૂળ) પાંડ્ય વંશ |
| ૯મું શતક | શિલાહાર વંશ<br>ચોળ વંશ |
| ૧૦મું શતક | રાજા જયપાલ સબક્તગીન સંઘર્ષ |
| ૧૧મું શતક | ગઝનીના મહમૂદની ભારત પર સવારી<br>તુર્કોનાં ભારત પર આક્રમણો<br>હોયસળ વંશ |
| ૧૨મું શતક | મુહમ્મદ ઘોરીનું ભારત પર આક્રમણ અને પૃથ્વીરાજ ચૌહાણની કારકિર્દીનો અંત<br>યાદવ વંશ |
| ૧૩મું શતક | વારકરી પંથ<br>મહાનુભાવ પંથ<br>ખિલ્જી વંશની રાજવટ<br>બલ્બન, સુલતાન રઝિયા, અલ્તમશની કારકિર્દી, કુતુબુદ્દીન ઐબક દિલ્હીનો સુલતાન |
| ૧૪મું શતક | બહમની રાજ્યની સ્થાપના<br>વિજયનગર રાજ્યની સ્થાપના<br>દિલ્હી પર તઘલખ સત્તા, દિલ્હીથી દેવગિરી રાજધાની અને ફરી દિલ્હીમાં. તૈમૂરલંગની ભારત ઉપર સવારી |
| ૧૫મું શતક | આદિલશાહી, નિઝામશાહી, કુતુબશાહી, બરીદશાહી ઈમામશાહીની રાજસત્તા |
| ૧૬મું શતક | સમ્રાટ અકબરનો મહારાણા પ્રતાપ, ચાંદ બીબી, રાણી દુર્ગાવતી સાથેનો સંઘર્ષ<br>મોગલ સત્તા શરૂ, બાબર, હુમાયુની કારકિર્દી<br>દિલ્હીની સુલતાનશાહીની સત્તાનો અંત |
| ૧૭મું શતક | મહારાણી તારાબાઈની કારકિર્દી<br>છત્રપતિ રાજારામ મહારાજ<br>છત્રપતિ સંભાજી મહારાજ<br>છત્રપતિ શિવાજી મહારાજાનો રાજ્યાભિષેક<br>સ્વરાજ્ય સ્થાપના<br>છત્રપતિ શિવાજી મહારાજની કારકિર્દી<br>મહારાષ્ટ્રમાં દુષ્કાળ<br>મોગલ-શીખ સંઘર્ષ<br>ઔરંગઝેબ<br>શહાજહાન<br>જહાંગીર |
| ૧૮મું શતક | બીજા બાજીરાવ પેશવાની કારકિર્દી<br>સ્વરાજ્યથી સામ્રાજ્ય<br>સવાઈ માધવરાવ<br>નારાયણરાવ<br>મહાન માધવરાવ<br>પાણિપતનું યુદ્ધ<br>નાનાસાહેબ પેશવા<br>મરાઠાઓ દ્વારા પોર્ટુગીઝોનો પરાજય<br>પહેલા બાજીરાવ પેશવાની કારકિર્દી<br>છત્રપતિ શાહુ મહારાજાની કારકિર્દી |
| ૧૯મું શતક | અંગ્રેજો દ્વારા મરાઠાઓનો પરાજય |

# छत्रपती शिवाजी महाराज स्मृतिग्रंथ

- सामान्य रयतेच्या कल्याणासाठी स्थापन केलेल्या स्वराज्य स्थापनेची कथा उलगडणारे पुस्तक.
- छत्रपती शिवाजी महाराजांच्या उत्तुंग कार्य व त्यामागची तेवढीच उत्तुंग व उदात्त भूमिका वाचकांसमोर आणणारे प्रेरणादायी वाचन साहित्य.
- इतिहास वाचनासाठी पूरक असे संदर्भ पुस्तक.







- इतिहास वाचनासाठी पूरक अशी संदर्भ पुस्तके.
- निवडक लेखक, इतिहासकारांचे प्रेरणादायी लेख.

**पुस्तक मागणीसाठी www.ebalbharati.in, www.balbharati.in संकेतस्थळावर भेट द्या.**

**साहित्य पाठ्यपुस्तक मंडळाच्या विभागीय भांडारांमध्ये विक्रीसाठी उपलब्ध आहे.**

ebalbharati

विभागीय भांडारे संपर्क क्रमांक : पुणे - ☎ २५६५९४६५, कोल्हापूर- ☎ २४६८५७६, मुंबई (गोरेगाव) - ☎ २८७७१८४२, पनवेल - ☎ २७४६२६४६५, नाशिक - ☎ २३९१५११, औरंगाबाद - ☎ २३३२१७१, नागपूर - ☎ २५४७७१६/२५२३०७८, लातूर - ☎ २२०९३०, अमरावती - ☎ २५३०९६५






મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે.

इतिहास व नागरिकशास्त्र इ. ७ वी (गुजराती माध्यम)

₹ 40.00